બિરાજમાન છો. ટેકનીકલી પક્ષમાંથી રાજીનામુ આપવાની એક પદ્ધતિ હોય છે. વિપક્ષ તરીકે એવો અનુભવ હોય છે કે તેનું અમલીકરણ, એમાં ક્યાંક ક્યાંક વળી દેખાય, જે કંઇ જૂનું એટેચમેન્ટ હોય એ. જાહેર જીવનમાં આ ખુરશીને ન્યાય આપવા માટે પ્રમાણિકતાથી સત્તા પક્ષને કડક રીતે કહેવું પડે કે આઇ એમ સોરી, મારાથી આ નહીં થાય. કારણ કે આપ અધ્યક્ષ છો, કહી શકો. બહુમતી, લઘુમતી. સ્વાભાવિક લઘુમતીના પક્ષે નમતું જોખવાનું હોય. એમનો અવાજ એ પ્રજાનો અવાજ હોય છે. પક્ષનો અવાજ કોઇ વ્યક્તિગત તો હોતો નથી. જ્યારે ગૃહમાં રજૂઆત કરવાની હોય ત્યારે ન્યાયની અપેક્ષા આપની પાસેથી હોય. જે રીતે અત્યાર સુધી ગૃહનું સંચાલન થયું છે એમાં અમારા ઘણા અનુભવો એવા હોય છે કે આપની પાસે ફરિયાદ લઇને આવવુ પડતું હોય છે. હું ઇચ્છું છું કે આપને અમારી ફરિયાદોનો મોકો ન મળે. રુલિંગ પાર્ટીવાળા એવું કહે કે આપ વિરોધપક્ષવાળાઓને વધારે પ્રાધાન્ય આપો છો તે બાબત અમને ગમશે. એટલું જ નહીં, અહીં સ્પીકર કોન્ફરન્સ મળી ગઇ. લોકસભાના સ્પીકર શ્રીમતી સુમિત્રા મહાજને ગૃહના હોલમાં મિટિંગ બોલાવેલી. એમાં પ્રસ્તાવ કરેલો. બધા રાજ્યોના અધ્યક્ષોની હાજરીમાં એમણે જણાવેલ કે સભ્યોની સંખ્યા પ્રમાણે ગૃહ ઓછામાં ઓછું મળવું જોઇએ. ગુજરાતની સભ્ય સંખ્યા પ્રમાણે ઓછામાં ઓછા ૬૦ દિવસ ગૃહ મળવું જોઇએ. મને ખબર પડતી નથી કે ગૃહનો સામનો કરવામાં રુલિંગ પાર્ટીને શું તકલીફ પડતી હોય છે. મુંબઇ જેવા મુંબઇમાં ત્રણ વખત સત્ર મળે છે. બીજેપીનું રાજ છે. લોકસભાનું સત્ર ૩ વખત મળે છે. તમે ૩ વખત ન બોલાવો તો વાંધો નથી. પરંતુ ટેકનીકલી છ–છ મહિને ગૃહ મળવું જોઇએ. એ ન મળે તો બંધારણ ના પાડે છે માટે આપણે મળીએ છીએ. એવું હોવું જોઇએ નહીં. આપની બહુ મોટી બહુમતી છે. ફરક પડવાનો નથી. હું અહીં છું એટલે બહુ ચિંતા કરવાની જરૂર નથી. કમસેકમ ચાલીસ દિવસની અમારી માગણી કરેલી છે. ટેકનીકલી બજેટમાં ખૂબ ચર્ચા થાય એ જરૂરી છે. અભ્યાસુ મિત્રો આ બાજુ પણ છે અને તમારી બાજુ પણ છે. એ અભ્યાસ કરીને હાઉસમાં વાત મૂકતા હોય છે. ચર્ચા છેવટે તો પ્રજા માટે જ હોય છે. એને ધ્યાનમાં રાખીને બજેટ સત્રના દિવસો વધારવા જોઇએ. તમે નવું વિન્ટર સત્ર ન બોલાવો તો કાંઇ વાંધો નહીં પરંતુ આ સત્રને ચાર–પાંચ દિવસ માટે બોલાવો. જે કોઇ મુદ્દા હોય છે એ પ્રજાના હોય છે. એમાં થોડાક મુદ્દાઓની ચર્ચા થઇ જાય. રુલિંગ પાર્ટીને ન ગમે. કામકાજ સલાહકાર સમિતિમાં સાથે બેસીને નક્કી કરી શકે એટલી આપની પાસે અપેક્ષા છે. આવતી કાલના દિવસ પુરતું આ ગૃહ છે એવું મને મારા કામકાજ સલાહકાર સમિતિના મિત્રોએ વાત કરી કે હાઉસ વધારવા માટેની બહુ અનુમતી નથી. હોત તો સારું થાત. કાંઇ વાંધો નહીં આપની પાસે અપેક્ષા છે. હવે કદાચ બજેટ સત્ર મળશે. એના પહેલા હું વિપક્ષ તરીકે માગણી કરું છું કે શિયાળુ સત્ર, ભલે ચાર–પાંચ દિવસનું નાનકડું હોય, પણ બધાની ઠંડી ઉડે એના માટે અહીં જો બોલાવશો તો સારું રહેશે. પછી બજેટ સત્ર અને એના પછી કદાચ નાનકડું સત્ર હોય કે ન હોય. કારણ કે પછી ચૂંટણી આવવાની છે. એટલે તમે પણ અહીં હાજર રહો અને આપને બધાનો અનુભવ થાય, પરિચય થાય. આપને ખૂબ ખૂબ અમારી શુભેચ્છાઓ. સામાન્ય પરિવારમાંથી આ જગ્યાએ બેસવું એ બહુ કાઠું હોય છે. ઓફકોર્સ આપના પક્ષના આગેવાનોએ બેંકમાંથી બોલાવીને આપને જે અહીં બેસવાનો મોકો આપ્યો છે. એટલે પાર્ટીનો આભાર હોય જ. છતાં પણ આ પદ એવું છે કે જેમાં પાર્ટીને ઘડીવાર માટે બાજુમાં મૂકી શકાય. ગઇ વખતે આપણા અધ્યક્ષશ્રી તરીકે શ્રી ગણપતસિંહ હતા ત્યારે મેં શ્રી સોમનાથ ચેટરજીનો દાખલો આપેલો. બીજેપી કરતાં કડક પાર્ટી કોમ્યુનિસ્ટ પાર્ટી–સીપીએમ. વર્ષોથી એટલે જીંદગી એમાં ગઇ અને મૃત્યુ પણ એમાં થાય. બહુ ઉમદા પાર્લામેન્ટરીયન. એ ઉભા થાય એટલે કોઇપણ રુલીંગ પાર્ટીના સ્પીકર હોય તો એમણે એમની વાત સાંભળવી પડે. એ બહુ સારા વકીલ. એમને જ્યારે એમની પાર્ટીએ કહ્યું કે તમે આવું કરો. આ અમારો તમને આદેશ છે. સીપીએમ પાર્ટીએ કહ્યું કે તમે ગઇ કાલ સુધી અમારી પાર્ટીના મેમ્બર હતા. તમારે અમારી આ વાત માનવાની છે. એમણે સીપીએમને ડીસઓન કર્યું. સીપીએમ પાર્ટીની સ્પીકર તરીકે વાત ન માની માટે પક્ષમાંથી કાઢી મૂક્યા. કેટલું દુઃખ થયું હશે એ શ્રી સોમનાથબાબુને. કહેવાનું એ છે કે આવી પાર્ટીના સ્પીકર બન્યા પછી પણ જો બરાબર વાત ન હોય તો ન માનવા માટે એમની ઉંચાઇ વધેલી. શ્રી સોમનાથ બાબુને આજે પણ બધા યાદ કરે છે. આપની પાસેથી આવી ઉચ્ચ પરંપરાની અપેક્ષાઓ છે. આપ ગાંધીજીની છબી નીચે બેઠા છો એમને ધ્યાનમાં રાખીને કાયમ માટે સત્ય અહિંસા પરમો ધર્મના નિર્ણયો પ્રજાલક્ષી થાય એ જ અપેક્ષા સાથે આપને અમારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ ગૃહના અને લોકશાહીના મંદિરના અધ્યક્ષ તરીકે આપની વરણી કરવા માટે જે દરખાસ્ત કરી. આપણા ગુજરાતની સ્થાપના થઇ ત્યારથી આજ સુધી જે લોકશાહીની ઉજળી પરંપરા છે કે વિપક્ષે પણ વિધાનસભાના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે પસંદગી થાય એ માટે હંમેશા સમર્થન આપ્યું છે એ જ પ્રમાણે આજે આપના માટે પણ વિપક્ષના નેતા માનનીય શંકરસિંહજી વાઘેલાએ પણ એમના પક્ષ તરફથી આપની સર્વાનુમતે વરણી થાય એ માટે અનુમોદન આપ્યું છે અને આ સન્માનનીય ગૃહે સર્વાનુમતે આપની વરણી કરી છે એ બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. અહીંયા મુખ્યમંત્રીશ્રી અને વિપક્ષના નેતાશ્રીએ કહ્યું એ પ્રમાણે આપ દલિત સમાજમાંથી, એક ગરીબ ઘરમાંથી, મહેસાણા જિલ્લાના જૂના કલોલ તાલુકાના એક સામાન્ય નાના ગામમાંથી અભ્યાસ કરીને બેંકમાં સર્વિસ મેળવીને ત્યાંથી પછી ભારતીય જનતા પક્ષના જનસંઘના કાર્યકર તરીકે જોડાઇને જે રાજકીય જીવનની, પ્રજાકીય જીવનની શુભ શરૂઆત કરી અને જે ઇડર વિસ્તાર આપનું વતન નથી, ત્યાં કોઇ સામાજીક રીતે સંબંધ નહીં, કોઇ પારિવારીક સંબંધ ન હોય એવા વિસ્તારમાં સતત પ્રજાના સમર્થનથી ૧૯૯૫થી આજ દિન સુધી વધુને વધુ જંગી મતોથી જીતીને પ્રજાનો વિશ્વાસ સંપાદન કરી

અને ગુજરાત સરકારમાં વિવિધ મુખ્યમંત્રીશ્રીઓના નેતૃત્વમાં, માનનીય કેશુભાઇ પટેલનું નેતૃત્વ હોય, અત્યારના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીનું નેતૃત્વ હોય કે આપણા પૂર્વ મુખ્યમંત્રી માનનીય આનંદીબેનનું નેતૃત્વ હોય, દરેક સરકારમાં આપે જે સુંદર કામગીરી કરી છે અને ખાસ કરીને ગામડા માટે, દલિત સમાજ માટે અને શોષણ મુકત સમાજ માટે આપની જે પ્રતિબદ્ધતા છે, પૂજય ડો. બાબાસાહેબ આંબેડકરના જીવનને અનુલક્ષીને જયારે જયારે આપને જયાં જે વિભાગમાં કામ કરવાની તક મળી ત્યાં દલિત સમાજને, ગરીબોને મદદરૂપ થવા માટે તમારા તરફથી બજેટમાં જે જોગવાઇઓ કરીને લાભ આપ્યો છે એ બધું જ ગુજરાતની પ્રજાએ હંમેશા આપના આ કર્તવ્યને જોયું છે. મને આનંદ છે કે આપને આ વિધાનસભાના અધ્યક્ષ તરીકે સર્વોચ્ચ પદે પસંદ કરીને બંન્ને પક્ષોએ સન્માન કર્યુ છે અને એન.સી.પી.ના નેતાએ પણ આપને સમર્થન આપ્યું છે ત્યારે અમારા બધા વતી કારણ કે મંત્રીમંડળમાં આપણે વર્ષો સુધી સાથે કામ કર્યુ છે, પ્રજાના પ્રશ્ન હોય, રાજકીય પ્રશ્ન હોય, આપનો મતવિસ્તાર, આપનો જિલ્લો સાબરકાંઠા તેમાં ખેડૂતલક્ષી કામગીરી હોય, પીવાના પાણી, સિંચાઇના પાણી આ બધી જ જરૂરિયાતવાળો જિલ્લો હોય એમાં તબકકાવાર બધી જ કામગીરી સાબરકાંઠા જિલ્લાના પ્રતિનિધિ તરીકે, ઉત્તર ગુજરાતના પ્રતિનિધિ તરીકે આપે સફળતાપૂર્વક કરી છે એ અમે બધા હંમેશા જોઇએ છીએ અને આજના આ શુભ દિવસે વિધાનસભાના અધ્યક્ષ તરીકે આપને જે જવાબદારી સોંપી છે એ બદલ ચોકકસ અમે અભિનંદન આપીએ છીએ. આ ગૃહમાં શાંતિથી સરકારનું કામકાજ થાય એ જરૂરી છે. અહીંયા માનનીય શંકરસિંહજીએ કહ્યું એ સાચું કહ્યું, પ્રજાના પ્રશ્નોને આપણે બધા ૧૮૨ ધારાસભ્યો વાચા આપતા હોઇએ છીએ પણ પ્રજા પણ આપણી સમક્ષ અપેક્ષા રાખતી હોય છે કે અહીંયા બેસીને આપણે જે કામગીરી કરીએ, પ્રવચન કરીએ, રજૂઆતો કરીએ, ટીકા કરીએ, સૂચનો કરીએ એ બધું લોકશાહીને છાજે એવી રીતે શાંતિથી એક કાયદાકીય રીતે, સંવિધાનની રીતે ચર્ચા-વિચારણાથી જ આપણે કરીએ, ન કે આપણે કોઇ એવા મોટા પ્રશ્નો ઉભા કરીએ કે જે વિધાનસભાને કે લોકશાહીને લાંછનરૂપ બને એવા કોઇ પ્રશ્નો આપણે ઉભા કરીએ નહીં, એવું કોઇ રીતે આપણે વર્તન ન કરીએ તો હું માનુ છું કે જે સમય આપણને મળે છે, એક-એક મિનિટની કિંમત વિધાનસભાના અધ્યક્ષ તરીકે મંત્રીનો ટાઇમ કે મુખ્યમંત્રીનો ટાઇમ જયારે વોચ થતો હોય ત્યારે કિંમતી સમય ફકત અને ફકત પ્રજાકીય કામો માટે, સરકારની યોજનાઓ, સરકારની કામગીરી પ્રજા સુધી પહોંચે એ માટે આપણે બધા જ ૧૮૨ સભ્યો સાથે મળી અને એક-એક મિનિટના કિંમતી સમયનો સદઉપયોગ કરીએ અને કોઇ વિવાદોથી પર રહી ચર્ચા-વિચારણા, વાટાઘાટો કે જે સૂચનો હોય તેમાં સરકારની કડકમાં કડક ટીકા થઇ શકે. એમાં અમે સરકાર પક્ષે ચોક્કસ સહમત છીએ. પણ એનાથી ઉપર જઇ અને આપણે વર્તન કરીએ તો વિધાનસભામાં જે સમય આપણને મળે છે એનો આપણે સદુપયોગ કદાચ ન કરી શકીએ. પણ હું આશા રાખું છું કે, આપના અધ્યક્ષ સ્થાને આ વિધાનસભાની એકે એક મિનિટ જે પ્રજા માટે સરકાર તરફથી અને લોકશાહીના મંદિરમાં આપણે કામ કરીએ છીએ એ એકે એક મિનિટ આપના નેતૃત્ત્વમાં અમે સૌ સરકાર અને વિપક્ષ સાથે મળી પ્રજા માટે એનો સદુપયોગ કરીએ એવી આપને વિનંતી છે. અમારા સૌ વતી આપને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને આ ગૃહના ઉચ્ચત્તમ સ્થાન પર બિરાજમાન થવા માટે હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ પ્રણાલિકાઓની આ ગૃહમાં પુનઃ જાળવણી થઇ છે એ વાતનો ખૂબ આનંદ છે. આપના સ્થાન પર કદાચ અન્ય નામ હોત તો પણ અમારા પક્ષ તરફથી અધ્યક્ષના પદની ગરિમાની જાળવણી માટે સમર્થન આપવાની પરંપરા રાખી છે. અમારા પક્ષના નેતાએ મુખ્યમંત્રીશ્રીના પ્રસ્તાવને સમર્થન આપીને અધ્યક્ષની વરણી સર્વસંમતિથી વિના વિરોધે થાય એ પરંપરાની જાળવણી કરી. પરંતુ મારે કહેવું જોઇએ કે અમારા પક્ષના ધારાસભ્યોની મિટિંગ ચાલતી હતી ત્યારે કેટલાક જિલ્લામાં જિલ્લા પ્રભારી તરીકે આપે કામ કર્યું છે અને એ જિલ્લામાં રહેલા અમારા પક્ષના ધારાસભ્યશ્રીઓએ કહ્યું કે રમણભાઇ મંત્રીશ્રી તરીકે આવતા હતા ત્યારે પ્રભારી મંત્રી તરીકે મિટિંગમાં એમણે ભેદભાવ વગર કામ કર્યું હતું એ વાતનો વિશેષ આનંદ છે. એટલે જ જ્યારે અમે સમર્થન આપ્યું ત્યારે એક વિશેષ આનંદ હતો કે પરંપરાની જાળવણી તો થઇ છે. પંરતુ આપની પાસેથી અમારી અપેક્ષાઓ પરિપૂર્ણ થવાની છે એ આશય સાથે જે પરંપરાની જાળવણી થઇ છે એનો વિશેષ આનંદ છે. સ્પીકર શબ્દ, સ્પીકરની શરૂઆત યુરોપમાં કેટલાક સારા રાજાઓએ કરી. એ રાજાઓએ એવું નક્કી કર્યું કે જનતા અમારી ટીકા સીધી રીતે તો નહીં કરી શકે કારણ કે લોકશાહી નથી, રાજાશાહી છે. એમણે એવું કર્યું કે રાજ્યમાંથી એવી પ્રતિષ્ઠિત વ્યક્તિ શોધી કે જે કોઇની સાડાબારી ન કરતા હોય, કોઇથી ડરતા ન હોય અને પ્રજાજનો એમને જઇને ફરિયાદ કરે. રાજસત્તાનો વિરોધ હોય તો એ વિરોધ રજૂ કરી શકે અને એ પછી એ વ્યક્તિ રાજાને વાત કરે કે તમારી જનતામાં તમારો આવો વિરોધ છે. રાજાનો દ્રોહ પણ પેલાને ન થાય કારણ કે કોની ફરિયાદ છે એની માત્ર એ પ્રતિષ્ઠિત વ્યક્તિને જ જાણ હોય, રાજાને ખબર ન પડે કે આ કોણ વ્યક્તિ છે. એના ઉપરથી શબ્દ આવ્યો કે speaker, who can speak to the king. એ પરંપરા પછી લોકશાહીમાં સ્પીકરનું આસન આવ્યું. માનનીય અધ્યક્ષશ્રીનું

આસન આપણી બ્રિટનની પાર્લામેન્ટ પ્રોસિજર અને પ્રેકટિસ પર આધારિત. આસનની એવી ગરિમા કે એ આસન પર બેઠેલ વ્યક્તિ એ આસન પર બેસતા પહેલાં પોલિટિકલ પાર્ટીનું સભ્યપદ ત્યાગીને પછી આ આસન પર બેસે છે. આપે એ પરંપરા નિભાવી છે. આપને અભિનંદન આપું છું. આ હાઉસમાં આપણે બધા જ છીએ પણ આપણે ચિરંજીવી નથી. એવું કહેવાય છે કે change is the only permanent phenomena બદલાવ એ જ એક કાયમી છે, બાકીનું કશું કાયમી નથી. અહીંયા ઘણા લોકો આવ્યા, સમય પૂરો થયો અને ગયા. આપણો પણ એક કાર્યકાળ છે એ પૂરો થવાનો અને આપણે પણ જવાના. આપણી જગ્યાએ બીજા આવવાના પરંતુ અહીં રહીને કરેલ કામો એ ચિરંજીવી હોય છે અને એ સંદર્ભમાં આપને શુભકામનાઓ સાથે મારે કહેવું છે કે આ જ આસન પર બેસીને સ્વ. કુંદનલાલ ધોળકિયા, સ્વ. રાઘવજીભાઇ લેઉવા, સ્વ. નટવરલાલભાઇ શાહ એ આ આસન પર કાર્યકાળ પૂરો કરીને ગયા, પણ જેમણે એમને જોયા નથી. આ વિધાનસભાની સંસદીય પ્રણાલિકાઓને માનનારા અને જાણનારા એમને વાંચે છે અને એમને અહીંયા વારંવાર કોટ કરે છે. મારે નટવરલાલ શાહના એ શબ્દો કોટ કરવા છે. જેમણે અહીંયા બેસીને કહ્યું ''હું ચૂંટાયો છું સત્તાધારી પક્ષના સિમ્બોલ પર, પરંતુ આ સ્થાન ઉપર બેઠા પછી હું સત્તાધારી પક્ષનો માણસ નથી. મારે એ જોવાનું છે કે વિરોધ પક્ષ એ લઘુમતિમાં છે એનો અવાજ તો નથી દબાતો ને અને આ કામ કરતા કરતા મારા માથે કલંક લાગે કે I am pro-opposition હું પક્ષપાતી છું વિરોધપક્ષ તરફનું એ કલંક મારા માથે ઊઠાવવાની મારી તૈયારી છે. પરંતુ મારી જવાબદારી તટસ્થતાથી હું નિભાવીશ.''

માનનીય અધ્યક્ષશ્રી, એ નટવરલાલ શાહ જતા રહ્યાં પણ એમના શબ્દો ચિરંજીવી થયા. માનનીય સ્વ. કુંદનલાલભાઇ ધોળકિયા જતા રહ્યાં. પરંતુ તેમના આપેલા નિર્ણયો એ ચિરંજીવી છે. મારી શુભકામનાઓ છે કે આપના આસન પર બેસીને આપનો કાર્યકાળ ચિરંજીવી બને અને આવતા દિવસોમાં સંસદીય પ્રણાલિકાના રખેવાળો માનનીય રમણભાઇ વોરાના નિર્ણયોને ટાંકતા રહે એવો કાર્યકાળ બને એવી મારી શુભકામનાઓ પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, હાલના આપણા કેન્દ્રના નાણામંત્રીશ્રી ખૂબ સારા પાર્લામેન્ટરી જાણનારા. એમણે કહેલું ''હાઉસ નહિ ચાલવા દેવું એ પણ પાર્લામેન્ટરી પ્રેક્ટિસની એક ટેકટિક છે અને વિરોધપક્ષોએ બરાબર અપનાવવી જોઇએ.'' આ હાલના આપણા કેન્દ્રીય નાણામંત્રીશ્રીના શબ્દો. અમે તો લઘુમતિમાં છીએ. બાળક પણ નાનું હોય છે એ રડે છે. કારણ કે મા તો જ ધ્યાન આપે અને તેના તરફ એનું ધ્યાન કેન્દ્રિત થાય એમ ઓપોઝિશન એ નાના ગૃપમાં છે એનો અવાજ બરાબર સંભળાય એટલા માટે અમારો એ અધિકાર હોય છે કે ક્યારેક અમારો આક્રોશ પણ વ્યક્ત થાય, અમારો અવાજ પણ ઉંચો હોય, અમારામાં આક્રમકતા પણ હોય. પરંતુ સત્તાધારી પક્ષ પાસે સંયમ, મર્યાદા અને મોટાઇની અપેક્ષા હંમેશા પાર્લામેન્ટરી પ્રેક્ટિસમાં રખાય છે. માનનીય અધ્યક્ષશ્રી,. માનનીય અધ્યક્ષશ્રી હું એવી જ મોટી અપેક્ષા રાખું છું કે જેમ આપનું પ્રથમ નામ છે રમણ, એમાં કાનો માતર કાંઇક નથી એમ આપના આસન પરથી નિર્ણયોમાં ક્યારેય ભેદ કે ભય નહિ હોય અને એકરૂપતા હશે એવી મને શ્રધ્ધા છે. અમારા અને અમારા પક્ષ તરફથી માનનીય અધ્યક્ષશ્રી, આપના કાર્યકાળ દરમ્યાન પૂરતો એ પ્રયત્ન રહેશે કે અમે આપને પૂરેપૂરો સહયોગ આપીએ. આ ગૃહમાં અમારી વ્યક્તિગત ફાઇલો કે અમારી પર્સનલ બાબત તો હોતી નથી. આપના માધ્યમથી જનતાનો અવાજ, પ્રજાકીય પ્રશ્નો ઊઠાવવાના હોય છે અને એમાં આપના આસનની મર્યાદા મહત્તમ જાળવીને પણ અમે એ પ્રશ્નો ઊઠાવવામાં સક્રિય ભૂમિકા ભજવી શકીએ એવા આપના આશીર્વાદ હંમેશા મળતા રહે એ જ શબ્દ સાથે મારા વતી અને મારા પક્ષ વતી આપને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવીને વિરમું છું.

શ્રી જયંતભાઇ ર. પટેલ(એન.સી.પી.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે પ્રસ્તાવ લાવ્યા અને અધ્યક્ષ આદરણીય રમણભાઇ વોરા સાહેબને અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા એમાં મારો સૂર પુરાવું છું અને આપને અભિનંદન આપું છું. શક્તિભાઇએ રમણ કહ્યું. મારા પિતાજીનું નામ રમણ છે. એટલે I will respect you. પિતા સમાન. પણ સાથે સાથે હું છેલ્લી બે ટર્મથી જોઇ રહ્યો છું કે જે સિસ્ટમ ઓફ વર્ક એડજેસ્ટમેન્ટ ચાલે છે. અહીંથી અવાજ ત્યાં જતો નથી. અમે બધા વિધાનસભામાં ચૂંટાઇને આવ્યા છીએ. મેં એક પ્રશ્ન એવો નથી જોયો માનનીય નીતિનભાઇ કે એ પ્રશ્નને આપણે સાથે બેસીનેહલ કર્યો હોય. વાહ વાહ, તાલીઓ વિસ્તારથી પાડજો પણ આપણે અહીં ન્યાય માટે બેઠાં છીએ, પ્રજા માટે બેઠા છીએ. અમને તમારી પાસે આશા છે કે તમે ન્યાય આપશો અને જેમ આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે દિવસો વધારવાની વાત કરી, જે વિરોધપક્ષના નેતાશ્રીએ જે પ્રસ્તાવ મૂક્યો છે, જ્યારે ૧૯૯૦માં હું ચૂંટાયો હતો, શ્રી ચીમનભાઇ મુખ્યમંત્રીશ્રી હતા, ત્રણ-ત્રણ વખત વિધાનસભા મળતી હતી. એમાંથી કેટલાય અહીંના સત્તા પર બેઠેલા સદસ્યો છે, એ ટાઇમે વિરોધપક્ષમાં હતા. શ્રી શક્તિભાઇએ કહ્યું એ ટાઇમે સ્પીકર જે નિર્ણય લેતા હતા, તો અમે જે મંત્રી મંડળના સિનિયર મંત્રીઓ હતા, પરસેવો નિકળતો હતો. કેમ કે, એટલી ઝાટકણી કાઢવામાં આવતી હતી. તો આપ એ લાઇન પર જાવ અને પ્રજાના પ્રશ્નો સાથે સહકાર આપશો તો મને લાગે છે કે, આ બાર-તેર મહિના રહ્યા છે અને સી.એમ. સાહેબને ટવેન્ટી-ટવેન્ટી રમવી છે અને બેસ્ટ સિઝનમાં વરસાદ પડે છે, અહીં વરસાદ ના પડે અને સારા વાતાવરણમાં તમે આ વિધાનસભાનું સંચાલન કરો એવી પ્રભુને પ્રાર્થના કરું છું, આભાર.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય બાબતોના મંત્રી તરીકે, આપની વરણીને વિરોધપક્ષના નેતાએ સમર્થન આપ્યું છે એ માટે વિરોધપક્ષના નેતાનો આભાર માનું છું અને આપને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

આપની સાથે પાર્ટીમાં કામ કરવાનો ખૂબ લાંબો સમય મને મળ્યો છે. આપ એક સંનિષ્ઠ, કર્મઠ કાર્યકર્તા છો. માત્ર દલિત સમાજમાં આપની સ્વીકૃતિ નથી, આમસમાજમાં પણ આપની સ્વીકૃતિ છે. અમદાવાદમાં રહેતો બેન્ક કર્મચારી, એ સાબરકાંઠામાં જઇને પાંચ-પાંચ ટર્મ જીતે ને એ જ એનો પુરાવો છે. જેમ શ્રી શક્તિસિંહભાઇએ કહ્યું ને એ વાત સાચી છે કે, તમે જ્યાં જ્યાં પ્રભારી

તરીકે ગયા અને સાબરકાંઠામાં પણ આટલો લાંબો સમય તમે ચૂંટાઇને આવ્યા છો. તો આમસમાજ પણ આ જ લાગણીનો અનુભવ કરે છે કે, રમણભાઇ તટસ્થ છે, રમણભાઇએ બધા માટે કામ કર્યું છે અને સંસદીય મંત્રી તરીકે હું આપ સૌને ખાતરી આપું છું કે, અમારા તરફથી ક્યારેય તમને અન્યાય થાય એવું અમે ક્યારેય નહીં કરીએ પણ અમારા બંને નેતાઓએ કહ્યું એ પ્રમાણે અહીંયા આપણે બધાએ ભેગા થઇને પ્રજા માટે કામ કરવાનું છે, પ્રજા માટે અને એ કામમાં આપણે બધા સાથે રહીને કામ કરીએ, આપના નેતૃત્વની અંદર આ ગૃહમાં આવા જ પ્રજાકીય કામો થાય એવી શુભેચ્છા અને અભિનંદન આપું છું, વંદેમાતરમ્.

શ્રી શૈલેષ મ. પરમાર(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, આપની આ સભાગૃહના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી થઇ તે બદલ હું આપને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

એક સ્વાતંત્ર્ય સેનાનીના દીકરા કે જે સતત સત્તર–સત્તર વર્ષ સુધી એ રાજ્યના નાયબ મંત્રીથી કેબિનેટ મંત્રી તરીકે જેણે કામગીરી કરી હોય, ગુજરાતના ઇતિહાસમાં આપ પહેલા એવા દલિત નેતા છો અને આ રેકર્ડ પણ આપના નામ પર છે કે, આપે સત્તર–સત્તર વર્ષ સુધી રાજ્યના મંત્રી તરીકે કામ કર્યું છે. એ રેકર્ડ આપના નામ પર છે. આ મંત્રી મંડળમાં બેઠેલા જે સભ્યશ્રીઓ છે માનનીય મુખ્યમંત્રીથી માંડીને તમામ, એમાં સૌથી વધારે અનુભવ માનનીય અધ્યક્ષશ્રી આપની પાસે છે. મારા માટે ગૌરવની એ વાત છે કે, મારા મતદાર તો નથી, પણ માર વિધાનસભા મત વિસ્તારમાં જેનું ઘર આવેલું છે એ વ્યક્તિ આ હાઉસના અધ્યક્ષ બન્યા છે, મારા માટે ગૌરવની વાત છે. આમાં આપની વરણી એક દલિતના દીકરા તરીકે થઇ કે ભા.જ.પા.માં આપે ૧૭–૧૭ વર્ષ સુધી મંત્રી તરીકે કામ કર્યું છે એ માટે થઇ જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ, નીતિનભાઇએ વાત કરી, દલિતની ચિંતાની વાત કરી, દલિત સિવાયની બીજી કોમ્યુનિટીમાં પણ આપની લોકપ્રિયતાની વાત થઇ. છાપામાં કાલે હેડલાઇન આવશે ભારતીય જનતા પાર્ટીએ એક દલિતના દીકરાને, દલિત ધારાસભ્યને, એક સિનિયર માણસને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ બનાવ્યા. આપ આ વિધાનસભાના લોકશાહીના મંદિરમાં બિરાજમાન થયા છો એનું અમને ગૌરવ છે. પણ ભૂતકાળની અંદર પણ સ્વર્ગીય રાઘવજીભાઇ લેઉઆ કે જે બીજી અને ત્રીજી ટર્મમાં ૧૯૬૭ થી ૧૯૭૫ સુધી આ જ વિધાનસભા ગૃહમાં એક દલિતના દીકરા તરીકે કોંગ્રેસ પક્ષના શાસનમાં અધ્યક્ષ તરીકે રહી ચૂકેલા છે. ૮ વર્ષ સુધી રહેલા છે. ભૂતકાળના ઉપાધ્યક્ષોમાં તો ઘણા બધા આગેવાનો આ સભાગૃહની અંદર ઉપાધ્યક્ષ તરીકે બિરાજમાન થયેલા છે. આપ અધ્યક્ષ તરીકે બેઠા છો, આપ જે સમાજમાંથી આવો છો, ડો. બાબાસાહેબ આંબેડકરે બનાવેલા બંધારણના ભાગરૂપે જે બંધારણમાં આપણને અધિકાર આપ્યો, અધિકારના ભાગરૂપે આપણે ઇલેક્શન લડયા છીએ. એ બંધારણના ભાગરૂપે બંધારણની અંદર જે સમાજ આવે છે એ સમાજની ઉપર થતા અન્યાય માટે પણ સમાજ આપણી સામે મીટ માંડીને બેઠો છે. કહેવાય લોકશાહીનું આ મંદિર. બે ટાઇપના મંદિર હોય, એક પ્રજાનું મંદિર કે જે ગામડાંઓમાં અને શહેરોમાં આવેલું હોય અને બીજું, પ્રજાના જીતેલા લોકોનું મંદિર કે જયાં વિધાનસભા અને લોકસભાનું ગૃહ કહેવાય. આપણો અહીંયા પ્રવેશ એ પ્રજા થકી થયેલો છે. પ્રજાનો પ્રવેશ એ મંદિરોમાં નથી થતો એની ચિંતા પણ આપણે કરવી પડશે. આપને હું મારા વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપની કારકિર્દીમાંથી કંઇક શીખવા જેવું હોય છે કારણ કે જે રીતે શકિતસિંહજીભાઇએ વાત કરી, વિધાનસભાના ધારાસભ્યોની મિટિંગ થઇ અને મિટિંગની અંદર અધ્યક્ષની ચૂંટણીમાં શું નિર્ણય લેવો, ઉમેદવાર ઉભો રાખવો કે ન ઉભો રાખવો, માનનીય અધ્યક્ષશ્રી, એક જ અવાજે બધાએ કીધું કે નહીં, રમણભાઇ માટે આપણે ઉમેદવાર ન ઉભો રાખવો. રમણભાઇએ આટલું આટલું કરેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ આપની ગુડવીલ છે. હાઉસમાં પ્રણાલિની તો વાત થાય છે. હાઉસની પ્રણાલિમાં કોંગ્રેસ પાર્ટી હંમેશા પ્રણાલિને વળગેલી છે. દિલથી ટેકો આપીએ છીએ. કહીએ છીએ નહીં, કરીએ છીએ. આવું કંઇક તમે પણ શીખો એવું તમને મારે કહેવું છે. પ્રણાલિ એક બાજુ ન હોય ઘણી બધી બાજુ હોય માટે બહુ લાંબી વાત ન કરતા માનનીય અધ્યક્ષશ્રી, આપને હું મારા વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપ સૌના માધ્યમથી અમને માર્ગદર્શન મળતું રહે અને સમાજ ઉપર થતા અત્યાચાર અને અન્યાયની જયારે અમે વાત ઉપાડીએ ત્યારે અમે ચોકકસ કેવી અપેક્ષા રાખીશું ડો. બાબાસાહેબ આંબેડકરને યાદ કરીને કે આપ અમને હુંફ આપશો, આપ અમને ટેકો આપશો, આપ અમને શકિત આપશો. આપ અમને મોકો આપશો. ફરી વખત આપને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(વિરોધ પક્ષના મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે અને મારા વિપક્ષના નેતાશ્રીએ જયારે ટેકો આપ્યો ત્યારે એક પરંપરા મુજબ આજે આપ અહીંયા અધ્યક્ષ તરીકે બિરાજયા છો ત્યારે હું દિલથી મારી પાર્ટીના તમામ સભ્યો વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. જે પરંપરાની હમણા અહીંયા વાત થઇ એમાં ખાસ કરીને આપના માટેનો જે મને અનુભવ છે. એમાં હમણા સુધી આપ પાટણના પ્રભારી રહ્યા છો, ત્યારે મને ખ્યાલ છે કે જેમ અમારા પૂર્વ સભ્યશ્રીએ કહ્યું તેમ હંમેશા આપે પક્ષાપક્ષી સિવાય બહુ સારી રીતે કામ કર્યુ છે અને ભૂતકાળમાં જે મારો અનુભવ રહ્યો છે અને અમારા શકિતસિંહભાઇ સાહેબે કહ્યું તેમ વિશેષ નહિ કહેતા આપણા પૂર્વ અધ્યક્ષશ્રીઓ થઇ ગયા છે, એની પરંપરા જળવાય અને એક દંડકના નાતે અધ્યક્ષશ્રી પાસેની અપેક્ષાઓ વિપક્ષ તરીકે કેવી હોય છે એનો સાચો અનુભવ મને જાતે છે. માટે આપને માત્ર શુભેચ્છા સાથે વિનવું છું કે વિપક્ષનો અવાજ જેમ કહ્યું તેમ સચવાય અને લોકશાહીના મંદિરમાં આપના પણ મહત્વના નિર્ણયો રહે તેવી અપેક્ષા.

અધ્યક્ષશ્રી : ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વિધાનસભાના અધ્યક્ષ તરીકે મારી દરખાસ્ત કરી છે. ભૂતકાળમાં સંગઠનમાં એમની પાસેથી ઘણુ બધુ શીખવાનું મળ્યું છે. છેલ્લે પક્ષના પ્રમુખસ્વામી તરીકેની જવાબદારી હતી. આજે જ્યારે મુખ્યમંત્રીશ્રી તરીકે બિરાજમાન છે, ત્યારે એમણે મારી દરખાસ્ત કરી છે. મને સમર્થન આપ્યું છે. અને એ જ રીતે ભૂતકાળમાં પણ જેમની સાથે મને કામ કરવાનો મોકો મળ્યો છે. પહેલી વખત જ્યારે હું આ વિધાનસભા ગૃહમાં આવ્યો, ત્યારે મારા

પક્ષના નેતા હતા, પ્રદેશ અધ્યક્ષ હતા તેવા આદરણીય શંકરસિંહ વાઘેલા જેમણે આજે વિરોધ પક્ષના નેતા તરીકે ટેકો આપ્યો છે, એમને પણ આભારની લાગણી વ્યક્ત કરું છું. આજે આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનું વર્ષોથી એક મિત્ર ભાવે સાથ, સહયોગ અને માર્ગદર્શન મળ્યું છે. આગામી દિવસોમાં પણ મળશે અને આ તબક્કે એક વાત જરૂર કહેવી જોઇએ. મેં પક્ષમાંથી રાજીનામું આપ્યું છે અને જ્યારે આ પદ માટેની ચર્ચા થઇ ત્યારે મારા બંને નેતાશ્રી આદરણીય વિજયભાઇ રૂપાણી અને નીતિનભાઇ પટેલ બંનેને મેં એવું કહ્યું હતું કે આ પદ માટે અન્ય વ્યકિતની પસંદગી કરશો તો સારું. મને સીધુ પૂછ્યું કારણ શું? કારણ એટલા માટે છે કે સ્થાન ઉપર બેઠા પછી હું પક્ષનો કાર્યકર્તા રહેતો નથી અને એટલા માટે ત્યાં બેસીને મારે નિર્ણયો કરવા પડશે અને એ કદાચ તમને ગમે પણ ખરા અને ન પણ ગમે? અને આજે મારે ગૌરવ સાથે કહેવું પડે કે વિજયભાઇએ અને નીતિનભાઇએ એકી અવાજે કહ્યું રમણભાઇ, તમે જે સ્થાન ઉપર બેઠા છો તે સ્થાનને ઉજાગર કરવાનો પ્રયાસ કરજો. અમારો એમાં સંપૂર્ણ ટેકો છે. એટલા માટે બંને મિત્રો માટે હું ખૂબ ખૂબ આભારની લાગણી વ્યકત કરું છું. આદરણીય શક્તિસિંહને અનેક વખત સાંભળ્યા છે. આગામી દિવસોમાં પણ એમની વાત પણ સાંભળીશું. અને બધા જ લઘુમતી, બહુમતીની તો વાત બહુ નહિ ચાલે, પરંતુ તમારો આવાજ હું બનવા માગું છું ત્યારે એક માતૃત્વની ભાવનાથી કામ કરવાનો છું, ત્યારે કયારેક છણકાનો પણ સ્વીકાર કરવો પડશે, કારણ કે મારી ભૂમિકામાં આવે છે. કયારે ક એનો ટોણો પણ હોય કે ઠપકો, પણ એનો સીધેસીધો ભાવ એ માતૃત્વનો હોય છે. બીજી કોઇ કટુતા હોતી નથી. એ જ પ્રમાણે જયંતિભાઇ બહુ ઓછું બોલતા હોય છે. હું એ જિલ્લાનો પ્રભારી મંત્રી પણ રહ્યો છું. એમને કાયમી ધોરણે મિત્ર ભાવે મને સહયોગ કરવાનો પ્રયાસ કર્યો છે.

આદરણીય ભુપેન્દ્રસિંહજી ચુડાસમા. દલિત, પીડિત, શોષિત અને ગરીબ વર્ગનો એક ઘેઘૂર વડલો એટલે આદરણીય ભુપેન્દ્રસિંહજી ચુડાસમા. તેમના નેતૃત્વમાં જયારે મને કામ કરવાનો મોકો મળ્યો છે ત્યારે તેમનો પણ હું હૃદયપૂર્વક આભાર માનું છું. એ જ પ્રમાણે ભાઇશ્રી શૈલેષભાઇ પરમાર કે જેમની સાથે મારે પારિવારિક સંબંધો છે, તેમના પિતાશ્રી સાથે પણ મેં કામ કર્યુ છે અને શૈલેષભાઇ સાથે પણ કામ કર્યુ છે એટલે તેમની લાગણી મારા પ્રત્યે હોય એ સ્વાભાવિક છે. તે જ પ્રમાણે બલવંતસિંહજી સાથે પણ મેં પાટણ જિલ્લાનો પ્રભારી હતો ત્યારે કામ કર્યુ છે. ૧૯૯૫માં પહેલી વખતે જયારે આ ગૃહમાં આવ્યો ત્યારથી શરૂઆત કરીને આદરણીય કેશુભાઇ પટેલ, દેશના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી, આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલ આ બધા ૧૯૯૫ થી ૨૦૧૬ આજે વાત કરું છું ત્યાં સુધી બધા લોકોએ મને માર્ગદર્શન આપ્યું છે અને મને ઘણું બધું શીખવ્યું છે. તે શીખવાના અનુભવનો જયારે મારે અહીં ઉપયોગ કરવાનો છે ત્યારે મારે એટલી જ વાત કરવી છે કે અહીં તમે અને હું બધા ભાષણો કરીએ છીએ તે આજની ક્ષણ પૂરતા, ચાર–પાંચ દિવસ પૂરતા ન રહે તેવી મારી અપેક્ષા છે. હું ૨૦–૨૨ વર્ષથી આ ગૃહમાં બેસું છું. અહીં કહેવાય છે કંઇક અને ચોવીસ કલાક ન થતા હોય તે પહેલાં તેમાંથી કંઇક ઉલટું થતું હોય છે. એટલે બંને પક્ષોને મારા તરફથી એટલી ખાતરી આપું કે તમે જેટલો મને સહયોગ આપશો તેના કરતાં બમણો સહયોગ મારા તરફથી તમને જરૂર મળશે. પરંતુ જે આપણી સંસદીય પ્રણાલિકાઓ છે, આ વિધાનસભા ગૃહની જે પ્રણાલિકાઓ છે તે મારે અને તમારે બધાએ તેની જે મર્યાદાઓ છે તે મર્યાદામાં રહીને કામ કરવું પડશે. તેમાં આપ બધાના સહયોગની મને અપેક્ષા છે.

મારા અગાઉ બધા મિત્રોએ કહ્યું છે તે પ્રમાણે ૧૯૯૫ થી મને ધારાસભ્ય તરીકે અને મંત્રીશ્રી તરીકે કામ કરવાનો મોકો મળ્યો છે, પરંતુ અહીંની જવાબદારી તેના કરતાં વિશેષ છે. એટલે મારે પણ મારી જાતને થોડીક સંભાળવી પડશે. બધા મિત્રોની જોડે સાનુકૂળતાથી જે વાત કરવાની હતી તેમાં કદાચ થોડી ત્રુટિ થાય તેવું બનવાની સંભાવના મને પણ લાગે છે. કારણ કે જે પક્ષ છોડયો છે તેને એટલો ઝડપથી ભૂલવો તે મારા માટે પણ સંભવ નથી અને બીજા માટે પણ સંભવ નથી. આદરણીય શંકરસિંહ બાપુના નેતૃત્વમાં કામ કર્યુ હતું અને આજે તે વિરોધપક્ષમાં છે અને તે પણ ભૂલ્યા નથી તો હું પણ નહીં ભૂલી શકું. કારણ કે એક નાતો હોય છે, લાગણી હોય છે, લાગણીના સંબંધો હોય છે. પરંતુ આ બધું હોવા છતાંય તમે જે સ્થાન ઉપર બેઠા છો તે સ્થાનની ભૂમિકા મારે જરૂર અદા કરવાની છે. તે અદા કરવામાં આપ બધાનો મને સાથ અને સહયોગ જોઇશે. વિધાનસભા એટલે લોકશાહીનું મંદિર, આપણે અહીં જે વાતો કરીએ છીએ તે પ્રજાના પ્રશ્નોની વાતો કરીએ છીએ. આપણા પોતાના વ્યક્તિગત પ્રશ્નો કરતાં સમાજ જીવનની વાતો કરતા હોઇએ છીએ ત્યારે અહીં બેઠેલો પ્રત્યેક સદસ્ય તે અઢી–ત્રણ લાખ મતદારોમાંથી ચૂંટાઇને આવતો હોય છે, તેની પણ એક જવાબદારી હોય છે. એટલા માટે શાસક–વિપક્ષ એવું કશું નહીં રાખતાં જે પ્રમાણેની કાર્યવાહી છે તે કાર્યવાહી કરવાનો મિત્રો હું પ્રયાસ કરીશ. ફરીથી ગૃહના જે સદસ્યશ્રીઓએ મને સમર્થન આપ્યું છે, મારામાં જે વિશ્વાસ મૂકયો છે તે વિશ્વાસને પરિપૂર્ણ કરવા માટેનો હું પૂરેપૂરો પ્રયાસ કરીશ. એટલી ખાતરી સાથે ફરીથી બધાનો ખૂબ ખૂબ આભાર, ધન્યવાદ.

## ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી

સચિવશ્રી : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો પ્રસ્તાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,

‘‘આ સભાગૃહના સભ્યશ્રી શંભુજી ઠાકોરને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે’’.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : (સંસદીય બાબતોના મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું ટેકો આપું છું.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહના માનનીય સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહ બારૈયાએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું મારો ટેકો આપું છું.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : હવે હું જે ક્રમમાં પ્રસ્તાવો રજૂ થયા છે તે ક્રમમાં પ્રસ્તાવો એક પછી એક મત માટે મૂકીશ.

પ્રથમ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : હું આ સભાગૃહના સભ્યશ્રી શંભુજી ઠાકોરને સભાગૃહના ઉપાધ્યક્ષશ્રી તરીકે જાહેર કરું છું અને તેમને ઉપાધ્યક્ષ સ્થાન લેવા માટે વિનંતી કરું છું.

( ત્યારબાદ સભાગૃહના નેતા શ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા ભારતીય જનતા પક્ષના પ્રમુખસ્વામીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી નવા વરાયેલા ઉપાધ્યક્ષશ્રી શંભુજી ઠાકોરને ઉપાધ્યક્ષ સ્થાને દોરી ગયા. શ્રી શંભુજી ઠાકોરે ઉપાધ્યક્ષસ્થાન લીધું.)

અધ્યક્ષશ્રી : હવે સભાગૃહની કાર્યવાહી ૩૦.૦૦ મિનિટ માટે આપણે મુલતવી રાખીએ છીએ.

(વિ રા મ બપોરના ૧૨.૫૨ થી ૧.૨૨ )

મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧.૨૨ વાગ્યે ફરી મળ્યું.

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલની રજૂઆત

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો બારમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક રવિવાર, તા.૨૧મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે અધ્યક્ષના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧. સોમવાર, તા. ૨૨.૮.૨૦૧૬ના રોજના દિવસના કામકાજની યાદીમાં નીચે દર્શાવેલા ક્રમ મુજબ સરકારી વિધેયકો હાથ ધરવા માટે દર્શાવવા તથા મંગળવાર, તા. ૨૩.૮.૨૦૧૬ના રોજ તેની વિચારણા બેઠકનો સમય લંબાવીને પણ પૂરી કરવી.

(૧) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૬નું ગુજરાત કોર્ટ ફી (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૬નું ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઇ કરતું (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૩૩–સન ૨૦૧૬નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા ) વિધેયક.

૨. સરકારી વિધેયકોની વિચારણા પૂરી થયા બાદ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો નિયમ–૧૦૦ અન્વયેનો "સંવિધાન (એકસો બાવીસમા સુધારા) વિધેયક, ૨૦૧૪ને બહાલ રાખવા બાબત"નો વૈધાનિક પ્રસ્તાવ તેની વિચારણા માટે હાથ ધરવો અને તેની ચર્ચા માટે ૬૦ મિનિટનો સમય ફાળવવો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો

## શોકદર્શક ઉલ્લેખ

### બ્રહ્મલીન પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અવસાન અંગે

શ્રી વિજયભાઇ ર. રૂપાણી (સભાગૃહના નેતાશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહના નેતા તરીકેની વિધાનગૃહની મારી સૌપ્રથમ બેઠકમાં એક અત્યંત દુઃખદાયક શોક પ્રસ્તાવ લઇને હું ઉપસ્થિત થયો છું.

જેમનું નામ સાંભળીને રોમરોમમાં ચેતના પ્રગટે, નિરાશામાં આશા જાગે, તિમિર અંધકારમાં સૂર્યનો ઉજાસ ફેલાય તેવા વ્યક્તિત્વ અને સમાજની સમજ વધારનારા શાંતિના સાચા વિશ્વદૂત પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ૧૩ ઓગષ્ટ, ૨૦૧૬ના રોજ ૯૫ વર્ષની વયે અક્ષરવાસી થયા છે.

સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિની ગંગાને પ્રવાહિત કરનારા ગૌરવમૂર્તિ સંત વિભૂતિ એવા અભિનવ ભગીરથ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો જન્મ તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૨૧ના રોજ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચાણસદ ગામે થયો હતો. તેમનું જન્મનું નામ શાંતિલાલ હતું.

૧૮ વર્ષની કિશોર વયે સન ૧૯૩૯માં ભક્તરાજ શાંતિલાલને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પાર્ષદની દીક્ષા આપી હતી અને સન ૧૯૪૦માં ગોંડલ ખાતે ભાગવતી દીક્ષા આપીને તેમનું નામ સ્વામિનારાયણ સ્વરૂપદાસ રખાયું હતું.

સન ૧૯૫૦માં બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખસ્વામી તરીકે શાસ્ત્રીજી મહારાજે તેમને નિયુક્ત કર્યા અને ત્યારથી જ પ્રમુખસ્વામી મહારાજ તરીકે તેમનું નામ લાકલાડીલું બન્યું. સન ૧૯૭૧માં બી.એ.પી.એસ. સંસ્થાના દ્વિતિય સૂત્રધાર બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના તેઓ અનુગામી ગુરૂપદે બિરાજ્યા હતા.

તા ૨૨મી ઓગષ્ટ, ૨૦૧૬
શોકદર્શક ઉલ્લેખ

એક નાનકડા બિંદુમાંથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને ભારતીય ધર્મ અને સંસ્કૃતિના વિશ્વવ્યાપી વિરાટ સિંધુ સુધી પહોંચાડનારા પ્રમુખસ્વામી મહારાજના સેવાકાર્યોને શબ્દમાં વર્ણવી શકાય એમ છે જ નહિ.

કરોડો હરિભક્તોના પ્રાતઃ સ્મરણીય પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર જીવનની પળે પળ સમસ્ત માનવજાત માટે ખર્ચીને સાચા અર્થમાં સંતનું બિરૂદ શોભાવ્યું હતું.

સાત દાયકા કરતાય વધુ વર્ષોના પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંન્યસ્ત જીવનની યાત્રા પર નજર કરીએ ત્યારે તેમની દિવ્યતા પ્રભાવક બનીને સ્પષ્ટ ઉપસી આવે છે.

એમની પાસે આવનારા પ્રત્યેકને એમનામાં કોઇ નિરાળી આત્મીયતાનો અનુભવ થયા વિના રહે જ નહિ. છેવાડાના આદિવાસીઓના અંતરિયાળ ગામથી લઇને અમેરિકાવાસીઓની મહેલાતો સુધી કરોડો લોકોના હૈયાને આ પરલૌકિક વ્યક્તિત્વ સ્પર્શી ગયું છે.

અઢી લાખથી વધુ ઘરોમાં જઇને અને સાત લાખ કરતાં વધુ પત્રો લખીને પૂજ્ય પ્રમુખસ્વામી કરોડોના જીવન પરિવર્તનનું માધ્યમ બન્યા. ૪૦ લાખ કરતા વધારે વ્યસનગ્રસ્ત યુવાનોને વ્યસનમુક્તિની પ્રેરણા આપી. સમાજના કુરિવાજો દૂર કર્યા અને આધ્યાત્મિક જ્ઞાન થકી માનવ સેવાનો મહિના સમજાવ્યો હતો. તેમણે સાત દાયકા દરમ્યાન દેશવિદેશના સત્તર હજારથી વધુ ગામ શહેરોની મુલાકાત લીધી હતી. દેશ વિદેશમાં ૧૧૦૦થી વધુ મંદિરોનું નિર્માણ કરીને ગીનીસ બૂક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મેળવ્યું છે.

ગુજરાત, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, બિહાર, ઉત્તરાંચલ, નેપાળ, આફ્રિકા, જાપાન કે અમેરિકા વિગેરે દેશ–દુનિયામાં જ્યાં જ્યાં કુદરતી હોનારત આવી ત્યાં પ્રમુખસ્વામી એ નાત–જાતના ભેદભાવ વિના વિરાટ પાયે રાહત કાર્યો કર્યા. અમેરિકામાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરના હુમલા બાદ ત્યાં મ્યુઝિયમ માટે રૂપિયા ૧ કરોડ કરતાં વધુ દાન કર્યું તો સૌરાષ્ટ્ર–કચ્છના ભૂકંપ ટાણે સતત ૪૫ દિવસ ૨૪ કલાક રસોડું ચલાવી ૧૮ લાખ કરતાં વધારે લોકોને ગરમ ભોજન આપ્યું. અસરગ્રસ્ત ૧૫ ગામો–વસાહતો અને ૪૯ શાળાઓ દત્તક લઇને તેનું પુનઃનિર્માણ કર્યું. ૪૦૯ ગામો અને ૫૦ શહેરો વિસ્તારોમાં હજારો ટન રાહત સામગ્રીનું વિતરણ કર્યું. હજારો અસરગ્રસ્તોને રોજગાર આપ્યા. આ બધું બી.એ.પી.એસ.ના ઉચ્ચ શિક્ષિત સાધુઓ અને કરોડો અનુયાયીઓએ સાચો ધર્મ પ્રબોધીને કર્યું.

સીમાડા ભૂલીને જનસમુદાય સુધી સહાય પહોંચાડી. તેમણે સંસ્કારયુકત શિક્ષણ અને આરોગ્યની અનેક સંસ્થાઓ ઉભી કરી. દહેજમુકત સમૂહલગ્નોને પ્રોત્સાહન આપ્યું. પ્રતિવર્ષે લાખો દર્દીઓની સારવાર કરતી હોસ્પિટલો અને ફરતાં દવાખાનાઓ, હજારો વિદ્યાર્થીઓને સંસ્કારયુકત શિક્ષણ આપતા વિદ્યાર્થી સંકુલો બનાવીને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે અવિરત સેવા આપી નિરામય શિક્ષિત સમાજ તૈયાર કર્યો. ભારતીય સંસ્કૃતિના ઉજ્જવળ મૂલ્યો માટે પંચાવન જેટલા દેશોમાં રચનાત્મક રીતે બી.એ.પી.એસ.સંસ્થા તેમણે કાર્યરત કરી છે.

વિશ્વ વિભૂતિ અને પરમ વંદનીય પ્રમુખસ્વામી મહારાજનો અક્ષર વારસો આવનારી અનેક સદીઓ સુધી પ્રેરણાનો પ્રકાશ પાથરતો રહેશે. પ્રાણી માત્રના કલ્યાણ અર્થે કામ કરવા માર્ગદર્શન મળતું રહેશે. તેઓશ્રીએ સત્તર હજારથી વધુ બાળ, યુવા, મહિલા સંસ્કાર કેન્દ્રો શરૂ કરાવ્યા હતા.

સમગ્ર વિશ્વ માટે આધ્યાત્મ, ધર્મ, સ્વાસ્થ્ય અને શિક્ષણની સંસ્થાઓની સ્થાપના, સંવર્ધન અને તેના પ્રસાર થકી માનવ મૂલ્યોના ઘડતરમાં પ્રદાન કરનાર પૂજ્ય પ્રમુખસ્વામી એ યુનોની ધર્મ સંસદમાં ગુજરાતી ભાષામાં સૌપ્રથમ પ્રવચન કરી ગુજરાતી ભાષાને ગૌરવ અપાવ્યું હતું.

સૌમ્ય પ્રકૃતિ, વિનમ્ર વર્તાવ, દૂરંદેશિતા, મૃદુ સ્વભાવ, બાળસહજ અહમશૂન્યતા જેવા અનેક ગુણો ધરાવતા પૂજ્ય મહારાજે અસંખ્ય લોકોમાં સદવિચારનું સિંચન કર્યુ હતું. " બીજાના ભલામાં જ આપણું ભલું છે, બધાના જીવમાં ભગવાન છે " તેવું માનતા પૂજ્ય પ્રમુખસ્વામી એક વિરલ વિભૂતિ હતા.

પૂજ્ય પ્રમુખસ્વામી સહનશીલતા, સહિષ્ણુતા, સંવેદનશીલતા અને ધૈર્યનો પર્યાય સમસ્ત માનવજાત માટે બની રહ્યાં. તેમની સાધુતાનો પરિચય આપણને અક્ષરધામ પરના આતતાયી હુમલાની ઘટના વેળાએ સાક્ષાત થયો છે.

પૂજ્ય પ્રમુખસ્વામી એ લાખો કરોડો હરિભકતો, સૌ નાગરિકોને એ ઘડીએ ઉદવેગ ઉચાટમાં ન આવવાની જે શાંતિ અપીલ કરી તે સામાજીક સમરસતા, સદભાવ બરકરાર રાખવાની શાંતિ મશાલ બની ગઇ હતી તે આપણાથી અજાણ્યું નથી જ.

રાષ્ટ્રના નિર્માણમાં ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરવો જોઇએ તેમ સાક્ષાત દિવ્યતા ધરાવતા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ માનતા હતા. લોકોના મનમાં રહેતા જંગલને તોડીને એક સંસ્કારમય મંગલનું તેમણે નિર્માણ કર્યું. તેમનામાંથી અબાલવૃદ્ધ અનેક લોકોએ સદપ્રેરણા લીધી છે. દેશ અને વિદેશના અનેક મહાપુરુષો, રાજકીય નેતાઓ, સંતો સૌએ પૂજ્ય પ્રમુખસ્વામી માંથી પ્રેરણા મેળવી છે.

માનવજાતને પોતાનું સર્વસ્વ આપનાર પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ માનતા હતા કે બીજાને આગળ કરીને આગળ આવી શકાય.

દેશ વિદેશમાં ગાંધીનગરના અક્ષરધામ મંદિર જેવાં ભવ્ય મંદિરો રચવામાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. દિલ્હીમાં આવેલું અક્ષરધામ એ તેમણે રચેલું વિશ્વમાં સૌથી મોટું હિન્દુ મંદિર છે, જેને ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

અપાયું છે. ભારતીય સંસ્કૃતિના મૂલ્યોની સુવાસ પ્રસરાવતા ગાંધીનગર અને દિલ્હી ખાતેના અક્ષરધામમાં ૧૮૩ કરતા વધુ દેશોના ૧૦ કરોડ કરતા વધુ દર્શનાર્થીઓએ દર્શન કરીને પવિત્ર જીવન જીવવાની પ્રેરણા મેળવી છે.

નદી જેવા નિર્મળ નિસ્વાર્થી પવિત્ર સંત જીવનપર્યંત માનવ સેવામાં જ પ્રભુસેવા રહેલી છે તેમ માનતા હતા. આ પારલૌકિક વ્યકિતત્વના સ્મરણ માત્રથી સૌને વાત્સલ્યમૂર્તિ માતા પિતાનો અનુભવ થાય છે. વિશ્વની મહાન હસ્તીઓ પણ માને છે કે પ્રમુખસ્વામી એક વિરાટ અનંતતાનો મહાન અંશ હતા.

પૂજય પ્રમુખસ્વામી એ ધર્મગ્રંથોમાં સંતની જે વ્યાખ્યા આપી છે તેને અક્ષરશઃ સાર્થક કરી બતાવી છે. શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્વાર્થના સંતલક્ષણો જીવન આચરણમાં મૂકીને પૂજય પ્રમુખસ્વામી એ નરસિંહ મહેતાના વૈષ્ણવજન તો તેને કહીએ...ને સાધુતામાં આત્મસાત કર્યું છે.

પૂજય પ્રમુખસ્વામી મહારાજના અક્ષરનિવાસી થવાથી સમગ્ર માનવસમાજને કદી પણ પૂરાય નહીં તેવી ખોટ પડી છે.

આધ્યાત્મિક ચેતનાને ઝળહળતી રાખનાર અને સમગ્ર સામાજીક માનવ કલ્યાણ માટે સંપૂર્ણ જીવન અર્પિત કરનારની વિશ્વને સદાકાળ ખોટ રહેશે. આ મુઠ્ઠી ઉંચેરા માનવીના બ્રહ્મલીન થવાથી સમગ્ર વિશ્વએ મહાન આધ્યાત્મિક પથદર્શક અને ભારતીય સંસ્કૃતિના ગૌરવમૂર્તિ સમાન સંત ગુમાવ્યા છે.

જેમણે ધર્મના રથ પર સવાર થઇ માનવતાનો ડંકો વગાડયો તેવા પ્રાતઃ સ્મરણીય પૂજય પ્રમુખસ્વામી મહારાજ સદીઓ સુધી તેમણે કરેલા પુરુષાર્થ, સદકાર્યો, સદાકાળ માનવતાની જયોત પ્રજવલ્લિત રાખશે અને તેઓ કહેતા તેમ ‘‘આઇ વીલ બી ઓલવેઝ વીથ યુ’’ રહી આપણું માર્ગદર્શન કરતા રહેશે.

પ્રભુ સદગત પ્રમુખસ્વામી ના આત્માને દિવ્ય શાશ્વત શાંતિ અર્પે અને એ દિવ્યાત્માના કૃપા આશિષ ગુજરાત સહિત સમગ્ર વિશ્વ પર આપણા સૌ પર વરસતા રહે તેવી આપણે પ્રાર્થના કરીએ.

આ પ્રસંગે વિશ્વભરમાંથી આવેલી અનેક શોકાંજલિઓ પૈકી કેટલીક શોકાંજલિઓનું સ્મરણ કરું છું.

‘‘આધ્યાત્મિક મૂલ્યોના નિતાંત પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજના સ્વધામગમનને મારી હાર્દિક શ્રદ્ધાંજલિ.’’

– રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી

નમ્રતા અને કરુણાની મૂર્તિ સમાન પરમ પૂજય પ્રમુખસ્વામી મહારાજ માનવોમાં સમર્થ મહાપુરુષ હતા. પરમ પૂજય પ્રમુખસ્વામી મહારાજ મારા માટે એક મેન્ટર (અનુભવી માર્ગદર્શક) હતા. સમાજની તેમણે કરેલી સેવાઓ સદાય અવિસ્મરણીય રહેશે. તેઓ સાથેના મારા વાર્તાલાપો હું કયારેય ભૂલી નહીં શકું. તેઓની ઉપસ્થિતિની ખોટ મને સાલશે.

–પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી

પ્રમુખસ્વામી મહારાજે સદાચારનો કેવળ બોધ જ નહોતો આપ્યો, પરંતુ તે મૂલ્યો અનુસાર પ્રત્યેક દિવસ જીવ્યા હતા. અને તેથી જ તેઓ વિશ્વભરમાં લાખોના ગુરુ બન્યા હતા. તેઓના ઘણા અનુયાયીઓની મુલાકાત બાદ મને પણ જીનું જીવન સ્પર્શી ગયું છે. અત્યંત ઉંડી પ્રબળ ભકિત સમર્પણની ભાવનાથી પ્રમુખસ્વામી મહારાજે જરૂરિયાતમંદ સમાજને પુનર્જીવીત કરવામાં પોતાનું સમગ્ર જીવન વિતાવ્યું હતું. તેઓની કર્મ ઉપાસનાથી ભારત, અમેરિકા અને સમગ્ર વિશ્વમાં શાંતિ અને ન્યાય ફેલાયા હતા. તેઆના અનુકરણીય જીવનથી અનેકને સર્વ સાથે સંવાદિતા સાધવાની પ્રેરણા મળી હતી. મને શ્રદ્ધા છે કે તેમણે જે અદભુત પરંપરા આપી છે તેના આધારે આવનારી કેટલીય પેઢીઓ સુધી સમાજનું નિર્માણ થતું રહેશે.

– હિલેરી કિલન્ટન

પરમ પૂજય પ્રમુખસ્વામી મહારાજના ધામગમન વિષે જાણીને મને અત્યંત દુઃખ થયું છે. વૈદિક સ્થાપત્યકળાના સિદ્ધાંતો અને પરંપરાને અનુસરીને અક્ષરધામ નિર્માણકાર્ય માટેના મંત્રમુગ્ધ કરી દેનાર પુરુષાર્થથી હું વિશેષ પ્રભાવિત થયો હતો. પરમ પૂજય જીની પ્રેરણાથી આ બે અદભૂત સીમાચિહ્નની જ માત્ર રચના થઇ છે એવું નથી, પરંતુ તેઓની પ્રેરણાથી તેઓના જીવનમંત્ર ‘‘બીજાના સુખમાં આપણું સુખ’’નું પાલન કરતા મૂલ્યનિષ્ઠ અને પવિત્ર જીવન જીવતો સમાજ આંદોલિત થયો છે.

– બ્રિટિશ રાજવી પ્રિન્સ ચાર્લ્સ

પૂજય પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવનસૂત્ર ‘‘બીજાના ભલામાં જ આપણું ભલું છે’’ દ્વારા લાખો લોકોનાં જીવનને પ્રેરિત કર્યુ છે. આવનારી અનેક સદીઓ સુધી તેમણે આપેલી નિઃસ્વાર્થ સેવાઓની પરંપરા માનવજાતને લાભ આપતી રહેશે.

–બ્રિટિશ વડાપ્રધાન શ્રી થેરેસા મે

પ્રેમ, શાંતિ અને સમાનતા ફેલાવવા માટે તેઓની કટિબદ્ધતા અસંખ્ય લોકોને સ્પર્શી ગઇ છે. સૌને ખાતરી છે કે આવનારી અનેક શતાબ્દીઓ સુધી આપણા વિશ્વને તેમની કૃપા મળતી રહેશે. આપણે તેમણે દર્શાવેલા સિદ્ધાંતોને જીવીને તેમને આદર આપીશું.

તેઓના શાણપણ અને માનવજાત માટેની આર્ષદ્રષ્ટિ બદલ આપણે તેમને હંમેશા યાદ કરીશું.

–ખલીફા બીનસલમાન અલ ખલીફા પ્રાઇમ મિનિસ્ટર, બહેરીન

તેમની સાથેના મારા સંવાદ દરમિયાન મેં અનુભવ્યું હતું કે પ્રમુખસ્વામી મહારાજ એક અત્યંત પ્રભાવશાળી મહાપુરુષ હોવા છતાં, એક ખૂબ જ ઉદાત્ત અને સંવેદનશીલ વ્યકિત હતા. તેઓ સાચા અર્થમાં લાખો લોકો માટે એક પ્રેરણાની મૂર્તિ સમાન હતા. તેમણે જે અજોડ મંદિરો રચ્યાં છે તે માટે તેઓ હંમેશા યાદ રહેશે.

–શ્રી માઇકલ વ્હિટી, એડિટર, ગિનિસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડસ

તા ૨૨મી ઓગષ્ટ, ૨૦૧૬
શોકદર્શક ઉલ્લેખ

આ વિશ્વવંદનીય વિરલ વ્યકિતત્વના બ્રહ્મલીન થવાથી શોકમગ્ન તેઓશ્રીના કુટુંબીજનોને અને સૌ હરિભકતોને દિલસોજીનો સંદેશો આપશ્રી મારફત પાઠવીએ.

## ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી દોલતભાઇ ચેલારામ પરમારના અવસાન અંગે

શ્રી વિજયભાઇ ર. રૂપાણી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી દોલતભાઇ ચેલારામ પરમારનું તારીખ ૯મી મે, ૨૦૧૬ના રોજ ૭૪ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પરમારનો જન્મ ત્રીજી જાન્યુઆરી, ૧૯૪૨ના રોજ હાલના પાકિસ્તાનના સિંધ પ્રાંતના હૈદરાબાદ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી પરમારે બી.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી ખેતી, પશુપાલન, પત્રકારત્વ તથા સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પરમારે ચોથી ગુજરાત વિધાનસભામાં વાવ અને છઠ્ઠી, સાતમી, દશમી તેમજ અગિયારમી ગુજરાત વિધાનસભામાં વડગામ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકહિતના કાર્યો કર્યા હતા.

સ્વર્ગસ્થશ્રી પરમારે ૧૯૮૫ થી ૧૯૮૯ના સમયગાળા દરમિયાન ગુજરાત સરકારમાં પંચાયત અને ગ્રામ વિકાસ, માર્ગ અને મકાન, સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષા તેમજ કૃષિ વિભાગના મંત્રી તરીકે રહીને અમૂલ્ય સેવાઓ આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સંનિષ્ઠ અને સેવાભાવી સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી કાસીમુદ્દીન કરમઅલી તીરમીઝીના અવસાન અંગે /S B #

શ્રી વિજયભાઇ ર. રૂપાણી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી કાસીમુદ્દીન કરમઅલી તીરમીઝીનું તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૧૬ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી તીરમીઝીનો જન્મ ૧લી જાન્યુઆરી, ૧૯૩૧ના રોજ સાબરકાંઠા જિલ્લાના ઓરણ ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી તીરમીઝીએ મેટ્રીક સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતી તથા સમાજ સેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી તીરમીઝી છઠ્ઠી તથા સાતમી ગુજરાત વિધાનસભામાં ગાંધીનગર મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવી પ્રજાહિતના કાર્યો કર્યા હતા.

સ્વર્ગસ્થશ્રી તીરમીઝીએ ૧૯૮૫ તથા ૧૯૮૯-૯૦ના સમયગાળા દરમિયાન ગુજરાત સરકારમાં કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, પંચાયત તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ વિભાગના મંત્રી તરીકે રહીને સુંદર સેવાઓ આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી રાયસિંહ કુકાભાઇ પરમારના અવસાન અંગે

શ્રી વિજયભાઇ ર. રૂપાણી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી રાયસિંહ કુકાભાઇ પરમારનું તારીખ છઠ્ઠી જુલાઇ, ૨૦૧૬ના રોજ ૬૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પરમારનો જન્મ ૮મી જુલાઇ, ૧૯૪૭ના રોજ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપેરો ગામે થયો હતો. તેઓશ્રીએ ધોરણ-૭ સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પરમારે નવમી ગુજરાત વિધાનસભામાં લીમખેડા મત વિસ્તારના ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવી લોકહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીએ ગુજરાત સરકારમાં ગ્રામ ગૃહનિર્માણ, આદિજાતિ કલ્યાણ, સામાજીક વનીકરણ અને પાણી પુરવઠા ખાતાના નાયબમંત્રી અને રાજયકક્ષાના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## ગુજરાતના પૂર્વ નાયબ મંત્રીશ્રી ઇન્દુભાઇ ચતુરભાઇ પટેના અવસાન અંગે

શ્રી વિજયભાઇ ર. રૂપાણી (સભાગૃહના નેતાશ્રી) : મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રીશ્રી ઇન્દુભાઇ ચતુરભાઇ પટેલનું તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૬ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

શોકદર્શક ઉલ્લેખ

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧લી એપ્રિલ, ૧૯૨૫ના રોજ આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના બાંધણી ગામે થયો હતો. તેઓશ્રીએ ઈન્ટર કોમર્સ સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી ખેતી વિષયક, સહકાર અને પંચાયત તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લીધો હતો અને સને ૧૯૪૨માં 'હિન્દ છોડો' ચળવળમાં જોડાયા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે ત્રીજી ગુજરાત વિધાનસભામાં સોજીત્રા મત વિસ્તારના ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવી લોકહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીએ ગુજરાત સરકારમાં તા. ૭-૪-૧૯૭૧ થી તા. ૧૩-૫-૧૯૭૧ સુધી પંચાયતો, સમૂહ વિકાસ યોજનાઓ, શિક્ષણ અને રમતગમત ખાતાનાં નાયબ મંત્રીશ્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી વિષ્ણુભાઇ કશીભાઇ પટેલના અવસાન અંગે

શ્રી વિજયભાઇ ર. રૂપાણી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વિષ્ણુભાઇ કશીભાઇ પટેલનું તા. ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૨૬ના રોજ અમદાવાદ જીલ્લાના દસક્રોઇ તાલુકાના બારેજા ગામમાં થયેલ હતો. તેઓશ્રીએ ધોરણ-૭ સુધીનો અભ્યાસ કરેલ હતો તથા સમાજસેવા સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે પાંચમી ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે દસક્રોઇ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભીમસીભાઇ કેસુરભાઇ કરંગીયાના અવસાન અંગે

શ્રી વિજયભાઇ ર. રૂપાણી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભીમસીભાઇ કેસુરભાઇ કરંગીયાનું તા. ૩૧મી જુલાઇ, ૨૦૧૬ના રોજ ૮૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી કરંગીયાનો જન્મ ૮મી સપ્ટેમ્બર, ૧૯૩૫ના રોજ જામનગર જીલ્લાના લાલપુર તાલુકાના નાંદુરી ગામે થયો હતો. તેઓશ્રીએ ધોરણ-૮ સુધીનો અભ્યાસ કરેલ હતો તથા સમાજસેવા સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી કરંગીયાએ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ભાણવડ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભૂરાભાઇ મુંજાભાઇ કડછાના અવસાન અંગે

શ્રી વિજયભાઇ ર. રૂપાણી (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભૂરાભાઇ મુંજાભાઇ કડછાનું તા. ૬ઠ્ઠી મે, ૨૦૧૬ના રોજ ૬૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી કડછાનો જન્મ ૧૩મી ઓકટોબર, ૧૯૫૦ના રોજ પોરબંદર મુકામે થયો હતો. તેઓશ્રીઓ ધોરણ-૮ સુધીનો અભ્યાસ કરેલ હતો તથા સમાજસેવા સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી કડછાએ નવમી ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે કુતિયાણા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : (વિરોધપક્ષના નેતાશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે શોક પ્રસ્તાવો રજૂ કર્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. પૂજનીય પ્રમુખસ્વામી મહારાજ અંગે હું છેલ્લે વાત કરીશ. એ પહેલાં જે સાથીઓ આ ગૃહમાં પ્રતિનિધિ તરીકે હતા તેમાં દોલતભાઇ પરમાર, કચ્છ-સિંધમાંથી બનાસકાંઠામાં સ્થાયી થયેલા. દલિત પરિવારનો સામાન્ય માણસ ગ્રેજયુએટ સુધી ભણે, બી.એ. થાય. એ વખતે નવાઇ હતી. તેમણે બી.એ. સુધીનો અભ્યાસ કરેલો. બનાસકાંઠામાં પાંચેક વખત ધારાસભામાં રહ્યા. જિલ્લા પંચાયતમાં રહ્યા. બનાસકાંઠાના રસ્તા ઘણાં સારા. કારણ કે બનાસકાંઠાના નસીબમાં જે કંઇ મંત્રીઓ જે કંઇ પક્ષમાં હતા પણ રસ્તો અને બાંધકામ ખાતુ એમના ભાગમાં આવતું. શ્રી શંકરભાઇએ એ ખાતુ લેવું જોઇએ. કારણ કે, તેઓ પોતાના જિલ્લાના રસ્તાઓનું વિશેષ ધ્યાન રાખીને એ સારા બનાવતા હતા. સ્વ. શ્રી દોલતભાઇ પરમાર સામાન્ય પરિવારમાંથી આવીને મંત્રી કક્ષાએ પહોંચ્યા હતા. ગુજરાતમાં સારી એવી સેવા બજાવીને આપણી વચ્ચેથી વિદાય થયા છે, એમને હું મારી શ્રદ્ધાંજલિ આપું છું.

તા ૨૨મી ઓગષ્ટ, ૨૦૧૬
શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી કાસીમુદ્દીન કરમઅલી તીરમીઝી– કાસમ બાપુના હુલામણા નામે એમણે નામના મેળવી હતી. ઘણી વખત પાર્ટી પોતાના ઉમેદવાર નક્કી કરવા માટે કઇ કોમના છે, ક્યા સમાજના છે, એમને મત મળશે કે નહીં મળે? એ જોઇને એમને ટિકિટ આપતી હોય છે. કાસમ બાપુ જન્મે મુસ્લિમ હતા. પ્રાંતિજ પાસે લિંબડીયાના ઠાકોર સાહેબે ગાંધીનગરમાં આવીને આપણા ત્યાં જ વિધાનસભામાં બે વખત પ્રતિનિધિત્વ કર્યું. એ ક્યા સમાજના છે એના કરતા કાસમ બાપુ છે એ સેવાભાવી કાર્યકર્તા હતા. સામાન્ય માણસ, રસ્તામાં જનાર વ્યક્તિ પણ એમને હાથ પકડીને ઉભા રાખી શકે. આવું હરતું ફરતું વ્યક્તિત્વ. એ મુસલમાન હોવા છતાં પણ બાકીના બધા સમાજને સ્વીકાર્ય બન્યા. મંત્રી તરીકે એમનો વિભાગ હોય એમાં એમણે કોઇપણ પક્ષના હોય દરેકને ન્યાય આપવાની પૂરેપૂરી કોશિશ કરેલી. લગભગ ૮૫ વર્ષની ઉંમરે તેઓ આપણી વચ્ચેથી વિદાય થયા. સ્વાભાવિક છે કે ઉંમરના ક્રમના હિસાબે એ વિદાય થયા. એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી રાયસિંહભાઇ. લીમખેડાના ધારાસભ્ય– આદિવાસી પરિવારમાંથી આવતા સામાન્ય માણસ. ભણવાની પણ બહુ ગુંજાઇશ નહીં. પરાણે સાતેક ધોરણ સુધી અભ્યાસ કર્યો. એ વખતે દાહોદ અને પંચમહાલને, જુના પંચમહાલ જિલ્લાને અલગ કરવો જોઇએ. એમાં અમારા શ્રી સી.કે. રાઉલજી અને બાકીના બીજા આગેવાનોએ દાહોદ અલગ જિલ્લો બનવો જોઇએ. અમારા આદિવાસી સમાજનું આધિપત્ય રહેવું જોઇએ. એવી રજૂઆતો કરેલી. એમાં રાયસિંહભાઇનું ખૂબ મોટું યોગદાન હતું. એ આપણા વચ્ચે રહ્યા નથી. છેલ્લા થોડા વખતથી એ બિમાર હતા. કદાચ એમને કેન્સર હતું. એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી ઇન્દુભાઇ ચતુરભાઇ પટેલ– એમને ઇન્દુ ચતુર પટેલના નામે લોકો બોલાવતા. તેઓ બહુ સેવાભાવી સામાન્ય માણસ અને સહકારી જીવ. લગભગ જીવ્યા ત્યાં સુધી સહકારી ક્ષેત્રમાં ખાંડ માટે તો આખી દુનિયામાં ખાંડની મિલોના માલિક કહી શકાય, કો–ઓપરેટીવના માલિક કહી શકાય એટલું મોટું એમનું યોગદાન. ભારતીય જનતા પાર્ટીના એ પ્રમુખસ્વામી હતા ત્યારે ઉપાધ્યક્ષ તરીકે એમની સાથે કામ કરવાનો મને મોકો મળેલો. ૧૯૭૭માં જનતા પાર્ટી જ્યારે પાવરમાં હતી ત્યારે તેઓ એના ઓલરેડી ખજાનચી પણ હતા. ઘણા સારા સંબંધોવાળા અને ગમે તેટલી ઉંમર હોય, તબિયત ખરાબ હોય તો પણ પ્રજા વચ્ચે જઇને એમના દુઃખમાં ભાગ લેવો. લગ્ન હોય તો એમાં પણ જવા કોશિષ કરવી. નિરાભિમાની, સામાન્ય બાંધણી જેવું ખેડા જિલ્લાનું મોટું ગામ, એમાંય સ્વ.ઇન્દુભાઇ ચતુરદાસ પટેલે ક્યારેય કોઇને તકલીફ આપી હોય એવું મારા ધ્યાનમાં નથી. નિરાભિમાની, સાદુ વ્યક્તિત્વ. જીવ્યા ત્યાં સુધી સેવાભાવી કહેવાય. સ્વ. ઇન્દુભાઇ ચતુરભાઇને આપણે શોકાંજલિ પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી વિષ્ણુભાઇ કશીભાઇ પટેલ– બારેજા દસક્રોઇનું મને યાદ છે, હમણાં બે દિવસ પહેલા જ એમના બેસણામાં હું ગયો હતો. કેવા સામાન્ય માણસો એમને ત્યાં આવતા હતા. મુખી પરિવારમાં, પાટીદાર પરિવારમાં જન્મીને ધારાસભ્ય બન્યા પછી શિક્ષણ ક્ષેત્રમાં એમનું મોટું યોગદાન છે. મને યાદ છે લગભગ ૧૯૯૭માં મારી પાસે આવેલા અને બારેજાની હાઇસ્કૂલમાં અગિયારમા–બારમા ધોરણનો વિજ્ઞાન પ્રવાહ ગ્રાન્ટેડ કરવાનો છે એવી રજૂઆત કરેલી. એ વખતે પોલિસી મેટરમાં આપણે નક્કી કર્યું કે જે કોઇ ટ્રસ્ટો હોય, જેમની આર્થિક સ્થિતિ બરાબર ન હોય, ગ્રામ્ય વિસ્તારની વિજ્ઞાન પ્રવાહની સ્કૂલોને મફત કરવાનો એમણે આગ્રહ કરેલો. સરકારે આ વિભાગને ગ્રાન્ટેડ કરવો જોઇએ. ગામડાંના છોકરાઓ વિજ્ઞાન પ્રવાહમાં પૂરેપૂરું ભણી ન શકે એટલે એ ગ્રાન્ટેડ કરવા જોઇએ. ગ્રામ્ય વિસ્તારના બધા વિજ્ઞાન પ્રવાહો આજે બંધ થઇ ગયા છે એ બધા ગ્રાન્ટેડ કરવા માટેનો આગ્રહપૂર્વક રજૂઆત કરવાનો એમનો હક્ક હતો. અમારા સંબંધો પણ એવા હતા. આ પ્રમાણે બારેજાની હાઇસ્કૂલમાં સામાન્ય, બક્ષીપંચ, દલિત સમાજના અને ટ્રાયબલ વિસ્તાર બાજુમાં છે એના વિદ્યાર્થીઓ પણ એમાં અભ્યાસ કરતા હતા. એટલે એને ગ્રાન્ટેડ કરવી જોઇએ એવી એમણે રજૂઆત કરેલી. એવા સ્વ. વિષ્ણુભાઇ કશીભાઇ પટેલને શિક્ષણકાર કહી શકાય, સેવાભાવી કહી શકાય, એવા સારા પરિવારના વ્યક્તિ આપણી વચ્ચે નથી. એમને પણ આપણી શોકાંજલિ આપીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી ભીમસીભાઇ કેસુરભાઇ કરંગીયા– આહિર પરિવારમાં જન્મેલા. ભણતર સ્વ. શ્રી વિષ્ણુભાઇ કશીભાઇનું પણ સાતનું, સ્વ.શ્રી ઇન્દુભાઇ ચતુરભાઇ ઇન્ટર સુધી પહોંચેલા અને અભ્યાસ છોડી દીધેલો. એ જ રીતે સ્વ.શ્રી ભીમસીભાઇ આઠમા ધોરણ સુધી જ ભણેલા. પરંતુ કોઠાસૂઝવાળા માણસો. પ્રજાની વચમાં જઇને ઉભા રહે અને એમના પ્રશ્નો સમજી શકે. પ્રશ્નનું નિરાકરણ કરવાની કોશીશ કરે, એવા અદના સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા ભીમસીભાઇ પણ આપણી વચ્ચે નથી એમને પણ આપણે શોકાંજલી અર્પીએ.

ભૂરાભાઇ મુંજાભાઇ કડછા, એમના ભત્રીજા આપણે ત્યાં કુતીયાણામાંથી ધારાસભામાં છે. એમના ભાભી સંતોકબેન પણ ધારાસભામાં હતા, શરમણ મુંજા, મોટું નામ પોરબંદર વિસ્તારમાં છે, ભૂરાભાઇ મુંજા પણ પોરબંદર નિવાસી, લંડનમાં પણ થોડો વખત રહી આવેલા, એ છેલ્લે છેલ્લે બિમાર હતા, એ પણ આપણા વચ્ચે નથી તો એમને પણ આપણે શોકાંજલી અર્પીએ, માનનીય સ્વર્ગસ્થ ધારાસભ્યશ્રીઓના કુટુંબીજનોને દિલસોજી પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી,રાજ માટે આપણે જે કંઇ શ્રદ્ધાંજલિના શબ્દો કહીએ એ બહુ ટૂંકા પડે. વિધાનસભા મળવાનું નકકી થયું, મને ખબર પડી કે વિધાનસભાનું ગૃહ મળવાનું છે એટલે મેં આપને, અધ્યક્ષના હોદ્દાને પત્ર લખેલો, ટૂંકો સાર આપની સામે હું વાંચુ છું., માનનીય અધ્યક્ષશ્રી, તાઃ૧૩–૮–૧૬ના રોજ સાંજના ૬–૦૦ કલાકે જે દુઃખદ સમાચાર આપણને સૌને મળ્યા કે પરમ પૂજ્ય પ્રમુખસ્વામીજી મહારાજ અક્ષરનિવાસી બ્રહ્મલીન થયા છે. સ્વાભાવિક છે કે ન ફકત સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ પરંતુ દેશ અને દુનિયાના ઘણા બધા લોકોને પ્રમુખસ્વામી ના અક્ષરનિવાસી થવાથી ઉંડો આઘાત લાગ્યો છે. તેમના પાર્થિવ દેહના દર્શન કરવા માટે હું પોતે પણ તારીખઃ૧૪ના રોજ સારંગપુર ગયો હતો અને આ દિવસે બીજા અનેક મહાનુભાવો ઉપરાંત તારીખઃ

શ્રાવણ ૫, ૧૯૩૮ શાકે
શોકદર્શક ઉલ્લેખ

૧૫-૮-૧૬ના રોજ દેશના પ્રધાનમંત્રી પોતે પણ ખાસ પ્રમુખસ્વામી ના દેહના દર્શન અર્થે પધાર્યા હતા. પરમ પૂજનીય પ્રમુખસ્વામી મહારાજનું અદ્વિતિય વ્યકિતત્વ અને સમાજ ઉપર મૂકેલી ઉંડી છાપને કારણે જે એમને માન-સન્માન મળ્યું છે એવા અવતારીય પુરૂષ અંગે હું આપને આ તકે વિનંતી કરું છું કે ગુજરાતની પ્રજાના અવાજને વાચા આપતા ગુજરાત વિધાનસભા ગૃહમાં વિધાનસભા સત્રના પ્રથમ દિવસે શોક પ્રસ્તાવ હોય તેમાં પરમ પૂજનીય પ્રમુખસ્વામી મહારાજનો પ્રથમ ઉલ્લેખ થાય અને એમની જીવન ઝરમર તથા ધાર્મિક, સામાજિક અને વૈજ્ઞાનિક એમ અનેક રીતના એમના યોગદાન માટે તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવે અને ત્યારબાદ અન્ય શોક પ્રસ્તાવ પછી સભાગૃહની બેઠક મુલતવી રાખવામાં આવે તો વિધાનસભા ગૃહની ગરિમામાં વધારો થશે. હું આપનો આભાર માનુ છું કે આપે એ વાત માનીને વિધાનસભાગૃહની આ જે કાર્યવાહી છે એમાં માનનીય પ્રમુખસ્વામી ના નામનો ઉમેરો કર્યો છે, વિધાનસભાની પ્રણાલિકા પ્રમાણે હાઉસના મેમ્બર હોય એના અપવાદ આપણે કર્યા હોય છે અને આ અપવાદ છે એ અપવાદના આધારે પ્રમુખસ્વામી મહારાજશ્રી, બી.એ.પી.એસ.ના પ્રમુખસ્વામી, અધ્યક્ષ, શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, અને આજે મહંતસ્વામી મહારાજ. વડતાલ ગાદીમાંથી બોચાસણમાં, જે કંઇ કારણો હશે બી.એ.પી.એસ.ની સ્થાપના થઇ એમાં સ્વાભાવિક ગુરૂ પરંપરા, પોતાના વહેવારથી નવી પેઢીને ઇમ્પ્રેસ કરવી, પોતાના વર્તનથી લોકોને આકર્ષિત કરવા, યોગ્ય દિશા આપવી અને જે યુવાનો વ્યસનમાં, દારૂમાં હોય, દિશા વિહીન હોય એમને દિશા આપવી એ પણ હરતા-ફરતા માણસોને, જુવાન માણસોને એવા અનેક જુવાનીયાઓને આ સંપ્રદાયે અને સ્વામિનારાયણના બાકીના અનેક સંપ્રદાયો એ કાળુપુર હોય, મણીનગર હોય, વડતાલ હોય, સોખડા હોય મને બહુ ખ્યાલ નથી, બધાય સંપ્રદાયો લગભગ જુવાન પેઢીને વ્યસનથી મુકત થાય એના માટે પૂરેપૂરી કોશીશ કરવી એના માટે અનેક નવા નવા સંતો-મહંતોને આ સમાજમાં પોતાની અસર નીચે લાવીને સંસાર ત્યાગ કરવો અને એ સંસાર ત્યાગ કરવામાં વડોદરાના પાદરા પાસે ચાણસદના ૧૮ વર્ષના શાંતિલાલ મોતીલાલ પટેલ, એમને બોલાવવામાં આવે છે કે તમારે સાધુ થવાનું છે. ૧૮ વર્ષની કાચી ઉમર, પાકાની નજીકની ઉંમર, અમરાઇવાડીમાં પ્રથમ દીક્ષા આપવામાં આવે છે. ૧૯૩૯ એકાદ વર્ષ પછી એમને ગોંડલમાં અધિકૃત રીતે સંન્યાસીનો ઇલકાબ, શાસ્ત્રીજીનો ઇલકાબ, સ્વામિનારાયણસ્વરૂપ જીનું નામ અને એમને એમના શાસ્ત્રીજી નારણદા કહીને બોલાવતા, આવો નારણદા, એવા પ્રમુખસ્વામી મહારાજ ગોંડલમાં પૂરો સંન્યાસ લઇને પોતાના સંપ્રદાયની સેવામાં લાગી ગયા. ૧૯૫૦માં શાસ્ત્રીજી મહારાજે એમની બી.એ.પી.એસ.ના પ્રમુખસ્વામી તરીકે વરણી કરી. ૧૯૫૦ અને આજે ૨૦૧૬ એટલે લગભગ ૬૬ વર્ષ સુધી એક જ હોદ્દા ઉપર રહીને કોઇપણ જાતના વાદ-વિવાદ સિવાય આખા સંપ્રદાયને દુનિયામાં લઇ જવો, લગભગ સેંકડો મંદિરો છેલ્લી ટેકનોલોજી સાથે બનાવવા, આ દેશ હોય, આફ્રિકા હોય, યુરોપ હોય, લંડન હોય. વિજ્ઞાનને ધર્મ સાથે જોડવો. મોટા ભાગના ધર્મ અને વિજ્ઞાનને શું સંબંધ એવું કહે. પ્રમુખસ્વામી મહારાજે ટેકનોલોજીમાં માસ્ટર એવા ડોકટર, એન્જિનિયર, ક્વોલિફાઇડ એમ.બી.એ. આવા બધા જુવાન દીકરા-દીકરીઓના ટચમાં આવ્યા પછી, બહેનોને એમાં દીક્ષા નથી આપતાં પણ જુવાન છોકરાઓને દીક્ષા આપે છે. એમની પૂરી અસર નીચે આવ્યા પછી એમને કહે કે હવે તું આ ભગવા પહેરવાની દિશામાં આગળ ચાલ અને તારા જ્ઞાનનો ઉપયોગ સમાજ માટે કર. અનેક ટેકનિકલ કહી શકાય એવા જુવાનિયાઓને વિજ્ઞાન સાથે જોડીને ધર્મ શું કહેવાય એ પ્રમાણે ટેકનોલોજીમાં અહીંનું કે દિલ્હીનું અક્ષરધામ મંદિર હોય, બન્નેની જમીન આપવામાં અમારું યોગદાન ખરું. અક્ષરધામ ઉપર હુમલો થયો ત્યારે એ કેમ થયો હશે એ વિવાદનો સવાલ છે પણ પ્રમુખસ્વામી મહારાજે શાંતિથી ગુજરાતમાં ક્યાંય ગરબડ ન થાય એનું ધ્યાન રાખેલું. એવા એવા પ્રમુખસ્વામી મુંબઇમાં બિમાર હતા ત્યારે એમના દર્શન કરવાનો લ્હાવો મળેલો. સારંગપુરમાં બે વર્ષ પહેલાં જવાનું બનેલું. બન્ને બાજુના આગેવાનોને એમની પાસે લઇ જવાનો મને લાભ મળેલો. એમણે ક્યારેય કોઇની બાજું વધારે પ્રેમ બતાવ્યો હોય એવું નથી. પક્ષાપક્ષીથી પર રાજી થાઓ, તારું સારું થાય, તારું ભલું થાય અને બહુ અમારા નરહરિભાઇ જેવા તો એમની પાસે ધબ્બો મરાવવાનો આગ્રહ રાખે. બાપા મને ધબ્બો મારો તો મારું કલ્યાણ થાય. એમના હાથમાં કલ્યાણ કરવાનું છે. પણ આ બધામાં જે જે એમના અંગત કહી શકાય એવા અનેક લાખો શ્રાવકોમાં બધાને એમ લાગે કે બાપા મારી નજીક છે. બધાને લાગે કે પ્રેમથી હસીને મને બોલાવે છે. એ ક્યારેય કોઇ બાબતે ગુસ્સે થયા હોય એવું મારા ધ્યાનમાં નથી આવ્યું. પ્રમુખસ્વામી મહારાજને અનેક દર્દો હતા. પણ કોઇ દિવસે એમના ચહેરા ઉપર દર્દ દેખાયું હોય એવું અમે જ્યારે મળવા અને દર્શન કરવા ગયા હોઇએ, ખબર પૂછવા ગયા હોય ત્યારે પણ નથી દેખાયું. એમની મુલાકાત પ્રેસિડન્ટ કિલન્ટન હોય, અબ્દુલ કલામ હોય, કુરિયન હોય, પ્રાઇમ મિનિસ્ટર હોય, બ્રિટનના પ્રિન્સ હોય એવા અનેક દુનિયાભરના મહાનુભાવો સાથે એ પોતાની ભાષા ગુજરાતીમાં વાત કરે. બ્રહ્મવિહારી અને બીજા અંગ્રેજી જાણવાવાળા સન્યાસીઓ એમને અંગ્રેજીમાં ટ્રાન્સલેટ કરે અને એમને સમજાવે કે જી શું કહેવા માગે છે. આ બધામાં એમની ઉંડી અસર પડતી કે આવા મહાન સંત, પ્રેસિડેન્ટ કલામ સાથે બેસીને વાત કરી શકે, ડો. કુરિયન સાથે વાત કરી શકે. દેશ-વિદેશના અનેક મહાનુભાવો સાથે પ્રેમથી વાતો કરી શકે. યુનોમાં પણ જઇને ગુજરાતીમાં ભાષણ કરે એવા પ્રમુખસ્વામી , છેલ્લે છેલ્લે ઘણા બિમાર હતા. આપણા વચ્ચેથી ગમે ત્યારે વિદાય લેશે એવું હતું એવા પ્રમુખસ્વામી મહારાજ આપણી વચ્ચે નથી રહ્યા. આપણા બહુ મોટા કવિ અને સાક્ષર હરિન્દ્ર દવે. એમણે યોગીજી મહારાજ માટે કવિતા લખેલી. એ હરિન્દ્ર દવે એક જમાનામાં સમર્પણ, જનશકિત, જન્મભૂમિના તંત્રી હતા. એમણે પ્રમુખસ્વામી ના ગુરુ યોગીજી મહારાજની સ્મૃતિમાં એક કાવ્ય લખેલું. ''હમણાં જ એ હેતનો ધ્વનિ સાંભળશે, જાણે હમણાં એ બે હોઠ મલકશે, લંબાવી હાથ આશિષ દેશે, જાણે એ આંખથી અડકશે, અમને સમજાવો જીવતરનો કિમીયો, અમને ખાલી જીવતરનો ચડે થાક, હમણાં જાગીને યોગી લંબાવી હાથ અમારો ઝાલશે. એના બદલે પ્રમુખસ્વામી ના દર્શન કરવા આપણે જ્યારે ગયા હોઇએ, એમના પાર્થિવ દેહના દર્શન સારંગપુરમાં કરવા ગયા ત્યારે હમણાં જાગીને બાપા લંબાવી હાથ અમારો ઝાલશે એવી અનુભૂતિ થાય એવા અવતારી પુરુષ પ્રમુખસ્વામી

મહારાજશ્રી આપણા વચ્ચે નથી. સ્વભાવિક છે કે ૬૬ વર્ષની એમની લાંબી યાત્રા આખા બી.એ.પી.એસ.ને દુનિયાભરમાં એક આગવું મહત્વ આપવા માટે એમને યશ અને ક્રેડિટ આપી શકાય. એમના લીધે એક હજાર જેટલા આધુનિક યુવાનો દુનિયાભરના બધા મોહ ત્યાગીને મટિરિયલિસ્ટીક દુનિયાના બદલે આધ્યાત્મિક દુનિયામાં, એમના સંરક્ષણમાં BAPS માં જોડાયેલા છે એવા બ્રહ્મકાલીન પરમપૂજ્ય પ્રમુખસ્વામી મહારાજશ્રીના માનમાં અન્ય સરકારી કામકાજ જે કાંઇ હોય એમાં આ સભાગૃહનું કામકાજ પાછળથી મુલતવી રાખવાના છીએ. મેં આપને વિનંતી કરી છે અને આપે માની. એમને મોક્ષ મળે અને એમને શ્રદ્ધાંજલિ અર્પીએ એ એક ટકનિકલ વસ્તુ છે પણ જ્યાં હશે ત્યાં તેમના આશીર્વાદ સૌના ઉપર ઉતરે અને દેશ, સમગ્ર દુનિયા સમૃદ્ધ બને એવી પ્રાર્થના આપણે એમને કરીએ અને બાકીના ધારાસભ્યશ્રીઓ જે આપણી વચ્ચે હતા અને આજે નથી એમના પરિવારોને આપના માધ્યમથી શોકાંજલિનો સંદેશો પાઠવીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( ભા.જ.પ. ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આજે જે શોકદર્શક ઉલ્લેખો લાવ્યા છે અને જેને વિપક્ષના નેતા માનનીય શંકરશિંહજી વાઘેલાએ પણ અનુમોદન આપ્યું છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્રે જે કહેવાયું છે એ સાચું જ કહેવાયું છે કે આ વિધાનસભામાં પ્રણાલિગત રીતે આપણે પૂર્વ ધારાસભ્યો અને ગૃહમાં જે સભ્ય રહી ચૂક્યા હોય અથવા બંધારણીય રીતે જે જુદા જુદા હોદ્દા પર સ્થાન ભોગવી ચૂકયા હોય એમને આ વિધાનસભા શ્રદ્ધાંજલિ આપે એમના સિવાયના બહુ જ ઓછા, જવલ્લેજ અન્ય વ્યક્તિઓને આ વિધાનસભા શ્રદ્ધાંજલિ આપે છે અને ફક્ત શ્રદ્ધાંજલિ આપે છે એટલું નહિ પણ એમના માનમાં ગૃહ મુલતવી રાખવાની પણ મંજૂરી આપે છે એવો આજનો આ દિવસ આપણી સૌની વચ્ચે આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આખી દુનિયામાં ફક્ત પ્રમુખસ્વામી મહારાજ કહીએ એટલે એક ગુજરાતી તરીકે, એક ભારતીય તરીકે કોઇપણ દેશના હોય, કોઇપણ ધર્મના હોય, કોઇપણ વ્યવસાય સાથે સંકળાયેલા હોય એ આપણને પ્રેમથી, સારી રીતે સન્માન આપે એવું એ નામની પાછળ એક મોટું મહત્વ હતું. આપણે વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ આપી શકીએ, વ્યક્તિઓને ભગવાન મોક્ષ આપે એવી પ્રાર્થના કરી શકીએ, શ્રદ્ધા સાથે એવી પ્રાર્થના કરી શકીએ પણ આજે આપણે એવા વિરાટ વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ આપી રહ્યાં છીએ કે જેમણે અત્યાર સુધીમાં એમની દાયકાઓ સુધીની ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય વિષયક સેવાઓ દ્વારા લાખો લાખો જીવોને, લાખો લાખો મનુષ્યને જેમણે ઉદ્ધાર કર્યો છે એવા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને આજે આપણે શ્રદ્ધાંજલિ આપીએ છીએ. આમ તો આ શ્રદ્ધાંજલિ આપવા માટે માનનીય શંકરસિંહજીએ કહ્યું એ પ્રમાણે આપણે ખૂબ નાના છીએ અને એમનું જે વ્યક્તિત્વ હતું, એમનો જે પ્રભાવ હતો, સમાજ ઉપરની એમની જે અમિટ છાપ હતી એ ગુજરાત પુરતી, સ્વામિનારાયણ સમાજ પુરતી મર્યાદિત નહોતી પણ ભારતની બહાર પણ દુનિયાના અનેક દેશોમાં પછીએ ખ્રિસ્તી ધર્મ પાળતો દેશ હોય, મુસ્લિમ ધર્મના અનુયાયીઓ હોય કે અન્ય કોઇ વ્યક્તિત્વ હોય દુનિયા જેમનાથી દોરવાય એવા પ્રેસીડેન્ટ, રાષ્ટ્ર પ્રમુખો, રાષ્ટ્રપતિ હોય, વડાપ્રધાન હોય, પોપ કે અન્ય જે ધર્મ સંપ્રદાયના વડાઓ હોય એ બધા જ જેમને ધાર્મિક–સાંપ્રદાયિકતાથી ઉપર જઇને આપણે સૌ જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શંકરસિંહજીએ પણ કહ્યું એ સાચું કહ્યું કે, વિજ્ઞાન અને ધર્મને જોડવાનું કામ બહું અઘરું હોય છે પણ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે મંદિરોમાં ટેકનોલોજી વગેરેનો ઉપયોગ કર્યો, ભવ્ય અદ્યતન મંદિરો બનાવ્યા એ તો આખી દુનિયા જુવે છે અને આવનારા હજારો વર્ષ સુધી એને લોકો જોવાના છે અને ભારતીય સંસ્કૃતિને અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને નમન કરવાના છે પણ આપણે બધા જ જાણીએ છીએ કે, એક વૈજ્ઞાનિક એટલે આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામ, એમનાથી કોઇ મોટા વૈજ્ઞાનિક આપણા ભારત દેશના તાજેતરના ઇતિહાસમાં કોઇ થયા નથી. ખૂબ સેવાભાવી એવા અણુ વિજ્ઞાનના આપણા “મિસાઇલ મેન” જેમને કહેવાતા હતા, એવા ડો.અબ્દુલ કલામ રાષ્ટ્રપતિ રહી ચૂકેલા, મુસ્લિમ ધર્મના અનુયાયી, એ પણ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથેના સંપર્કથી, એમની મુલાકાતોથી, એમના એટલા પરમ ભક્ત બન્યા, એટલા પરમ ચાહક બન્યા કે, એક હિન્દુ કે એક સ્વામિનારાયણ સત્સંગી પણ જે પૂજ્ય પ્રમુખસ્વામી ને કદાચ ના સમજી શકે એટલી વિરાટ રીતે ડો. અબ્દુલ કલામજીએ એમને સમજ્યા અને એમના પુસ્તકોમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો ઉલ્લેખ કર્યો, અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને સ્વામિનારાયણ સંપ્રદાય વિષેનું પુસ્તક અંગ્રેજીમાં લખ્યું. વિવિધ ભાષાઓમાં એનું ભાષાંતર થયું એની હજારો નકલો આખા દેશમાં અને દુનિયામાં આજે વંચાય છે. આવા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની મારે નાની જ વાત કહેવી છે, હું જાણું છું કે, બધા જ માનનીય સભ્યશ્રીઓ, અહીંયા કોઇ એવા નથી, ગુજરાતનો કોઇ વ્યક્તિ એવો નથી કે જેમને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જોડે યાદગીરી કરવા માટેના પ્રસંગો ન સાંપડ્યા હોય પણ મારે એમની માનવ સેવાની એક વાત મારે આ સન્માનનીય ગૃહને કહીને એમને શ્રદ્ધાંજલિ આપવી છે કે, જ્યારે ગુજરાતમાં જે ભયંકર ધરતીકંપ થયો, આખું ગુજરાત મોટેભાગે હચમચી ગયું અને એમાં કચ્છમાં તો જે તારાજી થઇ એ આપણે બધા જાણીએ છીએ. એ વખતે મુખ્યમંત્રી તરીકે માનનીય કેશુભાઇ હતા, માર્ગ અને મકાન વિભાગની જવાબદારી મારી પાસે હતી અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે, સત્સંગીઓએ, એમના સેવકોએ માનનીય કેશુભાઇને કહ્યું કે, પ્રમુખસ્વામી બાપાને કચ્છમાં જઇ અને તાત્કાલિક સેવા ચાલુ કરવી છે, મોટેભાગે “બાપા”ના હુલામણા નામે આપણે બધા એમને ઓળખીએ છીએ, એમને બી.એ.પી.એસ. સંસ્થાના કાર્યકરો, હરિભક્તો, બધાને કામમાં જોડવા છે. તો અહીંયાથી કહેવામાં આવ્યું કે, અત્યારે ત્યાં જવાની તકલીફ છે, રસ્તા વગેરે તૂટી ગયા છે, હજારો–હજારો લોકો અવરજવર કરી રહ્યા છે, ત્યાંથી બહાર નીકળી રહ્યા છે, સામાન પહોંચાડવામાં આવી રહ્યો છે વગેરે વગેરે, તો એમણે આગ્રહ કર્યો અને એ વખતે માનનીય કેશુભાઇએ કહ્યું કે, હું તમારા માટે અમારા એક મંત્રીને લઇ અને ત્યાં હેલિકોપ્ટર મોકલું છું અને સાળંગપુરથી આપ ત્યાં કચ્છ પધારો અને સેવાની શરૂઆત

કરો. મને ગાંધીનગરથી સાળંગપુર હેલિકોપ્ટરમાં જઇ અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને ત્યાંથી કચ્છ લઇ જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, એ સૌભાગ્ય તો ઘણાંને જુદી જુદી રીતે પ્રાપ્ત થયું હશે પણ મારે જે કહેવું છે માનનીય અધ્યક્ષશ્રી કે, ધરતીકંપ હતો, આફટર શોક આવી રહેલા, તરત ને તરત ધરતી ધ્રુજી રહી હતી, મકાનો જે હલી ગયેલા જે પડવા પાત્ર હતા એ પડી ગયા અને પડતા હતા, આવા વિષમ સંજોગોમાં પણ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સહેજ પણ હિંમત હાર્યા સિવાય એમણે કચ્છમાં પોતે જાતે જવાનું પસંદ કર્યું અને અમે ભુજ ગયા, ભુજના સ્વામિનારાયણ મંદિરના કેમ્પસમાં ભુજ શહેરમાં હજારો–હજારો લોકો જે અસરગ્રસ્ત હતા, ખાવાનું નહીં, પીવાનું પાણી નહીં, અનાજ નહીં, રસોઇ નહીં, કશું જ નહતું એવા હજારો લોકો માટે ત્યાં તાત્કાલિક જે કેમ્પ ચાલુ કરવામાં આવ્યા એ ફક્ત સ્વામિનારાયણના ભક્તો પૂરતો કે સંપ્રદાય પૂરતો મર્યાદિત નહતો, બધા જ લોકો માટે, તમામ અસરગ્રસ્તો માટે આ કેમ્પ ચાલુ કર્યો અને તાત્કાલિક કશું બની ના શકે તો ખીચડી અને શાક પીરસવાનું ચાલુ કર્યું, કપડાની ટ્રકો આવવા માંડી, કપડા આપવાનું, વાસણ આપવાનું આ બધું ચાલુ કર્યું, ધરતીકંપના આફટર શોક ચાલુ હતા, લોકો ડરી ડરીને કચ્છ છોડી રહેલા એવા સમયે પૂજય પ્રમુખસ્વામી મહારાજ એમની ટીમ સાથે, એમના સંતો સાથે, સેવકો સાથે ત્યાં જે સેવા આપતા હતા એ હું માનું છું કે માનવ સેવાનું હિંમતભર્યું કામ ફક્ત મંદિરોમાં સેવા પૂજા નહીં, ફક્ત ભોજન સમારંભો નહીં પણ જયારે જરૂર પડે ત્યારે પ્રજાની વચ્ચે જઇ અને સેવા કરવાનું જે અમૂલ્ય માર્ગદર્શન આપણને આપ્યું એ પૂજય પ્રમુખસ્વામી મહારાજે સતત આપ્યું છે. ગુજરાતમાં કોઇ પૂર હોય, કુદરતી કે માનવ સર્જીત આફત હોય, હંમેશા સંસ્થાના હજારો હરિભકતો જે રસોડુ ચાલુ કરે, ઝડપથી શરૂ થાય અને એ શિસ્ત અને આયોજન એ તો આપણે કોઇને કહેવાની જરૂર નથી. આ દિવસોમાં પણ જે ૨૦–૨૫ લાખ કરતા વધારે આખી દુનિયામાંથી ભકતો આવ્યા, જે મોટા સમૂહમાં આવ્યા, કોઇજાતની અશાંતિ નહીં, કોઇ જાતની ધક્કા–મુક્કી નહીં, કોઇ ઇનડીસીપ્લીન નહીં, બધાને ૨૪ કલાક ભાઇઓ, બહેનોને શાંતિથી પૂજય બાપાના દર્શન થાય એવી સુંદર વ્યવસ્થા, ટ્રાફિકથી માંડીને પીવાનું પાણી, ઉતારાની વ્યવસ્થા એ આપણે જોઇ. દુનિયાના અનેક મહાનુભાવો વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇથી માંડી દરેક પક્ષના અગ્રણીઓ ત્યાં એમને શ્રદ્ધાંજલિ આપવા, એમના અંતિમ દર્શન કરવા ગયા. બધા જ ગયા પણ કોઇજાતની તકલીફ કોઇને ન પડે એવું શિસ્તબદ્ધ આયોજન જે હંમેશા દરેક પ્રસંગોમાં થાય છે, આ દુઃખના પ્રસંગમાં પણ થયું એ આપણે બધાએ જોયું છે ત્યારે હું માનું છું કે સંતો, મહંતો એમની સેવા કે ધર્મ માટે, સંસ્કાર માટે જરૂરી છે. લાખો યુવાનોને વ્યસનમુકિતના માર્ગે લઇ ગયા. અમેરિકામાં જે ગયા હોય તેમને ખબર છે કે આ સંતો આપણી નવી પેઢીના બાળકોને ભારતીય અને હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે તહેવારો ઉજવવા, આચારવિચાર માટે પશ્ચિમી સંસ્કૃતિમાં પણ નવી પેઢીને સતત પ્રેરણા મળતી રહે એ પ્રમાણેનું આજીવન કામ આ સંપ્રદાય બાપ્સ તરફથી કરવામાં આવ્યું, સ્કૂલો, કોલેજો, ગુરુકૂળો, હોસ્પિટલો, અમદાવાદની શાહીબાગ હોસ્પિટલ હોય, વડોદરાની હોસ્પિટલ હોય, પૂજય બાપાના આશીર્વાદથી થયેલી અનેક સેવાકીય સંસ્થાઓ હોય આ બધું લાખો લોકોને એ પછી સ્વામિનારાયણ હોય કે ન હોય, સંપ્રદાયમાં માનતા હોય કે ન માનતા હોય, તમામ માટે એમણે અવિરત સેવા આપી છે. હિન્દુ ધર્મના અને બધા જ ધર્મના પૂજય સંતોએ એમને જે શ્રદ્ધાંજલિ આપી છે એ દ્વારા એમનું વિરાટ વ્યકિતત્વ આખી દુનિયામાં જે પ્રગટ થયું એ આપણે બધાએ જોયું છે ત્યારે આજે આપણા સન્માનનીય ગૃહમાં આપણે સૌ સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરીએ કે અક્ષરધામમાં એમને સ્થાન આપે અને એમના આશીર્વાદથી ગુજરાત અને દેશની સતત પ્રગતિ થતી રહે. સંસ્થાના નવા પ્રમુખસ્વામી નિમાયા છે એવા મહંતસ્વામી તરફથી પણ આપણને આશીર્વાદ મળે એવી પ્રાર્થના કરું છું. આ સાથેસાથે આપણા સાત માનનીય ધારાસભ્યશ્રીઓ, પૂર્વ મંત્રીશ્રીઓ, પૂર્વ રાજય કક્ષાના અને નાયબ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ આજે આપણી વચ્ચે નથી એમણે પણ વર્ષો સુધી ગુજરાતની સેવા કરી છે એમને પણ આપના માધ્યમથી શ્રદ્ધાંજલિ અર્પીએ એવી વિનંતી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, કહેવાય છે કે સદીઓં રોતી હૈ નરગીસ અપની બેનૂરી પર, તબ જાકર પૈદા હોતી હૈ બૈદારી ચમન સદીઓમાં કોઇ દિવ્ય આત્મા આવતો હોય છે કે જેના માધ્યમથી સમાજને કંઇક માર્ગદર્શન, નવી દિશાઓ મળતી હોય છે. હું ખૂબ કિસ્મતવાળો રહયો કે પ્રમુખસ્વામી મહારાજના પ્રીતિપાત્ર અને એમના નજીક રહેવાનો મને મોકો મળ્યો. કોલેજનો વિદ્યાર્થી હતો, જિલ્લા પંચાયતનો ચૂંટાયેલો સભ્ય, મારી રાજકીય કારકિર્દીની શરૂઆત. પ્રમુખસ્વામી મહારાજે સામેથી કહ્યું કે ગઢડા જવું છે પણ બાપુ, તમારે ગામ લીમડા રોકાણ કરીશું અને ગામની સભા પણ કરીશું. મારે ત્યાં ભોજન લીધું, પોતે રોકાયા હતા ત્યારથી વર્ષમાં કમ સે કમ બે વખત દર ગુરુપૂર્ણિમા અને એમની જન્મજયંતિનો ઉત્સવ હોય ત્યારે ગમે ત્યાં દુનિયામાં હોય ત્યાં હાજરી આપવાનો પ્રયત્ન કર્યો. સ્વામિનારાયણ ભગવાન પણ જયારે ગુજરાતમાં આવ્યા ત્યારે વ્યસનો, જાતિના વાડા, જ્ઞાતિના ઝઘડાઓની પરિસ્થિતિમાં સ્વામિનારાયણ ભગવાનનું અવતરણ થયું હતું. ગુજરાતમાં જયારે વિહાર કર્યો ત્યારે લોકો વ્યસનથી મુક્ત થાય અને સામાજિક એકરૂપતા આપણે આજે કહીએ છીએ. 'મજહબ નહિ શીખાતા આપસને વૈર રખના, હિન્દુ હૈ હમ, વતન હૈ હિન્દુસ્તાં હમારા'. એ વાતને કાર્યાન્વિત કરવાનું કામ ભાલના એ ગામડાઓમાંથી સ્વામિનારાયણ ભગવાન નીકળ્યા તો કહેવાય છે કે બધા કોઇને કોઇ સેવા આપતા હતા. ત્યારે મુસ્લિમ બહેનો દાતણનું કામ કરતી હતી. દાતણ લાવીને ગામમાં પૂરા પાડે. સ્વામિનારાયણ ભગવાને દાતણની સેવા પણ લીધી. ધર્મના નામે જુદાપણું નહિ, એકરૂપતા. અક્ષરધામ ઉપર જ્યારે હુમલો થયો, ત્યારે ઘણો આક્રોશ. પરંતુ આ દેશમાં આપણે કહીએ છીએ કે સંત ના હોત, તો સંસાર મેં જલી જાત બ્રહ્માંડ. પ્રમુખસ્વામી મહારાજે પહેલી વાત કહી તે એ કહી કે, ભલે આંતકવાદીઓએ ગમે તે કર્યુ, પરંતુ મારા દેશના જવાનો આ અક્ષરધામની રક્ષા માટે શહીદ થયા એમાં મારા દેશનો એક મુસ્લિમ બિરાદર હિન્દુ ધર્મના મંદિરની રક્ષા કરતો કરતો શહીદ થયો છે. આ વાત જ્યારે સ્વામિનારાયણ ધર્મના સંત પ્રમુખસ્વામી મહારાજના મુખેથી નીકળે પછી કોઇ ગમે તેટલો પ્રયત્ન કરે, પણ સમાજમાં દેશવાસીઓના મન તોડી ના શકે? આ પ્રમુખસ્વામી સ્વામીની તાકાત હતી! કુદરતી આફત, મુશ્કેલીઓ

એની વચ્ચે માનવ સેવાનું ઉત્તમ કાર્ય એમના માધ્યમથી થયું છે. મારા પક્ષના નેતાશ્રીએ વિનંતી કરી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્વીકૃતિ આપી. નહિતર પેલી જૂની પરંપરા એવી હતી કે ગૃહના સભ્ય ન હોય, એને આ ગૃહમાં શોકાંજલિ ન આપતા. સ્વ.ગોવિંદ વલ્લભ પંત પહેલું એવું નામ કે આ ગૃહમાં નવી પરંપરા આવી કે ગૃહના સભ્ય ન હતા, પરંતુ સ્વ. ગોવિંદ વલ્લભ પંતને પહેલી વખત આ ગૃહે શોકાંજલિ આપી. તે પછી જૂજ કિસ્સાઓ છે. જ્યારે આ ગૃહે આ ગૃહના સભ્ય ના હોય એને શોકાંજલિ આપી. એમાં પ્રમુખસ્વામી મહારાજને યથાર્થ શોકાંજલિ આ ગૃહે આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દોલતભાઇ પરમાર સાથે એક નજીકનો નાતો રહ્યો. એ મંત્રી અને એક યુવા કોંગ્રેસના કાર્યકર તરીકે એમની સાથે કામ કર્યુ. આજે પણ દોલતભાઇ પરમારે એ સમયે જે ગરીબની ચિંતા કરી અને રોજમદાર તરીકે કામ કરતો વ્યક્તિ એ રોજમદાર જ રહે એવું નહિ, રોજમદારને કાયમી ગણો અને એને કાયમી કર્મચારી તરીકેનો પગાર આપો એ ઠરાવ જો કોઇ કરનાર હોય તો એ સ્વ.દોલતભાઇ પરમાર હતા. આજે પણ એ ઠરાવને ટાંકીએ છીએ. કયારેક કોર્ટોમાં પણ દોલતભાઇ પરમારનો ઠરાવ ટાંકવામાં આવે છે અને ગરીબ માણસ રોજમદારમાંથી કાયમી થાય એ એમની દ્રષ્ટિ હતી. એવા સ્વ.દોલતભાઇ પરમારને હું શોકાંજલિ અર્પણ કરું છું. કાસમ બાપુના નામથી ઓળખાતા કાસીમુદ્દીન કરમઅલી તીરમીઝી સાહેબ આ ગૃહના માજી સભ્યશ્રી ગાંધીનગરનું પ્રતિનિધિત્વ એક કોઇ પણ જ્ઞાતિ, વર્ગ, ધર્મનો હોય અને વડીલના આશીર્વાદ લેવા માટે જવું હોય તો જાહેર જીવનમાં પડેલો કોઇ પણ વ્યક્તિ એ કાસમ બાપુ પાસે જતો એવું એક વિરાટ વ્યક્તિત્વ આપણા વચ્ચેથી ગયું છે એમને હું શોકાંજલિ અર્પણ કરું છું. ઇન્દુભાઇ ચતુરભાઇ પટેલ, વિષ્ણુભાઇ પટેલ, ભીમસીભાઇ કરંગિયા અને ભૂરાભાઇ કડછાના અવસાન નિમિત્તે જે શોકદર્શક ઉલ્લેખો આવ્યા છે અમાં હું મારો સૂર પુરાવીને વિરમું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા લાવવામાં આવેલા પ્રસ્તાવને વિપક્ષના નેતાએ સમર્થન આપ્યું છે એને હું પણ સમર્થન આપું છું.

પૂજ્ય બાપા સાથેનો મારો વ્યક્તિગત અને કૌટુંબિક ૪૦ વર્ષનો નાતો રહ્યો છે. જેમ શક્તિસિંહ ભાઇએ જેમ કહ્યું કે એમના જન્મ જયંતિના કાર્યક્રમમાં જવાનું થાય. સારંગપુરના ફુલડોલના કાર્યક્રમમાં હું અને સ્વ. અશોક ભટ્ટ કાયમ માટે ત્યાં જઇએ. માનનીય અધ્યક્ષશ્રી, અમને પૂજ્ય અરુણી ભગત અને પૂજ્ય બ્રહ્મવિહારી અગાઉથી કહે કે આ તારીખે ફૂલડોલ છે. હંમેશ માટે તે કાર્યક્રમમાં જવાનું થતું હતું. સૌને આશ્ચર્ય લાગે તેવી બાબત અને કદાચ મગજમાં ન બેસે તેવી બાબત કહું. ભારતમાં જનમ્યો હોય, અહીં કયાંય શિક્ષણ લીધું હોય, મા-બાપ સાથે કથા કિર્તનમાં ગયા હોય, મંદિરમાં ગયા હોય, નાના મોટા ધાર્મિક સંસ્કાર હોય અને તે બાળક યુવાન થાય અને દીક્ષા લે તે સમજી શકાય કે તેના માનસપટલ ઉપર કયાંકને કયાંક ધાર્મિક સંસ્કાર છે, પણ હિન્દુસ્તાનની ધરતી ઉપર આવ્યો જ ન હોય, તે પશ્ચિમી સંસ્કૃતિથી રંગાયેલો હોય, ત્યાંના રીતરિવાજમાં રચ્યોપચ્યો હોય, હાઇલી કવોલિફાઇડ હોય તે પ્રમુખસ્વામી ના પ્રભાવમાં આવીને દીક્ષા લે તે નાનીસૂની બાબત નથી. તે યુગપુરુષના પ્રભાવથી જ થઇ શકે બાકી તે શકય નથી. આજે વિદેશોમાં યુવાનોમાં થોડાઘણા સંસ્કાર અને વિવેક રહ્યા છે તે બધી જ સ્વામિનારાયણ સંસ્થાઓ, બી.એ.પી.એસ. તે સૌના કારણે રહ્યા છે. અહીં સૌએ કહ્યું કે બાપાએ ગુજરાત માટે ખૂબ કામ કર્યુ છે. અર્થકવેકના દાખલા આપ્યા. આપ સૌ જાણો છો હું સરદાર સરોવર નિગમનો ચેરમેન હતો. જે તે સમયે તેમની ઉંમર ૩૦-૪૦ વર્ષની હતી ત્યારે સહજભાવે સ્પષ્ટ માનતા હતા કે મારા જીવતા જીવ તો હું પાણી ધરતી ઉપર જોઉં તેવી શકયતા નથી. કારણ કે કોર્ટ અને મેધા પાટકરના આંદોલનમાં અટવાયેલી આ યોજના હતી. કયારે નિકાલ આવશે તે નકકી ન હતું. મને યાદ છે કે બાપાએ વિશ્વના તમામ મંદિરોમાં એક સૂચના આપેલી કે આપણી રોજિંદી સેવાપૂજાની કામગીરી પૂર્ણ થયા પછી માત્રને માત્ર નર્મદા યોજના માટે દસ મિનિટની ખાસ ધૂન કરવી. હું માનું છું કે આવા અનેક ધાર્મિક નેતાઓએ જે કંઇ પ્રાર્થના કરી તેના કારણે આજે આ સુખ આપણે ભોગવી શકયા છીએ. આશ્ચર્યની વાત કે સમોવડીયા, સરખાની મિત્રતા થાય, પૂજ્ય બાપા અંગ્રેજી ન જાણે અને સામાવાળો ગુજરાતી ન જાણે છતાં વિશ્વના ટોચના લોકો તેમના મિત્ર થયા તે પણ એક અદ્દભૂત બાબત છે. શક્તિસિંહભાઇએ કહ્યું તેમ મને પણ લાભ મળ્યો છે. હું ૧૯૯૮માં વિધાનસભા ચૂંટણી હાર્યો તો સંતોને દુઃખ થયું. બ્રહ્મવિહારી અને અરુણી ભગતે કહ્યું કે બાપા ભુપેન્દ્રસિંહ હારી ગયા છે તો પત્ર લખો, ફોન કરો. તેમણે કહ્યું કે ના, તમારે ધોળકામાં મંદિર બનાવવાનું છે ને, મારે જગ્યા જોવાની છે તો જગ્યા જોઇશ અને રૂબરૂ મળીને તેમને મારે સાંત્વના આપવી છે. મારા નિવાસ સ્થાને પણ પ્રમુખસ્વામી ૧૯૯૮માં બે દિવસ રોકાયા હતા. આ આખી પ્રક્રિયા દરમ્યાન જયારે પણ સમાચાર મળ્યા ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીનો એક કલાક પછી મારા પર ફોન આવ્યો કે તમે સંસદીય મંત્રી છો, તમને આ સૂચના આપું છું કે આગામી વિધાનસભાગૃહ મળે ત્યારે આ ઠરાવ લેવાનો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી મોરબી હતા. ૧૪મીએ સવારમાં કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં વહેલી સવારે સાત વાગ્યે ત્યાં ગયા અને બાપાના દર્શન કર્યા. આવી વિશ્વ વિભૂતિને હું પણ મારી શ્રદ્ધાંજલિ અર્પુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, દોલતભાઇ સાથે થોડો કામ કરવાનો મોકો મળ્યો છે. કાસમ બાપુ પણ એપાર્ટ ફ્રોમ પાર્ટી મારા મિત્ર રહ્યા છે. ઇન્દુભાઇ ચતુરભાઇ એ પણ જનસંઘના એક કાર્યકર્તા તરીકે અને જનતા મોરચો બન્યો ત્યારે તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો છે. વિષ્ણુભાઇ કશીભાઇ તે દસક્રોઇના હતા. ૧૯૭૭માં બાપુ લોકસભા લડે. ૧૯૭૭માં દસક્રોઇ તે કપડવંજ વિસ્તારમાં આવે. તેની જવાબદારી મારી હતી એટલે વિષ્ણુભાઇ સાથે દોઢ બે મહિના સુધી ખૂબ કામ કર્યુ. એક અદના કાર્યકર્તા અને સાચા સેવક તરીકે એમણે પણ આખી જિંદગી વિતાવી. બાકી સૌ સ્વર્ગસ્થ ધારાસભ્યોને હું મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા મુખ્યમંત્રી આદરણીયશ્રી વિજયભાઇ રૂપાણી અક્ષરવાસી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જેઓને બાપાના હુલામણા નામથી આપણે સૌ જાણીએ છીએ એમનો શોક પ્રસ્તાવ લઇને જયારે ગૃહમાં આવ્યા છે ત્યારે હું એમાં સમર્થન કરું છું અને મારો સૂર પૂરાવું છું.

વિપક્ષના નેતાશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, શ્રી ભૂપેન્દ્રસિંહજી બધાએ પણ આમાં સૂર પૂરાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સમગ્ર વિશ્વમાં સાચા માણસ બનાવવા માટેની ખૂબ મોટી ફેકટરી હતા, સેવાનું એવડું મોટું ધામ જેના અહીંથી ખૂબ ઉલ્લેખો થયા છે. આજના સમયમાં જોઇએ તો દીકરો–બાપનું નથી માનતો, ભાઇ ભાઇનું નથી માનતો, આવા સમયે પણ એમના પ્રભાવમાં સમગ્ર વિશ્વ અને ગુજરાતના સમાજ જીવનમાં અનેક લોકોનું સમાજ ઘડતરની સાથે સાથે વ્યકિતગત ઘડતરના નિર્માણનું કામ બાપાના સાનિધ્યમાં સમગ્ર વિશ્વમાં થયું છે. પૂજ્ય બાપાની સાથે બધાનો નાતો ખૂબ રહ્યો છે પણ હું મારી વાત કરું તો વિદ્યાર્થી નેતા, યુનિવર્સિટીમાં સેનેટ મેમ્બર હતો ત્યારની વાત કરું તો ભાવનગર યુનિવર્સિટીમાં અત્યારે જે અક્ષરવાડી સ્વામિનારાયણ મંદિર છે ત્યાં એ જગ્યા રીઝર્વેશનમાં હતી અને અમે બધા વિદ્યાર્થીઓ યુવાન લોહી એટલે કે આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને નુકસાન થાય છે એટલા માટે આ જગ્યા નહીં આપવી જોઇએ એમ કરીને અમે વિરોધ કરી રહ્યા હતા ત્યારે પૂજ્ય બાપાએ અમને બોલાવ્યા ત્યારે અમને યાદ છે કે, અમને સમજાવ્યા કે સમાજ ઘડતરનું, નિર્માણનું અને શિક્ષણનું ખૂબ મોટું કાર્ય અમે કરવા જઇ રહ્યા છીએ. અમને એ વખતે સાચું સમજાયું અને યુનિવર્સિટીની પણ જગ્યા એ પૂરેપૂરી જેટલા એકર જોઇએ એ મળે અને આજે જે અક્ષરવાડી જ્યાં ઉભી છે એક આધ્યાત્મિક, ધાર્મિક અને સેવાનું ખૂબ મોટું ધામ છે અને એ વાતનો આનંદ પણ છે કે આ કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા થયું.

પૂજ્ય બાપા એમની વાતમાં કયારેય પણ કોઇને પણ મુશ્કેલી હોય ત્યારે ભગવાન બધું સારું કરશે આ એમના શબ્દો એમની સાલસતા અને નિખાલસતા એમનો વાત્સલ્ય ભાવ દર્શાવે છે, આજે પણ એમની દિવ્ય ચેતના આપણી વચ્ચે છે. મને ત્રણ દિવસ સુધી એમના પાર્થિવ દેહના અંતિમ દર્શન કરવાનો મોકો મળ્યો હતો. સમગ્ર વિશ્વને મળ્યો એમ મને પણ આ અમૂલ્ય મોકો મળ્યો હતો. પહેલા દિવસે મુખ્યમંત્રીશ્રી, પી.એમ.સાહેબ, બીજા દિવસે અમારા પક્ષના રાષ્ટ્રિય અધ્યક્ષ અમિતભાઇ શાહ, જેટલીજી, સુરેશ પ્રભુજી આ બધાની સાથે એમના દિવ્ય દર્શનનો મોકો મળ્યો અને છેલ્લા દિવસે અગ્નિસંસ્કાર વખતે આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, અમારા રાષ્ટ્રિય અધ્યક્ષ અને આ ગૃહના માનનીય સભ્ય અમિતભાઇ શાહ, અડવાણીજી સાથે મને છેલ્લી આરતીનો મોકો અગ્નિસંસ્કાર પહેલા મળ્યો જેથી હું ધન્યતા અનુભવું છું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય આત્માને વંદન કરું છું અને ભગવાન એમને અક્ષરવાસી જ બનાવે અને ભગવાન એમને પોતાની પાસે જ રાખે પણ એમની દિવ્ય ચેતના કાયમ આ જગતમાં રહેશે ત્યારે એક પાર્ટીના પ્રદેશ પ્રમુખસ્વામી તરીકે ૧ કરોડ ૧૪ લાખ ગુજરાતના સભ્યો અને સમગ્ર ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ વતી જે શોક પ્રસ્તાવ આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી લાવ્યા છે એ શોક પ્રસ્તાવ આજના ગાદી પતિ પરમ પૂજ્ય મહંતસ્વામીને પહોંચાડીએ અને પ્રભુ તેમના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પ્રભુને આપણે સૌ પ્રાથર્ના કરીએ.

સાથોસાથ આ ગૃહના પૂર્વ સભ્યો, પૂર્વ મંત્રીઓ આદરણીય દોલતભાઇ પરમાર, પૂર્વ મંત્રીશ્રી આદરણીય કાસીમુદ્દીન તીરમીઝી, પૂર્વ મંત્રીશ્રી આદરણીય રાયસિંહભાઇ પરમાર, પૂર્વ મંત્રીશ્રી ઇન્દુભાઇ પટેલ, પૂર્વ સભ્યશ્રીઓ આદરણીય વિષ્ણુભાઇ પટેલ, શ્રી ભીમસીભાઇ, શ્રી ભૂરાભાઇ આ તમામ સભ્યશ્રીઓએ પણ ગુજરાતના જાહેર જીવનમાં સેવાના માધ્યમથી એક આગવી છાપ ઉભી કરી અને તેઓ હાલ આપણી વચ્ચે નથી રહ્યા. સદગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને આપણે સૌ આ શોકસંદેશો એમના પરિવારજનોને આપીએ એવી પ્રાર્થના સાથે જય સ્વામિનારાયણ.

શ્રી જયંતભાઇ ર. પટેલ(એન.સી.પી.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી શોક ઠરાવ લઇને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે, એને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

પ્રમુખસ્વામી મહારાજ ખાસ કરીને જે જિલ્લામાંથી હું આવું છું ત્યાં અમારા આણંદ જિલ્લામાં કોઇ ગામ બાકી નહિ હોય, કોઇ ફળિયું બાકી નહિ હોય કે જ્યાં સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી ના હોય. હું એમને પિતા નહિ પણ એક સાક્ષાત ભગવાન માનું છું. અત્યાર સુધી જે બધાએ શ્રદ્ધાંજલિ આપી અને એમની વિદાય થઇ એમ કહ્યું છે પણ હું કહુ છું કે આજે પણ એ આપણી સાથે જ છે, આપણી સમક્ષ જ છે. અમને જ્યારે સમાચાર મળ્યા કે પ્રમુખસ્વામી મહારાજે દેહત્યાગ કર્યો છે ત્યારે અમારા આદરણીય નેતા શ્રી પ્રફુલભાઇ પટેલ સાહેબનો ફોન આવ્યો અને બીજા દિવસે સવારે અમે ચાર્ટર પ્લેનમાં બોમ્બેથી ભાવનગર ઉતર્યા, ભાવનગરથી ઉતરીને સાળંગપુર જતા હતા તે દરમ્યાન અમને જે અદભૂત શકિત પ્રદાન થઇ હતી અને જે સેવા મળી રહી હતી અને દર્શન માટેની સેવા મળી રહી હતી એના ઉપરથી જ આપણને પ્રતીતિ થઇ જાય કે સાક્ષાત ભગવાન હાજર હતા સાથે સાથે સ્વામિનારાયણ સંપ્રદાયનું જે પ્લાનિંગ હતું તે ખુબ અદભૂત હતું. જે સરકાર ના કરી શકે એ એમણે કરી બતાવ્યું. એ લોકો કોઇ પણ કાર્યક્રમ કરતાં હોય પછી એ લંડનમાં કરતા હોય કે ન્યુયોર્કમાં કરતા હોય તેમનું પ્લાનિંગ દરેક જગ્યાએ ખુબ સારું જ હોય છે. ગાંધીનગરમાં જ્યારે હું સંસદીય સચિવ હતો અને માનનીય શકિતસિંહજી જ્યારે આરોગ્ય મંત્રી હતા ત્યારે રાત્રે વરસાદ પડ્યો હતો અને સવારે કાર્યક્રમ થાય એવો નહોતો, બાપાએ રાત્રે ખાલી એક ચક્કર માર્યું, અત્યારે તો બધા લોકો જુઠું બોલે છે કે આમ થયું ને તેમ થયું પણ એમણે સાક્ષાત આવીને ચક્કર માર્યું, ગુજરાત સરકારમાં અમે બેઠા હતા પણ અમારે કશું કામ ના કરવું પડ્યું, એટલી શકિત હતી એમનામાં. આપણે બધાએ ખરેખર આમાંથી પ્રેરણા લેવા જેવી છે. આ ૧૮૨ છે ને? ઓછાં નથી થયાને એકેય? આપણે આ ૧૮૨ લોકોએ પ્રેરણા લેવાની જરૂર છે, આપણે પ્રેરણા લઇએ અને એમનું જે ધ્યેય હતું એ ધ્યેય લઇને આપણે દરેક સમાજ પાસે જઇએ તો મને

લાગે છે કે પ્રમુખસ્વામી મહારાજે આપણને જે પ્રેરણા આપી છે "સૌનું ભલું કરો" એ સાર્થક થશે અને તો જ ભલું થશે એ જ શબ્દો સાથે આભાર.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીઓને સૌને વિનંતી છે કે જ્યારે શોકાંજલિનો પ્રસ્તાવ હોય ત્યારે આપણે સૌ એની ગરિમા જાળવીએ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી આ જે શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ એમાં સમર્થન કર્યું છે તેમાં હું મારી શોકાંજલિ આપું છું.

તરૂવર, સરુવર સંતજન ચોથા બરસત મેહ, પરમારથ કે કારને ધર્યા ચારે દેહ. આ સાખીને પૂજ્ય બાપાએ બિલકુલ સાચી ઠેરવી. આખું જીવન બીજાના માટે જીવ્યા અને અનેક લોકોને નવી પ્રેરણા આપી. સાધુ અને સંન્યાસી માટેની જે વ્યાખ્યા હતી દુનિયાની દૃષ્ટિથી એ એમણે બદલી નાંખી. એક સાધુ કે સંન્યાસી સેવાના કામ માટે પરોપકારી જીવન કેવું જીવી શકે, એનો વૈજ્ઞાનિક અભિગમ શું હોય, એનું મેનેજમેન્ટ કેવું હોય અને પ્રજા કલ્યાણ માટે શું શું કરી શકે એનું બેસ્ટ ઉદાહરણ દુનિયાને બાપાએ આપ્યું. માનનીય અધ્યક્ષશ્રી, અનેક લોકો જે વ્યસનની અંદર હતા તેવા કેટલાય પરિવારોને નોધારા થતાં બચાવ્યાં છે. નવા કેટલાંય લોકો જે વ્યસનની અંદર પડત અને કોઇ તમાકુના કારણે કે બાકી વ્યસનના કારણે અનેક લોકો કેન્સર કે એવી બિમારીનો ભોગ બનત આવા પણ અનેક પરિવારોને તેમણે બચાવ્યાં છે. આવા અનેકના જીવનની અંદર બાપાએ નવો દીવો પ્રગટાવ્યો, નવી ચેતના જગાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમો બીજા દિવસે ત્યાં ગયા તો એટલી મોટી ભીડ અને છતાંય તમામ પ્રકારની વ્યવસ્થા કોઇ જગ્યાએ અવ્યવસ્થા ના દેખાય, સ્વચ્છતાની બાબત જોઇએ તો એ ડિસીપ્લીન જોઇએ તો બધાને ચાલવાનો રસ્તો, પોલીસની વ્યવસ્થા આટલા મોટા પ્રમાણમાં કરી રાખેલી પરંતુ કોઇની જરૂર જ ના પડે એ પ્રકારનું એક સેલ્ફ ડિસીપ્લીન અને આવુ હોવું આપણને અંદરથી સંતોષ થાય કે હા આપણાં દેશની અંદર આવું સેલ્ફ ડિસીપ્લીનનું એન્વાયર્મેન્ટ બન્યું છે. એક સંન્યાસી, એક સંત આ પ્રમાણેનું કરીને જાય એ એક અદભૂત નવી દિશા પૂજ્ય બાપાએ આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું તેમના ચરણોમાં વંદન કરું છું અને સદૈવ આપણાં સૌ ઉપર માનવજાતિ ઉપર, પ્રાણી માત્ર ઉપર તેમના આશીર્વાદ મળતાં જ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.દોલતભાઇ પરમાર અમારા બનાસકાંઠા જિલ્લાના એક આગેવાન. સામાન્ય પરિવારમાંથી આવીને લોકસેવાનું કામ કરતા અને તમામ સમાજોને સાથે રાખીને ચાલવાનો તેમનો સ્વભાવ. સ્વર્ગસ્થ દોલતભાઇ પરમારના બેસણાંનો કાર્યક્રમ જયારે તેમના દીકરા અશ્વિનભાઇને ત્યાં ડિસાની અંદર રહે તો આખું ગામ માત્ર એક દિવસ બેસણું કે એવું નહીં પણ તેમના સ્વર્ગવાસથી કરીને બાર દિવસ સુધી સતત માનવ મહેરામણ રોજે રોજ એ પ્રમાણે અવિરત ચાલ્યો. કોઇ એક સમાજ કે જ્ઞાતિ નહીં તમામે તમામ જ્ઞાતિ સમાજને એમ લાગે કે આપણે પોતીકો માણસ ગુમાવ્યો છે આ પ્રમાણે અમારા જિલ્લાના સદૈવ બધાને હૂંફ આપતાં એવા અજાતશત્રુ દોલતભાઇને અમે બધાએ ગુમાવ્યા છે, એમની અમારા જિલ્લાને ખોટ પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સ્વર્ગસ્થ શ્રી કાસમબાપુ, સ્વ.શ્રી રાયસિંહભાઇ પરમાર, સ્વ. ઇન્દુભાઇ પટેલ, સ્વ.વિષ્ણુભાઇ પટેલ અને સ્વ.ભીમસીભાઇ કરંગિયા અને સ્વ.ભૂરાભાઇ કડછાના દેહ અવસાન નિમિત્તે હું શોકાંજલિ અર્પુ છું અને તેમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોકાંજલિનો ઠરાવ લઇને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને સમર્થન આપ્યું છે ત્યારે હું પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે અક્ષરધામ ઉપર કાયરતાપૂર્ણ હુમલો થયો હતો એ વખતે બાપાએ જે શાંતિની અપીલ કરી હતી તેનાથી અમે બહુ પ્રભાવિત થયા હતા. અમે મુસ્લિમ સમાજનું એક પ્રતિનિધિ મંડળ લઇને સારંગપુર ખાતે પ્રમુખસ્વામી મહારાજને મળવા ગયા હતા, તેમની આગળ દુઃખ વ્યકત કરવા ગયા હતા ત્યાં મેં જોયુ કે એક સંતની સાધુતા શું હોય છે. તેમને કોઇ કટુતા નહીં કે આ મુસ્લિમ સમાજના લોકો અહીંયા આવ્યા છે અને હજુ બે દિવસ પહેલાં જ આવી ઘટના બની છે છતાં પણ તેમણે તેમના અનુયાયીઓને બોલાવ્યા અને કહે આ મુસ્લિમ સમાજના લોકો આવ્યા છે તેમને જમાડયા વગર જવા દેતાં નહીં. અમને ત્યાં જમાડયા, અમને આશીર્વાદ આપ્યાં એ પછી અક્ષરધામની અંદર જે હરિભકતો શહીદ થયા હતા તેમના માટે શ્રદ્ધાંજલિનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તે કાર્યક્રમમાં પણ અમને દાવત આપવામાં આવી, અમને કહેવામાં આવ્યું કે એ કાર્યક્રમમાં પણ તમારે હાજર રહેવાનું છે. અમને પોતાને એમ થતુ હતું કે આવી ઘટના બની છે ત્યારે ત્યાં જઇશું તો કંઇ અજુગતું ના થાય. પરંતુ બાપાનો જે સંદેશ હતો તે સંદેશ લઇને જયારે ત્યાં પહોંચ્યા ત્યારે અમને હર્ષભેર આવકાર્યા. ત્યાં જે આરતી થઇ તેમાં પણ અમે સામેલ થયા એટલે માનનીય અધ્યક્ષશ્રી માનવતાનો એક મોટો સંદેશ કે જે સાધુતા છે તે નથી કોઇ દુઃખમાં પણ વધારે દુઃખી થતાં કે નથી કોઇ સુખમાં પણ સુખી થતાં. જે હરિની ઇચ્છા તે ઇચ્છામાં જ તેમને હંમેશા આનંદ આવતો હોય છે અને એ જ વાતને માનીને ચાલતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું નસીબદાર છું કે મારા મત વિસ્તારની અંદર જે આંબલીવાળી પોળ છે. ત્યાં સૌથી પહેલા શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રમુખસ્વામીને દીક્ષાની ચાદર ઓઢાડવામા આવી હતી. એક ઘટના એવી બની કે હું ધારાસભ્ય થઇ ચૂકયો હતો અને એ કોટ વિસ્તારમાંથી સ્થળાંતર થયું હતું ત્યાં બે મુસ્લિમ સમાજના લોકોએ બે મકાનના બાનાખત કર્યા હતા. મને કોઠારી એ પ્રમુખસ્વામીનો સંદેશો મોકલાવ્યો કે આવી રીતની ઘટના બની છે અને બે મુસ્લિમ સમાજના લોકોએ બાનાખત કર્યા છે અમારા માટે આ જગ્યા ખૂબ જરૂરી છે હું સદનસીબ છું કે મેં એ બે જણાને બોલાવ્યા અને સમજાવ્યા કહ્યું કે

સ્વામિનારાયણ સંપ્રદાયનું આસ્થાનું કેન્દ્ર છે તેથી બાનુ પરત લઇ લો, અને એ લોકોએ લઇ લીધું. આંબલીવાળી પોળ મારા મત વિસ્તારમાં આવેલી છે.

આજના દિવસે ઘણા સાથીઓ બોલવાના છે તેથી મારી શ્રદ્ધાંજલિ ટૂંકમાં આપું છું. એમને સાચી શ્રદ્ધાંજિલ ત્યારે આપી ગણાશે કે એમનો જે જીવન સંદેશ હતો કટુતાનો જવાબ પ્રેમથી આપવાનો એ આપણા માટે સૌથી મોટો સંદેશો છે, એમને જો સાચી શ્રદ્ધાંજિલ આપવી હોય તો એમના જીવન સંદેશનો આપણે સૌ અમલ કરીએ એનાથી મોટી કોઇ શ્રદ્ધાંજલિ નહિ ગણાય.

સ્વર્ગસ્થ શ્રી કાસમબાપુ, દોલતભાઇ પરમાર ઘણા બધા સિનિયર લોકો આ દુનિયા છોડીને ગયા છે જે જીવનમાં આવે છે એણે જવાનું છે પરંતુ આવ્યા પછી જે માણસ જાય છે એ કેવા કાર્યો કરીને જાય છે એનો મોટો દારોમદાર હોય છે. આ તમામ દિવંગત સાથીઓ હતા, સભ્યો હતા એ તમામ પ્રત્યે શોકાંજલિ વ્યકત કરું છું અને અમારો આ સંદેશો તમામના પરિવાર સુધી મોકલશો તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(ભા.જ.પ.) આ સભાગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી જે શોકપ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને સમર્થન આપ્યું છે તેમાં હું મારા શ્રદ્ધાસુમન સાથેના વિચારો વ્યકત કરું છું.

પહેલા શોક પ્રસ્તાવમાં પૂજય બાપા અંગે અનેક સભ્યશ્રીઓએ વાત કરી. આપણે શ્રદ્ધાંજલિ આપીએ છીએ તેમાં મારે એવું કહેવું છે કે એમને શ્રદ્ધાંજલિ ન હોય એમને ભાવાંજલિ આપવાની હોય, એમને આપણે ભાવાંજલિ આપીએ છીએ. હૃદયથી હૃદયાંજલિ આપીએ છીએ. અનેક બાબતોને યાદ કરીને ભાવાંજલિ કે હૃદયની અંજલિ આપવા બેસીએ તો સાત દિવસની સપ્તાહ બેસાડીએ એ પણ ઓછું પડે. કેટલાય લોકોના પૂજય બાપા પ્રત્યેના વ્યકિતગત રીતે અનુભવો છે, હમણાં જ આદરણીય ભૂપેન્દ્રસિંહે વાત કરી, ફુલડોલોત્સવ હોય ત્યારે મારા પૂજય પિતાશ્રી અશોકભાઇ અનેક વર્ષોથી ત્યાં જતા હતા. પૂજય બાપાના ખોળામાં માથું મૂકવાનો મોકો મને પણ અનેક વખત મળ્યો છે. પૂજય બાપાની વાત હોય ત્યારે એટલું કહેવાનું મન થાય કે બાપ્સની સ્થાપના થાય એક વિચાર લઇને જે સંતો કામ કરવા માટે નીકળે. જે સંતો શિક્ષણની જવાબદારી લઇને નીકળ્યા હોય કે અમને શિક્ષણનું સંકુલ બનાવવું છે. એ માત્ર શિક્ષણના સંકુલ અંગેની ચિંતા કરે. કોક સંત પાસે ખેતીની ચિંતા હોય તો એ ખેતીની ચિંતા કરે. કોઇ સંત પાસે આરોગ્યનું કામ હોય તો માત્રને માત્ર સમગ્ર ગુજરાતમાં આરોગ્યના ક્ષેત્રે કઇ રીતે કામ કરવું એ કામ કરે. ૧૯૯૨-૯૩ના ગાળામાં સારંગપુર જવાનું થયું ત્યારે ત્યાં પાણીની તંગી. એવા અરસામાં ગામમાં ટેંકરો આવે. ટેંકરોથી પાણી મંદિરમાં આવે. એ દિવસોમાં જે ટેકનોલોજીની વાત કરી. બાપાએ સંતસભામાં કહ્યું કે અહીંયા એવી ટાંકી બનાવો કે આપણી વાડીની અંદર બનેલી ટાંકી હોય અને એમાં કેટલું પાણી છે એ આપણાં મંદિરમાં અહીં બેઠાં બેઠાં આપણને ખબર પડે. આવી ટેકનોલોજી ૧૯૯૧-૯૨માં બનાવડાવી. મંદિરમાં બેઠાં બેઠાં ખબર પડે કે હવે ગામની બહાર વાડીમાં આવેલી ટાંકીમાં પાણી નથી. આ ૨૨-૨૫ વર્ષ પહેલાંની વાત થઇ. ભાવાંજલિની વાત કરવાનું મન થાય એટલા માટેની વાત હતી. ગુજરાતમાં ૧૯૯૫માં આદરણીય કેશુભાઇ પટેલના નેતૃત્વમાં પહેલી વખત ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. એ સરકાર બની એ અગાઉથી BAPS સંસ્થા ગાંધીનગરથી નજીક રાયસણ ગામમાં એક ઇન્ટરનેશનલ સ્કૂલ બનાવવા માટે અનેક વર્ષોથી એ પ્રયત્ન કરે. લગભગ બધી જ પ્રક્રિયા પતી ગઇ હતી. એ વખતે કિંમતી જમીન ઉપર કેટલાક લોકોની નજર કે અહીં સ્કૂલ ન બનવી જોઇએ. અહીં સોસાયટી બને, અહીં શોપીંગ સેન્ટર બને. અમે બિલ્ડર તરીકે આ જગ્યા લઇએ. મને બરાબર યાદ છે કે પહેલી વખત ૧૯૯૫ની સાલમાં ભૂપેન્દ્રસિંહજી અને સ્વ. અશોકભાઇ બન્ને એ જગ્યા ઉપર ગયા. સંતો એમને મળવા આવ્યા. એમણે વાત કરી કે અનેક વર્ષથી આ પ્રક્રિયા ચાલે છે. ત્રણ-ચાર-પાંચ મુખ્યમંત્રીશ્રી, સરકાર બદલાઇ ગઇ. આ પ્રક્રિયા પૂરી થતી નથી. સરકારે નક્કી કર્યું કે આવી સારી સંસ્થાની આવી સારી સ્કૂલ બનતી હોય તો તેને સ્કૂલ માટે જગ્યા આપવી. સંતો એ વાત લઇને આવ્યા હતા. એ દિવસે હું હાજર હતો. સંતોએ વાત કરી કે બાપાએ અમને મોકલ્યા છે અને આટલા માટે મોકલ્યા છે. રાયસણમાં શૈક્ષણિક સંકૂલ બનાવવું છે. અશોકભાઇ અને ભૂપેન્દ્રસિંહજી પાસેથી વાત સાંભળીને સંતો બાપા પાસે ગયા કે અમે મળી આવ્યા છીએ અને વાત કરી આવ્યા છીએ. સરકાર તરફથી આવો અભિગમ. તો કહે કે શું જવાબ આવ્યો? કદાચ ગુજરાતમાં પહેલી વખત એવું બન્યું હશે કે જવાબ એવો મળ્યો કે બાપા એ જગ્યા ઉપર જેટલું ચાલે અને જયાં ઉભા રહે ત્યાં સુધીની જગ્યા આ રાજય સરકાર શૈક્ષણિક સંકૂલ બનાવવા માટે રાયસણમાં આપશે અને હકીકતમાં એવું બન્યું. આટલા વર્ષો પછી રાયસણમાં ઇન્ટરનેશનલ શૈક્ષણિક સંકૂલ ઉભું થયું. અનેક બાબતો છે. એ તિથલમાં બનેલ બનાવ હોય, અમદાવાદમાં આરોગ્ય ધામ બનાવવું હોય, બિલ્ડરોની નજર એ મોકાની જગ્યા ઉપર હોય, પણ સંસ્થાએ એવું નક્કી કર્યું કે અમારે અહીંયા કોરપોરેશનને મળેલી જમીનમાંથી ૨૦ ટકા જગ્યામાં એ હોસ્પિટલ બનાવવી છે. એ જગ્યા કોરપોરેશન પાસેથી જે ભાવે આપે એ ભાવે. જંત્રી ભાવે આપે તો જંત્રી ભાવે. બજાર ભાવે આપે તો બજાર ભાવે. આજે અમદાવાદમાં આ સંસ્થાની ખૂબ સારી હોસ્પિટલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક બાબતો છે. આ સંસ્થાની ભૂકંપની સહાયની પ્રવૃત્તિ હોય, લાતુરમાં આવેલો ભૂકંપ હોય, ઉત્તરાખંડમાં આવેલ વાવાઝોડું હોય, સત્સંગીઓને એક કોલ મોકલે અને આખી ટ્રેઇન ભરીને સત્સંગીઓ આવી જાય એ રીતે લોકોની વ્હારે થવાનું કામ આ સંસ્થાએ બાપાના માર્ગદર્શનમાં એ કર્યું છે. સંસ્થાએ અને બાપાએ જે કામ કર્યું છે એ ભૂલાય એમ નથી. હમણાં જ સભ્યશ્રીએ કહ્યું કે, સદીમાં એકાદ સંત થાય. આ સદીમાં આ યુગપુરુષ થઇ ગયા. આજે લોકો યાદ કરતા હોય છે. ડોંગરેજી મહારાજને યાદ કરતા હોય છે. આ સદીમાં સંત થઇ ગયા તો એ પૂજ્ય બાપા થઇ ગયા. એમને મારા, મારા પરિવાર વતી, મારા વિસ્તાર વતી, આ ગૃહ વતી મારા હૃદયની શ્રદ્ધાંજલિ અર્પું છું, હૃદયની ભાવના વ્યક્ત કરું છું. સાથેસાથે લગભગ સાતેક જેટલા ધારાસભ્યશ્રીઓ, આદરણીય સ્વ.શ્રી દોલતભાઇ, સ્વ.શ્રી કાસમ બાપુ, સ્વ.શ્રી રાયસિંહભાઇ, સ્વ.શ્રી ઇન્દુભાઇ, સ્વ.શ્રી

વિષ્ણુભાઇ, સ્વ.શ્રી ભીમસીભાઇ, સ્વ.શ્રી ભૂરાભાઇ . જેઓ બધાજ ૧૯૭૫થી લગભગ સ્વ. શ્રી અશોકભાઇ સાથે કામ કરતા હતા. ઘણા બધા લોકો સાથે અમારા પારિવારિક સંબંધો હતા. આ સાતેક લોકોએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. એ પરિવારે, એમના પરિવારના સભ્ય ગુમાવ્યા છે, સમાજે એમનો મોભી ગુમાવ્યો છે, ગુજરાતે કર્મનિષ્ઠ રાજકારણી ગુમાવ્યા છે. એમના પરિવારના સૌ સભ્યોન ઉપર પારાવાર દુઃખ આવી પડ્યું છે એ સહન કરવાની પ્રભુ શકિત આપે અને આપના માધ્યમથી આ શોકાંજલિનો સંદેશો તેમના પરિવારજનો સુધી પહોંચાડવામાં આવે એ જ અભ્યર્થના.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને પોતાની વાણીને સંયમિત કરવા માટે મારી વિનંતી છે કારણ કે ખૂબ લોકોની યાદી છે. બધા લોકોને સમાવવા પડે. મુખ્ય ભાવ ઉપર જઇશું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજ બ્રહ્મલીન થયા એમના ઉપર શોકપ્રસ્તાવ લઇને પધાર્યા છે. વિરોધપક્ષના નેતાશ્રી અમારા બાપુએ પણ તેને ટેકો આપ્યો છે, સમર્થન આપ્યું છે. ગૃહના બીજા સાત સભ્યો પણ સ્વર્ગસ્થ થયા છે. એમને શ્રદ્ધાંજલિ આપવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રમુખસ્વામી મહારાજે આ દેશમાં અને ખાસકરીને ગુજરાતમાં વ્યસન મુકિતનું કામ અને શિક્ષણનું કામ અને જ્યારે જ્યારે કુદરતી આફતો આ દેશ ઉપર આવી ત્યારે કામ કર્યું છે એ અદ્વિતિય છે. પ્રમુખસ્વામીની કૃપા દરેક વ્યકિત ઉપર, વિશ્વ ઉપર હતી. એનો મને પોતાને વ્યકિતગત અનુભવ છે. પ્રમુખસ્વામી મહારાજ મને ઓળખતા નહોતા. પરંતુ ૨૦૦૨માં ધારાસભાની ચૂંટણીમાં ૩૦૦૦ મતે મારી હાર થઇ ત્યારે પ્રમુખસ્વામી બાપાનો એમની સહીવાળો કાગળ મારા ઉપર આવેલો. એ કાગળ આજે સાચવીને રાખેલો છે. એમાં એમણે એમ લખેલું કે હાર-જીત થતી રહે. લોકસેવાનું કામ ચાલુ રાખજો. આવા દયાળુ સંત હતા અને એમના થકી એમના આશીવાર્દથી ગુજરાત ખૂબ ખૂબ સુખી અને સમૃદ્ધ બન્યું છે. એવા પ્રમુખસ્વામી બ્રહ્મલીન થયા છે. એમને મારી શ્રદ્ધાંજલિ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સ્વ. શ્રી દોલતભાઇ પરમાર બનાસકાંઠા જિલ્લામાંથી ૧૯૭૧માં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા. એના પછી ૧૯૭૫થી ૧૯૮૦ સુધી જિલ્લા પંચાયતમાં સામાજીક ન્યાય સમિતિમાં કામ કર્યું છે. એ વખતે તાલુકા પંચાયતમાં હું પણ પ્રમુખસ્વામી હતો. એમની સાથે જિલ્લા પંચાયતમાં કામ કરવાની તક મળેલી. દસ વર્ષ સુધી ૧૯૮૦થી ૧૯૯૦ સુધી વિધાનસભામાં એમની સાથે કામ કરવાની તક મળેલી. ખાસ કરીને ગુજરાત સરકારની અંદર વિવિધ ખાતાઓમાં એમની સુંદર કામગીરી રહી. ત્યારે બાંધકામ ખાતુ એમની પાસે હતું, ત્યારે આર.આર.પી. યોજના બનાસકાંઠા જિલ્લામાં લાગુ કરાવી અને રસ્તાઓની બાબતમાં એમણે બનાસકાંઠા જિલ્લાની અંદર ખૂબ સારી રીતે પ્રગતિ કરવાનો પ્રયત્ન કર્યો અને જિલ્લાને રસ્તાઓ આપ્યા. દોલતભાઇ એક એવી વ્યકિત હતા કે દરેક સમાજ સાથે હળી મળીને ચાલે. સુમેળથી ચાલે, કુસંપ ન થાય, સંપથી ચાલે, બધાને સાથે રાખી ચાલનાર વ્યકિત હતા. એમના જવાથી બનાસકાંઠા જિલ્લાને ઘણી મોટી ખોટ પડી છે. માનનીય કાસમબાપુ તીરમીઝી સાથે આ ગૃહમાં મને કામ કરવાનો મોકો મળ્યો છે. કાસમબાપુ તીરમીઝી પણ આમજનતાના પ્રતિનિધ હતા. બાકીના જે માનનીય ધારાસભ્યશ્રીઓ સ્વર્ગસ્થ થયા છે એ તમામને મારી શ્રદ્ધાંજલિ અર્પુ છું અને તમામના જવાથી ગુજરાતને મોટી ખોટ પડી છે. એમના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની શકિત આપે અને પરમાત્મા એમને પરમ શાંતિ આપે એવી શ્રદ્ધાંજલિ સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરિયા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર મારા વડીલ મુરબ્બીશ્રીઓએ ભાવાંજલિ અર્પણ કરી છે ત્યારે સમગ્ર ગુજરાતના યુવાનો વતી, સમગ્ર ભારતના યુવાનો વતી અને પૂરા વિશ્વના યુવાનો વતી હું બાપાને ભાવાંજલિ અર્પણ કરું છું. પૂજય પ્રમુખસ્વામી મહારાજ હજારો યુવાનોની ઘડકન શું કામ બન્યા? બાપાએ હજારો યુવાનોની અંદર ચૈતન્ય પૂર્યું, વ્યસનમુકત બનાવ્યા, તેજસ્વી વૃત્તિ સાથે યુવાનોનું ઘડતર કરવામાં એમનો ખૂબ મોટો ફાળો છે. મેં સાળંગપુરમાં જોયું, વિદેશથી અમેરીકા, કેનેડા વગેરેથી આવતા યુવાનો હૃદયની ભાવના સાથે જયારે પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે ચોકકસ કહી શકાય કે બાપાએ વિદેશની ધરતી પર યુવાનોનું આટલું મોટું ઘડતર કર્યુ છે. જયારે ૧૯૮૭-૧૯૮૮માં ગુજરાતની અંદર દુષ્કાળ હતો ત્યારે બાપાએ આજ્ઞા કરી કે જયાં પાણી હોય ખેતીવાડી હોય એ લોકો વધારાનો ઘાસચારો વાવે અને જયાં નથી ત્યાં પહોંચાડે, આ આજ્ઞા હતી તારાપૂરના વલી ગામની અંદર ખેડૂતોએ આ રીતની ખેતી કરી અને જયાં લીલો ઘાસચારો ન હતો ત્યાં પહોંચાડવાનો પ્રયત્ન કર્યો. બાપા ખુશ થયા અને એ ગામની અંદર ગયા, એ જે જે ખેડૂતોએ આ ઘાસચારો વાવ્યો હતો એમનું સન્માન કર્યુ, પણ એમાંથી બે દલિત પરિવારના ભગવાનભાઇ અને રત્નાભાઇ કે જેમણે નાના એવા ખેતરની અંદર થોડો ઘાસચારો વાવ્યો હતો એ હાજર નહોતા રહ્યા. બાપાએ એમને યાદ કર્યા અને સાંજે પણ એ બહાર ગયા હતા તો પણ એમને બોલાવી એમને આશીર્વાદ આપ્યા ત્યારે ઝૂંપડા સુધી જેમણે માનવતાની કેર કરી છે. ઝૂંપડા સુધી જેમણે ચૈતન્ય પ્રગટાવ્યું છે એ બાપા જયારે રાષ્ટ્રપતિ ભવનની અંદર જાય તો પણ ત્યાં વોચમેન કે નાના એવા કર્મચારીને પણ આત્મીયતાથી મળે, સારંગપુરમાં ૨૪ સપ્ટેમ્બર ૨૦૦૨માં જયારે બાપા બિરાજમાન હતા અને સંતો સાથે વાત કરતા હતા એ સમયે અક્ષરધામ પર હુમલો થયો ત્યારે બાપાએ સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરી અને તમામ હરિભકતો અને અનુયાયીઓને દસ હજાર વર્ષથી ચાલી આવેલી આપણી સંસ્કૃતિને દાગ ના લાગે એવો શાંતિનો સંદેશ પહોંચાડયો, આ સાથે જર્મની, હેમ્બર્ગ વૈશ્વિક પરિષદમાં પણ ધર્મના નામે આતંકવાદીઓએ જયારે હુમલો કરેલો છે ત્યારે " રીસ્પોન્સ અક્ષરધામ" માં પ્રમુખસ્વામી મહારાજે જે સંયમ દાખવ્યો અને જે કર્યુ તે પૂરા વિશ્વના ધર્મના વડાઓએ કરવું જોઇએ તેવો વિચાર વ્યકત થયો હતો. સ્વામિનારાયણ ભગવાને એક સંદેશો આપ્યો હતો અને એનું જે વચનામૃત કહેવાય, એક-એક વચનામૃતના સિદ્ધાંતો સાથે બાપાએ પોતાનું જીવન પસાર કર્યુ છે. ગઢપુરનું પ્રથમ, ગઢપુરનું

દસમું, કારિયાણીનું પાંચમું અને છઠ્ઠું એ વચનામૃતમાં ભગવાને જે વાત કરી છે એ ચોક્કસ પ્રકારે બાપાના જીવનને સ્પર્શે છે. પૂજ્ય બાબા રામદેવજીએ પણ શ્રદ્ધાંજલિમાં ગીતાના છઠ્ઠા અધ્યાયનો પ્રથમ શ્લોક કહ્યો હતો,

''અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ
સ સન્યાસી ચ યોગી ચ ન નિરગ્નિર્ન ચાક્રિયઃ''

ત્યારે બાપાને બંધબેસતા શ્લોક ભગવાને કીધા છે અને એમનું અપમાન પણ ઘણાએ કર્યું હશે પણ અનાસકત રહીને આતંકવાદ જેવી પ્રવૃત્તિમાં સ્થિર રહીને પણ શાંતિનો સંદેશો ફેલાવ્યો છે ત્યારે 'માન અપમાન, યશ શૂલ્ય શૂલ્ય મિત્રારી પક્ષયો, સર્વ રંભા પરિત્યાગી ગુણાતિત સ ઉચ્ચતે' આ પરિસ્થિતિમાં પણ ગુણાતિત સ ઉચ્ચતે એવા પરમપૂજ્ય પ્રમુખસ્વામી ના ચરણોમાં લાખો અને કરોડો યુવાનો વતી હું પ્રાર્થના કરું છું. જય સ્વામિનારાયણ.

શ્રી આત્મારામ મ. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાએ જેને સમર્થન આપ્યું છે એ શોક પ્રસ્તાવ અંગે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બ્રહ્મલીન પૂજ્ય પ્રમુખસ્વામી  બાપાના સાનિધ્યમાં તેમની સાથે રહેવાની મને તક મળી છે. અહીંયા જે વિચારો રજૂ થયા એમાં ઘણા મિત્રોએ ક્યાંકને ક્યાંક બાપાની મુલાકાત લીધી હશે પણ  ગઢડાના ધારાસભ્ય તરીકે બાપાની સાથે ઘણા દિવસો સુધી રહેવાની તક અને એમનો સત્સંગ કરવાનો મને અમૂલ્ય અવસર મળ્યો છે. છેલ્લા ૨૦–૨૫ વર્ષથી જ્યારે પણ બાપાની ગઢડામાં પધરામણી હોય ત્યારે મોટા ભાગે એમનું નિવાસસ્થાન મંદિરમાં જ હોય છે. ગઢડા વિસ્તારના પ્રતિનિધિ તરીકે મારું પણ નિવાસસ્થાન લગભગ મંદિરમાં જ હોય છે. આવા સંજોગોમાં એમની સાથે મોડે સુધી સત્સંગ કરવાની, એમની સાથે નીચે બેસીને એમના ચરણ–સ્પર્શ કરીને એમના આશીર્વાદ લેવાની તક પણ મને ઘણીવાર મળી છે. ઘણી વખત તો ગઢડામાં એમનો નિવાસ હોય, બાપાનો રાતવાસો પણ ત્યાં હોય એટલે સ્વાભાવિક છે કે નગરપાલિકા વિસ્તારના પ્રશ્નો, મંદિરના બાંધકામના પ્રશ્નો અંગે પણ બાપા સાથે વાટાઘાટો કરવાનો અવસર અને તક અમને મળી છે. ગઢડા વિસ્તારના વિકાસના કામોની સતત ચિંતા પૂજ્ય પ્રમુખસ્વામી  બાપા કરતા હતા અને ઘણી જગ્યાએ તો પ્રમુખસ્વામી  બાપના હસ્તે વિકાસના કામોના ભૂમિપૂજન અને લોકાર્પણના કાર્યક્રમો પણ સાથે રહીને કરવાની મને તક મળી છે. આવા બાપાના અવસાનથી એક જબરજસ્ત ખોટ દેશ અને દુનિયાને પડી છે. પરમ કૃપાળુ સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરીએ કે પ્રમુખસ્વામી  બાપાના આત્માને તેમના સાનિધ્યમાં રાખે. અક્ષરધામમાંથી પણ પ્રેમ વરસાવતા રહે એવી આપણે સૌ એમના પ્રત્યે શ્રદ્ધાંજલિ અને ભાવાંજલિ વ્યક્ત કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના સભ્ય શ્રી દોલતભાઇ ચેલારામ પરમારની સાથે વિધાનસભામાં  કામ કરવાની મને તક મળી છે. શ્રી ભૂરાભાઇ કડછા સાથે પણ આ વિધાનસભાના સાથી તરીકે કામ કરવાની તક મળી છે અને અન્ય સભ્યો પૈકી મુરબ્બીશ્રી ઇન્દુભાઇ પટેલ પણ જે તે વખતે જનતા પક્ષના પ્રમુખસ્વામી હતા ત્યારે એમની સાથે પણ કામ કરવાની તક મળી છે ત્યારે આ તમામ દિવંગતોના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને આ વિધાનસભામાંથી થયેલ શોક પ્રસ્તાવ તમામ દિવંગત આત્માઓના પરિવારોને મોકલવાની પ્રાર્થના સાથે વિરમું છું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(ભા.રા.કોં) :  માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે જે બ્રહ્મલીન પરમ પૂજ્ય પ્રમુખસ્વામી  મહારાજ અને ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી દોલતભાઇ ચેલારામ પરમાર, સ્વ.શ્રી કાસીમુદ્દીન કરમઅલી તીરમીઝી, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રી સ્વ.શ્રી રાયસિંહ કુકાભાઇ પરમાર, ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મંત્રી સ્વ.શ્રી ઇન્દુભાઇ ચતુરભાઇ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી વિષ્ણુભાઇ કશીભાઇ પટેલ, સ્વ. શ્રી ભીમસીભાઇ કેસુરભાઇ કરંગિયા અને સ્વ.શ્રી ભૂરાભાઇ મુંજાભાઇ કડછાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો જે આ વિધાનસભામાં રજૂ કર્યા છે તેના ઉપર માનનીય વિરોધપક્ષના નેતા માનનીય શંકરસિંહ બાપુ અને અન્ય આદરણીય સભ્યશ્રીઓએ જે અનુમોદન આપ્યું છે તેમાં હું પણ મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે વડોદરા જિલ્લાની ધરતી ઉપર પાદરા તાલુકાના ચાણસદ ગામે તે જમાનામાં જે ચંદનના વૃક્ષનું બી રોપાયું એ ચંદનના વૃક્ષનું બી સમગ્ર વડોદરા જિલ્લાના ૧૯૯૦ ગામોને નહિ પણ ગુજરાત રાજ્યના ૧૮૭૭૨ ગામો, હિન્દુસ્તાનના ૭ લાખથી વધારે ગામો અને દુનિયાના ૧૮૧ દેશો પૈકી આ ચંદનનું જે ઝાડ વટવૃક્ષ બન્યું અને સમગ્ર દુનિયાને આ ચંદનના ઝાડે જે કાંઇ પવિત્રતા, જે કાંઇ સુગંધ, જે કાંઇ સંસ્કારો આપ્યા છે એને આ દેશ અને રાષ્ટ્રના દેશો પણ ભૂલી શકે તેમ નથી. ૧૮ વર્ષની કિશોર વયે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ૧૯૪૦ માં ગોંડલમાં ભગવત દીક્ષા આપી છે અને BAPS સંસ્થાના તેઓ પ્રમુખ બન્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૯૯૦માં જ્યારે હું મંત્રી હતો અને તે વખતના સ્વ. માજી મુખ્યમંત્રીએ સામે મધ્યપ્રદેશની બોર્ડર ઉપર બાબા આમ્ટે, અને બાબા આમ્ટેની સાથે ત્યાંના એક બહેન હતા. એમણે આંદોલન શરૂ કરેલું કે કોઇપણ ભોગે નર્મદા યોજના થવી નહિ જોઇએ. તે વખતે સ્વ.મુખ્યમંત્રીએ એમ કીધું કે આપણા વિસ્તારના હજારો લોકોને ભેગા કરો અને કોઇપણ ભોગે આ નર્મદા યોજનાનો કેવડિયા કોલોનીમાં પાયો નંખાશે અને આ હજારો માણસો સાથે ૨૧ દિવસ સુધી અમે ત્યાં બેઠા અને ૨૧ દિવસ સુધી બાબા આમ્ટે અને મેધા પાટકર અમારી સામે આવી નહિ શક્યા એમનું બધું જમવાનું સવાર–સાંજ પ્રમુખસ્વામી મહારાજના દોઢસોથી બસો જેટલા શિષ્યો દ્વારા બધાને પુરું પડાયું હતું. ૨૧ દિવસ સુધી આ અમારી ઉપવાસ યાત્રા ચાલી અને તે પછી આ ડેમની શરૂઆત જે તે વર્ષે તેના પાયા ખોદવાનું કામ ચાલુ થયું. એવી જ રીતે ૧૯૮૮ માં કેટલાક આદિવાસી વિસ્તારના ગામો છોટાઉદેપુર તાલુકાના એવા ગામો છે કે જ્યાં કોઇપણ માણસ માથાકૂટ કરે તો ખૂન થાય તો તેવા છોટાઉદેપુર તાલુકાના

શોકદર્શક ઉલ્લેખ

આદિવાસી વિસ્તારના ૧૫ જેટલા ગામોમાં એકએક કરોડના ભવ્ય મંદિરો આજે પણ મોજુદ છે. જેતપુર પાવી તાલુકામાં ૧૯૯૨માં ચુલી ગામે એક જબરજસ્ત મોટુ મંદિર બન્યું અને એમાં ત્રણ દિવસ સુધી, મારું જે ઘર છે એ ઘરમાં રોકાઇને આ મંદિરની એમણે સ્થાપના કરેલી. એમણે કહેલું કે, આ મંદિરનો જે કાચ તમે મૂકો છો, સ્થાપના કરવા ગયા ત્યારે બધા તમામ હજારો ભાવિક ભક્તો આ મંદિરના ઉદ્દ્ઘાટનમાં હતા અને કાચ વચ્ચેથી આખો તૂટી ગયો એટલે એમણે કહ્યું હતું કે, અહીંયા દ્વારકા, કાશી, મથુરા અહીં જ બધું છે, અહીંયા સદાને માટે તમે દર્શન કરતા રહેજો. એ ભાવના સાથે આખા વિસ્તારની કાયાપલટ કરી, દારૂ, મરઘી, જુગાર, વ્યસન આ બધામાંથી મૂક્ત આ સમાજ બન્યો, સમગ્ર ગુજરાતના ટ્રાયબલ વિસ્તારના ગામો ૫,૮૮૪ જેટલા ગામો બી.એ.પી.એસ. સંસ્થાના સભ્યો બન્યા છે, એવા સૌ સમાજ વતી પ્રમુખસ્વામી બાપાને શોકાંજલિ પાઠવું છું અને માનનીય સાત જેટલા ધારાસભ્યો, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ આપણને છોડીને હંમેશને માટે ગયા એમાં પૂર્વ મંત્રી સ્વ.શ્રી દોલતભાઇ ચેલાભાઇ પરમાર સાથે કામ કરવાનો મને મોકો મળેલો, સ્વ.શ્રી કાસીમુદ્દીન તીરમીઝી સાથે પણ કામ કરવાનો મોકો મળેલો, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી રાયસિંહ કુકાભાઇ સાથે પણ મને કામ કરવાનો મોકો મળેલો, સ્વ.શ્રી ઇન્દુભાઇ ચતુરભાઇ સાથે પણ મને કામ કરવાનો મોકો મળેલો, ૧૯૭૧ પછી તમામ આદરણીય ધારાસભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ સાથે પણ મને કામ કરવાનો મોકો મળેલો, આ તમામના જવાથી ગુજરાતને ભારે મોટી ખોટ પડી છે, એમના આત્માને ભગવાન મોક્ષ આપે, એમના કુટુંબ ઉપર આવી પડેલી આફત સહન કરવાની પ્રભુ શક્તિ આપે તથા તેમના કુટુંબીજનોને આ દિલસોજીનો સંદેશો પાઠવીએ એ સાથે જ અસ્તુ.

અધ્યક્ષશ્રી : આ ગૃહના સન્માનનીય નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી, આદરણીય પ્રમુખસ્વામી મહારાજ અને આ ગૃહના સાત જેટલા સભ્યોનો શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે અને એમાં આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીએ સૂર પુરાવ્યો એમાં હું પણ મારો સુર પુરાવું છું.

આ ગૃહના સાતે સાત વ્યક્તિઓએ પોત પોતાની જગ્યાએ શ્રેષ્ઠતમ કામ કરવાનો પ્રયાસ કર્યો છે. વિશેષ કરીને આપણી પરંપરાઓમાં એક સારી પરંપરા કે જે ગૃહના સદસ્યો હોય એના પછી જ આપણે ગૃહની સભા મુલતવી રાખતા હોઇએ છીએ પરંતુ પહેલી વખતે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ, આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપવાનો પ્રયાસ કર્યો છે. અહીંયા ગૃહમાં બેઠેલા તમામ સભ્યશ્રીઓનો એક યા બીજા નાતે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે સીધો સંપર્ક હશે, એમના સંપર્કમાં પણ આવ્યા હશે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એક લોકોત્તર મહાપુરુષ હતા અને આવા મહાપુરુષોને શબ્દોથી બાંધવા એ કદાચ શબ્દો પણ ટૂંકા પડતા હોય છે, એવા લોકોને આજે આપણે શ્રદ્ધાંજલિ આપી રહ્યા છીએ. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું એક સંત બનવું, સંતત્વને પામવું એ મિત્રો જન્મજાત હોય છે, એ ક્યારેય કોઇ પ્રક્રિયાથી થતું નથી. તમે વેદની વાત કરો, ઉપનિષદની વાત કરો, મહાભારતની વાત કરો, રામાયણની વાત કરો અને આ બધા જે આપણા ધર્મગ્રંથોની અંદર સંતત્વની જો કોઇ વ્યાખ્યા કરીએ તો આ બધાનો સરવાળો ભેગો કરીએ એટલે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહેવાય, આ પ્રકારનું વ્યક્તિત્વ. મિત્રો એમનો પરિચય આપણે બધા એ આપ્યો છે, સૂર્યનો પરિચય આપવો હોય તો એના માટે પણ આપણે ટૂંકા પડીએ, એ પ્રકારના વ્યક્તિત્વને આજે આપણે અહીંયા શ્રદ્ધાંજલિ આપી છે. સાથે સાથે અહીંયા જે પ્રમાણે કહેવાયું એ પ્રમાણે માત્ર સ્વામિનારાયણ નહીં, માત્ર બી.એ.પી.એસ. નહીં, સમગ્ર દુનિયાભરમાં અનેક દેશોના લોકોને સીધેસીધો હિન્દુત્વની વાત, ધાર્મિકતાની વાત આપણી સંસ્કૃતિની વાત એ દેશ અને પરદેશમાં ફેલાવવાનું કામ આદરણીય પ્રમુખસ્વામી મહારાજે જયારે કર્યું છે ત્યારે એમણે એમના જીવનના જે ઘડતરના મૂલ્યો આપ્યા છે એ મૂલ્યોને આપણે સાચા અર્થમાં આત્મસાત કરીએ, એમના શાંતિ, સમરસતા, પ્રેમ અને બંધુત્વના એમના જે શબ્દો છે એને આપણે સાચી રીતે મૂલવીએ અને એમને શ્રદ્ધાંજલિ આપીએ. આદરણીય પ્રમુખસ્વામી મહારાજ અને એમની સાથેના સાતેસાત સભ્યશ્રીઓને આપ સૌ વતીથી હું પણ એમને શ્રદ્ધાંજલિ આપું છું અને આપ સર્વને વિનંતી કરું છું કે આપણે બધા જ આપણા સ્થાન ઉપર ઉભા થઇને મૌન પાળીને એમને શ્રદ્ધાંજલિ આપીએ.

(બે મિનિટ મૌન બાદ )

સભાગૃહની આ લાગણી સદગતના આપ્તજનોને અને કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

આદરણીય પ્રમુખસ્વામી મહારાજ અને સદગતના સન્માનની અંદર આજની ગૃહની કાર્યવાહી આપણે મોકૂફ રાખીએ છીએ. સભાગૃહની આજની બેઠકનું કામકાજ પૂર્ણ થાય છે. સભાગૃહ આવતીકાલે સવારે ૮-૩૦ વાગે ફરીથી મળશે.

સભાગૃહનું કામકાજ બપોરના ૩-૧૭ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૩મી ઓગષ્ટ, ૨૦૧૬ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬**
**શ્રાવણ ૬, ૧૯૩૮ શાકે**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને**

## અભિનંદન પ્રસ્તાવ

### વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનારને અભિનંદન આપવા બાબત

શ્રી વિજયભાઇ ર. રૂપાણી (**મુખ્યમંત્રીશ્રી**) : માનનીય અધ્યક્ષશ્રી, એક અભિનંદન પ્રસ્તાવ રજૂ કરું છું. બ્રાઝિલના રિયોડિઝાનેરો ખાતે હાલમાં રમાઇ રહેલ વિશ્વ ઓલિમ્પિક રમતોત્સવમાં ૧૮મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ ભારતની ૨૩ વર્ષીય કુસ્તીબાજ સાક્ષી મલિકે..

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપણાં સૌના માટે ગૌરવની વાત હોઇ શકે, પરંતુ આપણી એક ઓર્ડર ઓફ ડે ની પ્રથા છે. પ્રશ્નોત્તરી, બીજી બાબતો, ૧૧૬ની નોટિસ, ટૂંકી મુદતનો પ્રશ્ન છે એ પૂરો થયા પછી આ જરૂર આવી શકે. અમે પણ ઇચ્છીએ કે આપણે એમને અભિનંદન આપીએ. પરંતુ જે વિધાનસભાની પરંપરાઓ, પ્રણાલિકા પ્રસ્થાપિત થયેલી બાબતો છે એ પરંપરાઓને તોડવાનું કામ ન થાય એટલા માટેની મારી અપેક્ષા છે. જે ઓર્ડર ઓફ ધ ડે છે તેને ફોલો કરવામાં આવે એટલી મારી જ નમ્ર વિનંતી છે.

અતારાંકિતઃ ૭૪૧૪ (૩૦-૦૬-૨૦૧૬) શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદના રખિયાલની મહંમદ ધોબીની ચાલમાં તા. ૧-૪-૨૦૧૬ના રોજ ભરતકામના કારખાનામાંથી પગે સાંકળથી બાંધેલી હાલતમાં મજૂરી કરાવાતા બાળ શ્રમિકોને રેડ પાડી મુક્ત કરાવાયા હતા તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગુનાહિત ઘટનામાં કેટલા ઈસમો સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૦૨-૦૮-૨૦૧૬)

(૧) તા. ૧-૪-૨૦૧૬ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ રેડ પાડીને ત્રણ બાળશ્રમિકોને મુક્ત કરાવવામાં આવ્યા હતા, પરંતુ તેઓ સાંકળથી બાંધેલી હાલતમાં ન હતા.

(૨) આ ઘટનામાં પોલીસ દ્વારા ત્રણ ઈસમો સામે ધ જુવેનાઈલ જસ્ટીસ્ટ એક્ટ, ૨૦૦૬ અને આઈ.પી.સી. હેઠળ ગુનો નોંધવામાં આવેલ છે.

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અતિજોખમી કારખાના

અતારાંકિતઃ ૭૪૧૯ (૩૦-૦૬-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૦ જૂન-૨૦૧૫ ની સ્થિતિએ કયા કારખાનાઓને "અતિજોખમી કારખાના " તરીકે આઈડેન્ટીફાઈ કરવામાં આવ્યા છે, અને

(૨) આ કારખાનાઓમાં જોખમો ઘટાડવા તથા અકસ્માતો ન બને તે માટે શી વ્યવસ્થા ગોઠવાઈ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૦૨-૦૮-૨૦૧૬)

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૦ જૂન-૨૦૧૫ની સ્થિતિએ નીચેના કારખાનાઓને "અતિજોખમી કારખાના" તરીકે આઈડેન્ટીફાઈ કરવામાં આવ્યા છે.

- ભારત ઓમાન રીફાઈનરીઝ લી., સીંગચ, વાડીનાર
- એસ્સાર ઓઈલ લી., વાડીનાર
- ઈન્ડીયન ઓઈલ કો. લી., સલાયા મથુરા પાઈપલાઈન, વાડીનાર
- તાતા કેમીકલ્સ લી. મીઠાપુર.

(૨) આ કારખાનાઓમાં જોખમો ઘટાડવા તથા અકસ્માતો ન બને તે માટે નીચે મુજબની વ્યવસ્થા ગોઠવાઈ છે.

- કારખાનાના નિરીક્ષકો દ્વારા નિયમિત સમયાંતરે કારખાના ધારા, ૧૯૪૮ અન્વયે સલામતી બાબત તપાસણી કરવામાં આવે છે.
- કારખાનાઓ દ્વારા ઓન સાઈટ ઈમરજન્સી પ્લાન બનાવવામાં આવેલ છે જે મુજબ દર ૬ મહિને કારખાનામાં વિવિધ ઈમરજન્સી બાબત રીહર્સલ કરવામાં આવે છે.
- કેમીકલ એક્સીડન્ટ એન્ડ પ્રિવેન્શન રૂલ્સની જોગવાઈ મુજબ જીલ્લાનો ઓફ સાઈટ ઈમરજન્સી પ્લાન કાર્યરત છે. જેનું દર વર્ષે ઓફ સાઈટ ઈમરજન્સી બાબતે રીહર્સલ કરવામાં આવે છે.
- કારખાનાઓ દ્વારા સલામતીના ભાગ રૂપે ઈન્ટર્નલ તથા એક્ષટર્નલસેફ્ટી ઓડિટ કરાવવામાં આવે છે.

- અતિ જોખમી કારખાનાઓમાં શ્રમયોગીઓ તથા મેનેજમેન્ટના સરખા પ્રતિનિધિત્વ ધરાવતી સલામતી સમિતિની રચના કરવામાં આવે છે.
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ થકી જિલ્લાના અલગ અલગ ઈન્ડસ્ટ્રીયલ પોકેટમાં સલામતી કાર્યક્રમો કરાવી સલામતી અંગે જાગૃતિ કેળવવાના પ્રયત્નો કરવામાં આવે છે.
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુજરાત રાજ્ય, અમદાવાદ તંત્ર દ્વારા કારખાનામાં સલામતી અંગે યોગદાન આપેલ હોય તેવા શ્રમયોગીઓને શ્રમ એવોર્ડથી નવાજી, સલામતી અંગે મોટીવેશન વધારવા પ્રયત્ન કરવામાં આવે છે.
- દર વર્ષે સ્ટેટ લેવલે સેફ્ટી કોન્ફરન્સનું આયોજન કરી સલામતીનો બહોળો પ્રચાર કરવામાં આવે છે તથા અદ્યતન સુરક્ષા સાધનોનું પ્રદર્શન રાખવામાં આવે છે.
- દર વર્ષે ૪ થી માર્ચે "રાષ્ટ્રીય સલામતી દિન" નિમિત્તે મોટા કારખાનાઓમાં સલામતી વીક તથા અન્ય કારખાનામાં સલામતી દિનની ઉજવણી કરી સલામતી અંગે જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

--------

જુનાગઢ જિલ્લામાં ભૂગર્ભ ગટરના કામો

અતારાંકિતઃ ૭૪૦૭ (૩૦-૦૬-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જુનાગઢ જિલ્લામાં ભૂગર્ભ ગટરના કઈ કઈ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં કયા કામો હાથ ધરવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કયા કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવેલ નથી,

(૩) સમય મર્યાદામાં કામ પૂર્ણ ન કરનાર એજન્સી સામે ઉક્ત સ્થિતિએ શા પગલા લેવાયા છે, અને

(૪) ઉપરોક્ત તમામ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

પાણી પુરવઠા મંત્રીશ્રી : (૨૮-૦૭-૨૦૧૬)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જુનાગઢ જિલ્લાની જુનાગઢ મહાનગરપાલિકામાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા ભૂગર્ભ ગટરના કોઈ કામો હાથ ધરવામાં આવેલ નથી. જ્યારે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં ડિપોઝીટ વર્ક તરીકે પાણી પુરવઠા બોર્ડ દ્વારા ૦૬ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામો હાથ ધરવામાં આવ્યા છે જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | શહેરી ભુગર્ભ ગટર યોજનાનું નામ | કામની વિગત |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | વિસાવદર ભુગર્ભ ગટર યોજના | સિવરેજ, કલેક્ટીંગ સીસ્ટમ, મેઈન હોલ, હાઉસ કનેકશન ચેમ્બર, પમ્પીંગ સ્ટેશન, રાઈઝીંગ મેઈન, પંપીગ મશીનરી, વીજળીકરણ |
| | કેશોદ ભુગર્ભ ગટર યોજના | |
| | માણાવદર ભુગર્ભ ગટર યોજના | |
| | બાંટવા ભુગર્ભ ગટર યોજના | |
| ૨૦૧૪-૧૫ | ચોરવાડ ભુગર્ભ ગટર યોજના | |
| | વંથલી ભુગર્ભ ગટર યોજના | |

(૨) તમામ ૦૬ ભુગર્ભ ગટર યોજનાનાં કામો સમયમર્યાદામાં પુર્ણ કરવામાં આવેલ નથી.

(૩) સમયમર્યાદામાં કામ પૂર્ણ ન કરતા કુલ-૦૩ એજન્સીઓ સામે નિયમોનુસાર લીક્વીડેટેડ ડેમેજીસની રકમની કપાત કરી ડીપોઝીટમાં રાખવામાં આવેલ છે.

(૪)

| ક્રમ | શહેરી ભૂગર્ભ ગટર યોજનાનું નામ | વર્કઓર્ડર મુજબ સમયમર્યાદા પુર્ણ થવાની વિગત | સંભવિત પુર્ણ થવાની વિગત |
|---|---|---|---|
| ૧ | વિસાવદર | ૧૬.૦૮.૨૦૧૫ | ઓગષ્ટ-૨૦૧૬ |
| ૨ | કેશોદ | ૧૬.૦૮.૨૦૧૫ | ઓક્ટોબર-૨૦૧૬ |

| ક્રમ | શહેરી ભૂગર્ભ ગટર યોજનાનું નામ | વર્કઓર્ડર મુજબ સમયમર્યાદા પુર્ણ થવાની વિગત | સંભવિત પુર્ણ થવાની વિગત |
|---|---|---|---|
| ૩ | માણાવદર | ૧૬.૦૮.૨૦૧૫ | પુર્ણ |
| ૪ | બાંટવા | ૧૬.૦૮.૨૦૧૫ | પુર્ણ |
| ૫ | ચોરવાડ | ૧૯.૧૧.૨૦૧૫ | નવેમ્બર–૨૦૧૬ |
| ૬ | વંથલી | ૧૯.૧૧.૨૦૧૫ | ઓગષ્ટ–૨૦૧૬ |

--------

બાબરા તાલુકાના નાની કુંડળ ગામ માટે પીવાનું પાણી

અતારાંકિતઃ ૭૪૧૦ (૩૦–૦૬–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બાબરા તાલુકાના નાની કુંડળ ગામમાં તા. ૩૧ માર્ચ–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પંદર વર્ષથી પીવાનું પાણી પૂરૂ પાડવામાં આવતું નથી અને મહિલાઓને આશરે ૨.૫ કિ.મી. અંતર કાપીને પાણી ભરવા જવું પડે છે. તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ ગામને છેલ્લા પંદર વર્ષથી પીવાના પાણીથી વંચિત રાખવાના શા કારણો છે, અને

(૩) આ ગામને પાણી પહોંચાડવાની જવાબદારીમાં નિષ્ફળ જવા બદલ સરકારે કોની સામે શી શિક્ષાત્મક કાર્યવાહી કરી છે ?

પાણી પુરવઠા મંત્રીશ્રી : (૨૮–૦૭–૨૦૧૬)

(૧) અગાઉ નાની કુંડળ ગામ પોતાના સ્થાનિક સોર્સ મારફતે જરૂરીયાત મુજબનું પીવાનું પાણી મેળવતું હતું. ચાલુ ઉનાળામાં સ્થાનિક સોર્સમાં પીવાનું પાણી ઓછું થવાની શક્યતા ધ્યાને લઈને ગ્રામ પંચાયતની માંગણી અનુસાર તા. ૨૬–૦૫–૨૦૧૬ થી મહી પાઈપલાઈન મારફત તથા વધારાનો નવો બોર કરી પીવાનું પાણી પુરૂં પાડવામાં આવી રહેલ છે.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

ત્રીજા રાજ્ય નાણાપંચની ભલામણોનો અમલ

અતારાંકિતઃ ૭૨૭૨ (૨૪–૦૬–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ત્રીજા રાજ્ય નાણાપંચની પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ સંબંધી રાજ્ય સરકારે સ્વીકારેલી ભલામણો પૈકી કેટલી અને કઈ ભલામણોના તા. ૩૧ માર્ચ–૨૦૧૬ની સ્થિતિએ અમલ થવો બાકી રહ્યો છે, અને

(૨) તેના શા કારણો છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૮–૦૭–૨૦૧૬)

(૧) ગુજરાત રાજ્ય ત્રીજા નાણાપંચનો મુખ્ય અહેવાલ તેમજ પૂરક અહેવાલમાં થયેલ ભલામણો સ્વીકારવા અંગેની કમિટિની રચના કરવામાં આવેલ છે. જેની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

ત્રીજા નાણાપંચનો અહેવાલ પ્રસિધ્ધ કરવા બાબત

અતારાંકિતઃ ૭૬૩૬ (૨૪–૦૬–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પંચાયત સંબંધી ત્રીજા નાણા પંચનો અહેવાલ તા. ૩૧મી માર્ચ–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારને ક્યારે મળ્યો,

(૨) આ અહેવાલ સરકારે કઈ તારીખે પ્રસિધ્ધ કર્યો છે, અને

(૩) ઉપરોક્ત સ્થિતિએ આ અહેવાલ પ્રસિધ્ધ ન કરવામાં આવ્યો હોય તો તેના શા કારણો છે અને તે ક્યારે પ્રસિધ્ધ કરવામાં આવશે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૮–૦૭–૨૦૧૬)

(૧) તા. ૩૧–૫–૨૦૧૪

(૨) પ્રસિધ્ધ કરેલ નથી.

(૩) ગુજરાત રાજ્ય ત્રીજા નાણાપંચનો મુખ્ય અહેવાલ તેમજ પૂરક અહેવાલમાં થયેલ ભલામણો સ્વીકારવા અંગેની કમિટિની રચના કરવામાં આવેલ છે. તેની કાર્યવાહી પૂર્ણ થયે વિધાનસભાના મેજ પર મૂક્યા બાદ પ્રસિધ્ધ કરવામાં આવશે.

--------

જુનાગઢ જિલ્લામાં સને ૨૦૧૪–૧૫ માં બહાર પાડેલ બાંધકામના ટેન્ડરો

અતારાંકિતઃ ૭૩૧૪ (૨૭–૦૬–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ જિલ્લામાં સને ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં બહાર પાડવામાં આવેલા ટેન્ડરોમાં બાંધકામ મટીરીયલ, સીમેન્ટ, લોખંડ તથા રેતીના ભાવમાં વધારો થવા છતાં એસ.ઓ.આર.માં ઘટાડો કરવામાં આવ્યો છે તે હકિકત સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના શાં કારણો છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) : (૫–૦૮–૨૦૧૬)

(૧) અને (૨) : રાજ્યના જુદા જુદા જિલ્લાઓ માટે દર વર્ષના એસ.ઓ.આર. બનાવવા માટે દરેક જિલ્લામાંથી બાંધકામ મટીરીયલ સીમેન્ટ, લોખંડ તથા રેતીના પ્રવર્તમાન બજાર ભાવો મેળવવામાં આવે છે. ત્યારબાદ મેળવેલ પ્રવર્તમાન બજાર ભાવો અને આગલા વર્ષમાં ભરાઈને આવતા ટેન્ડરોના ભાવોને ધ્યાને લઈ એસ.ઓ.આર.માં વધારો/ઘટાડો કરવામાં આવે છે.

--------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૭૪૩૯, ૭૪૬૬, ૭૪૬૮, ૭૪૭૪ | ૦૪ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૭૩૮૫ | ૦૧ |
| ૩ | નાણા વિભાગ | ૭૨૮૨, ૭૨૮૩, ૭૨૮૪ | ૦૩ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૭૩૬૭, ૭૯૮૭, ૭૯૮૮, ૭૯૮૯ | ૦૪ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૩૧૫, ૭૩૨૦, ૭૩૫૪, ૭૩૫૫, ૭૩૬૦, ૭૩૬૧, ૭૩૬૩ | ૦૭ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૭૩૦૪, ૭૩૦૬, ૭૩૦૭ | ૦૩ |
| ૭ | ગૃહ વિભાગ | ૭૫૫૮, ૭૫૫૯, ૭૫૬૦, ૭૫૬૧, ૭૫૭૩, ૭૫૭૬, ૭૫૮૧, ૭૫૮૩, ૭૫૮૪, ૭૫૮૭, ૭૫૮૮, ૭૫૮૯, ૭૫૯૦, ૭૫૯૪, ૭૪૯૫, ૭૫૯૬, ૭૫૯૮, ૭૫૯૯, ૭૬૦૦, ૭૬૦૧ | ૨૦ |
| ૮ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૭૫૦૮ | ૦૧ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૭૪૧૪, ૭૪૧૯ | ૦૨ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૪૦૭, ૭૪૧૦ | ૦૨ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૨૭૨, ૭૬૩૬ | ૦૨ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૭૩૧૪ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

--------

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

‘‘તાજેતરમાં ઉના ખાતે યોજાયેલી દલિત એકતા રેલીમાં કેટલાક અસામાજિક તત્વોએ રેલી પર પથ્થરમારો કરતાં કેટલાક લોકો ઘાયલ થયા છે અને વાહનોમાં તોડફોડ કરવામાં આવી છે અને આગચંપીના બનાવો બન્યા છે ત્યારે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.’’

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (ગૃહ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના મોટા સમઢિયાળા ગામે તા. ૧૧/૦૭/૧૬ના રોજ દલિત સમાજના વ્યકિતઓ ઉપર બનેલ બનાવના વિરોધમાં તા. ૦૫/૦૮/૨૦૧૬ના રોજ અમદાવાદથી નીકળી બોટાદ અને અમરેલી જિલ્લામાંથી પસાર થઇને તા. ૧૪/૦૮/૨૦૧૬ના રોજ ગીર સોમનાથ જિલ્લામાં ઉના સુધીની દલિત અસ્મિતા રેલી દરમ્યાન રાજય સરકાર દ્વારા પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો જેના પરિણામે આ રેલી દરમ્યાન કોઇ પાણ જાતનો અનિચ્છનીય બનાવ બનવા પામેલ નથી. આ રેલી પર કોઇ તત્વો દ્વારા પથ્થરમારો કરવામાં આવેલ નથી. રેલીમાંના કોઇપણ લોકો ઘાયલ થયેલ નથી અને રેલીના વાહનોમાં તોડફોડ કરવાનો કે આગચંપીનો બનાવ બનેલ નથી. આ રેલી ઉના ખાતે પૂર્ણ થયા બાદ તા. ૧૫/૦૮/૨૦૧૬ના રોજ ધ્વજવંદન કાર્યક્રમ અને દલિત મહાસભાનું આયોજન થયેલ હતું જે પ્રસંગે પણ પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને તે મહાસભા પણ શાંતિમય રીતે પૂર્ણ થયેલ હતી.

તા. ૧૫/૦૮/૨૦૧૬ના રોજ ઉના ખાતે ધ્વજવંદન અને મહાસભાના કાર્યક્રમમાં ભાગ લઇને પરત ફરતા માણસો સામતેર ગામ પાસેથી પસાર થતી વખતે ઉશ્કેરણીવશ થયેલા અન્ય સમાજના કેટલાક તત્વોએ રામેશ્વર પટીયાથી સામતેર ગામ સુધીનો રસ્તો અવરોધવા કાર્યવાહી કરેલ હતી. ઉના ખાતેનો કાર્યક્રમ પૂર્ણ કરીને પરત ફરનાર માણસો અને અન્ય સમાજની વ્યકિતઓ વચ્ચે ઘર્ષણ નિવારવા માટે જિલ્લાના કલેકટરશ્રી, રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી અને જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રીના સ્તરેથી મહાસભાના આયોજકોને વૈકલ્પિક રસ્તે પરત ફરવા સમજાવવાનાં પ્રયાસો કરાયેલ હતા. દરમ્યાન, પોલીસ તંત્ર દ્વારા મહાસભામાંથી પરત ફરતા માણસોના રક્ષણ અર્થે તે વિસ્તારને સુરક્ષિત અને અવરોધમુકત બનાવવાની કાર્યવાહી હાથ ધરાયેલ હતી, જેના ભાગરૂપે તે વિસ્તારમાં એકત્રિત થયેલ તોફાની ટોળાઓને કાબૂ માં લેવા પોલીસને લાઠીચાર્જ કરવાની, ટીયરગેસના ૫૧ શેલ છોડવાની તથા ૬ રાઉન્ડ ગોળીબાર કરવાની ફરજ પડેલ હતી. આ કાર્યવાહીમાં ૧–ડી.વાય.એસ.પી, ૧–પોલીસ ઈન્સ્પેકટર, ૩–પોલીસ કોન્સ્ટેબલ તથા ૨–એસ.આર.પી. જવાનો મળી કુલ–૭ પોલીસ કર્મીઓને ઈજા પણ થયેલ હતી. પોલીસ કાર્યવાહી દરમ્યાન ૨૪ જેટલા તોફાની તત્વોને સ્થળ ઉપરથી જ પકડી પાડવામાં આવેલ હતા અને અન્ય ૧૩ વ્યકિતઓને ઓળખી કાઢવામાં આવેલ હતા.

સમગ્ર વિસ્તારમાં સુમેળભર્યા વાતાવરણની જાળવણી માટે અને વર્ગવિગ્રહ નિવારવા માટે સ્થાનિક વહીવટીતંત્ર, પોલીસ અધિકારીઓ અને સામાજિક આગેવાનો દ્વારા જુદા જુદા ગામોની મુલાકાત લઇને સમાજના તમામ વર્ગો સાથે બેઠકો યોજવામાં આવેલ છે, જેના પરિણામે તા. ૧૫/૦૮/૨૦૧૬ પછી સંપૂર્ણ શાંતિ પ્રવર્તી રહેલ છે. તકેદારી રૂપે, સંવેદનશીલ જણાતા વિસ્તારોમાં સ્થાનિક પોલીસ દ્વારા વ્યૂહાત્મક બંદોબસ્ત અને પેટ્રોલીંગ કરવામાં આવી રહેલ છે અને તેઓની મદદમાં અન્ય એકમોમાંથી ૨–પોલીસ અધીક્ષક, ૫–પોલીસ ઇન્સ્પેકટર, ૭–પોલીસ સબ ઈન્સ્પેકટર, ૧૦૦ હેડકોન્સ્ટેબલ તથા એસ.આર.પી.ની ૫ કંપનીઓ પણ ફાળવવામાં આવેલ છે.

સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સ્થાનિક અગ્રણીઓ તેમજ સમાજના તમામ વર્ગોના લોકો સાથે નિયમિત રીતે બેઠકો યોજવાની, અધિકારીઓ દ્વારા સંવેદનશીલ ગામો/વિસ્તારોની રૂબરૂ મુલાકાત લેવાની, લોક દરબારોનું આયોજન કરીને પ્રશ્નોના નિરાકરણ માટેના ઉપાયો હાથ ધરવાની, સામાજીક તત્વોને અંકુશ હેઠળ રાખવાની સઘન પ્રક્રિયા જરૂરીયાત પ્રમાણે ચાલુ રાખવામાં આવનાર છે.

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, રાજય સરકાર દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવેલ છે અને ભવિષ્યમાં શાંતિ અને સુમેળભર્યુ વાતાવરણ જળવાઇ રહે તે માટે આવશ્યક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખાડે ગઇ છે. એક વર્ષથી પાટીદાર આંદોલન ચાલે છે. એનો અવાજ દબાવી દેવાના અને કચડી નાખવાના તમામ પ્રયત્નો થયા. ઉના તાલુકાના રહ્યો ગામમાં દલિત યુવાનોને બેરહેમીથી મારવામાં આવ્યા, પોલીસની હાજરીમાં મારવામાં આવ્યા. એના વિરોધમાં સમગ્ર રાજયમાં દલિતોનો આક્રોશ ફાટી નીકળ્યો અને એના પરિણામે સમગ્ર ગુજરાતના દલિતો અમદાવાદમાં ભેગા થયા અને પોતાના સમાજ ઉપર

થયેલ અન્યાયને દૂર કરવા માટે, સરકારનું ધ્યાન દોરવા માટે અમદાવાદથી ઉના સુધીની દલિત અસ્મિતા રેલી કાઢવા માટે નક્કી કર્યું. રેલી નીકળી, પણ ૧૩, ૧૪ અને ૧૫મી ઓગષ્ટ એમ ત્રણ દિવસ સુધી આ રેલી ઉપર બેરહેમીથી હુમલાઓ થયા. આ રેલીને ઉના તાલુકાના નેસડા, સામતેર અને બોરીદડ એ ગામો પાસે એના ઉપર હુમલાઓ થયા. બાબરાથી ચલાલા પાસે હુમલાઓ થયા, અમરેલીથી ખાંભા વચ્ચે આ અસ્મિતા રેલી ઉપર હુમલા થયા. આ અસ્મિતા યાત્રાને પોલીસ દ્વારા કોઇ રક્ષણ આપવામાં આવ્યું ન હતું. જ્યાં રક્ષણ આપવામાં આવ્યું હશે ત્યાં સરકારી તંત્ર મૂક પ્રેક્ષક બનીને આ દલિતો ઉપર, આ અસ્મિતા યાત્રા ઉપર અત્યાચારો થતા હતા એ જોઇ રહ્યા. એના પરિણામે રહ્યો ગામે જે પરિસ્થિતિ ઉભી થઇ એના કારણે આખા ગુજરાત રાજ્યમાં દલિતોમાં આક્રોશ પેદા થયો, એની લાગણી વ્યક્ત કરવા માટે દલિત સમાજ એકઠો થયો અને એ લાગણી અને અવાજ દબાવી દેવા માટે સરકારનો •(×××) અને એના કારણે સરકારી તંત્ર ચૂપ રહ્યું. પરિણામે આ યાત્રીઓ ઉપર વારંવાર હુમલાઓ થયા. મારે તો કહેવું છે કે ભારતના વડાપ્રધાન એમ કહે કે કોઇ દલિતને મારતા નહીં, મને ગોળી મારો. દલિતોને બેરહેમીથી પીટવામાં આવે છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રીના સમયમાં પણ થાનગઢમાં ત્રણ ત્રણ દલિતોને ગોળીએ ભૂંજી દેવામાં આવ્યા છે. (અંતરાય) હજી એની તપાસ નથી થઇ. એના જવાબદારો સામે કોઇ પગલાં લેવામાં આવ્યાં નથી. રાજ્યનો દલિત સમાજ ભયભીત છે ત્યારે મારે આ સરકારને પૂછવું છે, મારે આ સરકાર પાસેથી જવાબ માગવો છે. મારા પ્રશ્નો છે, આ દલિતોના પ્રશ્નો છે. સમગ્ર ગુજરાતના દલિતો ભયભીત છે. સરકાર મૂક પ્રેક્ષક બનીને જોઇ રહી છે ત્યારે મારા પ્રશ્નો છે એ સાંભળો (અંતરાય) તમને બોલવાની છૂટ છે. પાટીદાર અનામત આંદોલનની જેમ દલિત અસ્મિતા યાત્રા ઉના સુધીની યોજાઇ તેની માહિતી સરકાર પાસે હતી છતાં આ બન્ને યાત્રાઓને પૂરતો પોલીસ બંદોબસ્ત શા માટે આપવામાં આવ્યો નથી. મારો બીજો પ્રશ્ન છે કે ૧૩, ૧૪ અને ૧૫ ઓગષ્ટ આ ત્રણ દિવસ દરમિયાન જિલ્લાના વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ બનાવના સ્થળે હોવા છતાં તેમની નિષ્કાળજીના કારણે આ બનાવ બનેલ છે તેવા જવાબદાર અધિકારીઓ સામે આ સરકારે શું પગલાં લીધાં અને આ બનાવની તપાસ હાઇકોર્ટના સિટીંગ જજના વડપણ હેઠળ સરકાર કરવા માગે છે કે કેમ? મારે આ પ્રશ્નોના જવાબ જોઇએ છે.

**અધ્યક્ષશ્રી :** રાઘવજીભાઇ, તમે પ્રશ્નના જવાબ જોઇએ છે એમ કહીને મને હુકમ કરી રહ્યા છો કે વિનંતી કરી રહ્યા છો?

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :** સાહેબ, વિનંતી કરી રહ્યો છું.

**અધ્યક્ષશ્રી :** તો ઠીક છે.

**શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ૧૧૬ના સંદર્ભમાં જે પ્રશ્નો પૂછ્યાં, મારી એમને વિનંતી છે કે એક વખત એમણે આ સભાગૃહની અંદર મારું વહેંચાયેલું નિવેદન વાંચ્યું હોત તો એમને આ પ્રમાણેની સમસ્યા ન રહેત. એમણે શરૂઆતમાં પાટીદાર આંદોલનની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, હું એમને કહેવા માગુ છું (અંતરાય ) કે છેલ્લા બે દિવસથી (અંતરાય)

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ તમારી વાત પૂરી થઇ. જરા હવે એમને સાંભળીએ.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આ આંદોલનને કોણે મદદ કરી, કોના દ્વારા પૈસા ચૂકવવામાં આવ્યા, કોણે કોરપોરેશનમાં ટિકિટો આપી, કોણે જિલ્લા પંચાયતમાં ટિકિટો આપી, આગામી વિધાનસભાની ટિકિટો પણ કોંગ્રેસ દ્વારા વહેંચવામાં આવી છે અને એના દ્વારા આ આંદોલનમાં ઉશ્કેરવામાં આવ્યા છે. આ સરકારને આંદોલન થાય એનો વાંધો નથી. પરંતુ આંદોલનના નામે સમાજને વહેંચવા માટેનો પ્રયાસ કર્યો છે એનો વાંધો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મતોની રાજનીતિ માટે સમાજના ભાગલા ક્યારેય ના પડાય. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે મૂળ પ્રશ્ન છે ૧૧મી તારીખે રહ્યો ખાતે જે બનાવ બન્યો એ બનાવના સંદર્ભમાં ૩૧મી તારીખે અમદાવાદમાં દલિત મહાસભાનું આયોજન થયું. ૫ મી તારીખે આ રેલી નીકળી અને ૫ મી તારીખથી ૧૪ મી તારીખ સુધી ૧૧ દિવસ સુધી સમગ્ર ગુજરાતમાં અમદાવાદથી શરૂ કરીને ઉના સુધી પહોંચી. આ ૧૧ દિવસ દરમ્યાન રાજ્યભરમાં ૬૦ જેટલા સ્થાનોએ નાની મોટી ગ્રૃપ મિટીંગના સંદર્ભમાં માઇક બાંધીને એના આગેવાનોએ, એના જવાબદાર લોકોએ ભાષણો કર્યા છે. આ રેલીએ ૧૧ દિવસ રાતવાસો કર્યો છે અને આ રાતવાસાની અંદર, ત્યાં સભાની અંદર કે આ ગ્રૃપ મિટીંગની અંદર એકપણ બનાવ બન્યો નથી. ૧૩મી તારીખે સામતેર નજીક જે હુમલો થયો એના સંદર્ભમાં અને ૧૪મી તારીખે ૩ બાઇકસવારો ઉપર હુમલો થયો આના કારણે રાજ્ય સરકારે ૧૩-૧૪ અને ૧૫ માં રેંજ આઇ.જી., એસ.પી. અને જવાબદાર અધિકારીઓના માધ્યમથી સમગ્ર ઉના પોલીસની હકુમત હેઠળ સંપૂર્ણ રીતે બંદોબસ્ત ગોઠવ્યો હતો. ૧૫મી તારીખે આ દલિત યાત્રામાંથી પરત થઇ ગયેલા લોકો હતા એના ઉપર હુમલો થયો એના માટે પણ રાજ્ય સરકારે પુરતાં પગલાં લીધાં હતા. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે વાત કરે છે એમને હું વાકેફ કરવા માગુ છું કે ૧૫ મી તારીખે આ તોફાની ટોળા કે જે રેલીમાંથી પરત આવતા લોકો ઉપર હુમલા કરતા હતા એને મદદ કરવા માટે રાજ્ય સરકારના પોલીસ તંત્રએ પોતાના જાનની ચિંતા કર્યા સિવાય કાયદો અને વ્યવસ્થાની નિમણૂક માટે જે કામ કર્યુ એના કારણે ૧ ડી.વાય.એસ.પી., ૧ પોલીસ ઇન્સ્પેક્ટર, ૩ પોલીસ કોન્સ્ટેબલ અને ૨ એસ.આર.પી.ના જવાનોને મળીને રાજ્ય સરકારના ૭ જેટલા પોલીસ કર્મચારીઓને ઇજા થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ તોફાની ટોળાને કાબૂ માં લેવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો છે, ૫૧ જેટલા ટિયરગેસના સેલ છોડવામાં આવ્યા છે અને ૬ જેટલા ગોળીબાર કરવામાં આવ્યા છે. દલિતોની રક્ષા કરવા માટે આ રાજ્ય સરકારે લીધેલા પગલા છે અને આ પોલીસ કાર્યવાહી દરમ્યાન જે તત્વો તોફાન કરતા હતા એવા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથીદૂર કરવામાં આવ્યા.

૨૪ જેટલા તોફાની તત્વોને સ્થળ ઉપરથી જ પકડી પાડવામાં આવ્યા છે અને અન્ય ૧૩ જણાને ઓળખી કાઢવામાં આવ્યા છે. આ ઘટના આટલેથી અટકતી નથી. ત્યારબાદ આ દરમ્યાન જે ઇજા પામ્યા હતા એ ઈજાગ્રસ્ત લોકોની સારવાર કરવામાં આવી અને જેમને ઈજા વધારે હતી એમની અમદાવાદ સિવિલ હોસ્પિટલની અંદર પણ સારવાર કરવામાં આવી. એટલે માનનીય સભ્યશ્રી દ્વારા જે મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો છે. એમાં ઉચ્ચ પોલીસ અધિકારી દ્વારા સમગ્ર વ્યવસ્થા, જરૂરી લો એન્ડ ઓર્ડર મેઇન્ટેન કરવા માટેના પગલા, તબિબિ સારવાર અને ત્યારબાદ એમને મળવાપાત્ર સહાય આ સંપૂર્ણ રાજ્ય સરકારે પૂરું પાડ્યું છે.

અધ્યક્ષશ્રી : શ્રી મહેશભાઇ પટેલ (અંતરાય )

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ન્યાયની તપાસની બાબતમાં એક શબ્દ પણ બોલ્યા નથી. (અંતરાય) એ બાબતે એક લીટી પણ બોલ્યા નથી.

અધ્યક્ષશ્રી : આવશે, આવશે. મહેશભાઇ પટેલ.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દલિતોની રેલીને રક્ષણ ન આપનાર, નિદોર્ષ લોકોને માર મારનારા અને ઘરોમાં ઘૂસી તોડફોડ કરનારા સામે સરકારે ક્યા પ્રકારના ગુના નોંધાયા છે, કેટલાની ધરપકડ કરી છે ?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, એ રેલીના આનુષાંગિક તેરમી તારીખથી શરૂ કરીને ૧૩,૧૪ અને ૧૫માં જુદા જુદા ૧૧ પ્રકારના ગુના નોંધવામાં આવ્યા છે અને એમાં ઈજાગ્રસ્ત અંગે ઊના પોલીસ સ્ટેશનમાં એક એફ.આઇ.આર. ૧૫૧/૧૬ થી પ્રફુલભાઇની ફરિયાદના સંદર્ભમાં ગુનો નોધ્યો છે. ૧૪-૮ના રોજ છગનભાઇની ફરિયાદથી એમના ઉપર થયેલા હુમલાના સંદર્ભમાં ગુનો નોધ્યો છે, એ પ્રમાણે મેં કહ્યું તેમ બોલેરો ગાડી ઉપર થયેલા હુમલાના સંદર્ભમાં ગુનો નોંધ્યો છે અને એ પ્રમાણે ૧૫-૮ના રોજ ઊના પોલીસ સ્ટેશનમાં ૧૫૮/૧૬થી દિનેશભાઇ અને એમના ઉપર જે હુમલા થયા હતા એમાં પણ ગુનો નોંધ્યો છે. આ પ્રમાણે જુદા જુદા હુમલાના સંદર્ભમાં જ્યારે જે માહિતી મળી અથવા જે ફરિયાદ નોંધાવવા આવ્યા એ તમામ લોકોની ફરિયાદો લઇ અને એના સંદર્ભમાં પોલીસ ડિપાર્ટમેન્ટે જરૂરી પુરતા એકશન લીધા છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી શૈલેષભાઇ.(અંતરાય) ભાઇ એમ જ કર્યા કરો, ગૃહ ગૃહની રીતે ચાલશે.(અંતરાય) જી, જી. શૈલેષભાઇ.(અંતરાય) ભાઇ, વચ્ચે વચ્ચે (અંતરાય) આપણે બેઠા બેઠા કોમેન્ટ, હું એ જ દિશામાં જઇ રહ્યો છું એટલે પછી કોઇએ કાંઇ બોલવાનું રહેતું નથી.(અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : અહીંયા બેઠા એટલે એને પહેલા જ ચાન્સ મળે, અહીંયા બેસીને નીચે બેઠા બેઠા, મંત્રી થયા હવે.

અધ્યક્ષશ્રી : અહીંયા બેઠેલા ત્યાં જઇને બદલાય અને ત્યાં બેઠેલા પણ અહીંયા આવીને બદલાતા હોય છે. ભવિષ્યમાં હું પણ કદાચ ન બદલાઉં એટલે જરા ધ્યાન રાખશો, બેસો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સાહેબ મંત્રી થયા એટલે એમણે ધ્યાન રાખવું પડે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : નહીં, નહીં સાહેબ. શક્તિસિંહજીએ એમની વાત પુરી કરી એટલે હું મારી વાત કરું સાહેબ, એક તો મેં ઉભા થઇને આપને કોઇ વિનંતી કરી નથી. મેં ખાલી બેઠા બેઠા આપને એટલી વિનંતી કરી..

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : બેઠા બેઠા ય ના કરો, હવે આપ મંત્રી છો, આપ મંત્રી છો. હવે આપને એવું ના કરાય.(અંતરાય)

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સાહેબ અમારા પક્ષને પણ તક આપજો અને શક્તિસિંહજી પોતાનું જ્ઞાન, પોતાની પાસે રાખે એવી મારી આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : ભાઇઓ, આપણે બધા માનનીય શક્તિસિંહને ઓળખીએ છીએ, એમણે પણ હાજરી પુરાવવી જોઇએ ને. શ્રી શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઊનાનો આ બનાવ, માનનીય પ્રદિપસિંહભાઇએ ખૂબ લંબાણપૂર્વક, ખૂબ સારો જવાબ આપ્યો. કારણ કે, સવાલ ત્યાં ઉપસ્થિત થાય છે કે ભારતીય જનતા પાર્ટી દ્વારા એક બાજુ ત્રિરંગા યાત્રા કાઢવામાં આવતી હોય અને બીજી બાજુ દલિત સમાજ ઊના ખાતે ત્રિરંગો લહેરાવવા જતો હોય અને એની પર અત્યાચાર કરવામાં આવ્યા, આ ક્યાં સુધી વાજબી છે, એ પૂછવા માગુ છું? માનનીય અધ્યક્ષશ્રી, મેં તો ગુજરાત વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવાની માગણી કરી હતી કે, દલિતો ઉપર થયેલા અત્યાચાર માટે ગુજરાત વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવું જોઇએ (અંતરાય)

અધ્યક્ષશ્રી : બે નક્કી કરી લો. બે જણા ભેગા મળીને નક્કી કરી લો કે, કયું સત્ર બોલાવવું છે ? એટલે પછી આપણે આગળ વધીએ. જી, શૈલેષભાઇ આગળ વધો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધયક્ષશ્રી, આ કાગળ પણ મારી પાસે છે જે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, આ સત્ર ચાલુ હોવાના કારણે વિશેષ સત્ર બોલાવી શકતા નથી. મને એમ હતું કે, કદાચ દલિત સમાજ ઉપર આટલો મોટો અત્યાચાર થયો છે તો ભલે એ વિશેષ સત્ર ના બોલાવે, પણ એકાદ દિવસ કદાચ આના માટે ચર્ચા પણ રાખશે, કોઇક એવો પ્રસ્તાવ લાવશે, આ ખોટું થઇ ગયું તેમાં સરકાર કોઇ જવાબ આપશે. પણ આ રીતનો બનાવ બન્યો નહીં. હું જયારે આ વાત કરી રહ્યો છું ત્યારે અમારી કામકાજ સલાહકાર સમિતિની મિટિંગ હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, સંસદીય કાર્યાલયના મંત્રીશ્રીઓ અને બધા હાજર હતા. એના ભાગરૂપે મારો ૧૦૧નો પ્રસ્તાવ હતો અને એના માટે એવું નકકી થયું કે ૧૧૬ની અંદર આપ આની ચર્ચા કરી શકશો અને માનનીય કાર્યકારી અધ્યક્ષશ્રી પરબતભાઇ પટેલ સાહેબ પણ એમાં હાજર હતા અને એમાં

નકકી કર્યું એના ભાગરૂપે હું આ વાત કરી રહ્યો છું. આ સવાલ ત્યાં ઉત્પન્ન થાય છે કે ઉનાનો બનાવ બન્યો કેમ? વર્ષોથી, અંગ્રેજોના જમાનાથી ચાલતો જેમનો કામધંધો હતો એના ભાગરૂપે કોઇકે ફોન કર્યો, એ વ્યકિતઓ લેવા ગયા ત્યારે એની ઉપર હુમલો થયો. એની સી.ડી. એક નહીં (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ બેસો, હું વાત કરું છું. રાઘવજીભાઇ, પ્લીઝ, બધા મિત્રોને મારી વિનંતી છે બેસો પછી વાત કરું. પૂંજાભાઇ, બેસો. પૂંજાભાઇ, મને વાત કરવા દો. જયારે માનનીય શૈલેષભાઇ પરમાર બોલતા હોય ત્યારે શૈલેષભાઇ, એક દલિત સમાજનો દીકરો જેને પરંપરામાં આ સમાજની લાગણી એના હૈયે રહેલી છે ત્યારે એની સંપૂર્ણ વાત સાંભળવી મારે જરૂરી છે અને જયારે હું એમની વાત ધ્યાનથી સાંભળતો હોઉં ત્યારે અન્ય કોઇ ડિસ્ટર્બ ન કરે, કોઇ બીજી વાત ન કરે એવી બધા જ મિત્રોને મારી વિનંતી છે કારણ કે સભ્ય જે બોલે છે એની લાગણી પણ એના માટે હોય તે સ્વાભાવિક છે. મારું ધ્યાન એ બાજુ નથી. મારું ધ્યાન માત્ર શૈલેષભાઇ બાજુ છે એટલા માટે કોઇના માટે હું કશું કહી શકું તેમ નથી. પ્લીઝ, મિત્રો બેસો, શકિતસિંહ, બેસો. મને એવું લાગે છે પ્લીઝ, આ દલિત સમાજનો દીકરો વિદ્વાન ધારાસભ્ય શૈલેષભાઇ બોલતા હોય ત્યારે તમે એમને પણ બોલવા દેવા માગતા નથી? એક દલિત સમાજના ધારાસભ્યને તમે આ ગૃહમાં બોલવા દેતા નથી. (અંતરાય) એ વાત પછી. પહેલા માનનીય ધારાસભ્યશ્રીને હું સાંભળવા માગું છું અને મારી એ વ્યવસ્થા છે, હું એમ સમજીને ચાલુ છું કે તમે દલિત ધારાસભ્યને પણ, તમારા પક્ષના ધારાસભ્યને બોલવા દેતા નથી, આ બાબત મારા માટે ગંભીર છે, એટલે મહેરબાની કરીને બેસો. ધારાસભ્યશ્રીને બોલવા દો, એમની વાત મને શાંતિથી સાંભળવા દો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું ડો. બાબાસાહેબે આપેલું બંધારણ, એ બંધારણના ભાગરૂપે જે અનામતની જોગવાઇ કરી અને અનામતની જોગવાઇના ભાગરૂપે હું અનુસૂચિત જાતિ સમાજમાંથી આવું છું. જેને અનામત મળી એ અનામતના ભાગરૂપે હું મારી ફરજ અદા કરવા માટે બોલી રહ્યો છું. બેઠા બેઠા કોમેન્ટ કરવી છે, કોમેન્ટ કરવી બહુ ઇઝી છે જો સાચે દલિતોની લાગણી હોય તો વગર સિકયોરીટીએ સમઢિયાળા જાવ તમને ખબર પડી જશે. દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે. આ બનાવ કેમ બન્યો? એવું શું કારણ હતું? આવું વાઇરલ કેમ થયું? અને સરકાર એમ સમજતી હોય કે ચાર-પાંચ વ્યકિતઓને માર્યા, એનો વિડિયો વાઇરલ થયો.

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ એક મિનિટ. આપ સારી વાત કરી રહ્યા છો. લંબાણથી વાત કરી રહ્યા છો. જરૂરી પણ છે. અને એ પ્રમાણેનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપવો પડશે એ વિષયને ધ્યાનમાં રાખીને વાત મૂકશો તો વધારે સારું રહેશે.

શ્રી શૈલેષ મ. પરમાર : જી. સાહેબ. હું રાજકીય વાત કરવા નથી માગતો. સમાજ ઉપર પડેલા અત્યાચારની વાત કરવા માગું છું. બનાવ થયો એના કારણોસર સમગ્ર ગુજરાતની અંદર દલિત સમાજ રેલીઓ, આક્રોશ સાથે આવેદન પત્ર આપવા રોડ ઉપર આવી ગયો. તે વખતના મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રીની એક વાત ખૂબ પસંદ આવી. એમણે કહ્યું હતું કે જ્યારે વિપક્ષનો કોઇ સભ્ય સરકારની ટીકા કરતો હોય, સરકારની કોઇ ત્રુટિ કે કોઇ ખામી કાઢતો હોય તો અમારા માટે ખૂબ જરૂરી છે. અમે કયાં ખોટા છીએ, અમે કયા કાચા છીએ એ વાત માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને હાલના વડાપ્રધાનશ્રીએ કરી હતી. એના ભાગ રૂપે હું કહી રહ્યો છું. આ બનાવ જેના કારણે ગુજરાતનો દલિત સમાજ આજે રોડ ઉપર આવી ગયો અને જેના ભાગરૂપે સરકાર એમ માનતી હોય કે કેમ થયું તો ૧૪-૧૪ વર્ષના ભાજપના વહીવટમાં દલિત સમાજ ઉપર થયેલ અન્યાયના ભૂકંપનું કેન્દ્ર આ ઉનાનું રહ્યો ગામ થયેલ છે. ભૂતકાળમાં થાનગઢની અંદર દલિતો ઉપર ફાયરિંગ કરવામાં આવ્યું. ૧૮ વર્ષનો નાનો દીકરો, ૧૬ વર્ષનો, ૧૫ વર્ષનો દીકરો જેના ઉપર ફાયરિંગ થયું. આજે એ લોકો ઉપવાસ ઉપર બેઠેલા છે. એમની સી.બી.આઇ. ની માગણી છે. સરકાર સી.બી.આઇ.ની માગણી કેમ સ્વીકારતી નથી. એ માનનીય મુખ્યમંત્રીશ્રી મને કહે. ૧૮-૧૮ દિવસથી એ થાનગઢના પીડિતો બેઠેલા છે. હું એમની મુલાકાતે ગયો છું.

અધ્યક્ષશ્રી : બે વાત મિક્સ ન કરો અને ઉના ઉપર આવી જાવ. પ્લીઝ.

શ્રી શૈલેષ મ. પરમાર : મેં મંજૂરી લીધેલી છે. મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં, ડેપ્યુટી મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં, પરબતભાઇ પટેલ કાર્યકારી અધ્યક્ષની હાજરીમાં કે મારા મુદા ૧૦૧ નહિ લો, તો આ ચર્ચા મારે લાંબી કરવી પડશે. મારી ૧૦૧ લેવાની છે. એમણે સ્વીકાર્યુ હતું.

અધ્યક્ષશ્રી : એમણે સ્વીકાર્યુ અને એમણે મને કહ્યું છે અને તમારો હક્ક અને અધિકાર છે. તમે બોલો વાંધો નથી. ઉનાની ઘટના ચાલે છે, એટલે ઉના ઉપર ફોકસ કરશો તો વધારે સારું રહેશે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ બંને દલિતોની વાત છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ વાત સાચી છે, પણ છેલ્લા દિવસના પ્રસ્તાવમાં થોડો સમય વધારે લેશો એવી વાત થઇ હતી. ૧૧૬ માં નહિ. વધારે સમયની વાત સાચી છે. શૈલેષભાઇની વધારે સમયની વાત સાચી છે, પણ છેલ્લા દિવસના પ્રસ્તાવમાં, ૧૦૨ ના પ્રસ્તાવમાં તમને થોડો વધારે સમય આપીશું એમ કહ્યું હતું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ના, ના. એવી વાત નથી થઇ. ટ્રેઝરી બેન્ચ ઉપર બેસીને આપ એવું બોલશો. હું પણ હતો એની અંદર. આપણે નક્કી થયું છે. તમે બોલજો.(અંતરાય) નહિ, નહિ, બિલકુલ આવું નક્કી થયેલ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ૧૧૬ માં મર્યાદિત સમય હોય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ના, ના. છેલ્લા દિવસના પ્રસ્તાવમાં ટાઇમ ફિક્સ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અને ૧૦૨ માં એમને વધારે સમય આપીશું એવી ચોખ્ખી વાત થઇ હતી.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (મુખ્યમંત્રીશ્રી): કામકાજ સલાહકાર સમિતિમાં અમે બધા બેઠા હતા. શૈલેષભાઈની ૧૦૧ મુજબની નોટિસ હતી, એમાં અડધી કલાક આપવાનો એક સમયે અમે લોકો હા પાડવાની દિશામાં તૈયાર થયા હતા તે બલવંતસિંહ તમે જાણો છો. પછી જ્યારે ૧૦૨ મુજબની વાતમાં સેઇમ વિષય આવ્યો, એટલે શૈલેષભાઇને વિનંતી કરી કે સર્વાનુમતે કરવું હોય તો તમે ૧૦૨ ચાલુ રાખો. ૧૦૧નો આ વિષય એમાં આવી જશે. એટલે એમાં તમે બોલજો. અમે પણ કહીશું કે શૈલેષભાઇને ૧૦૧ પાછી ખેંચી છે માટે એમને બોલવા વિશેષ આપે, પણ ૧૦૨ માં. આમ આ વાત ક્લિયર હતી.

અધ્યક્ષશ્રી : ગૃહના નેતાશ્રીએ,પ્લીઝ. તમારી ત્યાંની જે પણ માનનીય મંત્રીશ્રી, પ્લીઝ, મારી માત્ર વિનંતી એટલી છે કે ઉનાની ઘટનાને સંવેદનશીલતા સાથે તમે લીધી છે, ત્યારે આદરણીય શૈલેષભાઇને ભલે પાંચ મિનિટ એ વિષયને ધ્યાનમાં રાખીને. પહેલા રાઘવજીભાઇ અને મહેશભાઇ બોલ્યા એમાં વાંધો ન હોઇ શકે. પરંતુ પહેલેથી શૈલેષભાઇએ શરૂઆત કરી હોત તો વધારે સારું રહેત, હું આપ સર્વેને વિનંતી કરું છું કે શૈલેષભાઇને આપણે એલાઉ કરીએ અને એમની વાત કરવા દઇએ. આપ જે કહી રહ્યા છો એનું સમર્થન કર્યુ છે.

શ્રી શૈલેષભાઇ પરમારઃ માનનીય અધ્યક્ષશ્રી, દલિતની ચર્ચા હોય, અત્યાચાર થયો ત્યારે સરકારે પહેલ કરવી જોઇએ. અમે કંઇક કહીશું તો અમે તે સમાજમાંથી આવીએ છીએ. તે સમાજ ઉપર વીતી છે, જે સમાજ આજે રોડ ઉપર આવી ગયો છે, તેને પૈસાની જરૂર નથી. તે સમાજે આંદોલન કર્યા, એક હુંકાર કર્યો અને લોકો રોડ ઉપર આવી ગયા તે સમાજની હું વાત કરી રહ્યો છું. તે સમાજની લાગણી હું આ સભાગૃહ સમક્ષ મૂકી રહ્યો છું. તે વ્યક્તિઓનો ધંધો હતો અને તેને મારવામાં આવ્યા. સરકાર આજે જવાબ આપી રહી છે કે અમે આટલી આટલી ધરપકડ કરી. માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ દિવસ પહેલાંનો બનાવ છે. તે રાજુલા તાલુકાનું માંડણ ગામ છે. ત્યાં કોઇનો ફોન આવ્યો, તે લોકોને કહેવામાં આવ્યું કે આ મરેલા ઢોર તમે ઉપાડો, તે લોકોએ ના ઉપાડયા. સરપંચ અને ત્યાંના લોકલ લોકો દ્વારા તે લોકોને માર મારવામાં આવ્યો. આ બનાવ રોજના થઇ ગયા છે. ઉનાનો બનાવ તો ટીવીમાં આવ્યો એટલે જાહેર થયો અને લોકોના ધ્યાનમાં આવ્યો. આના પહેલાં રાજુલામાં બનાવ બન્યો હતો. મારી પાસે તેના વિડીયો છે અને તે હું બતાવવા તૈયાર છું. આવા તો ચાર-પાંચ વિડીયો મારી પાસે છે. દલિત સમાજ ઉપર આ રીતે જે લોકો કામ કરતા હોય તેની ઉપર જુલમ કરવામાં આવ્યા છે. હું થાનગઢની વાત કરતો હતો. મારી કોઇ રાજકીય વાત નથી. જયારે થાનગઢવાળા ઉપવાસ પર બેઠેલા હતા ત્યારે મારા મધરનું અવસાન થયું હોવાના કારણે હું ત્યાં જઇ શક્યો ન હતો. ઘરમાંથી જયારે બહાર નીકળવાનું ચાલુ કર્યુ ત્યારે મંગળવારે મેં તે લોકોની મુલાકાત કરી. મુલાકાત કરીને તેમની વ્યથા મેં સાંભળી. ત્યારે તેમને એમ થયેલ કે અમને કોઇ મળવા નથી આવ્યું. હું મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. હું તેમને મળવા ગયો. મારી સાથે મણીભાઇ વાઘેલા હતા. તેમણે અમારી વાત સાંભળી. હું આત્મારામભાઇ પરમારને મળ્યો. મુખ્યમંત્રીશ્રીએ પ્રદિપસિંહ જાડેજા સાહેબને સૂચના આપી કે શૈલેષભાઇ થાનગઢના મુદ્દા પર આવ્યા છે તો આપ તેમની સાથે ચર્ચા કરો. ચર્ચા થયા પછી સમાધાન થયું. સમાધાનની અંદર જે લોકો પર અત્યાચાર થયો છે તે પીડિતો એમ કહી રહ્યા છે કે અમે સમાધાન નથી કર્યુ. તે પીડિતો એમ કહી રહ્યા છે કે અમને પરાણે લીંબુંનું પાણી પીવડાવવામાં આવ્યું હતું. અમે કોઇ જગ્યાએ સંમત થયા નથી. મારે પૂછવું છે, એક દલિતના દીકરા તરીકે અનામત સીટ ઉપર જીતીને આવું છું, મારી ફરજના ભાગરૂપે માનનીય મુખ્યમંત્રીશ્રી આમાં જવાબ આપીને કહે કે થાનગઢમાં રીયલ શું બન્યું હતું? બીજું ધોળકામાં જયારે આંદોલન થયું અને તેમાં એક દલિત મહિલાને મારવામાં આવી હતી. કલીકુંડ હોસ્પિટલમાં તેને લઇ ગયા હતા ત્યારે મેં ભુપેન્દ્રસિંહ બાપુ સાથે વાત કરી હતી. તેને સહાય આપવામાં આવે અને જે કેસો કરવામાં આવ્યા છે તે પાછા ખેંચવામાં આવે. હું એટલા માટે કહું છું. આ મારી વ્યથા છે. માગણીઓ છે તે માનનીય મુખ્યમંત્રીશ્રી આપ સાંભળો. ગુજરાતની અંદર છેલ્લા ૧૪ વર્ષની અંદર ૧૫૧૪૬ અલગ અલગ બનાવો બન્યા છે. તેના ભાગરૂપે કહીએ તો ગુજરાતની અંદર દરરોજના ૩ બનાવો દલિત સમાજ ઉપર બને છે. આ સરકાર માટે ચિંતાનો વિષય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આપ રાજકોટમાં એમ કહો કે આ સરકાર સંવેદનશીલ સરકાર છે. તો સંવેદનશીલ થવા માટે સમરસતાની જરૂર છે. મને અપેક્ષા હતી, મને આશા હતી કે મોટા રહ્યો ખાતે બનેલ બનાવ પછી આપે જે રીતે મહાત્મા ગાંધીજીને, સરદાર વલ્લભભાઇ પટેલને અને ડો.બાબાસાહેબ આંબેડકરને ફૂલની અંજલિ આપી. હું વ્યક્તિગત એવું માનું છું અને આપે બાબા સાહેબને ફૂલોથી અંજલિ આપી, મુખ્યમંત્રી બન્યા પછી આપ મોટા રહ્યો ગયા હોત અને તે દલિત પરિવારને મળ્યા હોત તો એને એમ થાત કે અમારો કોઇ હમદર્દ અમારી પાસે આવ્યો છે. હું એટલા માટે કહું છું કે આ પીડા છે, લાગણી છે. હું લાંબી રાજકીય વાત નહીં કરું. મારે એટલું ચોકકસ કહેવું છે કે દલિતો ઉપર થતા અત્યાચાર બાબતમાં સરકાર ગંભીરતાથી વિચારે. કારણકે ભૂતકાળ બહુ ખરાબ છે. જયારે જયારે દલિતો રોડ ઉપર આવ્યા છે, દલિતોએ આંદોલન કર્યા છે ત્યારે સરકારો બદલાઇ ગઇ છે. પાટીદાર આંદોલન થયું તે ભૂકંપનું એપીસેન્ટર હોઇ શકે છે. દલિત આંદોલન થયું અને ગુજરાતના મુખ્યમંત્રી બદલવાનો વારો આવ્યો. આ પરિસ્થિતિ દલિત સમાજ કરી શકે છે. માટે મારી માગણી છે કે ઉનાની અંદર મોટા રહ્યો ગામની અંદર જે બનાવ બન્યો તે બનાવમાં પોલીસ દ્વારા સી.આઇ.ડી.ની તપાસ આપવામાં આવી છે. થાનગઢમાં પણ સી.આઇ.ડી.ની તપાસ આપવામાં આવી હતી. મારી એક માગણી છે કે, હાઇકોર્ટના જજ દ્વારા આ મોટા સમઢિયાળા ગામના બનાવની તપાસ થવી જોઇએ મારા સમાજ વતી આ માગણી છે. એવી જ રીતે મરેલા ઢોર ઉપાડવાની વાત છે એમાં દલિત સમાજે ઠરાવ કર્યો છે કે મરેલા ઢોર અમે નહીં ઉપાડીએ, અમે ગટરમાં નહીં ઉતરીએ, માથે મેલું નહીં ઉપાડીએ તો જે લોકો મરેલા ઢોર નથી ઉપાડવા માગતા એના ઉપર સરપંચ હોય કે બીજો ગામનો કોઇ વ્યક્તિ ફોર્સ કરે છે. તો મારી સરકારને વિનંતી છે કે જો એને આ કામ કરાવવા માટે મારવામાં આવે તો કાયદાના ભાગરૂપે એની ઉપર પાસા કરવામાં આવે એવી મારી માગણી છે. અને જે લોકો આ ધંધો

કરે છે જેની રોજી રોટી છીનવાઇ ગઇ છે એને સરકાર દ્વારા રોજી માટે કોઇ ઉદ્યોગ માટે નાની મોટી લોન આપવામાં આવે અથવા એને કોઇ જમીન આપવામાં આવે એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, થાનગઢમાં એ લોકોની માગણી છે, આપ મુખ્યમંત્રી બન્યા પછી આપે ખૂબ સારી વાત કરી હતી અને મને પણ ગમ્યું હતું કે આપ પોઝિટિવ છો. માનનીય આત્મારામભાઇ સાથે પણ ચર્ચા કરી હતી અને માનનીય અધ્યક્ષસાહેબ હું આપની ઘરે આવ્યો હતો અને આપની સમક્ષ પણ મેં ચર્ચા કરી હતી કે એમની સી.બી.આઇ.ની માગણી છે, આ સી.બી.આઇ.ની તપાસ કરવાની માગણી એમની પોતાની છે કારણ કે સરકારે તપાસ આપી સીટની રચના કરી પણ એ પહેલા જે પોલીસ અધિકારીઓની કમિટીની રચના થઇ હતી એ લોકોએ સી–સમરી ભરી ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ગુજરાત વિધાનસભાના નિયમોથી ચાલતી આ વિધાનસભા જેની કમિટીઓ બને છે એમાંની ગુજરાત વિધાનસભાના સભ્યોની અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની કમિટી છે એમાં ઠરાવ થયો કે સરકાર દ્વારા જે સી–સમરી ભરવામાં આવી છે એ સી–સમરી કોઇ પણ સંજોગોમાં સરકાર ભરે નહીં અને પાછી ખેંચે અમારી કમિટીનો સર્વાનુમતે ઠરાવ થાય તેમ છતાં પણ સરકાર થાનગઢના કેસમાં સી–સમરી ભરીને કોર્ટમાં રજૂ કરે છે તો કમિટીનો મતલબ શું? મારે દુઃખ સાથે કહેવું પડે છે આ તો ૧૮ દિવસથી આમરણાંત ઉપવાસ ઉપર એ લોકો બેઠેલા છે અને સરકારને એમ લાગ્યું કે કંઇક ખોટું થયું છે એટલે સરકાર જાગી છે અને હું કહું છું કે સરકાર હજુ પણ જાગે અને એમને ન્યાય અપાવે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત છે કે સજાનું જે પ્રમાણ છે એ ખૂબ જ ઓછું છે અને કોઇ પણ કેસનો નિકાલ આવતો નથી અને ૮૭ ટકા કેસો આજે પણ પેન્ડીંગ છે ફક્ત અઢી ટકા કેસોમાં જ ન્યાય મળે છે. સરકાર વાતો તો ઘણી કરે છે અને ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી તો આપ ઉજવો છો પણ એના ભાગરૂપે સ્પેશિયલ કોર્ટો રચવી જોઇએ અને એ કોર્ટના માધ્યમથી આ કેસોનો તાત્કાલિક નિકાલ લાવવો જોઇએ. આજે આપ બિલ લાવવાનો છો પંચાયત અને મહાનગરપાલિકાનું એ અધિકારીઓ ઉપર ભારણ બહુ રહે છે ત્યારે રીટાયર અધિકારીઓની પણ આમાં નિમણૂક કરવી જોઇએ કે જેથી આ ગેરલાયક ઠરેલા નગરપાલિકાના કે મહાનગરપાલિકાના જે સભ્યો હોય એની સામે પગલા ભરી શકે. એજ રીતે સ્પેશિયલ કોર્ટ રચવી જોઇએ આ મારી સ્પષ્ટપણે માગણી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, માત્ર તમારી જાણકારી માટે અને ગૃહના ઘણાં બધા સભ્યો જાણે છે તેમ ઉના અને થાનગઢ બંને ઘટનાની અંદર રાજય સરકારે સ્પેશિયલ ડેજીગ્નેટેડ કોર્ટની વાત કરી છે. પરંતુ સ્પેશિયલ ડેજીગ્નેટેડ કોર્ટ આપવાનું સરકારના પર્વ્યુમાં નથી એના માટે ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસે આ અંગેનો નિર્ણય કરવાનો છે સરકારે એના માટેની વિનંતી કરી છે અને હાઇકોર્ટ એ વાત સ્વીકારે એવી આપણે બધા આશા રાખીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આ દલિત સમાજની મેં જે મારી રજૂઆતો કરી અને મારી લાગણી રજૂ કરી છે એમાં સરકાર વિચારે અને સરકાર આમાં યોગ્ય પગલા લે એવી મારી માગણી છે કારણ કે, ૧૫૮૯ ગામોમાં આભડછેટ થયેલી હોય જેનો સેપ્ટનો રીપોર્ટ છે એ સેપ્ટનો રીપોર્ટ સરકાર દ્વારા આ હાઉસમાં રજૂ થયો નથી. થાનગઢનો રીપોર્ટ છે સંજયપ્રસાદજીનો એ પણ આ હાઉસમાં રજૂ થતો નથી અને કોંગ્રેસે આક્ષેપ કર્યો હોય કે ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧ લાખ કરોડ રૂપિયાનું કૌભાંડ કર્યું છે તો એમની સામે કમિટી બને અને ૬ મહિનામાં એનો રીપોર્ટ રજૂ થઇ જતો હોય ત્યારે મને સમજાતું નથી કે રાજકારણ કોની સામે કરી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી અને માગણી સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે આગ્રહ રાખું છું કે દલિતો પરના અત્યાચાર માટેનો તેઓ પોતે જવાબ આપે તેવી વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (ગૃહ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇએ ઘણા પ્રશ્નો પુછ્યા છે પણ એમણે થાનગઢની વાત કરી, મારે થાનગઢની વાતના સંદર્ભમાં કહેવું છે. આ મુખ્યમંત્રીશ્રીએ મુખ્યમંત્રી બન્યા બાદ થાનગઢના સંદર્ભમાં કેટલાક ઉપવાસીઓ ગાંધીનગરમાં ઉપવાસ ઉપર બેઠાં હતા. એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ મને, માનનીય અધ્યક્ષશ્રી એ વખતે આપ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી હતા, આપને, માનનીય આત્મારામભાઇને અને શંભુપ્રસાદ ટૂંડિયાને બોલાવ્યા અને બોલાવીને એમણે કહ્યું કે જો આ પ્રશ્નની અંદર કંઇક કાચું કપાયું હોય અને દલિતોને અન્યાય થયો હોય તો આવી કોઇ પ્રક્રિયા આપણે ચલાવવી નથી. એના આધાર ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રીએ દલિતો ઉપર થયેલી આ વાતને લઇને સંવેદનશીલતા દાખવીને એ ઉપવાસીઓ અને એ આગેવાનો સાથે વાટાઘાટો કરાવી અને એ વાટાઘાટોને કારણે એમની જે માગણીઓ હતી એ બધી જ માગણીઓ પૂર્ણ થઇ છે એવું નથી કહેતો, પરંતુ એમની જે માગણીઓ હતી એ માગણીઓમાં માગણી નંબર–૧, સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમની નિમણૂંક કરવી. જેના ઓર્ડર થઇ ગયા છે. માગણી નંબર–૨, સ્પેશ્યલ ડેઝીગ્નેટેડ કોર્ટના માધ્યમથી આ કેસ ચાલે, જેના માટે સરકાર દ્વારા નામદાર હાઇકોર્ટને આ કેસ સ્પેશ્યલ ડેઝીગ્નેટેડ કોર્ટમાં ચાલે એના માટેની લાગણી વ્યકત કરી છે. માગણી નંબર–૩, એના માટે એમને કાનૂની સહાય મળી રહે એટલા માટે સ્પેશ્યલ પબ્લિક પ્રોસીક્યુટર આપવા અને આ સ્પેશ્યલ પબ્લિક પ્રોસીક્યુટર આપવા માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ અને ગૃહ વિભાગના અધિકારીઓ જે સારામાં સારા સ્પેશ્યલ પબ્લિક પ્રોસીક્યુટર હશે એ આપશે, આનાથી ઉપર અગાઉની એમને સહાય મળેલી છે છતાં મુખ્યમંત્રી સહાયમાંથી આ મૃતક પરિવારને દરેકને વધારાના બે લાખ રૂપિયા આપ્યા છે. આ ઉપરાંત ૨૧મી જુલાઇના રોજ આ મૃતક પરિવારોને એકને ચાર એકર એમ ત્રણેયને બાર એકર જમીન આપવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. માનનીય શૈલેષભાઇ દલિતોના પ્રશ્ને આ સરકાર સંવેદનશીલ છે અને આટલા જુના પ્રશ્નની અંદર માનનીય વિજયભાઇ રૂપાણીએ સંવેદના દાખવીને અમે

જ્યારે એમની પાસે ગયા કે આટલા મુદ્દાઓ એમણે કરવા જોઇએ ત્યારે મુખ્યમંત્રી તરીકે અને ભારતીય જનતા પાર્ટીની સરકાર તરીકે એમણે તરત જ હકારાત્મક અભિગમ આપીને ગમે તેમ કરીને થાનગઢના દલિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

એમણે બીજો વિષય કહ્યો સમઢિયાળાની ઘટના અંગે. સમઢિયાળાની ઘટના એ અત્યંત દુઃખદ ઘટના છે. ગુજરાત જેવા રાજયની અંદર આ પ્રમાણેની ઘટના કોઇપણ હિસાબે પોષાય નહિ અને ગુજરાતની અંદર "સૌનો સાથ સૌનો વિકાસ " એના આધાર ઉપર તમામ લોકોની રક્ષા, સુરક્ષા કરવી એ ગુજરાત સરકારની જવાબદારી છે. પરંતુ જ્યારે એમણે ઉલ્લેખ કર્યો છે ત્યારે હું એવું ચોક્કસ કહેવા માગું છું કે અગિયારમી તારીખે જે આ ઘટના બની અને આ ઘટનાની ૭-૩૦ વાગ્યે ફરિયાદી દ્વારા ફરિયાદ કરવામાં આવી કે તરત જ એના એસ.સી. એસ.ટી.ના જે ડી.વાય.એસ. પી. હતા એમને આ તપાસ સોંપવામાં આવી અને સાથે સાથે એકબાજુ ડી.વાય.એસ.પી.ને તપાસ સોંપાય છે અને બીજીબાજુ પાંચ વત્તા પાંચ એટલે દસ એસ.આર.પી. જવાનો એમના ઘર તરફ એમના રક્ષણ માટે મોકલવામાં આવે છે. બારમી તારીખે લોકલ પોલીસે આ ગુના સાથે સંકળાયેલા પાંચ આરોપીઓની ધરપકડ કરી અને ધરપકડમાં એમણે આ અત્યાચારના જે સાધનો વાપર્યા હતા એ તમામ સાધનો કબજે કર્યા. તેરમી તારીખે એસ.પી., એસ.ડી.એમ., મામલતદાર અને નિયામક, અનુસૂચિત જાતિ આ બધા જ લોકોએ સ્થળ ઉપર મુલાકાત લીધી. ચૌદમી તારીખે પ્રાથમિકપણે એવું લાગ્યું કે આમાં પોલીસે ક્યાંક નિષ્કાળજી અને બેદરકારી દાખવી છે તો એ નિષ્કાળજી અને બેદરકારી બદલ એક પી.આઇ., એક મહિલા એ.એસ.આઇ. અને બે હેડ કોન્સ્ટેબલને ફરજ મોકૂફ કરવામાં આવ્યા, દલિતોની સુરક્ષા અંગે વિશિષ્ટ બંધારણીય જોગવાઇને કારણે એમને જે સહાય મળવાપાત્ર છે જેમાં પ્રતિ વ્યકિત ૪ લાખ, તેનો પ્રથમ હપ્તો ૨૫ ટકા લેખે ૧ લાખની સહાય જે ૭ વ્યક્તિઓ હતા તે સાતે સાતને આપવામાં આવી. આ ઘટનામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા લોકોએ સંવેદનાપૂર્ણ ૧૪મી તારીખે ત્યાં જવાવાળા સૌથી પહેલા કોઇ હોય તો એ ભારતીય જનતા પાર્ટીના જશાભાઇ બારડ, જેઠાભાઇ સોલંકી, શંભુપ્રસાદ ટૂંડીયા, કે.સી.રાઠોડ, ઉના કલેકટર ગીર સોમનાથ આ બધા જ લોકોએ ૧૪મી તારીખે સ્થળ ઉપર મુલાકાત લીધી. ૧૬મી તારીખે આ તપાસ અન્વયે બીજા વધારાના બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી. તેમ ૯ વત્તા ૫ વત્તા ૨ આ પ્રમાણે અત્યાર સુધીમાં ધરપકડો થઇ તેના ઉપરાંત ૨૦મી તારીખે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી તરીકે માનનીય અધ્યક્ષશ્રી આપના દ્વારા જશાભાઇ અને જેઠાભાઇ તે બધા જ સંયુકત રીતે આ ગામની મુલાકાત લીધી. આપના દ્વારા નિર્ણય લેવામાં આવ્યો કે આ તપાસ સી.આઇ.ડી.ક્રાઇમને સોંપવી જોઇએ. અને સી.આઇ.ડી.ક્રાઇમને તપાસ સોંપી અને તેણે તપાસ દરમિયાન સ્પષ્ટ થયેલ હકીકતોના આધાર ઉપર ૩૯૭, ૩૫૫,૩૫૪,૧૨૦ ડી, ૨૦૧ તથા એટ્રોસિટીની જે જુદી જુદી સેકસન છે તેનો ઉમેરો કર્યો અને કેસની મજબૂત રીતે તપાસ થાય તેના માટે આ પોલીસ તંત્ર દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યા. માત્ર ડી.વાય.એસ.પી.કક્ષાનું સુપરવિઝન નહીં પરંતુ રાજયના આઇ.પી.એસ.અને આઇ.જી.પી.ક્રાઇમ દ્વારા સમગ્ર તપાસનું સુપરવિઝન કરવામાં આવ્યું. ૧૬ આરોપીઓ ઉપરાંત બીજા ૨૦ એમ આ ગુન્હાની અંદર કુલ ૩૬ જેટલા આરોપીઓને પકડીને જેલના હવાલે કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે આ પ્રમાણેના કેસમાં આપણને ચિંતા થાય છે. આપણી ચિંતા એ હોય છે કે, આરોપી કયાંક કાયદાનો લાભ લઇને છૂટી ના જાય. આ કેસ મજબૂત બને એટલા માટે દસ સાક્ષીઓના મેજીસ્ટ્રેટ સમક્ષ સી.આર.પી.સી.૧૬૪ મુજબ નિવેદન લીધા છે. અને આપે ત્યાં ગયા પછી સામાજીક કલ્યાણ મંત્રી અને મુખ્યમંત્રી તરીકે તે જ દિવસે ત્યાંથી આવીને ડેઝીગ્નેટેડ કોર્ટ માટે નામદાર હાઇકોર્ટને વિનંતી કરી. નામદાર હાઇકોર્ટે પણ તે અંગેના જરૂરી ઓર્ડરો કર્યા. તે ઉપરાંત સ્પેશ્યલ પી.પી.માટે પણ રાજય સરકારના કાયદા વિભાગ તરફથી તાત્કાલિક આપણે હુકમો કર્યા. આ ઘટનામાં પણ સાયન્ટીફિક એપ્રોચના માધ્યમથી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની મદદ લેવામાં આવી છે અને જે અગત્યના સરકારી પંચનામા છે તે બધાજ સરકારી પંચો રાખવામાં આવે છે. આના ઉપરાંત તબીબી સારવાર માટે પણ રાજય સરકારે ત્યાં જૂનાગઢમાં સારવાર કરાવી, અમદાવાદ સિવિલમાં સારવાર કરાવી. મને કહેતા આનંદ થાય છે કે અસારવાના ધારાસભ્ય સિવિલ હોસ્પિટલમાં જયાં સુધી આ રહ્યોના ગામના લોકો સારવાર લઇ રહ્યા હતા તેની સારવાર માટે વહીવટી તંત્ર સાથે ખડા પગે આર.એમ.પટેલ સહિત લોકોએ રહીને તેની સારવાર માટે મદદ કરી. સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. આર.એમ.પટેલને લોકોએ લખીને આપ્યું કે તમારી સારવારથી અમને સંપૂર્ણ સંતોષ છે માનનીય નીતિનભાઇ પણ રેગ્યુલરલી સિવિલ હોસ્પિટલના સંપર્કમાં રહીને તે લોકોની સારવાર થાય, તેમને તબીબી સહાય, આર્થિક સહાય, કાનૂની સહાય મળે એમ સંપૂર્ણ રીતે આ કેસની અંદર મદદ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે બીજો વિષય કહ્યો, આપણે સૌ જાણીએ છીએ કે ભૂતકાળની અંદર કોંગ્રેસના શાસનમાં ગોલાણા હત્યાકાંડ હોય, સાંબરડાના હિજરત કરવાવાળા લોકો હોય એ વખતની સ્થિતિ, આટલા પગલાં કયારેય તે વખતની કોંગ્રેસની સરકારો દ્વારા લેવામાં નથી આવ્યા. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે..(અંતરાય )

શ્રી શૈલેષ મ. પરમાર : અમે રાજકીય વાત નથી કરવા માગતા. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી કહેતા કે મને ગોળી મારો. થાનગઢમાં કયા મુખ્યમંત્રી હતા અને ગોળી મારી છે? કુંભના મેળામાં અમિતભાઇ શાહ દલિતો સાથે નહાય એટલે એના હમદર્દ નથી થવાતું એટલે તમે એના ઉપર •(×××)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પ્રદીપસિંહ...

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથીદૂર કરવામાં આવ્યા.

તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જયારથી આ દેશમાં નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના પનોતા પુત્ર દેશના વડાપ્રધાન બન્યા છે ત્યારથી દિલ્હીમાં બેઠેલા કેટલાક *(×××) નરેન્દ્ર મોદી આંખના કણાની જેમ ખૂંચે છે. કયારેક અસહિષ્ણુતાના માધ્યમથી આ ગુજરાત મહાત્મા ગાંધીનું ગુજરાત, સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત દલિતો પ્રત્યે સંવેદના રાખવાવાળી આ ભારતીય જનતા પાર્ટીની સરકારનું ગુજરાત, અને એવી તે શી ઘટના બની એની તપાસ ચાલુ છે, કોણે કોને ફોન કર્યા હતા, કોના આધાર ઉપર ષડયંત્રો થયા છે, આ સરકાર કોઇને છોડવાની નથી. દલિતોના નામે રાજનીતિ કરીને ગુજરાતની શાંતિ સલામતિને અસ્થિરતા સર્જવાવાળા તત્વોને અમે છોડવાના નથી. આની તપાસ ચાલુ છે, આજના તબક્કે હું કહેવા માગતો નથી પણ માનનીય આત્મારામભાઇ કહેતા હતા એટલે કોઇએ ઉશ્કેરાઇ જવાની જરૂર નથી એ તો દુધનું દુધ અને પાણીનું પાણી થશે. આના ઉપરાંત મારે વિશેષ શું કહેવું પણ સોશ્યલ મિડિયાની અંદર....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સોશીયલ મિડિયાની વાત છે એને આપણે દસ્તાવેજી પુરાવા તરીકે અહીંયા ન લઇએ એવી વિનંતી છે. હું પણ સોશીયલ મિડિયા સાથે જોડાયેલો છું, બધું જોઉં છું, એ વિસ્તારના ધારાસભ્યશ્રીએ સરપંચને ૩૦૦ જેટલા કોલ કર્યા દિલ્હીથી બેઠેલા નેતાએ આવું કર્યું એનો ફોટો વાયરલ થયો પણ મને એવું લાગે છે કે એ બાબતને અને આ વિધાનસભા ગૃહને કંઇ લાગતું વળગતું નથી એટલે એ બાબતથી આપ અળગા રહો તેવી વિનંતી છે.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : એટલે મારે કહેવાનું એ હતું કે કોણે કોને ફોન કર્યા આ બધાની તપાસ ચાલુ છે. અને આ તપાસના આધાર ઉપર સાચી હકીકતો બહાર આવશે. માનનીય શૈલેષભાઇએ બીજી વાત કરી, એ એટલા માટે ગુજરાત નામદાર હાઇકોર્ટમાં ૧૫૯/ ૨૦૧૬ અને ૧૬૪ / ૨૦૧૬ની બે પી.આઇ.એલ. ચાલે છે. એટલે એના સંદર્ભમાં વિશેષ વાત નથી કરતો. માનનીય શૈલેષભાઇએ જે બીજા વિષય કહ્યા એમાં વ્યવસાયની વાત કહી. રાજય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે આ પ્રકારના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો જેઓ પોતે આ વ્યવસાય સાથે સંકળાયેલા છે એના કારણે કયાંક કોઇ ગૌહત્યાના નામે ગૌહત્યાની રક્ષા કરવાવાળા છે એના નામે આ લોકોને હેરાન પરેશાન ન કરે આ લોકો ગામની અંદર જયાં વ્યવસાય કરતાં હોય એને કોઇ મુશ્કેલી ન પડે એનાથી આગળ વધીને આ વ્યવસાય ધારકો પોતાની તૈયાર પ્રોડકટ બનાવે એને વધારે સારુ માર્કેટ કેમ મળી શકે. મેં કહ્યું તેમ ઘટના થાનગઢની હોય કે સમઢિયાળાની હોય ભારતીય જનતા પાર્ટી દલિતોના મુદ્દાને કયારેય રાજનીતિના મુદ્દા તરીકે જોતી નથી અમે રાજનીતિથી ઉપર ઉઠીને સૌનો સાથ અને સૌનો વિકાસ એ અમારું સૂત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીએ કયારેય તુષ્ટિકરણની રાજનીતિ કરી નથી. ન જાતિવાદ, ન પ્રાંતવાદ. એના આધાર ઉપર ગુજરાતના દલિત સમાજે પોતાની રક્ષા–સુરક્ષા માટે ગુજરાતમાં કોઇ પણ પ્રકારની મુશ્કેલીનો અનુભવ કરવાની આવશ્યકતા નથી. હવે ગુજરાતમાં વિજય રૂપાણીની ભારતીય જનતા પાર્ટીની સરકાર ચાલે છે. નિશ્ચિતપણે ગુજરાતની અંદર શાંતિ અને સલામતી રહેવાની છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ સમિતિનો હું પણ સભ્ય છું. રાજય સરકારનો આભાર માનવા માગું છું. કારણ કે સમિતિએ ભલામણ કરી છે. નિર્ણય સરકારે કરવાનો છે અને રાજય સરકારે જે ભલામણ છે તેને ધ્યાનમાં લઇને સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમ, SITની રચના કરી છે તે માટે હું માનનીય રૂપાણી સાહેબ અને તમામ મંત્રીમંડળનો આભાર માનું છું.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, દલિતોનો પ્રશ્ન હોય, દલિત ધારાસભ્યો આ ગૃહનું પ્રતિનિધિત્વ કરતા હોય, દલિતોના અત્યાચારના આટલા સંવેદનશીલ મુદ્દા હોય અને આ ગૃહ મળતું હોય ત્યારે તેના નિયમો મુજબ મર્યાદિત સમયમાં વાત મૂકવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૧૫ વર્ષમાં દલિતોના ઉદ્ધાર માટેની, દલિતોના રોજગાર માટેની, દલિતોના શિક્ષણ માટેની યોજનાઓને અભેરાઇએ મૂકીને હું દાવા સાથે કહેવા માગું છું કે જમીન ટોચમર્યાદા ધારા હેઠળ ફાજલ થયેલી જમીનો જે અનુસૂચિત જાતિના લોકોને અપાતી હતી એ જમીનો...

અધ્યક્ષશ્રી : આપ જરા વિષય ઉપર આવો તો વધારે સારું. તમારી લાગણી હું સમજી શકું છું.

શ્રી મણીલાલ જે. વાઘેલા : આ બધા બનાવો એમાંથી જ બને છે. તેના કારણે જ બનતા હોય છે. છેલ્લા ૧૫ વર્ષથી આ રાજય સરકારોએ લેન્ડ કમિટીની મિટિંગ ભરી અને આ ભૂમિહીન ખેતમજૂરોને જમીન આપવાનું બંધ કર્યું. ૨૦૦૭ના પરિપત્રથી વર્ગ–૩ અને ૪. વર્ગ–૪ની કાયમી જગ્યાઓ બંધ કરી અને મૂડીપતિઓના હાથમાં વહીવટ. આઉટ સોર્સીંગ મારફતે મૂડીપતિઓ આ આઉટ સોર્સીંગથી કામ રાખે. દલિતો એમાં કામ કરે એમનું શોષણ કરે અને કહેવાય કે અમે દલિતોના ઉદ્ધાર માટે પ્રવૃત્તિ કરીએ છીએ.

માનાનીય અધ્યક્ષશ્રી, અત્યાચારોની વાત આવે. ઉનાનો કાંડ થયો એ ઉના કાંડ વખતે આપણી પાર્લામેન્ટનું સેશન ચાલતું હતું. આપણાં ગુજરાતના પનોતા પુત્ર આપણે કહીએ છીએ. (અંતરાય) એ દેશના વડાપ્રધાન, પાર્લામેન્ટમાં ઉનાકાંડ વિશે સંવેદનાનો એક પણ શબ્દ બોલ્યા નથી. ત્યાર પછી પાર્લામેન્ટનું સત્ર પૂરું થાય છે અને પછી દલિતો માટે એમને પ્રેમ ઉભરાય છે કે અમારા દલિત બંધુઓને ગોળી નહીં, મને ગોળી મારો.

અધ્યક્ષશ્રી : માનનીય મણીભાઇ, ભૂતકાળમાં પણ આ જ સ્થાન ઉપર બેસીને અનેક વખત ચર્ચાઓ થઇ છે. કેન્દ્ર સરકારની આપણે ટીકા નહીં કરવી જોઇએ.

શ્રી મણીલાલ જે. વાઘેલા : કેન્દ્ર સરકારની ટીકા નથી કરતો સાહેબ,

અધ્યક્ષશ્રી : ફરીથી ત્યાં પણ જવાબ આપવાવાળા બેઠેલાં છે. આપણે ગૃહની મર્યાદામાં રહીએ.

શ્રી મણીલાલ જે. વાઘેલા : હું કોઇની ટીકા કરતો નથી પરંતુ..

અધ્યક્ષશ્રી : આપણે ગુજરાત વિધાનસભાની મર્યાદામાં રહીએ. ત્યાં જવાબ આપવાવાળા બેઠાં છે એ આપશે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : તેમણે કહ્યું કે દલિતોને નહીં, મને ગોળી મારો. પણ એમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમ્યાન આ જ સરકારે થાનગઢમાં ત્રણ-ત્રણ દલિતોની હત્યા કરી છે અને સરકારે એ હત્યાકાંડની તપાસ સીઆઇડી ક્રાઇમ મારફતે કરવી. જે અપરાધી હતા, જે ગુનેગાર હતા એ જ એની તપાસ કરતા હતા. મારી પાસે માહિતી છે. આપ પણ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી તરીકે હતા. આપે પણ કાગળ લખ્યો છે કે આમાં સી-સમરી ભરવી જોઇએ નહીં. અનુસૂચિત જાતિ કલ્યાણ સમિતિએ ઠરાવ કર્યો છે. એમ છતાં સરકારનું, તમારું પોલીસ ખાતુ આ બધાને ઓવર ટેક કરી સી-સમરી ભરે તે શરમની બાબત છે. આ સંવેદનશીલ મુદ્દાઓ છે. દલિતોને આ સરકાર ઉપરથી ભરોસો ઉઠી ગયો છે. માત્રને માત્ર તમે એ વખતે તમારા જશ્ન થાય. મુખ્યમંત્રીનું રાજીનામું લેવાય, નવા મુખ્યમંત્રીની સોગંદવિધિ થાય. એક બાજુ દલિતો માર ખાતા હોય, અહીંયાં સન્માન સમારંભ થતા હોય, (અંતરાય) સાંભળવું પડશે સાહેબ, આ દલિતોની વાતો છે અને દલિતોએ બહુ સહન કર્યું છે. એટલે થોડુંક સાંભળો તો સારું, પ્લીઝ. તમને આમ તો નહીં ગમે દલિતોની વાત

અધ્યક્ષશ્રી : શ્રી મણિભાઇ હું સાંભળી રહ્યો છું. આપણી સમય મર્યાદા છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : દલિતોની વાતમાં એમને વાંધો છે,

અધ્યક્ષશ્રી : તમે અને શૈલેષભાઇ પહેલા બોલ્યા હોત તો વધારે સારું હોત. ઠીક છે જે પ્રમાણે ક્રમ આવ્યો એ રીતે. આપ પૂરું કરો.

શ્રી મણીલાલ જે. વાઘેલા : એટલે આ સરકાર ઉપર દલિતોને ભરોસો રહ્યો નથી. ઉનાકાંડની વાત હોય. આપણે થાનગઢમાં સીઆઇડી ક્રાઇમની કાર્યવાહી જોઇ છે. એના કારણે આખા ગૃહને શરમજનક સ્થિતિમાં મૂકાવું પડ્યું છે. ત્યારે આ તપાસ હાઇકોર્ટના જજ મારફતે થાય, સીટીંગ જજ મારફતે થાય એવી મારી માગણી છે. મારો બીજો પ્રશ્ન એ છે કે આ ઉનાકાંડની સીડી જોતા એ ઇન્સ્ટન્ટ બનાવ હોય એવું લાગતું નથી. આ એક પૂર્વ આયોજીત કાવતરું હોય એવું લાગે છે. (અંતરાય) હું એ જ કહું છું. જયંતિકાકા મારી વાત તો સાંભળો.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી એમને બોલવા દો. મણીભાઇ, આ બાજુ, મણીભાઇ મારી સામે તમારો મુદ્દો રહી જશે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : એ જયંતીકાકા, નહીં, સર આ જયંતીકાકા મને વારંવાર ડિસ્ટર્બ કરે છે. એમને દલિતોની વાતમાં રસ લાગતો નથી. •(×××) અને હવે દલિતોની વાતમાં માથાકૂટ કરે છે. દલિતોની બાબતમાં મહેરબાની કરીને મને ડિસ્ટર્બ ન કરો. દલિતોની વાત ચાલતી હોય ત્યારે તમે ડિસ્ટર્બ ન કરો. દલિતોની વાત ચાલે છે.

અધ્યક્ષશ્રી : માનનીય રાઘવજીભાઇ પટેલ, તમે તમારા સ્થાન ઉપર જઇને બેસો. તમે સિનિયર ધારાસભ્ય છો. પ્લીઝ.

શ્રી મણીલાલ જે. વાઘેલા : હું તમારી સામે એટ્રોસીટીની ફરિયાદ દાખલ કરીશ.

અધ્યક્ષશ્રી : જયંતિભાઇ પ્લીઝ, પ્લીઝ.

શ્રી મણીલાલ જે. વાઘેલા : દલિતોની વાતોમાં વચ્ચે કેમ બોલો છો? હું એ સાચું બોલીશ તો તમારાથી નહીં સંભળાય.

અધ્યક્ષશ્રી : મણીભાઇ સીધેસીધા મારી સામે જોઇને બોલો.

શ્રી મણીલાલ જે. વાઘેલા : હું સાચું બોલું છું. એ તમારાથી નહીં સંભળાય. આ ગુજરાત સરકારમાં લોકોનો અવાજ, કર્મચારીઓનો અવાજ, અધિકારીઓનો અવાજ કેવો હતો? ૧૫ વર્ષમાં જે કામ થયું નથી એ આપણા પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કર્યું છે અને એનું કેટલાક તત્વોના આંખમાં તેલ રેડાયું. એટલે શ્રીમતી આનંદીબેનને ડિસ્ટર્બ કરવા માટે આ કાવતરું છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મણીભાઇ, આપ દલિતોની ચિંતા કરો, સરકારોની ચિંતા જવા દો, તમારો જે મુદ્દો છે એ તો માત્ર દલિતોની ચિંતા છે. ભારતીય જનતા પાર્ટીની ચિંતા છોડી દો. એમની સરકારની ચિંતા છોડી દો. દલિતોના મુદ્દા ઉપર આવી જાવ. પ્રવચન ટૂંકું કરો. મુદ્દા ઉપર આવી જાવ. મારી આપને વિનંતી છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : સાહેબ, આ પહેલી વખત બોલુ છું દલિતો માટે.

અધ્યક્ષશ્રી : હું એટલા માટે જ કહુ છું દલિતોની વાત ઉપર આવી જાવ.

શ્રી મણીલાલ જે. વાઘેલા : આ પહેલી વખત ચાન્સ મળ્યો છે.

અધ્યક્ષશ્રી : હવે હું વધારે આપીશ અત્યાર સુધી ભલે નહીં મળ્યો, જયારે પણ બોલવાનું થશે ત્યારે હવે વધારે ચાન્સ આપીશ. એમના દંડકને વિનંતી કરું કે મણીભાઇનું નામ પહેલા લખવું જ જોઇએ, એમને તક નથી મળી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : સાહેબ, તમે અને હું અને અહીં બેઠેલા તમામ દલિત ધારાસભ્યો, બહાર લોકો કેટલી ટીકાઓ કરે છે, એમને ખબર છે કે તમે ૧૧૬ મુજબ ત્રણ પ્રશ્નો જ પૂછી શકો, તમે ૧૦૧માં આટલી જ વાત રજૂ કરી શકો? પેલા લોકો એમ કહે છે કે તમને વોટ આપીને મોકલીએ છીએ, તમે શું કરો છો?

અધ્યક્ષશ્રી : તમારી લાગણી અને માગણી ધ્યાનમાં રાખીને આની સમયમર્યાદા પૂરી થઇ ગઇ હોવા છતાં મુદ્દો સંવેદનશીલ છે, આપશ્રી, શૈલેષભાઇ બધા દલિતોની વાત કરી રહ્યા છો એટલે સરકાર પક્ષે પણ એ સમયની કોઇપણ પાબંધી રાખ્યા સિવાય હું

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથીદૂર કરવામાં આવ્યા.

આપને બોલવા દઉ છું, એલાઉ કરી રહ્યો છું, આપ આપના મુદ્દા ઉપર ધારદાર રીતે, ચોટદાર રીતે દલિતોના હિત માટેની જે વાત કરવી હોય એ કરી શકો. પ્રવચન ચાલુ રાખો.

શ્રી મણીલાલ જે. વાઘેલા : સાહેબ, આપ વિધાનસભાના માનનીય અધ્યક્ષ છો. (અંતરાય ) આપ એવી ખાતરી આપતા હોવ અને અમારા પક્ષના નેતાએ પણ માગણી કરી છે કે ઉના અને થાન માટે વિધાનસભાનું સ્પેશિયલ સત્ર તમે બોલાવો અને એની આપ જો સંમતિ આપતા હોવ તો મારી વાત ટૂંકાવી અને માત્ર...

અધ્યક્ષશ્રી : એ પહેલા કહી દીધું હોત આટલું બોલ્યા પહેલા તો સારું હતું. આટલું બોલ્યા પછી તમે કહો.. હવે તમારી પાસે મુદ્દો જ રહ્યો નથી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : ના, ના ઘણા મુદ્દા છે.

અધ્યક્ષશ્રી : તો આગળ મુદ્દા થવા દો. દલિતોની વાત કરો એમાં કોઇ વાંધો નથી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જે સંજય પ્રસાદ કમિટીનો અહેવાલ છે એ તમે ગૃહના મેજ ઉપર મૂકવા માગો છો કે કેમ? બીજો મારો પ્રશ્ન છે કે ઉના કાંડ અંગે તમે હાઇકોર્ટના સીટીંગ જજના અધ્યક્ષપણા હેઠળ તપાસ પંચ નીમવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (ગૃહ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આજે આ ગુજરાત વિધાનસભામાં ક્યારેય ૧૧૬ સવા કલાક સુધી ચાલી હોય એવું બન્યું નથી, આપના અધ્યક્ષ થયા બાદ આ પ્રથમ એવો પ્રસંગ છે. ૧૧૬ એ પણ સંવેદનાપૂર્ણ છે અને શૈલેષભાઇ જે કામકાજ સલાહકાર સમિતિમાં કહેતા હતા કે ટૂંકી મુદત અને ૧૦૧ એના કરતા પણ ડબલ સમય શૈલેષભાઇ અહીંયા મળી ગયો છે અને માનનીય અધ્યક્ષશ્રીએ ઉદારતાથી પ્રશ્નો પૂછવા દીધા છે અને સરકારે પણ ઉદારતાથી જવાબો આપ્યા છે. માનનીય મણીભાઇ મારા મિત્ર છે અને મણીભાઇએ જે પ્રશ્નો પૂછયા એમાં સંજય પ્રસાદ કમિટિના અહેવાલના સંદર્ભમાં રાજય સરકારમાં હજી એની ચકાસણીની પ્રક્રિયા બાકી છે. બીજું અત્યારે સમગ્ર તપાસ માટે સમઢિયાળાના પીડિતો દ્વારા આ તપાસ સી.આઇ.ડી. ક્રાઇમને સોંપાય એવી રજૂઆત હતી અને એની રજૂઆતના આધાર ઉપર આ નિર્ણય લીધો છે અને મેં અગાઉ જેમ કહ્યું કે આમાં સમગ્રતયા આખો કેશ કન્વીકશન સુધી મજબૂત બને એના માટે રાજયનું પોલીસતંત્ર પૂરી નિષ્ઠાથી કામ કરી રહ્યું છે એટલે મને લાગે છે કે આમાં અત્યારના તબકકે આની આવશ્યકતા નથી.

બીજું એમણે ૧૫ વર્ષથી થતા ગુનાઓની વાત કરી. મારી પાસે જે આંકડા છે એમાં ૧૯૯૧થી ૨૦૦૧ દરમિયાન દલિતો ઉપરના અત્યાચારના ૧૭,૭૩૧ ગુનાઓ હતા. પરંતુ છેલ્લા ત્રણ વર્ષના ગણીએ તો એમાં ૩ હજાર જેટલા ગુનાઓનો ઘટાડો થયો છે. એ ઉપરાંત ૧૯૯૦ થી ૨૦૧૫ સુધી જે વાર્ષિક ગુનાઓ હતા એ ગુનાઓ ૧૯૯૧ થી ૨૦૦૦ દરમિયાન ૧૬ હજાર હતા, ૨૦૦૧ થી ૨૦૧૦ દરમિયાન ૧૦ હજાર હતા પણ ૨૦૧૧ થી ૨૦૧૫ દરમિયાનમાં ૫૪૦૦ ગુનાઓ છે એટલે એમાં પણ ૩૯ ટકા જેટલો ઘટાડો થયો છે. એ જ રીતે રાજ્યમાં દલિતોની થતી હત્યાઓના સંદર્ભમાં પણ ૨૫ ટકાનો ઘટાડો થયો છે. આઇ.પી.સી.ના જે ગુનાઓ નોંધાયા છે એમાં ૧૯૯૧થી ૨૦૦૧ દરમિયાન ૧૫ હજાર કરતાં વધારે હતા અને ૨૦૦૨ થી ૨૦૧૫ દરમિયાન આમાં ૩૫ ટકાનો ઘટાડો થયો છે. અસ્પૃશ્યતાના સંદર્ભમાં ૧૯૯૧ થી ૨૦૦૧ દરમિયાન ૪૮૭ ગુનાઓ હતા અને ૨૦૦૨ થી ૨૦૧૫ દરમિયાનમાં તેમાં પણ ૩૫ ટકાનો ઘટાડો થયો છે. માત્ર એટલું જ નહીં, સમગ્ર દેશમાં આ અનુસૂચિત જાતિ અને જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ યુ.પી. પહેલા નંબરે છે અને સમગ્ર દેશમાં કુલ થયેલ ૪૭,૦૬૪ ગુનાઓમાં ગુજરાત નવમા સ્થાને છે અને માત્ર ૧૧૨૨ ગુનાઓ નોંધાયેલ છે. એ પ્રમાણે ૨૦૧૪માં ભારતભરમાં ૪૯ હજાર અત્યાચારના ભોગ બન્યા છે અને એમાં ગુજરાત સમગ્ર દેશમાં નવમા ક્રમે છે અને માત્ર ૧૨૦૦ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. આમ, સમગ્ર આંકડાકીય પરિસ્થિતિ પ્રમાણે પણ ગુજરાતની અંદર દલિતો ઉપર થતા હુમલાઓ, અત્યાચારો એમાં સરકારનો પૂરેપૂરો કન્ટ્રોલ છે. હું એક વાતનો ઉલ્લેખ કરવા માગું છું કે, રાજ્યસભામાં જ્યારે આની ચર્ચા થઇ ત્યારે આ દેશના ગૃહમંત્રી માનનીય શ્રી રાજનાથસિંહજીએ જવાબ આપ્યો હતો ત્યારે એમણે દિલના ઉંડાણથી કહ્યું હતું કે, દલિત સમાજ એ ક્યારેય મતોની રાજનીતિનો ભાગ ન હોવો જોઇએ. આપણે બધા આ સભાગૃહમાં બેઠેલા છીએ, આપણી પણ ફરજ છે કે સમાજમાં આ પ્રમાણેનો ઘટનાક્રમ, આ પ્રમાણેની રાજનીતિ આગામી દિવસોમાં સમાજ–સમાજ, જ્ઞાતિ–જ્ઞાતિ અને કોમ–કોમ વચ્ચે ઝઘડાઓ થશે અને સમગ્ર રાજય અને રાષ્ટ્રની અંદર આવી પ્રવૃત્તિને એક રાજકીય ઓઠા હેઠળ સીધા કે આડકતરા આપણે કોઇપણ રીતે એમાં ભાગ ન લેવો જોઇએ. આ દેશના વડાપ્રધાનશ્રીએ પણ અત્યંત સંવેદનાપૂર્ણ વાત કરી છે. મને લાગે છે કે આપે મને જે અનુમતિ આપી અને આપે વિપક્ષને જે અનુમતિ આપી એમાં એમના મનમાં જે પ્રશ્નો હતા, રાજ્ય સરકારની એના અંગેની જે સંવેદનશીલતા હતી, સમગ્રતયા આ ઘટનાને સંવેદનાપૂર્વક આ સભાગૃહની સમક્ષ મૂકી છે અને હું અપીલ કરું છું કે, ભારતીય જનતા પાર્ટીની કટિબદ્ધતા હશે અને આપ સૌનો સાથ અને સહકાર હશે તો ગુજરાતના દલિતોની રક્ષા કરવી આપણા સૌની સંયુકત જવાબદારી હશે.

અધ્યક્ષશ્રી : નેક્સ્ટ, સમય ખૂબ થયો છે. મારો પણ વિચાર હતો કે તમે બોલો પણ ખૂબ સમય થયો છે. (અંતરાય) તમે બધા જાણો છો કે કેટલો બધો સમય ગયો છે. એક જ મુદ્દો સંવેદનશીલ હતો, દલિત સમાજનો હતો એટલા માટે મારી પાસે જે નામો આવ્યા હતાં, બન્ને પક્ષમાંથી જેટલા લોકો હતા એ સિવાય કોઇને એલાઉ કર્યા નથી. પ્લીઝ, હજુ આપણે ગૃહની ઘણી બધી કાર્યવાહી કરવાની છે. (અંતરાય) ઓ.કે. શક્તિસિંહ, બાકી બીજા કોઇને તક નહીં મળે. બે મિનિટમાં પૂરું કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણને સભ્ય સમાજ કહેવરાવાનો અધિકાર ના રહે એ પ્રકારની ઘટનાઓ આપણા સૌના માટે ચિંતાનો વિષય છે. જો આપણી જાતને સભ્ય સમાજ કહેતા હોઇએ ને આપણા રાજ્યમાં આ ઘટના બને છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે જે મારી ચિંતા છે વન ઓફ ૨૧૬ જે કાયદો ભારત સરકારનો આવ્યો એટ્રોસિટીઝમાં એમેન્ડમેન્ટ આવ્યું. ભૂતકાળની સરકાર જે વટહુકમ લઇને આવી હતી એને પ્રવર્તમાન સરકારે કાયદાનું સ્વરૂપ આપ્યું. એ કાયદા મુજબ અત્યંત ગંભીરતાથી કહેવા માગુ છું કે માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, ડેઝીગ્નેટેડ કોર્ટ નહિ એક્સક્લુઝીવ ડેઝીગ્નેટેડ કોર્ટ કરી દેવાની આપની જવાબદારી ૧૮ જાન્યુઆરી ૨૦૧૬ ના રોજ કાયદો અમલમાં આવ્યો ત્યારથી થઇ જવી જોઇતી હતી. આપે એ કર્યુ નહિ. આપ સ્પેશ્યલ પ્રોસીક્યુટરની વાત કરો છો. સાહેબ, આ કાયદામાં જોગવાઇ છે કે દલિતો પર અત્યાચાર થાય ત્યારે ૭ વર્ષથી ઓછી પ્રેક્ટિસ ના હોય એવો સ્પેશ્યલ પ્રોસીક્યુટર મૂકી દેવાનો આ કાયદો ભારત સરકારનો કહે છે, આજે આપ માત્ર ઉના માટે કહીને એમ કહો છો કે અમારી સરકારે આ કરી દીધું. માનનીય અધ્યક્ષશ્રી, સંવેદનશીલતાની વાત ભૂતકાળમાં આ જ પાર્ટી અહીંયા બેસતી હતી ત્યારે મોટાભાગે તો સામેથી જ સામે બેઠલી સરકારના મુખ્યમંત્રી ઊભા થઇને કહેતા હતા કે આ સંવેદનશીલ છે આનો જવાબ હું આપીશ. મારો મિનિસ્ટર કોઇ જવાબ નહિ આપે. આજે મુખ્યમંત્રીએ આનો જવાબ આપવો જોઇતો હતો. જેથી લાગે કે આ સરકાર ગંભીર છે. •(×××) (અંતરાય)

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે સાહેબ,

અધ્યક્ષશ્રી : શક્તિસિંહજી, એક મિનિટ. (અંતરાય) જી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહજી રજૂઆત કરી શકે કે મુખ્યમંત્રીએ જવાબ આપ્યો હોત તો વધારે સારું હતું. એટલા પુરતી મર્યાદા બરાબર છે પણ એમ કહે કે રાજ્ય કક્ષાના મંત્રી જવાબ આપે. એટલે સાહેબ એમનું અપમાન છે. રાજ્ય કક્ષાના મંત્રી પણ એટલા જ જવાબદાર છે. એ ગૃહમંત્રીશ્રી છે અને એમણે (અંતરાય) નહિ, નહિ સાહેબ આવી રીતે હોય નહિ. તમે તો કાલે એમ કહેશો કે બધા જ જવાબ મુખ્યમંત્રીશ્રી આપે અને મુખ્યમંત્રીશ્રીના પાવર ડેલિગેશન એમને થયેલા હોય. આ વાક્ય યોગ્ય નથી સાહેબ. અમે એમ કહીએ કે મણીભાઇએ ના બોલવું જોઇએ, શૈલેષભાઇએ ના બોલવું જોઇએ, બધું વિપક્ષના નેતા બોલે તો જ ગંભીર ગણાય. (અંતરાય) એવી રીતે સાહેબ ના હોય. હાલ ગૃહમાં બેઠેલા દરેક વ્યક્તિને અને સરકારમાં બેઠેલા અમારા દરેક મંત્રીને એમનો જવાબ આપવાનો અધિકાર છે. એ રીતે સાહેબ એમણે એનું મૂલ્યાંકન કરવું જોઇએ. એમના શબ્દો રદ કરવા મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : હમણાં માનનીય શક્તિસિંહજી નીતિનભાઇ (અંતરાય) માનનીય મંત્રીશ્રી પ્લીઝ. (અંતરાય) માનનીય નીતિનભાઇ, શક્તિસિંહજી આપશ્રી પણ જાણો છો તેમ આખી સરકારમાંથી કોઇપણ બોલે એની કલેક્ટીવ રિસ્પોન્સીબિલિટી હોય છે અને એ કલેક્ટીવ રિસ્પોન્સીબિલિટીના ભાગ તરીકે જ્યારે આદરણીય પ્રદિપસિંહ કહેતા હોય ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી બોલે છે એમ ટ્રીટ કરવું જોઇએ. એટલે એના માટેનો આપણે આગ્રહ ના રાખીએ. આપ આપના વિષય પર આગળ વધો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમ ન હોય સાહેબ,

અધ્યક્ષશ્રી : શબ્દો પાછા ખેંચો ચાલો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બરોબર છે. સાહેબ, માફી માગો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી છે એવું એમને ના ગમતું હોય તો મને એ શબ્દો પાછા ખેંચવામાંય વાંધો નથી. (અંતરાય) એ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી છે અને મેં રાજ્ય કક્ષાના જ કહ્યું છે.

અધ્યક્ષશ્રી : આ આનો જવાબ નથી (અંતરાય) આ શબ્દોની માયાજાળ છે. (અંતરાય) થોડા પ્રોએક્ટિવ બનો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇ નાયબ મુખ્યમંત્રીશ્રી છે એને હું મુખ્યમંત્રી કહી ના શકું. (અંતરાય) અને છતાંય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી છે અને એમને કેબિનેટ મંત્રી કહી ના શકું. છતાં એમ હું કહી ના શકું તો હું તો મારા શબ્દો પાછા ખેંચી લઉં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાહેબ, આદરણીય શક્તિસિંહજી (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : રાજ્ય કક્ષાના મંત્રી ના કહું તો શું કહું? (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આપ ઘણાં વર્ષોથી મથો છો શંકરસિંહજીનું સ્થાન લેવા, ભરતસિંહનું સ્થાન લેવા આપ ઘણાં વર્ષોથી મથો છો પણ આપ સફળ નથી થવાના. આપ ત્યાં જ છો અને ત્યાં જ રહો. દરેક પોતાની મર્યાદામાં રહે. તમે મથો છો. તમે દિલ્હી જાવ છો. રાહુલ ગાંધીને મળો છો. અહેમદભાઇને મળો છો. બધી અમને ખબર છે, પણ તમે સફળ નથી થતાં, તમે જ્યાં છો ત્યાં રહો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી,

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથીદૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી આટલેથી, મારી વિનંતી છે આટલેથી આ વાત ટૂંકાવીએ. બાપુ, બાપુના સ્થાને યોગ્ય છે. બાપુની સામે, (અંતરાય) અહીંયા પણ મિત્રોએ કંઇક કાઢવાનું,(અંતરાય) અને "ઝેરના પારખાં" નહીં કરવા જોઇએ, એકવાર કરી ચૂક્યા છીએ એટલે બાપુ માટે આડુ અવળું કાંઇ કરવું ના જોઇએ એવી મારી વિનંતી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હું બિલકુલ સંમત છું, મારા વડીલ છે અને એ સ્થાને હું ભૂતકાળમાં બેસી ચૂક્યો છું. નીતિનભાઇ જે સ્થાને નથી બેસી શક્યા એના માટે મથે. હું તો અહીંયા બેસી ચૂક્યો છું, મારા માટે કાંઇ નવું નથી. આપની અકળામણ હું સમજી શકું છું, આપની અકળામણ હું સમજી શકું છું અને મારી સહાનુભૂતિ છે, મારી ખૂબ લાગણી અને સહાનુભૂતિ છે. મેં આપને ગયા વખતે પણ કહ્યું હતું કે, મારો પ્રેમ છે કે, હું નીતિનભાઇની સરકાર કહું અને આ વખતે આપે બાયોડેટા મોકલ્યો, ઇન્ટર્વ્યૂ અપાયા ત્યારે મને હતું કે, આ વખતના સત્રમાં હું કહીશ કે, નીતિનભાઇની સરકાર. ન મેળ પડ્યો, હું શું કરું સાહેબ? મારા હાથમાં નથી. •(×××) , મારા હાથમાં આમાં કાંઇ નથી. *(×××), મારા હાથમાં કાંઇ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગંભીરતાપૂર્વકની વાત જે મારી છે અને હું જે આગ્રહ રાખતો હતો ને એ આગ્રહ રાખીને આપે અહીંથી ફરજ પાડી હતી કે, કલેકટિવ રિસ્પોન્સિબિલીટી નહીં અને ભૂતકાળમાં માનનીય અમરસિંહભાઇ ચૌધરી અને માનનીય ચીમનભાઇ પટેલ આ રેકોર્ડ ઉપરની વાત છે, મિનિસ્ટરને ના પાડી અને મુખ્યમંત્રીશ્રીએ જવાબો સંવેદનશીલ બાબતમાં આપ્યા છે એટલા માટે, આમાં એવો આગ્રહ નહીં રાખો કે હું ખોટું, આપના આગ્રહનો મેં અમલ કરવાની વાત કરી છે, આપે ભૂતકાળમાં આગ્રહ રાખ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત મારી એવી છે કે, જે કાયદાથી, આપ જે ડેઝીગ્નેટેડ કોર્ટ કહો છો એમ નહીં, એક્સક્લુઝીવ ડેઝીગ્નેટેડ કોર્ટ એ કાયદાથી આપે કરવાનું હતું, તો આપે વધારે એમાં કાંઇ નથી કર્યું. સ્પેશિયલ પ્રોસીક્યુટર સાત વર્ષથી ઓછો નહીં એ કેન્દ્રનો કાયદો છે. આપે જાન્યુઆરીની અઢાર તારીખથી અમલ કરી દેવો જોઇતો હતો, આપે હજી સુધી અમલ નથી કર્યો, માત્ર એક કિસ્સામાં નહીં કહી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી જે મારી ચિંતાની બાબત છે એ છે, સવાલ...

અધ્યક્ષશ્રી : તમારી માહિતી માટે, સાત વર્ષનું નથી અને હવે એનો દસ વર્ષનો સુધારો થયો છે. દસ વર્ષનો વકીલાત તરીકેનો એનો અનુભવ હોવો જોઇએ અને અત્યાચારના કેસોમાં અનુસૂચિત જાતિનો સભ્ય હોવો એ જરૂરી છે, એ બંને ક્રાઇટેરિયા છે. આપની જાણમાં રહે એ સારું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : બિલકુલ બરાબર અને ૧/૨૦૧૬ જે બિલને રાષ્ટ્રપતિશ્રીએ મંજૂરી આપ્યા પછી અમલમાં આવ્યું અને આપ એનો અમલ જાન્યુઆરીથી આજ સુધી નથી કરી શક્યા અને હવે પણ માત્ર એક્સક્લુઝીવ નહીં ડેઝીગ્નેટેડ (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજો મારો ચિંતાનો વિષય છે એ, આપણે એક માનસિકતા, ભૂતકાળની એ માનસિકતા હતી વર્ણ વ્યવસ્થાવાળી માનસિકતા, કે આ વર્ણનો માણસ આ જ કામ કરે. આ માનસિકતામાંથી જો બહાર ન નીકળી શકતા હોઇએ તો એ માનસિકતાનું આ પરિણામ છે કે, કોઇ દલિત ભાઇની પાસે આપણે આગ્રહ રાખીએ. નીતિનભાઇ શેની અકળામણ થાય છે? આ વાસ્તવિકતા હું કહું છું. આપણને દુ:ખ થવું જોઇએ.

અધ્યક્ષશ્રી : નહીં, હું સાંભળું છું, અરે મારી સામે જોઇને બોલો શકિતસિંહજી, મારી સામે જોઇને બોલો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વેદના છે, આને રાજકારણ નહીં સમજતા તમે. (અંતરાય) અને એટલા માટે. હા, આત્મારામભાઇ આ વેદના છે અને ભૂતકાળમાં આ જગ્યાએ મિનિસ્ટર તરીકે બેઠો હતો અને એવા મંત્રીઓ પણ જોયા છે કે, જે દલિતો માટે થઇને મુખ્યમંત્રી સામે લડે એવા મંત્રી મંડળમાં બેસીને જોયા છે. એવા નથી *(×××) . માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરવા માગતો હતો (અંતરાય) અને એ જ માનસિકતા આપની વિચારધારાની છે મને આપ મજબૂર નહીં કરો બોલવા માટે, *(×××) આ વીડીઓ છે અને તમારી એ ફરજ બને છે.

અધ્યક્ષશ્રી : શક્તિસિંહજી તમે આ વિષયના જાણકાર છો આ શબ્દો મારે રદ કરવા પડે, એ ઠીક નથી. તમારા મુદા ઉપર આવી જાવ, સમય ઘણો થયો છે, બે મિનિટમાં તમારી વાત પુરી કરો, પ્લીઝ બે મિનિટમાં વાત પુરી કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ વિચારધારા અને માનસિકતાનો છે, મારી પાર્ટીમાં મારો કોઇ નેતા કે ધારાસભ્ય કે દંડક, આખી દુનિયા જાણે છે, દલિત કોઇ દિવસ જીવતી ગાયને કાપતો નથી. આ વાસ્તવિકતા છે સાહેબ, મારા પક્ષનો કોઇ આગેવાન એમ બોલે દલિતોને ગાળો આપીને કે, "ઊના મેં યે ઝિંદા ગાય કો કાટ કે ઉસકા ચમડા નીકાલ રહે થેં, ઉસકો મારા વો સહી મારા હે, ઇન લોગો કો હમ મારતે રહેંગે, હમ ઉનકે સાથ હૈ, હમ ગૌ ભક્ત હૈ". માનનીય અધ્યક્ષશ્રી, મારી પાર્ટીએ એને સસ્પેન્ડ નહીં કરવાનો? મારી પાર્ટીએ એની સામે પગલાં નહીં લેવાના? પછી હું એમ કહું કે એ વિચારધારા તમે કઇ પ્રમોટ કરવા માગો છો? અને એ જ માણસ પાછો મને ગોળી મારો કહેનારના સ્વાગત માટે એરપોર્ટ પર જઇને ઉભો રહેવાનો હોય તો તમે કયા પ્રકારનો મેસેજ આપો છો •(×××)

અધ્યક્ષશ્રી : આપણે ગુજરાતની વાત ઉપર આવીએ. એવી બધી તો અનેક બાબતો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વિડિયો ચાલે છે. આ વિડિયો ગુજરાતમાં જોયો છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથીદૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથીદૂર કરવામાં આવ્યા.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)

અધ્યક્ષશ્રી : આ સ્થાન ઉપર બેસીને હું આવી ૫૦ બાબતો કહી શકું જે નહીં કહેવી જોઇએ એને અને આ વાતને સુસંગત નથી. તમારા આ શબ્દો રેકર્ડ ઉપરથી હું રદ કરું છું. એની જરૂરિયાત નથી. પ્લીઝ, આપ આગળ વધો અને સમય મર્યાદામાં પૂરું કરો. એ શબ્દો હું રેકર્ડ ઉપરથી રદ કરું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા( વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૧૬માં ભાગ લેવા ઉભો નથી થયો. હું આપનો આભાર માનું છું કે આપે બહુ વિગતથી બંને પક્ષે એક સંવેદના, લાગણીથી પૂરી ચર્ચા પણ સાંભળી, માનનીય ગૃહ રાજય મંત્રીશ્રીએ જવાબ પણ આપ્યો. માનનીય શકિતસિંહજીનો આગ્રહ હતો અને મારો પણ આગ્રહ ખરો કે મુખ્યમંત્રીશ્રી આમાં ઇન્વોલ્વ થાય તો એનું વજન પડે અને સરકારની ગંભીરતા એમાં દેખાય. આપને મેં પત્ર લખેલો કે ગૃહને પાંચેક દિવસ લંબાવવું. એક તો પ્રશ્નોત્તરી કાળ છે સભ્યો એના માલિક હોય છે અને મતદારો અપેક્ષા રાખે છે કે અમારા પ્રશ્નોની રજૂઆત ગૃહમાં થાય. એ પણ આપણે ન કરી શકયા. ૧૦૨ નો છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ કાયદો અને વ્યવસ્થાને લગતો છે એ પણ આપનો આભાર માનું છું કે આપે એ પણ એલાઉ કર્યો છે. આ બધામાં એટલા બધા મુદ્દાઓ આજે ઇ.બી.સી. માટેનો પ્રોબ્લેમ છે. જી.એસ.ટી. છે એમાં પણ યુ ટર્ન કરીને ફરી પાછું આપણી પાસે આવ્યું છે એનો પ્રોબ્લેમ છે. પાટીદાર સમાજનું જે આંદોલન ચાલી રહ્યું છે એમાં ૮-૧૦ ફાયરીંગ થયા, અનેક મુદ્દા છે. મહત્વનો મુદ્દો આજે જે દલિત સમાજનો છે એને રાજકારણમાં ન લાવવો જોઇએ. કોંગ્રેસ હોય કે બી.જે. પી. એ સમાજમાં આપણે બધા વહેંચાયેલા છીએ અરસપરસ. વર્ષોથી જે સમાજને આપણે માર્યો છે સમજીને, ૫૦૦૦ વર્ષ કરતા વધારે એક કડવો ભૂતકાળ, આપણું મેલું ઉપાડે અને એ અસ્પૃશ્ય બની જાય અને ગામડાંમાં એને માણસ તરીકે કોઇ ગણે નહીં , રહેવાનું છેલ્લે, દર્શન કરવાનો મંદિરમાં અધિકાર નહીં, પીવાના પાણી માટેનો રાઇટ નહીં, આનો પસ્તાવો આપણે કરવો જોઇએ. સરકારે અનામત આપી છે, ડો. બાબાસાહેબે જે અનામત આપી છે એ પાંચ હજાર વર્ષનો સરવાળો છે. આ સો, બસ્સો વર્ષ પણ આપણે સહન કરી શકતા નથી. આમને કેમ અનામત આપ્યું? એસ.ટી.ને કેમ અનામત આપ્યું? ઓ.બી.સી.ને કેમ આપ્યું? આમાંથી જ આપણે બહાર નથી નીકળતા. માનવતાના આધારે સરકારે ગંભીરતાથી આટલા ગુના ઓછા થયા, આટલા વધ્યા, ઘટયા એ મહત્વનું નથી. આ સમાજને જે રીતે આજે પણ ઉનાનો આજે વિડિયો જુએ ને એને જમવાનું મન ન થાય. એને પાછળ હાથ બાંધીને તમે મારો અને એને વાગ્યું હોય ત્યાં હાથ ફેરવવાનો પણ અધિકાર નહીં? આવા દ્રશ્યોમાં હું માનું છું ત્યાં સુધી વિજયભાઇએ જે પહેલ કરી છે આને સંવેદનાથી, ગંભીરતાથી આ વાતને લઇને આપણે વિચાર કરીએ અને પોતે આમાં ઇન્ટરવીંગ કરે કે હું આ રાજયનો મુખ્યમંત્રી છું અને મારી જવાબદારી છે બધાને ન્યાય આપવાની. ઉનામાં, થાનગઢમાં ચાર વર્ષે પણ જો સરકાર અભ્યાસ કરવાની હોય તો રિપોર્ટ મૂકવામાં તો હું માનું છું કે એ મરી ગયેલા લોકોને તમે બાર એકર આપો કે ૨૦ એકર આપો એ છોકરા પાછા નથી આવવાના. બે લાખ આપો કે ચાર લાખ આપો એનાથી બહુ મતલબ નથી. જે માર્યા અને સમાજનું અપમાન થયું એની અરેરાટી આખા દેશમાં અને દુનિયામાં થઇ એ પાછી નથી આવવાની અને એટલા માટે હું આપને વિનંતી કરું છું કે આ સભ્યો ભલે લાગણી વ્યકત કરે એમાં થોડીવાર પણ ઇન્ટરવીંન કરીને સરકારને આ પ્રશ્નની ગરિમા અને ગંભીરતા સમજાતી હોય તો આપ પણ બે શબ્દો કહીને વાઇન્ડ કરો તો સારું રહેશે એ હું માગણી કરું છું. આપનો આભાર.

શ્રી વિજયભાઇ ર. રૂપાણી(મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતા આદરણીય શંકરસિંહભાઇએ પણ સારી રીતે, સામાજિક રીતે વાત મૂકી છે. રાજકીય વાત નથી મૂકી. આપણા બધા માટે ગૌરવની વાત છે. ભારતીય જનતા પાર્ટીની અમારી સરકાર આ પ્રશ્ને સંપૂર્ણ રીતે બાપુએ કહ્યુ વર્ષોથી જે લોકોએ અન્યાય સહન કર્યો છે, એના માટેની પ્રથમ પ્રાયોરિટી એમને રક્ષણ, એમની લાગણીઓનું સરખું હીલિંગ થાય. જે પીડિત, શોષિત, છેવાડાના માનવીને માન-સન્માન મળે, એ સમાજમાં આદરપૂર્વક રહી શકે એ જવાબદારી સરકારની છે. સરકાર એમાં કયાંય પાછીપાની નહિ કરે. અત્યાચારીઓ ઉપર પણ સખતમાં સખત કામગીરી થાય એની અમે સરકાર તરફથી બાંહેધરી આપીએ છીએ. (અંતરાય) એમાં બધા સાથે મળી આવનારા દિવસોમાં યોગ્ય રીતે (અંતરાય) સત્રની જરૂર નથી શકિતસિંહ ભાઇ. સાથે મળીને આ ગુજરાત..

અધ્યક્ષશ્રી : નહિ, શક્તિસિંહજી પ્લીઝ...

શ્રી વિજયકુમાર ર. રૂપાણી(મુખ્યમંત્રીશ્રી) : મારી વાત પૂરી કરું. શૈલેષભાઇ મારી વાત તો સાંભળો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ.. શૈલેષભાઇ..

શ્રી શૈલેષ મ. પરમાર : મારો આગ્રહ એવો હતો કે..

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ, જ્યારે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ લાગણી વ્યક્ત કરી છે અને એનો એટલો જ સાનુકૂળ પ્રતિભાવ જ્યારે આદરણીય મુખ્યમંત્રીશ્રી આપી રહ્યા છે ત્યારે બીજું ઇન્ટરવીન કરી, ઘણા બધા પ્રશ્નો હશે તે કાલે પણ થઇ શકે, પરમ દિવસે પણ થઇ શકે. આપણે બધા સાથે છીએ એ એમની લાગણી છે અને એ દિશામાં લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી(મુખ્યમંત્રીશ્રી) : શૈલેષભાઇ, આમાં હુ ચોક્કસ એકચ્યુલી સમાજની લાગણી, જેટલા દલિત ધારાસભ્યશ્રીઓ છે એ અને માનનીય અધ્યક્ષશ્રીનું પણ માર્ગદર્શન લઇશું, બધા સાથે મળીને ૧૦૦ ટકા સરકાર તરફથી ખાતરી આપું છું કે દલિતોના પ્રશ્ને સરકાર સંપૂર્ણ સંવેદનશીલ છે. ઉના જેવો બનાવ ભવિષ્યમાં ન બને એની તકેદારી રાખી આપણે સૌ આગળ વધીશું.

( આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ જગ્યા ઉપર ઉભા થઇ જતા )

અધ્યક્ષશ્રી : નેકસ્ટ..(અંતરાય) ઘણી લાંબી ચર્ચા થઇ. પ્લીઝ, પ્લીઝ ઘણી લાંબી ચર્ચા થઇ. બધાને પૂરતી તક આપી છે. બધાને સાંભળ્યા છે. પોતાના સ્થાન ઉપર જગ્યા લો. પ્લીઝ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૪-૧૫ ના વર્ષનો ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સરકારનો સન ૨૦૧૪-૧૫ ના વર્ષનો ઓડિટ અહેવાલ(સ્થાનિક સંસ્થાઓ) સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યો.**

સન ૧૯૭૨ ના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા ( ઉર્જા મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના તા.૨-૭-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક-જીએચયુ-૨૦૧૬-(૭૧)-જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ ફાઇલ) સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યું**

સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક-૧

શ્રી આત્મારામ મ. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક-૧ સન ૨૦૧૬નો ગુજરાત બિન-અનામત આર્થિક રીતે નબળા વર્ગો ( રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગ્યાઓમાં અનામત બેઠકો રાખવા બાબત) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું. (અંતરાય)

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.**

અધ્યક્ષશ્રી : અહીયા ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે આપણે ૧૧૬ ની ચર્ચા ખૂબ સારી રીતે કરી છે. બધા સભ્યોએ ભાગ લીધો છે. સાનુકૂળ વ્યવહાર કરવામાં આવ્યો છે. મને લાગે છે કે તમે જે પ્રવૃત્તિ કરી રહ્યા છો એ પવૃત્તિ એ દલિતોના હિત માટે નથી. માત્ર રાજકીય દેખાવો કરી રહ્યા છો એમ મારું માનવું છે. અને એટલા માટે આ વાતને પુષ્ટી ન મળે એ માટે પોતાના સ્થાન ઉપર બિરાજમાન થાવ તેવી આપ સર્વને મારી વિનંતી છે. મારી આપ સર્વને વિનંતી છે. આપ સર્વ પોતાનું સ્થાન લો તેવી મારી વિનંતી છે. નહિ તો હું એમ સમજીને ચાલીશ કે તમને દલિતોનું હિત નથી. માત્ર રાજકીય દેખાવો તમે કરી રહ્યા છો તેવું કહેવાની મારે ફરજ પડશે. એટલે મહેરબાની કરીને મારી આપ સર્વેને વિનંતી છે કે પોતપોતાના સ્થાન ઉપર બિરાજમાન થાઓ. હું ફરીથી આપને વિનંતી કરું છું. નેક્સ્ટ.

સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંકઃ૨

શ્રી શંકરભાઇ લ. ચૌધરી ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક-૨ સન ૨૦૧૬નો ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

અધ્યક્ષશ્રી: એક મિનિટ, જે ભાઇઓ અહીંયાં આ પ્રકારની પ્રવૃત્તિ કરી રહ્યા છે, મને લાગે છે કે અહીંયાં બંગડીઓ ફેંકી રહ્યા છે, મને લાગે છે કે બધા પુરુષો ઉભા છે પણ તમારા કામનું નથી અને એટલા માટે તમારા કામનું હોય તો તમારી પાસે રાખો. વેલમાં નાંખવાની જરાય જરૂરિયાત નથી. મારે અહીંયાં તટસ્થતાથી તમારી વાત જયારે રજૂ કરવાની છે ત્યારે તમારી વાત રજૂ કરવા માટે તમે મને અટકાવો એ તમારા હિત માટે નથી. હું પહેલાં પણ કહી ચૂકયો છું કે દલિત સમાજના હિતની વાતની પૂરેપૂરી ચર્ચા થઇ છે. આદરણીય વિરોધપક્ષના નેતાની લાગણી અને માગણીને ધ્યાનમાં રાખીને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ તેનો પ્રતિભાવ આપ્યો છે ત્યારે આ વાતને આગળ વધારવાની જરૂરિયાત નથી. ફરીથી મારી આપ સર્વેને વિનંતી છે કે આપ પોત પોતાના સ્થાન ઉપર બેસો અને આ પ્રવૃત્તિ બંધ કરો. મહેરબાની કરીને આ પ્રવૃત્તિ આપ બંધ કરો તેવી આપ સૌને વિનંતી છે. નેક્સ્ટ.

ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમનો ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : (પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેવા વિલંબ અંગેના કારણો સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, સરકારની સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : (રાજયકક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેવા વિલંબ અંગેના કારણો સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, સરકારની સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્ય મિત્રોને ફરીથી મારી આગ્રહપૂર્વક વિનંતી છે કે આપ આ પ્રવૃત્તિ બંધ કરો. આ વિષય પર આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જયારે ગૃહને ખાતરી આપી છે ત્યારે અને દલિતોના મુદ્દે સંવેદનશીલ નિવેદન રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ આપ્યું છે ત્યારે આ પ્રશ્ન રહેતો નથી. ફરીથી મારી આપને વિનંતી છે કે આપ પોત પોતાનું સ્થાન લો. આપ જે માગણી કરો તે માગણી તરત રાજય સરકારે સ્વીકારવી તેવું જરૂરી નથી. આપ બધા આ વિષયના જાણકાર હોવાથી આ વિષયને પડતો મૂકો અને આપ આપનું સ્થાન ગ્રહણ કરો. નેકસ્ટ.

નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૨-૧૩નો ઓડિટ અહેવાલ

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૨-૧૩નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીઓને મેં પહેલાં પણ કહ્યું કે ગઇકાલની તમારી વાત, મને સમર્થન આપવાની વાત, આ ગૃહની પ્રણાલિકાની વાત તમે કરી હતી તે વાત તમે ચૂકયા છો અને એટલા માટે હું સાર્જન્ટને આદેશ આપું છું કે ગૃહની વેલમાં આવેલા તમામ સદસ્યશ્રીઓને ગૃહમાંથી બહાર કાઢે અને આજના દિવસના કામકાજમાંથી તે સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવે છે. સાર્જન્ટ બધાને સન્માનપૂર્વક બહાર લઇ જાય. માનનીય ધારાસભ્યશ્રીઓને સન્માનપૂર્વક બહાર લઇ જાવ, કોઇને હાથે પગે વાગે નહીં એ જરા ધ્યાન રાખશો. કોઇ ધારાસભ્યશ્રીને ઈજા ન થાય એનું ધ્યાન રાખી સન્માનપૂર્વક એમને ગૃહની બહાર લઇ જાવ.

(આ તબક્કે વેલમાં આવેલ બધા વિરોધ પક્ષના ધારાસભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા બહાર લઇ જવામાં આવે છે.)( આ તબક્કે વિરોધ પક્ષના બધા ધારાસભ્યશ્રીઓ તરફથી સુત્રોચાર ચાલુ)

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીઓને સન્માનપૂર્વક બહાર લઇ જાવ. કોઇ પછડાય નહીં એ જરા જોજો, સન્માનપૂર્વક ગૃહની બહાર લઇ જાવ. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમની વાત ખૂબ ભારપૂર્વક, સ્પષ્ટતાપૂર્વક કરી છે, હું એમની વાતને સમર્થન આપું છું, મારી આપ સર્વેને વિનંતી છે કે આપે મને આપેલું વચન ચોવીસ કલાકમાં ભૂલી જશો એ મારા માટે ખૂબ દુઃખદાયી બાબત છે, દલિતોના મુદ્દે પૂરતી ચર્ચા થઇ છે, સંવેદના વ્યક્ત કરી છે ત્યારે આ પહેલેથી, પૂર્વ આયોજીત આપના પક્ષના સભ્યોએ કરેલું કામ છે અને એટલા માટે એક વેદનાપૂર્ણ રીતે દલિતોના મુદ્દે દલિતોને ન્યાય મળે એ માટેની તમારી રજૂઆત નહોતી, માત્ર રાજકીય વાત હતી એવું માનવાની મને ફરજ પડે છે અને એટલા માટે આજે જે પણ સભ્યશ્રીઓએ દેખાવો કર્યા છે એ તમામ સભ્યોને એક દિવસની ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા છે, આદરણીય વિરોધપક્ષના નેતાશ્રી અને મોહનસિંહભાઇ એ બન્ને આમાંથી બાકાત છે, આદરણીય શકિતસિંહભાઇ તમે પણ આનો એક ભાગ હતા એટલે આપ પણ બહાર જઇ શકો છો મારી આપને વિનંતી છે, આપ પણ બહાર જાઓ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા: માનનીય અધ્યક્ષશ્રી, ઉનામાં આ બનાવ ના બન્યો હોત તો..

અધ્યક્ષશ્રીઃ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીની વાત મને સાંભળવા દો, પ્લીઝ, પ્લીઝ, મારી આપને વિનંતી છે કે માનનીય વિરોધપક્ષના નેતાની વાત આપણે સન્માનપૂર્વક સાંભળીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જો નાની વાત, એ વાત અમારી હાઇકોર્ટના સીટીંગ જજની ઈન્કવાયરી સિવાયની કોઇ વાત નહોતી. સરકારમાં વિશ્વાસ નથી. એસ.આઇ.ટી. બની. "સી" સમરી રિપોર્ટની વાત થઇ, ઉનામાં બન્યું, આ બધું થયું તો એક નાની વાત સીટીંગ હાઇકોર્ટ જજ, જેમાં

અધ્યક્ષશ્રીઃ એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપણને કમિટમેન્ટ કર્યું છે. આપણને ગૃહની અંદર ખાતરી આપી છે. ભારતીય જનતા પાર્ટીના નહિ, તમામ દલિત ધારાસભ્યશ્રીઓને સાથે રાખીને, મને પણ સાંકળવાની એમણે વાત કરી, આનો સાનુકૂળ પ્રતિભાવ આપવાની વાત આદરણીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે, એનાથી વિશેષ કંઇ હોઇ શકે નહિ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હાઉસમાં કમિટમેન્ટ હોવું જોઇએ. અહીં કહેવું જોઇએ. જ્યાં જવાબદારી હોય ત્યાં કહેવું જોઇએ, હાઉસની બહારનો કોઇ મતલબ નથી હોતો સાહેબ.

અધ્યક્ષશ્રીઃ એમણે હાઉસમાં જ આપણને કમિટમેન્ટ કર્યું છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હજુ કરે ને.

અધ્યક્ષશ્રીઃ દલિત સમાજ માટેની ચિંતા કરવાની વાત તેઓ કરી ચૂક્યા છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અમે સીટીંગ હાઇકોર્ટ જજની ઈન્કવાયરી આપીશું એવું કહે અત્યારે. અમે સીટીંગ હાઇકોર્ટ જજની ઈન્કવાયરી આપીશું એવું કહે બસ.

અધ્યક્ષશ્રીઃ ફરીથી આપને કહું કે પહેલાં તમે એ વાત સ્વીકારો કે આપના પક્ષના ધારાસભ્યશ્રીઓને દલિતોની ચિંતા નથી. જાણીબૂઝીને કરેલું કૃત્ય, એમણે કરેલા દેખાવો. આ પૂર્વ આયોજીત બાબત હતી અને એટલા માટે હવે સાંભળવાનો મારી પાસે કોઇ વિકલ્પ નથી. એટલા માટે હું આપની વાત સ્વીકારી શકું તેમ નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અમારી વાત આ ઈન્કવાયરી માટેની નહોતી.

અધ્યક્ષશ્રીઃ મેં કહ્યું કે મુખ્યમંત્રીશ્રીએ આ વાત કરી છે, આપ એના સાક્ષી છો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આપ ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામું આપીને અહીંયા બેઠાં છો. સરકારે કહ્યું હોત કે, ઈન્કવાયરી તમે માગી છે એ ઈન્કવાયરી અમે આપીશું, પણ એમણે એ નથી કહ્યું. કંઈ નહોતું આમાં.

અધ્યક્ષશ્રીઃ એમણે એ જ વાત કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ જ વાત કરી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હજુ કહો એમને.

અધ્યક્ષશ્રીઃ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે દલિત તેરે તેર ધારાસભ્યશ્રીઓ, પક્ષ-વિપક્ષ નહિ, બધાને સાથે રાખીને, માત્ર ઉનાની ઘટના નહિ (અંતરાય) પ્લીઝ શાંતિ રાખો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગૃહમાં એવી ખાતરી આપી છે કે દલિત સમાજના હિતોનું રક્ષણ કરવા માટે આ સરકાર કટિબદ્ધ છે અને માત્ર ઉનાની ઘટના નહિ અને હવે પછીની આવી એક પણ ઘટના ન બને એના માટેનું કમિટમેન્ટ આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આપણને આપ્યું છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અમારી વાત ઈન્કવાયરીની છે ખાલી આના માટે.

અધ્યક્ષશ્રીઃ આના માટેની પુરેપૂરી ચર્ચા થયેલી છે ૧૦-૩૦ થયા છે, વિરામનો સમય થયો છે, વિરામ પછી ગૃહ ૧૧ વાગ્યે ફરીથી મળશે.

**(વિરામ ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર...ઓર્ડર..

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી શંકરભાઇ લ. ચૌધરી ( રાજયકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક અહેવાલ તથા સન ૨૦૧૩-૨૦૧૪નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા( રાજયકક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૧૪-૨૦૧૫ના વાર્ષિક હિસાબો અને તેના ઉપરની ઓડિટ રિમાર્કસ અને આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ, વાર્ષિક હિસાબો, ઓડિટ રિમાર્કસ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ.**

**શ્રી રોહિતભાઇ પટેલ ( રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૪-૨૦૧૫ના વર્ષનો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તથા સન ૨૦૧૦-૨૦૧૧ થી ૨૦૧૩-૨૦૧૪ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબ, તપાસણી અહેવાલ,વાર્ષિક અહેવાલો તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની અધિસૂચના.

શ્રી નીતિનભાઇ ૨. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની-

(૧) તા.૧-૪-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૧૬) વીએટી-૨૦૧૬-એસ.૫(૨) (૪૮)-ઠ
(૨) તા.૧-૪-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૧૭) વીએટી-૨૦૧૬-એચસીએચ-૨(૪૨ક) (૨૩)-ઠ
(૩) તા.૩૦-૪-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૩) વીએટી-૨૦૧૬-એસ.૫(૨) (૪૯)-ઠ
(૪) તા.૭-૫-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૭)વીએટી-૨૦૧૬-એસ.૫(૨) (૫૦)-ઠ
(૫) તા.૧૨-૫-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૮)વીએટી-૨૦૧૬-એસ.૫(૨) (૫૧)-ઠ
(૬) તા.૨૫-૫-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૩૪) વીએઆર-૨૦૧૬-(૩૮)-ઠ
(૭) તા.૨૭-૫-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૩૫)વીએટી-૨૦૧૬-એસસીએચ-૨(૪૨ક)(૨૪)-ઠ
(૮) તા.૩૧-૫-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૩૬)વીએઆર-૨૦૧૬-(૩૯)-ઠ
(૯) તા.૧૬-૬-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૪૨)વીએટી-૨૦૧૬-એસ.૪૦(૧) (૧૦)-ઠ તથા,

(૧૦) સન ૨૦૦૧ના ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ અન્વયેની તા.૧-૪-૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૧૯)જીઇઆર-૨૦૧૬/(એસ-૨૦(૪)-૬ અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

સામાન્ય વહીવટ વિભાગની સન ૨૦૧૩ના ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ અન્વયેની અધિસૂચના

શ્રી <નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગની સન ૨૦૧૩ના ગુજરાત ( જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ અન્વયેની તા.૧/૪/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંકઃ જીએસ/૨૬/૨૦૧૬/એનએપી-૧૦૨૦૧૩-૮૧૭-એઆરટીડી-૪ અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

સન ૧૯૬૩ના ગુજરાત બાંહેધરી અધિનિયમ દર્શાવતું પત્રક

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૩ના ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ અન્વયે

(ક) રાજય સરકારે સન ૨૦૧૫-૧૬ના વર્ષ દરમિયાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક.

(ખ) રાજય સરકાર દ્ધારા બાંહેધરી આપવાના કારણે સન ૨૦૧૫-૧૬ના વર્ષ દરમિયાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૧૫-૧૬ના વર્ષ દરમિયાન જે તે સંસ્થાઓ/વ્યકિતઓએ ભરપાઇ કરેલ રકમોની વિગત દર્શાવતું પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**બાંહેધરી પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

અનુમતિ મળેલાં વિધેયકો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું તેરમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં વિધાનસભાએ પસાર કરેલા અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૫ તથા જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૬નાં વિધેયક ક્રમાંક-૧૭,૨૩,૨૪,૨૫,૨૬,૨૯ અને ૩૦ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

અધ્યક્ષશ્રીની જાહેરાત

નાણાકીય સમિતિઓમાં ખાલી પડેલ જગ્યાઓ ઉપર ચૂંટણી કરવા અંગે.

અધ્યક્ષશ્રી : હવે ગુજરાત વિધાનસભાની સન ૨૦૧૬-૧૭ના વર્ષ માટેની નાણાકીય સમિતિઓમાં ખાલી પડેલ જગ્યાઓ ઉપર ગુજરાત વિધાનસભાના સભ્યશ્રીઓની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ જાહેર કરું છું.

| | | |
|---|---|---|
| (૧) | નામ-નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય.. | બુધવાર, તા.૩૧/૦૮/૨૦૧૬ સાંજના ૫.૩૦ વાગ્યા સુધી |
| (૨) | નામ-નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ,સમય અને સ્થળ. | ગુરુવાર, તા.૧/૯/૨૦૧૬ સાંજના ૪.૩૦ વાગ્યેનાયબસચિવશ્રી એસ. એમ.મેમણની ચેમ્બરમાં |
| (૩) | નામ-નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની તારીખ, અને સમય. | શનિવાર, તા.૩/૯/૨૦૧૬ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી |
| (૪) | મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ.. | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧માંથી મળી શકશે.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**જાહેર સાહસો માટેની સમિતિના છઠ્ઠા, સાતમા અને આઠમા અહેવાલની રજૂઆત**

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (સમિતના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિના છઠ્ઠા, સાતમા અને આઠમા અહેવાલને સભાગૃહના મેજ ઉપર ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત**

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિના પહેલા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬
ગુજરાત કોર્ટ-ફી (સુધારા) વિધેયક, ૨૦૧૬

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના છઠ્ઠા અને સાતમા અહેવાલની રજૂઆત**

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના છઠ્ઠા અને સાતમા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો**

**સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૩૨**

ગુજરાત કોર્ટ-ફી (સુધારા) વિધેયક, ૨૦૧૬

**ગુજરાત કોર્ટ-ફી અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના કાયદા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક ૩૨-સન ૨૦૧૬ના ગુજરાત કોર્ટ ફી સુધારા વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાઃ માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક ૩૨-સન ૨૦૧૬ના ગુજરાત કોર્ટ-ફી સુધારા વિધેયકનું પહેલુ વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કોર્ટ-ફી એમેનમેન્ટ ૨૦૧૬ના સંદર્ભમાં ગુજરાત કોર્ટ-ફી એકટ ૨૦૦૪ અને એ કાયદા હેઠળ કોર્ટો અન જાહેર ઓફિસોમાં લેવામાં આવતી ફી તથા અન્ય કેટલીક બાબતો માટે લેવામાં આવતી ફીને લગતો આ કાયદો છે. આ કાયદાની જોગવાઇ જોઇએ તો એમાં

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

કલમ-૪ હેઠળ કોર્ટ ફી ભર્યા વિના કોઇપણ દસ્તાવેજ કોર્ટમાં દાખલ કરી શકાતો નથી કે તેને સ્વીકારી શકતા નથી. કોર્ટ ફી ભરવા માટે ઉપર જણાવ્યા પ્રમાણેની જોગવાઇ હોવાને કારણે કલમ-૩૨માં અદાલતો દ્વારા ઇશ્યુ થતા પ્રોસેસની બજવણી માટે તથા ભરવાની થતી ફી અંગેની પણ જોગવાઇ કરવામાં આવી છે. પક્ષકાર દ્વારા ભર્યા સિવાય પ્રોસેસની બજવણી કરી શકાતી નથી. આની અગાઉની કેટલીક વ્યવસ્થાઓ છે એ પણ હું સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકું છું. આ અમલવારી પહેલા મુંબઇ કોર્ટ-ફી અધિનિયમ, ૧૯૫૯ અને તેની પણ પહેલા મુંબઇ કોર્ટ-ફી અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૪૯ થી રીપીલ કરેલ કોર્ટ ફી અધિનિયમ, ૧૮૭૦ની કલમ- ૨૦ની જોગવાઇઓ હેઠળ ભરવાપત્ર થતી હતી. મુંબઇ કોર્ટ ફી એકટ પણ ગુજરાત કોર્ટ-ફી એકટ, ૨૦૦૪ની કલમ ૪૯થી રીપીલ કરવામાં આવેલ હતો. ગુજરાત એ પ્રગતિશીલ રાજય છે. સમગ્ર દેશમાં ગુજરાત ઇઝ ધી ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા. ગુજરાતમાં દેશ વિદેશમાંથી અનેક ઉદ્યોગકારો પોતાના ઉદ્યોગ સ્થાપવા માટે ગુજરાતની ધરતીને પસંદ કરે છે. સ્વાભાવિક છે કે આ પ્રમાણે ઉદ્યોગો આવતા જાય વસતિ વધતી જાય એના લીધે નાના મોટા લિટિગેશનોનું પ્રમાણ કોર્ટમાં વધતું જાય, પણ આ વધતા પ્રમાણની સાથે ઘણી વાર સમસ્યાઓ થાય છે. એ સમસ્યાઓ એ પ્રમાણેની હોય છે કે કોર્ટની અંદર જરૂરી ફી સ્ટેમ્પ ઉપલબ્ધ ન હોય અથવા ઘણીવાર એના યોગ્ય કિંમતના સ્ટેમ્પની અછત વર્તાતી હોય એના કારણે દાવા દાખલ કરવામાં મુશ્કેલીઓ ઉભી થતી હતી. આ મુશ્કેલી દૂર કરવા માટે પણ રાજય સરકારે ફી ઓનલાઇન પેમેન્ટની સુવિધા દાખલ કરતું વિધેયક આ સન્માનનીય સભાગૃહની અંદર આપણે મંજૂર કર્યું છે અને તેના દ્વારા આ વૈકલ્પિક વ્યવસ્થા રાજય સરકારે ઉભી કરાવડાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોર્ટ સમક્ષ આવતા આવા દીવાની અને ફોજદારી દાવા દ્વારા ઇશ્યુ થતી વિવિધ પ્રકારની પ્રોસેસ ફી, કામગીરીના હુકમો, બજવણીદાર ફી અને આ બધી ફી ભર્યા સિવાય કોર્ટના પ્રોસેસની બજવણી થઇ શકતી નથી અને તેના કારણે ઘણા કેસ એવા હોય છે કે ઘણાં લાંબા સમય સુધી પડતર રહે છે. રાજય સરકાર સ્ટેટની અંદર લિટિગન્ટ પોલીસી લાવી છે અને આ પોલીસીના આધારે આ રાજયની અંદર પડતર કેસોનો ઝડપથી નિકાલ થાય તેના માટે અને પેન્ડન્સી ઘટે તેવા હેતુથી આ ૨૦૦૪ માં સુધારા કરતું વિધેયક અને તેમાં કલમ-૩૨ છે તે સંપૂર્ણપણે રદ કરવા માટે આ બિલ આપ સૌની સમક્ષ લાવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપ તો જાણો છો કે લિટિગન્ટના કેસોમાં માત્રને માત્ર પ્રોસેસ ફી ભરાઇ ન હોવાના કારણે કેસ પડતર રહે છે. એ ઝડપથી બોર્ડ ઉપર આવતા નથી અને તેના કારણે અદાલત દ્વારા તેનો ન્યાયોચિત નિકાલ કરવામાં લાંબો સમય જાય છે. ગુજરાત કોર્ટ ફી એકટ-૨૦૦૪, તેને એમેન્ડ કરીને આધુનિક સમયની માંગ પ્રમાણે પડતર દીવાની અને ફોજદારી કેસોમાં મોટા પાયે ઘટાડો થાય તેના માટેની આ વ્યવસ્થા છે અને નામદાર હાઇકોર્ટ પણ ગુજરાતના પડતર કેસોનો સંવેદનાપૂર્ણ નિકાલ થાય તેના માટે સમગ્ર આયોજન અને સમગ્ર વ્યવસ્થા કરી રહેલ છે. તેમાં પૂરક થવા માટે આ સન્માનનીય સભાગૃહની સમક્ષ હું આ બિલ લઇને આવ્યો છું. હાલની કલમ-૩૨ની જે જોગવાઇ છે એ મુજબ કોર્ટ દ્વારા ઇશ્યુ થતી પ્રોસેસની બજવણી કરી શકાય એ માટે કામગીરી હુકમો, બજવણીદાર ફીના દરો નક્કી કરવા માટે ગુજરાત હાઇકોર્ટને નિયમો બનાવવા માટેની સત્તા આપેલી છે. પરંતુ આ

• વિધેયક,તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૧૬ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગે

નવી સૂચિત જોગવાઇ છે એ સૂચિત જોગવાઇના કારણે કલમ–૩૨ રદ કરવાની દરખાસ્ત છે અને આ કલમ–૩૨ની દરખાસ્ત રદ કરીને તેમાં નવી કોઇ પણ કલમ–સુધારો કે ઉમેરો કરવા માટેની આ બિલની અંદર વાત નથી. હાઇકોર્ટને નિયમો બનાવવાની સત્તા આપતી કલમ–૩૨ની જોગવાઇ રદ કરવાની દરખાસ્તના કારણે રાજયમાં કોઇ પણ કેસમાં પ્રોસેસ ઇશ્યુ થાય તે માટે ભરવા પાત્ર પ્રોસેસ ફી ભરવાની હવેથી રહેશે નહીં. આ કાયદામાં સુધારો કરવાથી પ્રજાને સીધો ફાયદો છે. કેમ કે કામગીરીના હુકમો, બજવણીદારની ફી એ નહીં ભરવાના કારણે કોર્ટમાં જુદા જુદા તબક્કે જે પડતર રહે છે તેનો ઝડપથી નિકાલ આવશે. આ રાજય સરકાર સમગ્ર ગુજરાતના લિટિગન્સને સસ્તો ન્યાય મળે, ઝડપી ન્યાય મળે અને ઘર આંગણે ન્યાય મળે તેના માટે કટિબદ્ધ છે. આના કારણે એ લિટિગન્સ ઉપર પડતું સ્ટેમ્પ કે બાકીના પ્રકારનું ખર્ચ નહીં કરવું પડે. તેના કારણે તેને ઝડપથી ન્યાય મળશે અને રાજય સરકારે ગુજરાતભરની અંદર તાલુકા કક્ષાથી માંડીને જિલ્લા, સમગ્રતઃ ગુજરાતમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કરીને આ કોર્ટોને માળખાકીય સુવિધાઓ પૂરી પાડી છે ત્યારે આ એક નાનો સરખો સુધારો પણ જે વર્ષો સુધી કેસો પડતર રહે છે અને તેના કારણે અરજદારની તેની સાથે વેદના જોડાયેલી છે એ વેદના પ્રત્યે સંવેદના પ્રગટ કરીને ન્યાયિક પ્રક્રિયા ઝડપથી બને તેના માટે રાજય સરકારે આ એક હકારાત્મક અભિગમ અપનાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આ Ease of doing business એમાં ભારત સરકારના જુદા જુદા મુદ્દાથી ગુજરાત અને દેશના વિવિધ રાજ્યોને આ મુદ્દાથી વાકેફ કરવામાં આવ્યા. Ease of doing businessમાં ગયા વખતે આંકડા રજૂ કરવામાં આવ્યા એમાં આપણું રાજ્ય એ સમગ્ર દેશની અંદર Ease of doing businessમાં મેરીટમાં પ્રથમ ક્રમે આવ્યું. આપણે આનાથી અટકતા નથી. Ease of doing businessમાં આપણે આપણું સ્થાન બરકરાર રાખવું હોય તો હજુ પણ આખી વહીવટી પ્રક્રિયા અને ન્યાયીક પ્રક્રિયાથી એમાં વધારે સરળીકરણ કરી શકાય એના માટે વહીવટી તંત્રમાં નાના મોટા આમુલ પરિવર્તનો કરવા પડશે. એમાં Ease of doing businessના સંદર્ભમાં ૩૩૪ નંબરનો એક મુદ્દો છે.. એના કારણે merger of court fees and process fees in a single transaction or a procedure આ એમેન્ડમેન્ટ કરવાથી આપણું રેટીંગ ઉંચું જાય અને એ જાળવવા માટે આપણે સફળ થઇએ. રાજ્ય સરકારને આ પ્રોસેસ ફી અને બજવણી ફી આ દરના કારણે કોર્ટમાં જુદા જુદા તબક્કે ભરાતી હતી એના કારણે રાજ્ય સરકારની તિજોરીમાં આવક આવતી હતી. પરંતુ આ રાજ્ય સરકારે પડતર રહેલા કેસોના litigants પ્રત્યે એની વેદના પ્રત્યે ધ્યાન રાખીને રાજ્યની તિજોરીમાં મળતી આવક, એ આવકને ધ્યાન ઉપર રાખ્યા સિવાય અરજદારને કેટલો ઝડપથી ન્યાય આપી શકાય એના માટેનો આપણે આ સુધારો કર્યો છે. આ હું જે બિલ લાવ્યો છું એ બિલની પાછળનો માત્રને માત્ર આશય એ છે કે પ્રક્રિયાનું સરળીકરણ થાય, અરજદારને ઝડપી ન્યાય મળે અને એના માધ્યમથી ગુજરાતની હાઇકોર્ટ અને જુદા જુદા કેસોમાં જે પડતર કેસો છે એ પડતર કેસોના નિકાલ માટે આપણે ગુજરાત સરકાર તરીકે કરવા પાત્ર કામ કરીને એમાં આપણે ઝડપ વધારીએ. એ આશયથી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૬ના ગુજરાત કોર્ટ–ફી(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૬ના ગુજરાત કોર્ટ–ફી(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી: સન–૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૨–સન ૨૦૧૬ના ગુજરાત કોર્ટ–ફી(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૧**

## ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઇ કરતું (સુધારા ) વિધેયક, ૨૦૧૬

**ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતો અધિનિયમ, ૧૯૮૬ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા (રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં• અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૬નું ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઇ કરતું (સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

• વિધેયક તાઃ ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઇ કરતું (સુધારા ) વિધેયક, ૨૦૧૬

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૬નું ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઇ કરતું (સુધારા) વિધેયક ૨૦૧૬નું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પક્ષાન્તર ધારા બદલની રાજયમાં જે કામગીરી થતી હોય છે અને એ કામગીરી બહુ મહત્વની કામગીરી હોય એટલે એમાં ઘણી વખત વિલંબ પણ થતો હોય છે જે સરકારી અધિકારીને જવાબદારી સોંપી હોય એની પાસે અન્ય વિભાગોની જવાબદારી હોય અને આ કામ એવું છે કે એક વ્યકિત એમાં દાખલ થાય તો એની મુદતો અપાતી હોય છે અને મુદતો અપાયા પછી એના કોઇ વકીલ હાજર હોય કે ના હોય એવા કારણોસર આમાં ઘણી વખત વિલંબ થતો હોય છે. એ વિલંબ નિવારવા માટે ૨૦૦૭ની અંદર આપણે સુધારા નિયમો લાવીને જે છ મહિનાની અંદર નિકાલ કરવાની જોગવાઇ હતી એને આપણે બે મહિના કર્યા હતા પણ આટલા સમયની વિચારણાને અંતે બે મહિનાની અંદર આ કામગીરી પૂરી નહોતી થતી જેના કારણે આ જ પોસ્ટ ઉપર એ જ કક્ષાના કોઇપણ નિવૃત્ત અધિકારીની રાજય સરકાર નિમણૂક કરી શકશે એવા આશય સાથે આ બિલ લાવવાનો આજનો ઉદ્ધેશ છે જેથી જેમ બને એમ ઝડપી કામગીરી થાય. સ્વાભાવિક છે કે જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયતની ચૂંટણીઓ ગઇ એ ચૂંટણીઓ પહેલાના જે કેસ પડતર હતા એમાં બે–ચાર કેસ એવા હતા કે જે ચૂટણી થઇ ત્યાં સુધી પૂરા થઇ શકયા નહીં. જેના કારણે ઘણા લોકો હાઇકોર્ટમાં જતા હોય છે. આજે હાઇકોર્ટમાં કેટલાય કેસો એવા દાખલ છે કે અમારા કેસો ઝડપી ચલાવો. હાઇકોર્ટે આપણને એવો આદેશ આપ્યો છે કે આના તાત્કાલિક કેસ ચલાવવા આ જવાબદારીવાળું કામ છે. આજે કોઇને કોઇ વ્યકિત સ્થાનિક સત્તામંડળની અંદર, સ્થાનિક સંસ્થાની અંદર પક્ષાંતર ધારામાં દાખલ થાય, દાખલ થાય એટલે એનો ઝડપી નિકાલ કરવાનો ઉદ્ધેશ હોય છે પણ ખરેખર આ બધી બાબતોની વિચારણાના અંતે આજે આ બિલ લાવ્યા છીએ. એટલે એનો ઉદ્ધેશ એવો નથી કે આમાં નિવૃત્ત કર્મચારીને જ રાખવા, નિવૃત્ત કર્મચારીને રાખી શકાય, સરકારી અધિકારી પણ ચાલુ હોય એને રાખી શકાય પણ રાજય સરકારનો ઉદ્ધેશ એમ છે કે આ કામગીરી ઝડપી થવી જોઇએ જેના કારણે સંસ્થાની અંદર ઘણી વખત તકલીફો થતી હોય છે અને રજૂઆતો આવતી હોય છે, રજૂઆતના અંતે લોકો કોર્ટમાં જાય છે કે મારા કેસનો નિકાલ ઝડપી થતો નથી એટલે આ જોગવાઇ લાવ્યા છીએ. ખરેખર તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા આ બધી મોટી સંસ્થાઓ છે, કામગીરી ઘણી મોટી રહેતી હોય છે તો આની અંદર ઝડપી કામગીરી થાય અને ઝડપી એનો નિકાલ થાય. આ પ્રક્રિયા કોર્ટ જેવી છે. જેમ કોર્ટમાં જજમેન્ટ અપાતું હોય એ રીતે આમાં જજમેન્ટ આપવાનો ઉદ્ધેશ છે અને એમાંથી કોઇપણ વ્યકિત નારાજ થાય તો હાઇકોર્ટમાં જઇ શકે છે પણ આ રાજય સરકારનો આશય એવો છે કે આની અંદર પડતર કેસો છે એ કેસોનો ઝડપથી નિકાલ થાય, સંસ્થાની અંદર કયાંય વિક્ષેપ ન આવે, સંસ્થાની અંદર કોઇ મુશ્કેલી ન પડે, કોઇ વ્યકિતને એમ ન થાય કે મને સમયસર દાદ નથી મળી. એટલા માટે આપણે આ બિલ લાવી એની અંદર ઝડપી નિકાલ થાય અને એજ રીતે કામગીરી થાય એવા આશય સાથે આ બિલ અમે લાવ્યા છીએ. રાજય સરકારનો સારો ઉદ્ધેશ છે અને ઉદ્દેશ સાથે આજે સ્વાભાવિક છે કે કોઇને ઘણી વખત એમ થાય કે હું દાખલ થઉં તો મને ઝડપી ન્યાય મળે. મારે સંસ્થામાં ઝડપથી જવું જોઇએ. પક્ષાંતર ધારાનો કાયદો બનેલો છે એ કાયદાનો મૂળભૂત ઉદેશમાં કોઇ સુધારો આમાં નથી. પક્ષાંતર ધારાનો કાયદો બનેલો છે પણ એ કાયદા મુજબ લોકોને ઝડપી ન્યાય અને સંતોષ મળે એટલા માટેનો આ ઉદ્ધેશ છે. આ રીતે આજે રાજ્ય સરકાર આ બિલ વિધાનસભામાં લાવીને સુધારો કરવાના આશય સાથે આવી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી જયંતિભાઇ રા. કવાડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૬ના ગુજરાતનો પક્ષાંતર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઇ કરતું (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિના વિરોધે વિધેયકનો ભાગ બની.**

**શ્રી જયંતિભાઇ રા. કવાડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૬ના ગુજરાતનો પક્ષાંતર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઇ કરતું (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૬ના ગુજરાતનો પક્ષાંતર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઇ કરતું (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.**

**સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩૩**

## ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૬

### ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી શંકરભાઇ લ. ચૌધરી (રાજ્ય કક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, * રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૩–સન ૨૦૧૬ના ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી શંકરભાઇ લ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૩–સન ૨૦૧૬ના ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શંકરભાઇ લ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની પ્રજાની આરોગ્ય અને સુખાકારી વધે એ માટે રાજ્ય સરકાર સતત ચિંતિત છે અને જે પ્રમાણે માનવીની જીવનશૈલી બદલાઇ છે તે પૈકી આરોગ્ય વિષયક સુવિધાઓ માટેની ડિમાન્ડ દિન પ્રતિદિન વધતી જાય છે. એને પૂરી કરવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા જોઇએ તો ૩ માળખા, ૩ સ્તરની અંદર આરોગ્યની સુવિધાઓ આપવા માટેની એક વ્યવસ્થા બનેલી છે. એક ડોક્ટર્સ, બીજું પેરામેડિકલ અને ત્રીજું તે માટેના આધુનિક સાધનો. ત્રણેય સ્તરે આ બાબતમાં વધારો થાય, પ્રજાની સુખાકારી વધે એ માટે રાજ્ય સરકારે સતત છેલ્લા ૧૫ વર્ષની અંદર ખૂબ પ્રયત્નો કર્યા છે અને તેનું પરિણામ પણ જોવા મળી રહ્યું છે. ડોક્ટરો એ સૌથી પાયાનું આયામ છે. એટલે જેટલી કોલેજો વધે એની સાથે સાથે સિટો વધે તે રાજ્ય સરકાર માટે પ્રાથમિકતા હતી અને રાજ્ય સરકારે છેલ્લા કેટલાક વર્ષોની અંદર આ પ્રમાણેનો એક અભિગમ હાથ ઉપર લીધો તેના કારણે ખૂબ સારા પરિણામો પણ મળી રહ્યાં છે. ૨૦૦૧ના વર્ષની અંદર મેડિકલની સિટો જે એમ.બી.બી.એસ. માટેની હતી એ કોલેજોની સંખ્યા ૯ હતી. ૨૦૧૬ની અંદર અત્યારે બેઠા છીએ ત્યારે ૯ માંથી વધીને ૨૨ જેટલી મેડિકલ કોલેજો આજે રાજ્યની અંદર કાર્યરત છે. પ્રવેશ માટેની બેઠકો જે એમ.બી.બી.એસ.ની ૧૧૨૫ હતી તે વધીને અત્યારે ૧૧૨૫ માંથી ૩૫૩૦ જેટલી સિટો આપણે વધારી શક્યા છીએ. એટલે percentની અંદર એનો સુધારો જોઇએ તો ૨૧૩.૭૭% નો વધારો આ છેલ્લા ૧૫ વર્ષમાં ડોક્ટરોની વધારે સિટો અહીંયા આગળ થાય એની અંદર આ રાજ્ય સરકારના પ્રયત્નોના કારણે આપણે કરી શક્યા છીએ. ડેન્ટલની અંદર પણ ૪ કોલેજોની જગ્યાએ ૧૩ કોલેજો થઇ અને ૨૮૦ સિટોની જગ્યાએ ૧૨૪૦ જેટલી સિટો થઇ, એટલે કે ૩૪૨% નો વધારો આની અંદર પણ રાજ્ય સરકારે છેલ્લા ૧૫ વર્ષની અંદર કર્યો છે. એવું જ ફિઝ્યોથેરાપીની કોલેજોની અંદર પણ ૬ માંથી ૬૬ અને સિટોમાં પણ ૧૭૦ની જગ્યાએ ૩૫૫૦ જેટલી સિટો આપણે કરી શક્યા છીએ. આમ બધી બાબતમાં જોઇએ તો આપણે ખૂબ સારું પરિણામ લાવી શક્યા છીએ. પી.જી.ની સિટોમાં પણ છેલ્લા ૧૦ વર્ષની અંદર પોસ્ટ ગ્રેજ્યુએટની સિટોમાં ૮૪૩ જેટલો વધારો કરીને અત્યારે ૧૫૬૩ જેટલો થયેલો છે. એટલે મેડિકલ, પેરામેડિકલ અને તે સિવાય પી.જી.ની સિટોમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં સુધારો થયો છે. અત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયક જે લાવવામાં આવ્યું છે તેની અંદર તેની ભૂમિકામાં જઉં તો ભૂતકાળમાં આવેલી મેડિકલ કોલેજોમાં પ્રવેશ તેમજ ફી નિયંત્રણની કાર્યવાહી ગુજરાત રાજ્ય વ્યવસાયિક તબિબિ શિક્ષણ કોલેજો અથવા શિક્ષણ સંસ્થાઓ પ્રવેશ નિયમન ફી નિર્ધારણ અધિનિયમ ૨૦૦૭ ગુજરાત રાજ્યના કાયદા હેઠળ થાય છે અને આ કાયદા હેઠળ દરેક કોલેજમાં પ્રવેશની સિટો પૈકી ૭૫% સિટો એ સરકારી સિટો ગણાય છે અને તેમાં પ્રવેશ કેન્દ્રીય પ્રવેશ નીતિ આધારીત મેરિટ પ્રમાણે આપવામાં આવે છે. બાકીની ૨૫% સિટો એ મેનેજમેન્ટ ક્વોટા તરીકે ગણાય છે. જેમાં ૧૫% સિટો એન.આર.આઇ. ક્વોટાનો સમાવેશ થાય અને સરકારી ૭૫% એ જુદી જુદી અનામત અને બાકીની જે જોગવાઇઓ છે એને આની અંદર લાગુ પડતી હોય છે. રાજ્ય સરકારમાં ૨૦૧૫–૧૬ની આ ઉપલબ્ધી ઉપલબ્ધ એમ.બી.બી.એસ. ૨૦૦૦ સિટો પૈકી ૩૦૬ જેટલી સિટો એન.આર.આઇ. ક્વોટા માટેની હતી. આ ૧૫% સિટો જે એન.આર.આઇ. માટેની હતી એમાં ખાસ કરીને બહારથી વિદ્યાર્થીઓ આવતા. પ્રશ્ન એ થતો કે આપણે આટલી મહેનત કર્યા પછી અહીંના ડોક્ટર હોય તો એમ.બી.બી.એસ. થયા પછી પણ લોકોને અહીંની સુવિધા મળી શકે. આટલું ઇન્ફ્રાસ્ટ્રકચર આટલી સિટો વધાર્યા પછી આ ૧૫% એન.આર.આઇ. સિટોની અંદર અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ આવીને એન.આર.આઇ.ના નામે અહીંયા આગળ એડમિશન લઇ લેતા અને પ્રજાને સેવાકીય લાભ મળવો જોઇએ એ મળતો નહતો. આમ થવાથી આપણો મૂળ ઉદ્દેશ હતો એ સિદ્ધ થઇ શકે તેવું નહોતું દેખાતું. એટલા માટે રાજ્ય સરકારે એક વટહુકમ અંતર્ગત એન.આર.આઇ. સિટોને રદ કરવા માટેનો વટહુકમ અહીંયા આગળ લાવીને આ એન.આર.આઇ. સિટોને રદ કરવાનો નિર્ણય કર્યો.

* વિધેયક તા. ૧૬મી ઓગષ્ટ, ૨૦૧૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

હવે તેની સામે કેટલાક લોકો અને કેટલીક સંસ્થાઓ નામદાર હાઇકોર્ટની અંદર ગયા અને નામદાર હાઇકોર્ટે જે જજમેન્ટ આપ્યું એની અંદર ખરેખર જે જેન્યુઅન એન.આર.આઇ. હોય એના પુરતું રાખીને જેને કોઇએ સ્પોન્સર્ડ કર્યા હોય તેવી બાબતોને રદ કરવી તેવો નામદાર હાઇકોર્ટે ચુકાદો આપ્યો. એટલે કે, રાજ્ય સરકારનો જે મુખ્ય ઉદ્દેશ હતો એને નામદાર હાઇકોર્ટની પણ લગભગ સહમતી મળેલી છે. એટલે નામદાર હાઇકોર્ટના ચુકાદાને અંતર્ગત આ વખતે બિલ આપણે અહીંયા લઇ અને આવ્યા છીએ. નામદાર હાઇકોર્ટનો ચુકાદો જોઇએ તો, ખરેખર જેન્યુઇન એન.આર.આઇ. ટોપર અર્થાત એન.આર.આઇ.ના બાળકો એટલે ચિલ્ડ્રન અથવા તેના પાલ્યોને પ્રવેશ આપવાનો રહેશે. જ્યારે એન.આર.આઇ. આધારિત એન.આર.આઇ. ડિપેન્ડન્ડ અથવા એન.આર.આઇ. સ્પોન્સર્ડને આ અધિનિયમ અન્વયે પ્રવેશ આપવામાં આવશે નહીં. એટલે આમ બહાર પાડેલ વટહુકમ સંદર્ભે નામદાર હાઇ કોર્ટના ચુકાદાને સ્વીકારીને ગૃહની મંજૂરી માટે આ બિલ રજૂ કરું છું. આ બિલની અંદર હવે પંદર ટકા એન.આર.આઇ. ક્વોટામાં ખરેખર જે રિયલ એન.આર.આઇ. અથવા એન.આર.આઇ.ના ચિલ્ડ્રન હશે અથવા તેના પાલ્યોને જ પ્રવેશ આપવાનો રહેશે. જેથી નોન જેન્યુઇન વિદ્યાર્થીઓ જે લાભ મેળવતા હતા તે બંધ થશે. મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ પામવા માટે વિદ્યાર્થીઓએ ગુજરાત રાજયમાંથી ધોરણ બાર પાસ કરેલું હોવું જોઇએ તે માટેની જોગવાઇ કાયદાની અંદર કરવામાં આવી છે. હવે આ અંતર્ગત એન.આર.આઇ. રદ થવાના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓને આનો વધુમાં વધુ લાભ મળે તે પ્રમાણેની વ્યવસ્થા આ સુધારાને કારણે થઇ શકશે. ગુજરાતના વિદ્યાર્થીઓ એના કારણે વધારે લાભ લેતા થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એક આની અંદર સુધારો જે આપવામાં આવ્યો છે તે છે તબીબી શિક્ષણ ક્ષેત્રે આવેલ બધી સ્વનિર્ભર સંસ્થાઓની ફી, ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ ) અધિનિયમ–૨૦૦૭ ગુજરાત રાજ્યના કાયદા હેઠળ રચના કરેલ ફી નિર્ધારણ સમિતિ આ ફી નક્કી કરે છે. આ સમિતિ ત્રણ વર્ષની ફી નું નિર્ધારણ કરે છે. જે દરેક વર્ષ માટે અલગ અલગ ફી નક્કી કરી શકે છે પરંતુ એક વખત એડમિશન પામેલા વિદ્યાર્થીની ફી બદલી શકાતી નથી. તે કાયદાકીય બાબત આમાં મુકવામાં આવેલી જ છે, એનાથી આપણે બધા સુપરિચિત છીએ. હાલમાં જોગવાઇનું અર્થઘટન એવી રીતે કરવામાં આવતું હતું કે, પાંચ વર્ષ માટે એક જ ફી નક્કી કરવામાં આવતી હોવાથી વિદ્યાર્થીને પ્રમાણમાં ઊંચી ફીનો બોજો સહન કરવો પડતો હોય છે. જેથી ફી કમિટી પાંચેય વર્ષની ફી ઉત્તરોત્તર ફી માળખું ઘડી શકે તેવી છૂટછાટ સમિતિમાં આપવાની જોગવાઇ બિલમાં કરવામાં આવેલી છે. જેથી આ ફી નું માળખું ફ્લેકસીબલ રીતે ઘડી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એ થાય કે, એક વિદ્યાર્થીએ પાંચ વર્ષ માટે એડમિશન લીધું હોય, તો પહેલા જ વર્ષે નક્કી કરી લે કે પાંચ લાખની ફી છે તો દર વર્ષે પહેલા જ વર્ષથી એણે લાખ–લાખ પ્રમાણે ફી આપવી પડે. બીજી બેચ આવે તો એને આ પાંચ વર્ષનું સરેરાશ ચાલતું હોય તો બોજો બાકીનો હોય એ નવી બેચ આવે તો એના ઉપર બોજો વધી જાય. પહેલા જ વર્ષે પાછી લાખ રૂપિયા ફી એને ચૂકવવી પડે એટલે વિદ્યાર્થી માટે પણ એ સરળ નહતું રહેતું. એટલે આ સુધારા બિલના આધાર ઉપર એવું કરી શકાશે કે, શરૂઆતના વર્ષની અંદર માની લો કે, એક વર્ષે એક લાખ, બીજા વર્ષે એક લાખ દસ હજાર, ત્રીજા વર્ષે એક લાખ ત્રીસ હજાર, આમ જે કાંઇ તબક્કાવાઇઝ આપણે કરવું હોય તો એ સ્ટાર્ટીંગની અંદર જ, એટલે જે વિદ્યાર્થી એડમિશન મેળવશે એને કેટલી ફી આપવી છે એ તો પહેલા જ વખતે નક્કી થઇ જશે કે, ટોટલ કુલ મળીને મારે આટલી ફી આપવાની થશે. પરંતુ તબક્કાવાર એટલે એક સાથે વિદ્યાર્થી ઉપર પણ બર્ડન આવે નહીં તે માટે આની અંદર ફ્લેકસીબલીટી રાખવામાં આવી છે. એટલે બંને બાબતો આવનાર સમયમાં વધારે વિદ્યાર્થી ઉપર ફીનો એક સાથે બોજો પણ ના પડે અને બીજું એક નો બોજો, બીજા વિદ્યાર્થી ઉપર ના પડે, નહીંતર એક બેચની જગ્યાએ બીજી બેચ ઉપર વધારાનો બોજો થાય, એવું પણ ન થાય એટલા માટે આ બંને સુધારા આપની સમક્ષ અત્યારે લાવીને હું આવ્યો છું. મને વિશ્વાસ છે કે, આજની આ વિધાનસભા આ બિલને સર્વાનુમતે મંજૂર કરશે.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, કાર્યક્ષમ મંત્રી અને આરોગ્ય મંત્રી આદરણીય શંકરભાઇ જે ક્રમાંક–૩૩ ગુજરાત વ્યવસાયિક તબીબી ક્ષેત્રે અથવા સંસ્થાઓ પ્રવેશ નિયમન અને ફી નિર્ધારીત સુધારા વિધેયક જે લાવ્યા છે એમાં મારો સૂર પુરાવવા અને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આપ જયારે આપની કારકીર્દીના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા છો ત્યારે બધા વતી, અમારા બધા સભ્યો વતી આપને મારા હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, દરેક બાળક જયારે સમજતું થાય અને એને પૂછવામાં આવે કે બેટા તારે મોટા થઇને શું બનવું છે? તો એક જ જવાબ આવે, મારે ડોકટર બનવું છે. ડોકટર બનવાના સ્વપ્ના સાથે બાળક અને બાળકનો પરિવાર વર્ષો સુધી મથે છે. અગિયારમા અને બારમા ધોરણમાં બાળક જયારે આવે ત્યારે ઘરમાંથી ટી.વી.ના કનેકશન દૂર કરવામાં આવે, સગાવહાલા સામાજિક વ્યવહારો પર અંકુશ મૂકવામાં આવે. દીકરો કે દીકરી હોય મોડી રાત સુધી જાગે, મા બાપ પણ ઉજાગરા કરતા હોય એવા વખતે બારમા ધોરણમાં એક માર્કસ ઓછો આવે અને સમગ્ર પરિવારનું સ્વપ્નું ચકનાચુર થઇ જાય, જીવન હતું ન હતું થઇ જાય એવા વખતે આવા જ બાળકનો કોઇ મિત્ર જેના ઓછા પર્સન્ટેજ આવ્યા હોય, પૈસે ટકે સાધનસંપન્ન હોય એવું બાળક પૈસા આપીને એડમિશન લેતું હોય અને આને કારણે સમાજમાં હેવ અને હેવ નોટની ખાઇ પડતી હોય એ આ બિલ દ્વારા દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે એમ કહું તો ખોટું નથી. માનનીય આરોગ્ય મંત્રીએ ખૂબ સારી વાત કરી કે ૨૦૦૧માં મેડિકલની ૮૦૦ કે ૧૦૦૦ સીટો હતી જે આજે ૨૦૧૬માં ૩૪૮૦ જેટલી થઇ છે અને હું ભૂલતો ન હોઉં તો મેં કાલે ટાઇમ્સ ઓફ ઇન્ડીયા વાંચ્યુ એમાં ૫૦ સીટો કરમસદની અંદર સરકારશ્રીના પ્રયાસથી કાલે મંજૂર થઇ છે એ ૫૦ સીટ અને ૩૪૮૦ એમ કુલ ૩૫૩૦ સીટ થઇ છે. દરેક જિલ્લામાં મેડિકલ કોલેજની વાત પણ સરકાર કરે છે. મારી પણ નવસારી જિલ્લાની મેડિકલ કોલેજની

માગણી આરોગ્ય મંત્રી ખૂબ સંવેદના સાથે, નિતિનભાઇ પણ પહેલા હતા ત્યારે ખૂબ સંવેદના સાથે રહીને આગળ વધારશે એની મને ચોકકસ શ્રદ્ધા છે. ૨૦૦૮ના એમેડમેન્ટમાં પ્રવેશ માટે ૭૫ ટકા સરકારી બેઠકો તથા સંચાલન મંડળની ૨૫ ટકા બેઠકો જેમાં આપણે નકકી કર્યું હતું અને ૧૫ ટકા બેઠકોની એન.આર.આઇ.ની જોગવાઇ હતી. ઉપરોકત પ્રમાણે એ ચોકકસ વાત હતી કે એન.આર.આઇ. બેઠકનો લાભ એન.આર.આઇ. પોતે હોય, એના આશ્રિતો હોય, એના સ્પોન્સર હોય કે પુરસ્કર્તા હોય એ વિદ્યાર્થીઓને લાગુ પડતો હતો એટલે જેન્યૂઇન એન.આર.આઇ. જે હતા જે તે વખતે એને લાભ નહોતો મળતો એ વાત સાથે આપણે બધા સંમત હોવા જોઇએ. પરંતુ અનુભવે ઘ્યાનમાં આવ્યું કે એમાં જે જેન્યુઇન એન.આર.આઇ. છે એને ફકત પાંચ ટકા જ બેઠકનો લાભ મળે છે બાકીના એન.આર.આઇ. જે ડિપેન્ડન્ડ હોય અથવા બાકીનો લાભ હોય એ સ્ટેટના વિદ્યાર્થીઓ અધર સ્ટેટના હોય એને પણ આનો લાભ મળતો હતો. ગયા વર્ષે લગભગ ૯૩ ટકા એન.આર.આઇ.ના કવોટાની અંદર આઉટ સ્ટેટના વિદ્યાર્થીઓને લાભ મળ્યો હતો અને જયારે માનનીય પ્રધાનમંત્રી હાલના અને તત્કાલીન મુખ્યમંત્રી આરદણીય નરેન્દ્રભાઇએ જે વખતે સ્વપ્નુ સેવેલુ એમણે સાત સરકારી મેડિકલ કોલેજ ન ભૂતો ન ભવિષ્યતિ એમના વખતની અંદર એમણે મંજૂરી આપેલી અને એ સ્વપ્ન જે હતુ એ ટેકસ પેયરને લાભ થાય ત્યાંથી આગળ ચાલીને આપણા ગુજરાતની જે પ્રજા છે એને લાભ થાય, એ વિદ્યાર્થીઓને લાભ થાય એના માટે સરકાર સંવેદના સાથે જયારે કામ કરી રહી હતી ત્યારે ૯૩ જેટલા એડમિશન ગયે વખતે આઉટ સ્ટેટના છોકરાઓને આપી શકેલા એ આને લીધે. હવે જયારે તા. ૧૦–૬–૨૦૧૬ના રોજ આપણી સરકાર વટહુકમથી, એ વખતે ધારાસભા નહોતી એટલે ખૂબ સારો હેતુ હતો કે ૧૫ ટકા એન.આર.આઇ. ટોટલી આપણે રદ કરવી કારણકે એનો હેતુ બર નહોતો આવતો. રાજય સરકાર એ વખતે વટહુકમ સરકારમાં લાવી હતી, તા. ૧૬–૮–૨૦૧૬ના રોજ ચૂકાદો એ જે દીવાની અરજી હતી ૯૯૧૫, ૨૦૧૬માં અને એ જન્યુઇન એન.આર.આઇ.ની વ્યાખ્યા તો કોર્ટે પણ સ્પષ્ટ કરી છે એનો પણ આનંદ છે અને મને જણાવતા આનંદ એ થાય કે આ સંવેદનશીલ સરકાર ન્યાયતંત્ર સાથે સંપૂર્ણ વિશ્વાસ રાખી અને નામદાર હાઇકોર્ટના નિર્ણય સાથે કાનૂની લડાઇમાં ન પડતા એમણે જે સુધારો પ્રસ્તુત કર્યો છે એના માટે મારું સંપૂર્ણ સમર્થન છે. આ ગૃહનું સમર્થન છે તેમ કહું તો ખોટું નથી. આ સુધારો વિધેયક મેડિકલ એન.આર.આઇ. પ્રક્રિયામાં આ રાજય સરકારની નિયતને છતી કરે છે તેમ કહું તો ખોટું નથી. રાજય સરકારની નિયત એટલે ઓલ ઇન્કલુઝીવનેસ, સર્વ સમાવેશ એટલે સૌનો સાથ સૌનો વિકાસ, સોશિયલ જસ્ટીસ, સામાજિક ન્યાય, ટ્રાન્સપરન્સી એટલે પારદર્શિતાને વરેલો આ સુધારો છે તેમ કહું તો ખોટું નથી. મારે વિશેષ વાત નથી કરવી. બીજી વાત માનનીય મંત્રીશ્રીએ કરી. રેગ્યુલેટરી ફી દ્વારા દરેક સેલ્ફ ફાઇનાન્સ કોલેજ હોય એના છેલ્લા ૩ વર્ષનો વાર્ષિક ખર્ચ અને એસ્ટીમેટ ખર્ચ બંને ભેગો થઇને નક્કી કરીને ૩ વર્ષની ફી નક્કી કરતા હોય છે. એમ.બી.બી.એસ. ના સાડા ચાર વર્ષનો કોર્સ હોય, કેમ્પસ હોય, બધી પેરા મેડિકલ ફેકલ્ટી તે જ કમ્પાઉન્ડમાં હોય, નવા સ્ટાફની કોઇ વાર જરૂર નહિ પડતી હોય, એસ્ટીમેટ ખર્ચાઓ જે તે વખતે વધારે બતાવ્યા હોય, પછી ૩ વર્ષમાં કોઇ રિપેરિંગ ન થયું હોય અને પહેલેથી ૩ વર્ષની ફી લઇ લેવાય છે. એના લીધે વિદ્યાર્થીઓ ઉપર બર્ડન પડે છે. નવી મેડિકલ કોલેજમાં એક વર્ષે જેટલો ખર્ચ હોય તેટલો બીજા, ત્રીજા વર્ષે ખર્ચ ન થતો હોય તો જેવી રીતે પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં ઘટાડો થઇ રહ્યો છે. પહેલેથી ક્રૂડના ભાવ ઘટે તેમ ઘટાડો કરતા રહીએ છીએ. એવી રીતે ફીમાં પણ દર વર્ષની જોગવાઇ કરી છે એ ખરેખર આવકાર દાયક છે. સંવેદનશીલ છે અને વિદ્યાર્થીઓના હિતમાં છે તેમ કહું તો ખોટું નથી. એની સાથે સ્વનિર્ભર ખર્ચાઓને વાર્ષિક ખર્ચ મુજબના લેવા, ફીનું ભારણ સપ્રમાણ રીતે પ્રત્યેક શૈક્ષણિક વર્ષમાં દાખલ થતા વિદ્યાર્થીઓ માટે જે નક્કી કરાશે એના માટે દર વર્ષે ફી નું ધોરણ નક્કી કર્યું છે જે આવકારદાયક છે. ફરીથી માનનીય મંત્રીશ્રી જે સુધારો લાવ્યા છે એને સમર્થન કરું છું અને સર્વાનુમતે સુધારો આપણે પાસ કરીએ એ જ અભ્યર્થના. આભાર.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પીયૂષભાઇએ ખૂબ સારી વિસ્તૃત વાત કરી. એમાં થોડો સુધારો કરું છું કે એના ઉદેશની સાથે સ્પષ્ટીકરણ એટલા માટે કરું કે એમણે બધી બાબતોની સ્પષ્ટતા કરી, પણ પેટ્રોલ, ડીઝલનો સંદર્ભ આપ્યો છે એમાં વધતું હોય તો વધે છે અને ઘટતું હોય તો ઘટે, પણ આની અંદર આ પ્રમાણેનું નહિ થઇ શકે. આમાં એક વખત જે રકમ નક્કી કરી એમાં એક પણ રૂપિયો ૫ વર્ષ માટે નક્કી કરી હોય કે આટલી ફી તો ૫ વર્ષ માટે ફીની અંદર વધારો નહિ કરી શકાય. એની અંદર તબક્કાવાર નક્કી કર્યું હશે કે આટલા રૂપિયાની ફી પહેલા વર્ષે વિદ્યાર્થી જે રકમ સાથે એડમીશન મેળવશે કે આની ફી આટલી થશે તો આટલી જ થશે. એની અંદર વધારો કરી શકાય તેવી કોઇ જોગવાઇ રાખી નથી. એટલે આ સન્માનનીય સભાગૃહના માધ્યમથી રાજયના એડમીશન લેતા વિદ્યાર્થીઓને કહેવા માગું છું કે આ નવો સુધારો વિદ્યાર્થીઓના હિતમાં લઇ રહ્યા છીએ. ખાસ કરીને ફીનું માળખું પહેલા દિવસે એડમીશન લેશે તો તેને ઘ્યાનમાં હશે કે મારે ૫ વર્ષ સુધી અભ્યાસ કરવાનો છે તો મારી ફી આટલી જ થશે. પરંતુ તબક્કા પાડી શકાશે. એકી સાથે બર્ડન ન આવે. દર વર્ષે ધીમે ધીમે તબક્કાવાર હપતા કરી શકાય. રકમ એકી સાથે ચુકવવાની વ્યવસ્થા કે એક સાથે પૈસા જમા ન કરાવવા પડે, એટલે ૫ વર્ષ સુધીના ફ્લેક્સિબલ રીતે ફીના માળખામાં સુધારો કરવા જઇ રહ્યા છીએ. બીજું આ સન્માનનીય સભાગૃહમાં ઘ્યાને મૂકવું પડે રાજય સરકારે આરોગ્ય દિશામાં ખૂબ મોટાં પગલાં લીધાં છે. આજે નાયબ મુખ્યમંત્રી તરીકે બિરાજમાન નીતિનભાઇ પટેલ આરોગ્ય મંત્રી હતા, ત્યારે 'મા'યોજના અને 'મા વાત્સલ્ય' યોજના તે સિવાય પણ અનેક આવી યોજનાઓ દાખલ કરીને સામાન્ય માણસ સુધી સુવિધા પહોંચી શકે એ માટે અનેક નવા નવા નિર્ણયો કર્યા છે. તેના કારણે ગુજરાત રાજય આજે આરોગ્યની દિશાની અંદર ઘણાબધા માપદંડોની અંદર આગળ આવ્યું છે. તે બાબતનું ઘ્યાન મારે દોરવું છે. અનેક અપેડેમીક પણ આવ્યા તો તેવા આપણને લાગી શકે કે આવા બેન્કર અપેડેમીકની અંદર આપણે કંઇ રીતે લોકોને મદદરૂપ બની શકીએ. પરંતુ તેની અંદર પણ માનવને બચાવવા ખૂબ સારા પ્રયત્નો થયા છે. આજે ચિરંજીવી યોજના હોય, ૧૦૮ની યોજના હોય. માત્ર ગુજરાત રાજય પૂરતું નહીં પરંતુ દેશ માટે એક મોડલ રાજય તરીકે આપણે તેને મૂકી શકયા છીએ. આજે ૧૦૮ની વાત આવતી હોય ત્યારે કોઇપણ સામાન્ય માણસને પણ ૧૦૮ એમ્બ્યુલન્સ જોઇને આનંદ થતો હોય છે. મારો દીકરો બહાર ગયો હશે ત્યાંથી આવશે કદાચ તેને રસ્તાની અંદર અકસ્માત થયો તો તે દીકરો એકલો

નથી. તેની સાથે રાજય સરકાર ઉભી છે તે પ્રમાણેનો અહેસાસ આજે સામાન્ય જન પણ કરી શકે છે. તે જ રીતે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના વિદ્યાર્થીઓ ગુજરાતની અંદર પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકે અને રાજયની અંદર જ રહીને તેમની સેવાઓ આપી શકે તે પ્રમાણેનો અભિગમ લીધો છે. તેના ભાગરૂપે આજે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રી બન્નેનો વિચાર હતો તેના ભાગરૂપે આજે આ સુધારા વિધેયક લાવ્યા છીએ. હું માનું છું કે આવનારા સમયમાં હજુ પણ આરોગ્યની દિશામાં અનેક સુવિધાઓ કરવાની છે અને જયારે એક પ્રગતિશીલ વિભાગ તૈયાર કરીને માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો છે ત્યારે તે દિશામાં વધારે આગળ વધવાનો મોકો મળશે અને ગુજરાતની પ્રજાની વધારે સારી સુવિધા કરી શકાશે. માનનીય સભ્યશ્રી પિયુષભાઇએ આ ચર્ચામાં ભાગ લીધો ત્યારે તેમાં વિશેષ કંઇ નહીં કહેતાં આ બિલને મંજૂર કરવામાં આવે તેવી વિનંતી કરું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયકને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**ઉપાધ્યક્ષશ્રી :** ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને.**

## વૈધાનિક પ્રસ્તાવ

### ભારતના બંધારતના અનુચ્છેદ ૩૬૮(૨) અન્વયેનો પ્રસ્તાવ

"**That** this House ratifies the amendments to the Constitution of India falling within the purview of clause (b) and (c) of the proviso to clause (2) of article 368, proposed to be made by the Constitution One Hundred and Twenty- Second Amendment) Bill 2014, as passed by both the House of Parliament"

‘‘ આ ગૃહ સંસદના બંને ગૃહોએ પસાર કરેલ સંવિધાન (એકસો બાવીસમા સુધારા) વિધેયક, ૨૦૧૪ થી ભારતના સંવિધાનમાં કરવા ધારેલા સુધારાને સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ ના ખંડ(૨) ના પરન્તુકના ખંડ (ખ) અને (ગ) ના કાર્યક્ષેત્ર પ્રમાણે બહાલ રાખે છે.’’

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વૈધાનિક પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ ગૃહ સંસદના બંને ગૃહોએ પસાર કરેલ સંવિધાન (એકસો બાવીસમા સુધારા) વિધેયક, ૨૦૧૪ થી ભારતના સંવિધાનમાં કરવા ધારેલા સુધારાને સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ ના ખંડ(૨) ના પરન્તુકના ખંડ (ખ) અને (ગ) ના કાર્યક્ષેત્ર પ્રમાણે બહાલ રાખે છે.

"**That** this House ratifies the amendments to the Constitution of India falling within the purview of clause (b) and (c) of the proviso to clause (2) of article 368, proposed to be made by the Constitution One Hundred and Twenty- Second Amendment) Bill 2014, as passed by both the House of Parliament"

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવ આ પ્રમાણે છે. આ ગૃહ, સંસદના બંને ગૃહે પસાર કરેલ સંવિધાન ૧૨૨માં સુધારા વિધેયક ૨૦૧૪થી ભારતના સંવિધાનમાં કરવા ધારેલા સુધારાને સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ના ખંડ-૨ના પરંતુકના ખંડ-ખ અને ગ ના કાર્યક્ષેત્ર પ્રમાણે બહાલ રાખવામાં આવે છે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના માનનીય સભ્યશ્રીઓને જણાવાતા મને આનંદ થાય છે કે, આપણા રાજય અને દેશનો સતત વિકાસ અને પ્રગતિ થઇ રહી હોય અને ભારતનું અર્થતંત્ર દુનિયાના અર્થતંત્રમાં વધુમાં વધુ મજબૂત બને, આપણા દેશનું રાષ્ટ્રીય ઉત્પાદન વધે અને સેવાકીય માળખાનો વિકાસ થાય એ માટે દેશના કર માળખાની પણ પુનઃરચના કરવી, રીસ્ટ્રક્ચર કરવું એ અતિ જરૂરી હતું. આપણે જાણીએ છીએ એ પ્રમાણે અગાઉના કાયદા આધિન જે કર માળખા હતા એમાં ભારત સરકાર અને રાજય સરકારોને બંધારણમાં જે સત્તાઓ આપવામાં આવી છે એ પ્રમાણે ભારત સરકાર કસ્ટમ ડ્યુટી, એકસાઇઝ, ઇન્કમ ટેકસ, ઘણાં પ્રકારના કર ઉઘરાવવાની સત્તા ધરાવતું હતું અને રાજય સરકારોને જેને આપણે પહેલા સેલ્સ ટેકસ કહેતા હતા હવે વેટ ટેકસ કહીએ છીએ એ પ્રકારના ટેકસ ઉઘરાવી એ કરવેરાની આવકમાંથી રાજયની પ્રગતિ કરવી, રાજયના કર્મચારીઓ/અધિકારીઓના પગાર કરવા અને વિકાસ કરવો એ પ્રમાણેની સત્તા બંધારણમાં જુદી જુદી અનુસૂચિ પ્રમાણે ફાળવણી કરવામાં આવેલી એ પ્રમાણે અત્યાર સુધી એટલે કે લગભગ ૬૮ વરસ સુધી દેશમાં કર માળખું ભારત સરકારની સત્તાઓને આધિન

અને રાજય સરકારોની સત્તાઓને આધિન ચાલતું હતું. જુદી જુદી સંસ્થાઓ, વેપારી મંડળો, ઔદ્યોગિક એકમો, ગ્રાહકોના મંડળો, રાજકીય પક્ષો આ બધાએ છેલ્લા દસેક વર્ષથી ભારત સરકારમાં અને રાજય સરકારો તરફથી જે રજૂઆતો કરી અને દેશના અર્થતંત્રને વધુ વેગવંતુ બનાવવા અને આ ગુચવડાભરેલી વેરાકીય પદ્ધતિઓને સરળ કરવા માટે અને આંટીઘૂંટીમાંથી બહાર કાઢી ટેકસ ભરનાર ટેકસ ભરે તો એમાં પણ સરળતા થાય, સરકારને પણ ટેકસની આવક આવે તો એ પણ સરળતાથી આવે, કોઇ વિવાદો ઉભા ન થાય, કરચોરી ન થાય અને બધાને સરળતા અને પારદર્શકતાનો ફાયદો થાય એ પ્રમાણેનું નવા કોઇ કર માળખાની વિચારણા કરવી એવી ઘણાં સમયથી દેશમાં ચર્ચા ચાલતી હતી. આપણે જાણીએ છીએ કે, નવો ટેકસનો કાયદો જે અમલમાં આવી રહ્યો છે એનું નામકરણ જે થયું એ જી.એસ.ટી. ટેકસ એટલે કે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેકસ એ પ્રમાણેનો નવો ટેકસ લેવો અને આખા દેશમાં એક પ્રમાણેનો ટેકસ લેવો એ જરૂરી હતું. આપણે રાજય સરકાર ચલાવીએ છીએ, રાજયના નાણા મંત્રીઓ પાસે હંમેશા જે રજૂઆતો દર વખતે આવે છે કે આપણા રાજયમાં ટેકસનું ધોરણ ઉંચું છે અને બાજુના રાજયમાં અથવા બીજા રાજયોમાં ટેકસનું પ્રમાણ નીચું છે એટલે આપણો ધંધો, આપણો ઉદ્યોગ એ બીજા રાજયમાં જતો રહે છે અને આપણે ત્યાં વેપાર ધંધાને નુકસાન થાય છે અને છેવટે રોજગારી ઉપર અસર થાય છે અને સરકારની આવકમાં પણ ઘટાડો થાય છે. બીજું એ થતું હતું કે બધી રાજય સરકારો પોતાને ત્યાં ધંધા ઉદ્યોગને આકર્ષવા માટે વિવિધ પ્રકારની હરિફાઇ કરી અને કર ઘટાડતી હતી. એક રાજયમાં ૧૫ ટકા હોય તો બીજું રાજય ૧૨ ટકા કરી દે અને બીજું રાજય ૧૨ ટકા કરે તો ત્રીજું રાજય એનાથી પણ ઓછો કરી દે. આમ આ રીતે રાજયો વચ્ચે વેપાર, ઉદ્યોગને ખેંચવા માટે હરીફાઇ થતી હતી એના કારણે રાજયની આવકને મોટું નુકસાન થતું હતું. અને આખા દેશને પરિણામ ભોગવવું પડતું હતું, એટલે બધા જ રાજ્યોએ, ભારત સરકારે બધાએ નિર્ણય કર્યો કે આપણે આ હરિફાઇ ઓછી કરવી છે, બંધ કરવી છે, વેપાર ધંધા બધા જ રાજ્યમાં સપ્રમાણ રહે એ પ્રમાણે કરવું છે, પારદર્શકતા જળવાઇ રહે અને કર ભરનારને સુગમતા રહે એ પ્રમાણેનું આયોજન કરવું છે, આ દસ વર્ષની લાંબી ચર્ચા વિચારણાઓ, યુ.પી.એ. સરકાર દસ વર્ષ રહી, એમણે અનેક પ્રકારની ચર્ચા વિચારણા કરી કમિટીઓ બનાવી, ભારત સરકારે એમ્પાવર્ડ કમિટી બનાવી, અગાઉ માનનીય અટલબિહારી બાજપાઇજી જ્યારે વડાપ્રધાન હતા ત્યારે પણ વિચારણા થયેલી, એ પછી પણ સતત પ્રક્રિયા ચાલી, પરંતુ એકસાથે બધા રાજ્યોને સંતોષ થાય, બધા રાજ્યો સ્વીકારે એવી કોઇ પદ્ધતિ અત્યાર સુધી ગોઠવાઇ શકી નહોતી. દરેક રાજ્ય પોતાનું હિત જુએ, કેન્દ્ર સરકાર પણ પોતાનું હિત જુએ, કારણકે કેન્દ્ર સરકારને પણ અબજો રૂપિયાનો ખર્ચો જુદી જુદી પ્રવૃત્તિઓ માટે, એના કામોના સંચાલન માટે કરવો પડે, એવી રીતે રાજ્યોને પણ આવકની જરૂર હોય, બજેટ વાપરવું જરૂરી હોય, તો સામસામેના જે ખેંચાણો હતા એના કારણે આ કાયદો એ ભૂતકાળમાં અગાઉની યુ.પી.એ. સરકારે પ્રયત્નો કરવા છતાં એ અમલમાં મૂકી શકી નહોતી. ત્યારે આપણે જાણીએ છીએ કે માનનીય નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્રમાં સરકાર આવી એન.ડી.એ.ની સરકાર, અમે કેન્દ્રની સરકારે ખૂબ વિશ્વાસ સાથે, ખૂબ ગંભીરતાથી બધા રાજ્યોને પ્રેમપૂર્વક આ કામમાં સાથે જોડીને કોઇ રાજ્યનું હિત જોખમાય નહિ, કોઇ રાજ્યને એમ ના લાગે કે અમને અન્યાય થયો છે, કેન્દ્ર સરકાર બીજા રાજ્યો ઉપર વધારાનો કોઇ અધિકાર ભોગવી ના શકે, અને રાજ્યો આપણી બંધારણીય વ્યવસ્થા પ્રમાણે સ્વાયત્તતાથી એનો હક્ક ભોગવી શકે. અધિકાર ભોગવી શકે એ પ્રમાણેની વ્યવસ્થા કરવા માટે આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં તેમજ આપણા કેન્દ્રીય નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજીએ અને અન્ય સંબંધિત મંત્રીશ્રીઓએ, આખા દેશના રાજ્યોના બધા જ મુખ્યમંત્રીશ્રીઓ સાથે સતત ચર્ચા વિચારણા અને પરામર્શ કર્યો, નાના મોટા પ્રશ્નો હતા, ગંભીર પ્રશ્નો પણ હતા, અનેક રાજ્યોનો અનેક રીતે વિરોધ હતો, એ બધું જે ભૂતકાળમાં દસ વર્ષ સુધી કોંગ્રેસની યુ.પી.એ. સરકાર જે કામ નહોતી કરી શકી, સમજાવટનું, વિશ્વાસનું વાતાવરણ ઉભું કરવાનું, એ કામ સવા બે વર્ષના ટૂંકાગાળાની અંદર કેન્દ્રની નરેન્દ્રભાઇ મોદીની સરકારે સફળતા પૂર્વક પૂર્ણ કર્યું અને આપણે જાણીએ છીએ એ પ્રમાણે ભારત સરકાર તરફથી બંધારણીય સુધારા માટેનું જે વિધેયક મંજૂર કરવાનું હતું એ વિધેયક લોકસભામાં મંજૂર કરવામાં આવ્યું અને રાજયસભામાં પણ ભારતીય જનતા પક્ષ અને એન.ડી.એ.ના સાથી પક્ષો એમની બહુમતી ન હોવા છતાં, અન્ય પક્ષોને લોકશાહીના માળખા પ્રમાણે વિશ્વાસમાં લઇ દસ વર્ષ સુધી કોંગ્રેસની યુ.પી.એ.ની સરકાર, જે બીજા રાજકીય પક્ષોને દેશમાં જુદા જુદા રાજયો જે સત્તા ઉપર છે એમને સફળતાપૂર્વક વિશ્વાસમાં લેવાનું કામ કોંગ્રેસની સરકાર જે નહોતી કરી શકી, એ વિશ્વાસમાં લેવાનું વાતાવરણ સર્જવાનું કામ માનનીય નરેન્દ્રભાઇ અને અરૂણ જેટલીજીએ જે સફળતાપૂર્વક પૂર્ણ કર્યું અને એના પરિણામ સ્વરૂપે જે પક્ષો, જે રાજ્યો અગાઉ જી.એસ.ટી.નો વિરોધ કરતા હતા, દસ વર્ષ સુધી કોંગ્રેસે મથામણ કરી પણ જે સફળ નહોતી થઇ શકી એ કામ લોકસભામાં અને રાજયસભામાં એ બન્ને ગૃહોમાં બહુમતીથી નહિ પણ સંપૂર્ણ સર્વાનુમતે, બધા જ પક્ષોના સહયોગથી, પ્રેમથી દેશની એકતા અખંડિતતા અમારો ભારત દેશ લોકશાહી દેશ છે અમે રાજકીય રીતે ભલે એકબીજા સામે લડતા હોઇએ અમારી પોલીટીકલ વિચારસરણી, રાજકીય વિચારસરણી જુદી જુદી હોય પણ દેશના વિકાસ માટે અમારું ભારત, અમારો દેશ, અમારા બધા પક્ષો એક છે એવો દુનિયા સુધી મેસેજ આપવા માટે નરેન્દ્રભાઇએ જે કુશળતાપૂર્વક બધા પક્ષોનો સહયોગ લઇ અને બન્ને ગૃહોમાં સર્વાનુમત્તે આ બિલ પસાર કરાવ્યુ તે રાત્રે ૧૧-૧૨ વાગ્યા સુધી હાઉસ ચાલ્યા, વિશાળ ફલક ઉપર તેની ચર્ચાઓ થઇ અને ત્યાર બાદ દેશના હિત માટે, દેશના અર્થતંત્રને વધુ મજબૂત કરવા માટે, દેશની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે, ઇન્ટરનેશનલ ઇન્વેસ્ટમેન્ટ દેશમાં વધારવા માટે આંતરરાષ્ટ્રીય રોકાણો દેશમાં આવે, દેશમાં નવુ રોકાણ આવે, નવા ઉદ્યોગ થાય, નવી સેવાઓ થાય, રોજગારી ઉભી થાય, દેશના લાખો યુવક-યુવતિઓને રોજગારી મળે આવી વિશાળ ભાવનાથી જે કામ ભારત સરકારે કર્યુ તે કામ લોકસભા અને રાજયસભાએ જે પૂરું કર્યુ છે તે માનનીય અધ્યક્ષશ્રી આપણી બંધારણની જોગવાઇ પ્રમાણે બંધારણમાં જે સુધારા કરવાના થતાં હોય તે ફકત લોકસભા કે રાજયસભા એકલા નહીં પણ દેશના પચાસ ટકા રાજ્યોની વિધાનસભામાં પણ તે બંધારણીય સુધારા કાયદા

મુજબ બંધારણ પ્રમાણે મંજૂર કરાવવા જરૂરી છે. એટલે માનનીય નરેન્દ્રભાઇએ એ કામ તો કર્યુ લોકસભા રાજયસભામાં સર્વાનુમતે મંજૂર કરવાનુ પણ ઝડપથી આ કાયદો અમલમાં લાવવા માટે દેશની પચાસ ટકા રાજય સરકારોની જે સંમતિ જોઇએ તે પૈકી જે રાજયોમાં અત્યારે વિધાનસભા સત્રો ચાલી રહ્યાં છે તે પૈકી આસામ, બિહાર, ઝારખંડ અને ગઇકાલે હિમાચલ પ્રદેશ. માનનીય અધ્યક્ષશ્રી તમે નરેન્દ્રભાઇની કુશાગ્ર બુદ્ધિ જુઓ ભાજપ શાસિત રાજયો ગુજરાત આપણું ભાજપ શાસિત રાજય છે. કેન્દ્ર સરકાર ભાજપની છે તે નિર્ણય કરે એટલે ભાજપની ગુજરાત સરકાર નિર્ણય કરે એ તો સ્વભાવિક છે પણ રાજકીય રીતે વિરોધી વિચારસરણી ધરાવતા એવા બિહારની વિધાનસભાએ પણ આ કાયદો મંજૂર કરી દીધો એવી રીતે આસામ રાજયે પણ મંજૂર કરી દીધો, ઝારખંડ રાજયે પણ મંજૂર કર્યો. ગઇકાલે હિમાચલ વિધાનસભાએ પણ આ કાયદો મંજૂર કર્યો અને આજે આપણી ગુજરાતની આ વિધાનસભામાં માનનીય સભ્યશ્રીઓની મંજૂરી માટે બંધારણનો આ સુધારો કરવાનો પ્રસ્તાવ હું લાવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓની જાણકારી માટે મારે વિશેષ વિગત આપવી જરૂરી છે. આ પ્રક્રિયા એવી છે બંધારણની જોગવાઇ પ્રમાણે અને ભારત સરકારે આ જીએસટીનો જે નવો કાયદો મંજૂર કર્યો છે એ પ્રમાણે આપણે પચાસ ટકા કરતાં વધુ રાજયો તેને મંજૂરી આપશે એ પછી લોકસભા–રાજયસભાએ મંજૂર કરેલો આ કાયદો રાષ્ટ્રપતિજી સમક્ષ મૂકવામાં આવશે. પચાસ ટકા રાજયોની સંમતિ પછી માનનીય રાષ્ટ્રપતિજી કાયદામાં જે જોગવાઇ પડી છે તે જોગવાઇ પ્રમાણે ૬૦ દિવસની અંદર જીએસટી કાઉન્સિલની રચના કરશે. આ જીએસટી કાઉન્સિલમાં આખા દેશના બધા જ રાજયોના નાણામંત્રીઓ સભ્ય રહેશે. ભારત સરકારના નાણામંત્રી તેના અધ્યક્ષ રહેશે અને દેશના બધા રાજયોના નાણામંત્રીઓમાંથી એક ઉપાધ્યક્ષની એમાં નિમણૂક થશે. આ જીએસટી કાઉન્સિલ હવે પછીની તમામ આગળની પ્રક્રિયા, હજુ કાયદો નથી બન્યો હજુ આ સન્માનીય ગૃહમાં આપ મંજૂરી આપશો એ બંધારણીય સુધારાને અનુમોદન આપવા માટેની પ્રક્રિયા છે. આ જીએસટી કાઉન્સિલ ત્યાર પછી જીએસટી કાયદાનો નવો પ્રોરૂપ બનાવશે. એ પ્રોરૂપને લોકસભા–રાજયસભા મંજૂરી આપશે. આ બધા રાજયોની વિધાનસભા પોતપોતાના રાજયોમાં જીએસટીનો પોતાનો કાયદો મંજૂર કરશે અને એમાં જે વ્યવસ્થાઓ આ જીએસટીમાંથી જે ભલામણો થશે બંધારણની જોગવાઇ કરી છે એ પ્રમાણે અમલ કરશે. એટલે હજી વિધાનસભામાં ગુજરાતનો કાયદો બનાવવા ફરીથી આપણી સમક્ષ સરકાર આવશે. આપણે મંજૂર કરીશું અને એના પ્રમાણે આપણો આ કાયદો બનશે.

સામાન્ય નાગરિકોને પ્રશ્ન થાય કે આ બધું શા માટે ? તો એ એટલા માટે જરૂરી છે કે અત્યાર સુધી આપણે ત્યાં એટલા બધા કર માળખાની જોગવાઇ હતી વેપારી હોય કે ઉદ્યોગકાર હોય એ આ બધા કાયદામાં જકડાઇ જતો હતો. એ એનો વેપાર ધંધો કે કામ ન કરી શકે પણ જુદા જુદા ટેકસના અધિકારીઓનું કચેરીઓનું કામ કરવામાંથી નવરો નહોતો પડતો એટલા બધા વેરાઓની માયાજાળ હતી. કેન્દ્રના વેરાના કાયદાઓ જોઇએ તો કસ્ટમ ડયુટી, નિકાસ વેરો, તમાકુ ઉપરની જકાત, એકસાઇ ડયુટી આ બધાની જોગવાઇઓનું પાલન કરવું પડે. સાથે સાથે રાજય સરકારના વેરા વેચાણવેરો એટલે સેલ્સટેકસ ઇલેકિટ્રસિટી ડયુટી, વાહનવેરો, સ્ટેમ્પ ડયુટી એ સિવાય આપણે ત્યાં નથી એ દારૂ ઉપર જે રાજયોમાં છૂટ છે એની આવક આ બધા જ કાયદા હવે ઓછા થશે અને આ જીએસટીમાં એકસાઇઝનો સમાવેશ થઇ જશે અને અન્ય ટેકસોનો સમાવેશ થઇ જશે એનો લાભ ગ્રાહકો, ઉદ્યોગકારો અને વેપારીઓને મળશે.

વિપક્ષ આજે નીકળી ગયો છે એ કદાચ આજે હોત તો શું કહેત એમ ધારીને મારી વાત કરું છું. મારા પછી આપણા પૂર્વ નાણામંત્રી કે જેમણે ઘણા વર્ષો સુધી રાજય સરકારમાં સેવા કરી છે એ વિગતો આપશે. વિપક્ષ હોત તો ચોક્કસ કહેત કે તમે અમને સહકાર નહોતો આપતા પણ મારે એમને કહેવું છે કે એમના વખતે યુપીએ વખતે જે કાયદો એ લાવવાના હતા એમાં આ નવો જીએસટી કાયદો આવે પછી રાજયોને નવો કાયદો આવવાના કારણે જે આવકમાં નુકસાન થાય એની ભરપાઇ કરવાની કોઇ કાયદાકીય ગેરન્ટી નહોતી. ઓરલી કહેતા હતા કે અમે તમને મદદ કરીશું. પણ કાયદામાં જોગવાઇ નહોતા કરતાં આપણી માગણી હતી કે ઓરલી નહિ કાયદામાં જોગવાઇ કરો અને મને આનંદ છે કે ભારત સરકારે નવો જે કાયદો બનાવ્યો એમાં કાયદામાં જોગવાઇ કરી છે કે રાજયો નવો જીઅસટી કાયદો અમલમાં લાવે એમાં પાંચ વર્ષ સુધી રાજયોની આવકમાં નવો કાયદો આવવાના કારણે જે નુકસાન થાય એ નુકસાનની ભરપાઇ ભારત સરકાર રાજયોને કરી આપશે. એ કરવામાં આપણે સફળ થયા છીએ.

બીજું મોટી વાત હતી ભારત સરકાર પેટ્રોલીય પ્રોડકટ, પેટ્રોલ, ડીઝલ, ક્રુડ ઓઉલ એની બનાવટો એની સત્તા રાજયોને આપવા માગતી નહોતી. આપણે બધા જાણીએ છીએ કે ગુજરાત એ પેટ્રોલીય પ્રોડકટનું હબ છે. ઓ.એન.જી.સી. ડ્રીલીંગ કરે, ગુજરાતમાં ક્રુડ ઓઇલનું ઉત્પાદન થાય, રીલાયન્સ, એસ્સાર રીફાઇનરીનું કામ કરે એ સિવાય અન્ય બાય પ્રોડકટનું ઉત્પાદન ગુજરાતમાં થાય તો કેન્દ્ર સરકારે અગાઉ જે કાયદો કર્યો હતો એમાં એ લોકો એવું ઇચ્છતા હતા કે પેટ્રોલીય પ્રોડકટની આવક છે એની આવકમાં ભારત સરકાર ભાગ લે. આપણે વિરોધ કરતા હતા કે આપ સૌની જાણકારી માટે કહું કે ગુજરાત સરકારની અત્યારે જે આવક છે એમાં લગભગ ૪૦ ટકા આવક એ પેટ્રોલીય પ્રોડકટના ઉત્પાદનની આવક છે એ આવક આપણી છે આપણે એમ કહેતા હતા કે આ આવક અમારી રાજયની પાસે રહેવી જોઇએ. અગાઉ કેન્દ્ર સરકાર તેમાં બહુ સંમત થતી નહોતી પણ આપણને આનંદ છે કે આપણી સરકાર આવ્યા પછી, કેન્દ્રમાં માનનીય નરેન્દ્રભાઇની સરકાર આવ્યા પછી આપણે આ સુધારો કરાવી શકયા કે પેટ્રોલિયમ પ્રોડક્ટની આવક છે એ અત્યારે રાજય સરકાર હસ્તક રહેશે એટલે કે વેટની જે આવક છે, સી.એસ.ટી.ની જે આવક છે એ આવક અત્યારે ગુજરાત સરકારને મળશે. આ બધું જ જયારે આપણે કરી રહ્યા છીએ ત્યારે કરનું પ્રમાણ ઓછું થશે. કાયદાકીય ઝંઝટ–જવાબદારી ઓછી થશે. સરળતા, પારદર્શકતા અને બધું જ ઓન લાઇન સિસ્ટમથી આખા

દેશમાં થશે. એક રોજની જરૂરિયાતની ચીજ વસ્તુનો ટેકસ ઓછો અને અમુક પ્રકારનો ટેકસ વધારે. ભારત સરકાર અને રાજય સરકાર એ હવે ફીફ્ટી ફીફ્ટી. ૧૦–૧૦ ટકા. દા.ત. એ ટેકસ શેરીંગ કરશે. વહેંચણી કરશે. બીજું, રાજય માટે સૌથી વધુ ઉપયોગી જે આ કાયદામાં છે તે અત્યાર સુધી સર્વીસ ટેકસ, સેવા ઉપર ટેકસ લેવાની રાજયને સત્તા નહોતી. એ સત્તા ફક્ત બંધારણ પ્રમાણે, કાયદા પ્રમાણે ભારત સરકારને હતી. હવે એ સત્તા રાજયને પણ પ્રાપ્ત થાય છે. ભારત સરકારની જે આવક છે, આખા દેશની, એ આવકમાં ૪૦ ટકા આવક ભારત સરકારને પણ સર્વીસ ટેકસમાંથી જયારે મળે છે ત્યારે ૪૦ ટકા આવકમાં પણ હવે રાજયને વ્યાજબી હિસ્સો મેળવવાનો આ કાયદા પ્રમાણે અધિકાર પ્રાપ્ત થાય એટલે કર માળખુ મોટું બનશે. કર માળખાની ભાગીદારી રાજયોની વધશે. એ પ્રમાણે આખી વ્યવસ્થા આપણે કરવાના છીએ ત્યારે ગુજરાતને તેનો ફાયદો થાય એ માટે આપણે ચોક્કસ જાગૃત રહીશું. નાણામંત્રી થયા પછી મેં ગુજરાતના તમામ વેપાર–ઉદ્યોગ ચેમ્બર્સની સાથે મિટિંગ કરી, આ કાયદા અંગે તેમના સૂચનો, તેમની રજૂઆત બધું માગ્યું છે. માનનીય નાણામંત્રીશ્રીએ ટૂંક સમયમાં ભારત સરકારમાં આ અંગેની મિટિંગ રાખી છે. ગુજરાત વતી ગુજરાતના ઉદ્યોગ, વેપાર–ધંધાના રક્ષણ માટે આપણે પૂરેપૂરા પ્રયત્નો કરીશું. ગુજરાત સરકારની આવક જળવાઇ રહે, તેમાં દર વર્ષે જે વધારો થાય છે એ થાય તે બધું જ કરવાનો આપણે આગામી સમયમાં પ્રયત્ન કરીશું પણ આજે આ ફક્ત બંધારણ સુધારાનું બિલ છે તેને આપ સૌ સર્વાનુમતે અનુમોદન આપો એવી વિનંતી.

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપણીના નેતૃત્વની સરકારના નાયબ મુખ્યમંત્રી અને રાજયના નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૦ મુજબ The Constitution ( One Hundred and Twenty-Second Amendment) Bill - 2014 કે જે રાજય સભા અને લોકસભા બન્ને ગૃહમાં પસાર થયું છે તેને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. આમ તો આદરણીય નીતિનભાઇએ સમગ્ર બિલ અને હવે પછી બનનાર કાયદો તેની પણ ખૂબ ડિટેઇલમાં ચર્ચા કરી છે ત્યારે હું થોડી હિસ્ટ્રી આપીને મારી વાત પૂરી કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી.ને સમગ્ર દેશમાં લાગુ કરવા માટે કેન્દ્ર સરકારે The Constitution (One Hundred and Twenty-Second Amendment) Bill-2014 લોકસભાની અંદર ૧૯–૧૨–૨૦૧૪ના રોજ રજૂ કર્યું હતું. લોકસભામાં દાખલ થયેલ ઉપરોક્ત બિલ લોકસભામાં તા. ૬–૫–૨૦૧૫ના રોજ પસાર થયેલ હતું પરંતુ રાજયસભામાં મંજૂરી માટે પેન્ડીંગ રહ્યું હતું. કેન્દ્ર સરકારે વિપક્ષ સાથે વાંરવાર ચર્ચા કર્યા બાદ ઉપરોક્ત બિલમાં ચાર જેટલા સુધારાઓ કરીને પુનઃ ૨૦૧૬ના વર્ષમાં રાજ્યસભામાં રજૂ કર્યું હતું. એ ચર્ચા–વિચારણા બાદ આ તા.૩–૮–૨૦૧૬ના દિવસે ૨૦૩ વર્સીસ ઝીરો મતથી આ રાજ્યસભામાં એમેન્ડમેન્ટ બિલ પસાર થયું હતું. મને જણાવતા આનંદ થાય છે કે લોકસભામાં ૮–૮–૨૦૧૬ના રોજ સહમતી આપી. ૪૪૩ વર્સિસ ઝીરો મતથી પસાર કર્યું હતું. રાજ્યસભામાં જે કરેક્શન થયું તેને ફરીથી લોકસભામાં લાવીને એ કરેક્શનને અનુમતિ આપી હતી અને ૪૪૩ વર્સીસ ઝીરો મતથી એ પસાર થયું હતું. મને આ સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે એક માત્ર એઆઇડીએમકે પક્ષના સભ્ય સિવાય આ બિલને પસાર કરવામાં સંસદના બન્ને ગૃહના વિપક્ષ સહિતના અંદાજે ૯૦ જેટલા પક્ષોઓ સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. ૯૦ પાર્ટીઝ એગ્રી વીથ ધીસ બિલ. દેશના સંસદીય લોકશાહીના ઇતિહાસમાં ઉમદા અને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. હું તો એવું ઇચ્છું છું કે દેશના દરેક કાયદામાં આવો ઉમદા હેતુ જળવાય. દેશના પોલિટિકલ ઇશ્યુ ઓછા થઇ જાય. બંધારણ સુધારણા બિલ સંસદે પસાર કરીને ૧૯૯૧માં પસાર કર્યું ત્યારથી આજ સુધીમાં દેશના ઇતિહાસમાં આર્થિક ઉદારીકરણનો સૌથી મોટો ટેક્સ સુધારો કહી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, નવ વર્ષ થયા. જીએસટીનો કન્સેપ્ટ શરૂ થયો એના નવ વર્ષ પછી આ બિલને મંજૂરી મળી છે. એનો નાનો ઇતિહાસ દોહરાવીશ. જીએસટી અંગેનો સૌથી પહેલો વિચાર એનડીએ સરકારના વડાપ્રધાન અટલ બિહારી બાજપાઇએ મૂક્યો હતો. જીએસટીનો ઔપચારિક પ્રસ્તાવ ૨૦૦૬ના વર્ષમાં તત્કાલિન નાણામંત્રીશ્રી ચિદમ્બરમ સાહેબે બજેટ સ્પીચમાં આપ્યો હતો. પછી પહેલીવાર બંધારણ સુધારા ખરડો ૨૦૧૧ના વર્ષમાં તત્કાલીન નાણામંત્રીશ્રી પ્રણવ મુખરજીએ લોકસભામાં રજૂ કર્યો હતો. પરંતુ ત્યારબાદ લોકસભાનું વિસર્જન થઇ ગયું એટલે પાછો એ કાયદો ત્યાંને ત્યાં પડી રહ્યો. જીએસટીના અમલ માટે સંસદ અને રાજયની વિધાનસભાઓને કેટલીક સત્તાઓ આપવી આવશ્યક હોય છે. તેમજ તેના સરળ અમલીકરણ માટેની જોગવાઇઓ કરવા માટે બંધારણમાં ફેરફાર કરવા જરૂરી હોય તે ફેરફારો કરતું બિલ સંસદે પસાર કર્યું છે. લોકસભા અને રાજયસભાના બંધારણના સુધારા બિલ પસાર થયા બાદ આ દેશની ૫૦ ટકા જેટલી રાજ્યોની વિધાનસભાઓએ એટલે કે ૧૫ કે તેનાથી વધુ વિધાનસભાઓએ આ બંધારણ સુધારણા બિલને અનુમોદન આપવું જરૂરી હોઇ આજે આપણી ગુજરાત સરકારની ગુજરાત વિધાનસભા આ બિલને અનુમોદન આપવા માટે આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે. તેને હું મારું અનુમોદન આપું છું. આસામ વિધાનસભાએ સૌથી પહેલા એને અનુમોદન આપ્યું છે. શ્રી નીતિનભાઇએ ચાર વિધાનસભાના નામ આપ્યા. મને આનંદ થાય છે કે આપણે પાંચમા ક્રમે કામ કરી રહ્યા છીએ. દેશનું ખૂબ અગત્યનું કામ સરળ કરવાની દિશામાં ગુજરાત વિધાનસભા આગળ વધી રહી હોઇ સૌને અભિનંદન આપું છું. પ્રોવિઝન એવું છે કે સમગ્ર દેશની તમામ વિધાનસભાઓ પૈકી અડધા રાજ્યોની વિધાનસભાઓ આ બિલને બહાલી આપશે. ત્યારબાદ મહામહિમ રાષ્ટ્રપતિશ્રી આ બિલ ઉપર સહી કરશે અને અનુમતિ આપશે અને ત્યારે બિલ કાયદો બનશે. બાકીના કાયદા માનનીય નાણામંત્રીશ્રીએ વિધાનસભાગૃહમાં મૂક્યા છે, લોકોની સમજ માટે આપ્યા છે. આ બિલને હું મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું, ધન્યવાદ.

તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬
વૈધાનિક પ્રસ્તાવ

શ્રી સૌરભ પટેલ(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે કહી શકાય કે આ વિધાનસભાની અંદર ઐતિહાસિક દિવસ છે. સભ્યો માટે કોન્સ્ટીટયુશન એમેન્ડમેન્ટ બિલ માટે ચર્ચા કરવી અને વિધાનસભાની અંદર પસાર કરવો એ એક રેર મુવમેન્ટ હોય છે. આપણે ઘણા બધા કાયદાઓ પસાર કરતા હોઇએ છીએ. પરંતુ દેશના હિતમાં કોન્સ્ટીટયુશન એમેન્ડમેન્ટ બિલ પસાર કરવું અને એ બિલ વર્ષો પછી ચર્ચા કર્યા બાદ આપણી વચ્ચે આવી રહ્યું છે. દેશની અંદર દરેક સરકારો કેન્દ્ર સરકાર હોય કે રાજય સરકાર શું ઇચ્છે છે? ઇચ્છતું હોય છે કે દેશ કેવી રીતે આગળ વધે, દેશની અંદર ઇકોનોમિક ડેવલપમેન્ટ કેવી રીતે થાય, દેશની અંદર રોજગારી કેવી રીતે વધે અને એના માટે વર્ષોની ચર્ચા બાદ આજે જી.એસ.ટી. બિલ, કોન્સ્ટીટયુશન એમેન્ડમેન્ટ બિલ આદરણીય નીતિનભાઇ આપણી વચ્ચે હાઉસની અંદર લઇને આવ્યા છે. ૧૬૦ દેશોએ ગુડસ એન્ડ સર્વિસ ટેકસ, ઇનડાયરેકટ ટેકસેસનમાં રીફોર્મ લાવ્યા છે અને ઇનડાયરેકટ ટેકસેશન રીફોર્મમાં જો સૌથી પહેલું પગલું કોઇએ ભર્યુ હોય તો હમણાં કીધું એ પ્રમાણે આદરણીય બાજપાઇજીએ ભર્યુ હતું. ૧૭મી જુલાઇ ૨૦૦૦ના રોજ આદરણીય બાજપાઇજીએ એમ્પાવર કમિટિનું ફોર્મેશન કર્યુ હતું અને એની અંદર નવ રાજયો પહેલી વખત પસંદ કર્યા હતા કે આપ અભ્યાસ કરો અને અભ્યાસ કર્યા પછી કયા સુધારા ઇન્ડાયરેકટ ટેકસેશનમાં લાવવા જોઇએ એના માટે માળખું બનાવ્યું હતું અને ૧૨મી ઓગસ્ટ ૨૦૦૪ના રોજ એ માળખાનો ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાએ રીકોન્સ્ટીટયુટ કર્યુ અને બધા જ રાજયોના નાણામંત્રીશ્રીઓને આ ૨૦૦૪ની અંદર એમ્પાવર ગૃપ ઓફ મીનીસ્ટરનું ફોર્મેશન થયું અને એ પછી વેટના કાયદાનું ઇમ્પલીમેન્ટેશન થયું અને બે વર્ષની અંદર વેટનો કાયદાનું આખા દેશની અંદર દરેક રાજયોએ ઇમ્પલીમેન્ટેશન કર્યુ અને ઇનડાયરેકટ ટેકસેશનનું આ રીફોર્મ માટેનું પહેલું પગલું હતું. પહેલી વખત જી.એસ.ટી. વિષયની ચર્ચા થઇ હોય તો નાણામંત્રીશ્રી પી.ચીદંમ્બરમે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૬માં કેન્દ્રમાં બજેટ રજૂ કરતી વખતે એમણે જી.એસ.ટી.ની વાત કરી અને એ વખતે જાહેર કર્યુ હતું કે ૧લી એપ્રિલ ૨૦૧૦ના રોજ આપણે જી.એસ.ટી.નું અમલીકરણ કરીશું અને એ પછી જી.એસ.ટી.ના ડીસ્કશન માટે આપણે એમ્પાવર કમીટીના બધા જ નાણામંત્રીશ્રીઓ રેગ્યુલરલી દર મહિને, બે મહિને, ત્રણ મહિને મળતા હતા અને જી.એસ.ટી.ના વિષય ઉપર ચર્ચા કરતા હતા. વર્ષોની મહેનત બાદ ૨૦૦૬ અને ૨૦૧૬ એટલે કલ્પના કરો, ૧૦ વર્ષની ચર્ચા, ૧૦ વર્ષની વિચારણા એમ્પાવર ગૃપ ઓફ મિનિસ્ટર્સની અંદર ચર્ચા-વિચારણા, રાજયસભાની સિલેકટ કમીટીની ચર્ચા-વિચારણા, સિલેકટ કમીટી રાજયની વચ્ચે જઇ અને એની અંદરની ચર્ચા એ ચર્ચા પછી લોકસભાની અંદર પસાર થઇ પછી રાજયસભાની અંદર, રાજયસભાની અંદર સિલેકટ કમીટીની અંદર, સિલેકટ કમીટીની અંદર એના સૂચનો આવ્યા પછી રાજય સભાની અંદર ડીસ્કશન એની અંદર સુધારા કર્યા પછી લોકસભાની અંદર પાછા સુધારા એ પ્રક્રિયા પછી આપણી વચ્ચે આજે અહીંયા આવ્યું છે. થોડા ઇમ્પોર્ટન્ટ જે એમેન્ડમેન્ટસ છે, થોડા ઇમ્પોર્ટન્ટ કલોઝીસ છે એ વિષયની આપને માહિતી આપું. સૌથી ઇમ્પોર્ટન્ટ આજે સ્ટેટસ અને સેન્ટ્રલ બન્નેને પાવર જુદાજુદા કોન્સ્ટીટયુશનમાં અપાયેલા છે. આજની તારીખમાં ટેકસેશન સિસ્ટમમાં યુનીયન હેઝ પાવર ટુ લેવી એકસાઇઝ ઓન મેન્યુફેકચરીંગ ઓફ ગુડસ એટલે ગુડસ ઉપર કોઇપણ પ્રોડકશન ઉપર એકસાઇઝ લઇ શકે છે અને સ્ટેટ જે લે છે એ પાવર ટુ લેવી વેટ ઓન સેલ્સ ઓફ ગુડસ એટલે એક મેન્યુફેકચરીંગમાં લે છે અને એક સેલ્સ ઉપર લે છે. એક એકસાઇઝ તરીકે લે છે. એક વેટ તરીકે લે છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર સર્વિસિસ ઉપર પણ ટેક્સ લે છે એટલે પહેલો સુધારો આવ્યો છે એ ૨૪૬(એ)નો સુધારો આવ્યો છે. આર્ટિકલ ૨૪૬માં જે પાવર આપેલા છે એમાં એક એડિશનલ પાવર ૨૪૬(એ)નું એમેન્ડમેન્ટ કરવામાં આવ્યું છે. એમાં કન્કરસ સત્તા એટલે કેન્દ્ર સરકારને પણ સત્તા આપવામાં આવી છે અને રાજ્ય સરકારને પણ સત્તા આપવામાં આવી છે અને બન્ને લોકો ગુડઝ અને સર્વિસિસ ઉપર ટેક્સ લઇ શકે એ પ્રકારની સત્તા આ ૨૪૬(એ)માં આપવામાં આવી છે. એમાં એક ખાસ કાળજી રાખવામાં આવી છે કે પેટ્રોલિયમ પ્રોડક્ટસ હાલમાં જી.એસ.ટી. લાગુ નહીં પડે અને એ આજની તારીખમાં સામેલ નહીં થાય અને એમાં સી.એસ.ટી. અને વેટ ચાલુ રહેશે. એ પ્રમાણેનો સુધારો કરવામાં આવ્યો છે કે પેટ્રોલિયમ પ્રોડક્ટસ જી.એસ.ઇ. કાઉન્સિલ જ્યારે નક્કી કરે એ તારીખથી જી.એસ.ટી.માં સામેલ કરવામાં આવશે. એના વિગતવાર કારણો આપ્યા છે. આ એક મહત્વનો સુધારો છે. બીજો સુધારો છે એ સી.એસ.ટી. ઇન્ટર સ્ટેટ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જાય તો સી.એસ.ટી. લેવામાં આવતો હતો એટલે આ સી.એસ.ટી. સંપૂર્ણપણે જે ગુડઝ ઉપર જી.એસ.ટી. હોય એ ગુડઝ ઉપર એબોલિસ કરવામાં આવ્યો છે. એટલે આર્ટિકલ ૨૬૯ દ્વારા એ એમેન્ડમેન્ટ કરવામાં આવ્યું છે અને એના કારણે સી.એસ.ટી.નું એબોલિશન અને બીજું, ૨૬૯(એ)માં આઇ.જી.એસ.ટી.નું ઇન્સર્શન કરવામાં આવ્યું છે. ટેકસેશન સિસ્ટમમાં જો બહુ મોટો સુધારો હોય તો આ સુધારો છે. એકસાઇઝ ગયું, વેટ ગયો તો એની સામે કેન્દ્ર સરકાર શું લેશે? કેન્દ્ર સરકાર સી.જી.એસ.ટી. લેશે. સ્ટેટ એસ.જી.એસ.ટી. લેશે એટલે દા.ત. કોઇપણ પ્રોડક્ટ વેચાય, ૧૦૦ રૂપિયાનું ફર્નિચર વેચાયું હોય તો એ ફર્નિચર ઉપર ૧૦-૧૦ ટકા કે જે કોઇ ટેક્સ નક્કી થાય એમાં જે એસ.જી.એસ.ટી. હોય એ રાજ્ય સરકારની તિજોરીમાં જાય અને સી.જી.એસ.ટી. હોય એ કેન્દ્ર સરકારની તિજોરીમાં આવે. એટલે આ બે ટેક્સ જુદા છે. હવે જ્યારે આ ટેક્સ ગુજરાતની બહાર જાય છે તો એસ.જી.એસ.ટી. અને સી.જી.એસ.ટી. ભેગું થઇ જાય અને આઇ.જી.એસ.ટી. બને અને એ આઇ.જી.એસ.ટી. બહાર જાય એનું કલોઝ નંબર ૨૬૯(એ)ની અંદર આ ઇન્સર્શન કરવામાં આવ્યું છે. એટલે ૨૬૯(એ) આઇ.જી.એસ.ટી. માટેનું છે. મોસ્ટ ઇમ્પોર્ટન્ટ પ્રિન્સપલ આ જી.એસ.ટી.નો છે એ ડેસ્ટીનેશન બેઝ ટેક્સ છે. જે સી.એસ.ટી. હતું એ મેન્યુફેકચરીંગ બેઝ ટેક્સ હતું એટલે સી.એસ.ટી. એ રાજયમાં જે ગુડઝ ઉત્પાદન થાય એ રાજ્યની આવક ગણાતી. ગુડઝ ઉત્પાદનની આવક એ રાજ્યને નહીં મળે પણ ડેસ્ટીનેશન બેઝ ટેક્સની આવક થશે એટલે ગુજરાતમાં ગુડઝ ઉત્પાદન થાય પણ એનું કમ્ઝપ્શન બિહારમાં થાય તો આઇ.જી.એસ.ટી. દ્વારા એ ટેક્સ બહાર જાય અને એ બિહારને મળે. એવી રીતે કોઇ ગુડઝ મહારાષ્ટ્રમાં ઉત્પાદન થતું હોય અને એનું કન્ઝપ્શન ગુજરાતમાં થતું હોય તો એ ગુજરાતને આઇ.જી.એસ.ટી. દ્વારા એ ટેક્સ મળે. માત્ર ગુડઝ નહીં ઇવન સર્વિસિસ પણ મળે. આજે મોબાઇલના બિલો હોય,

ટ્રાન્સપોર્ટેશનના હોય, સર્વિસિસ કોઇપણ જાતની હોય એ ડેસ્ટીનેશન બેઝના કન્સેપ્ટ ઉપર મળે. એટલે એ ઇકોનોમિકલી ડેવલપ્ડ સ્ટેટ હોય એને આ લાભ થવાનો. દા.ત. કન્ઝમ્પશન હોય, ગુજરાતમાં કન્ઝમ્પશન વધારે છે, માથાદીઠ કન્ઝમ્પશન વધારે હોય એટલે ટેક્સેશન કન્ઝમ્પશન બેઝ ટેક્સ હોય એટલે એ સ્ટેટને ઓલ્વેઝ લાભ થવાનો. એટલે જે સ્ટેટનો જી.ડી.પી. હાઇ છે એ સ્ટેટને ટેક્સેશનમાં ગુડઝ હોય કે સર્વિસિસ હોય એનો લાભ થવાનો. મેન્યુફેક્ચરીંગ સ્ટેટ જે સી.એસ.ટી. હોય એ જ સ્ટેટમાં આઇ.જી.એસ.ટી. દ્વારા બહાર થતો હોય છે. એટલે મેં કહ્યું એમ ૨૬૯(એ) વિશે આઇ.જી.એસ.ટી. દ્વારા એ પસાર થવાનો છે. બીજો એક કલોઝ છે આર્ટિકલ-૨૭૦, ડિવોલ્યુશન ઓફ ફંડ, એમાં આ કેન્દ્ર સરકારમાં આપણા આદરણીય નરેન્દ્રભાઇ આવ્યા પછી ડિવોલ્યુશન ઓફ ફંડમાં જે ટેક્સેશન સેન્ટર ભેગું કરે, જે taxation Central Government ભેગું કરે એનો શેર રાજ્યને જાય. એટલે taxation ની જે કોઇ આવક હોય, કસ્ટમ્સ હોય, ઇન્કમટેક્સ હોય એના શેરનો ફાળો પહેલા ૩૨% હતો એ ફાળો ૪૨% કરવામાં આવ્યો છે એટલે આ Article 270 ની અંદર એ કલોઝના કારણે Devolution માટેની થોડી માહિતી આપવી છે. Article 271, cess અને સરચાર્જ એ subsume થયા છે. પરંતુ જે goods and services tax ના હોય. દા.ત. ઇન્કમટેક્સ એ direct tax છે. એ subsume નથી થયો. એટલે એની અંદર ટેક્સ, cess અને સરચાર્જ લેવા માટેની સત્તા આ ક્લોઝ નંબર ૨૭૧ દ્વારા લેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી important issue જે છે એ ક્લોઝ નં.૨૭૯(એ)માં છે એ છે. Formation of GST Council. આટલા વર્ષે ચર્ચા કેમ થઇ? One of the most important issue ની જે ચર્ચા થઇ એ (૧) દા.ત. આ વિધાનસભા એ taxation નું માળખું ગોઠાવવાની સત્તા દરેક રાજ્યો અને કેન્દ્ર સરકાર પણ આખું taxation માળખું ગોઠવવાનું એ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર આ GST Council ને આપેલું છે. એટલે એકદમ simple ભાષામાં કહું કે, આપણે વિધાનસભામાં પાર્ટ (બી) આવે છે એ પાર્ટ (બી)ની અંદર જે taxation ના માળખાની સત્તા નાણામંત્રીશ્રીને હતી એ આ વિધાનસભાના બજેટમાં નાણામંત્રીશ્રી નહિ પણ નાણામંત્રી GST Council ની અંદર ચર્ચા કરી, GST Council જે માળખું નક્કી કરે એ માળખાના આધાર ઉપર દરેક રાજ્યોએ અને કેન્દ્ર સરકારે એ પ્રમાણે પાળવાનું એ આ most important fiscal autonomy ની સત્તા. એટલે fiscal autonomy એ છે કે રાજ્યોએ અને કેન્દ્ર સરકારે fiscal autonomy દેશના હીતમાં દેશ આગળ કેવી રીતે વધે એના હીતમાં એ fiscal autonomy આપવામાં આવી છે. GST Council માં Union Finance Minister એ અધ્યક્ષ હશે અને વાઇસ ચેરમેન એ States Finance Ministersમાંથી હશે અને એ ઉપરાંત સત્તા કેટલી છે? Tax, cess, surcharge શું લેવું એ નક્કી કરશે. Exemption કયા ગુડઝ પર આપવું એ GST Council નક્કી કરશે. લેવી, service પણ કેટલી લેવી? કોના પર લેવી? કઇ service લેવી? શું products લેવી? એ પણ એ નક્કી કરશે. Threshold નક્કી એટલે કેટલી લિમિટ પર કેટલું exemption એ નક્કી કરશે. બીજું, માનનીય અધ્યક્ષશ્રી, એક ખાસ additional resource રાજ્ય સરકારે માગણી કરી હતી કે ભાઇ કોઇ natural calamity આવે તો અમારે શું કરવું? તો એના માટે પણ additional tax રાજ્યો લઇ શકે એ માટેની પણ વ્યવસ્થા GST Council માં કરવામાં આવી છે અને કોઇપણ વિષયે GST Council દ્વારા નક્કી કરવામાં આવશે. અને in short GST Council will be supreme authority અને એ GST Council ની અંદર ૩૩% - 1/3 share એ કેન્દ્ર સરકારનો રહેશે અને બાકીનો ¾ શેર એ બીજા સ્ટેટનો રહેશે. પરંતુ કોઇને પણ મંજૂરી લેવી હોય તો ¾ voting સાથે એ GST Council નીઅંદર મળી શકશે. એટલે કેન્દ્ર સરકાર 1/3 હોય એટલે એમનો વિટો પાવર હોય. પરંતુ કેન્દ્ર સરકાર અને બીજા રાજ્યોને જોડે રાખવા જ પડે અને રાખવા પડે ત્યારે રાજ્યો જોડે હોય ત્યારે જ GST Council ની અંદર પસાર કરી શકાય એટલે GST Council is going to be supreme authority. માનનીય અધ્યક્ષશ્રી, બીજો એક અગત્યનો મુદ્દો છે એની અંદર કોઇપણ dispute થાય. સ્ટેટ અને સ્ટેટની વચ્ચે હોય, સેન્ટર અને સ્ટેટની વચ્ચે હોય કે dispute mechanism resolution એ પણ Council નક્કી કરશે. એટલે આમાં પણ સંપૂર્ણપણે સત્તા એમને આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી આપણે ત્યાં ડિકલેર્ડ ગુડ્સ, આર્ટિકલ 284 શું કહે છે કે, ડિકલેર્ડ ગુડ્સને આપણે બહાર કાઢીએ. એટલે વર્ષોથી ડિકલેર્ડ ગુડ્સની જે વ્યાખ્યા હતી, સંપૂર્ણપણે આર્ટિકલ 284 એ ડિકલેર્ડ ગુડ્સને બહાર કાઢે છે એટલે ડિકલેર્ડ ગુડ્સ એક વિષય નહીં રહે, એટલે ક્લોઝ એ ઓમિટ કરવામાં આવે છે. એટલે આ સત્તા પણ કેન્દ્ર સરકારને ડિકલેર્ડ ગુડ્સની સત્તા હતી એ કેન્દ્ર સરકાર આની અંદર એ સત્તા આપી દે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી અગત્યન મુદ્દો એ પેટ્રોલિયમ પ્રોડકસનો છે, જી.એસ.ટી.ની અંદર એ રાખવામાં આવે છે. એન્ટ્રી 84ની અંદર સી.એસ.ટી. પેટ્રોલિયમ પ્રોડકસ ઉપર લઇશું અને વેટ પણ અત્યારે પેટ્રોલિયમ પ્રોડકસ ઉપર લઇશું. એન્ટ્રી ટેક્સ, કલોઝ એન્ટ્રી 52ની અંદર એન્ટ્રી ટેક્સ આપણે ઓમિટ કરીએ છીએ. કોઇ રાજ્યો પાસે એન્ટ્રી ટેક્સની સત્તા નહીં, કોઇ રાજ્યો પાસે ઓકટ્રોયની સત્તા નહીં. એટલે ઓકટ્રોયથી માંડીને એન્ટ્રી ટેક્સથી માંડીને આપણે આ બધા ટેક્સો સબઝ્યુમ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોમ્પન્સેશન, બધા જ રાજ્યોનો ખૂબ મોટો આગ્રહ હતો કે, કોમ્પન્સેશન હોવું જોઇએ, shall હોવો જોઇએ અને એટલે કોમ્પન્સેશન માટેનો ખાસ કરીને પાર્લામેન્ટ દ્વારા shall કરીને કલોઝ ખાસ કરીને આની અંદર મૂકવામાં આવ્યો છે અને એ કલોઝ દ્વારા રાજ્ય સરકારને પોતાને આવતા દિવસોમાં પાંચ વર્ષ સુધી કોઇ ચિંતા કરવાની જરૂર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા લોકો મિત્રો અને ખાસ કરીને કોંગ્રેસના મિત્રો ઘણી વખત કહે છે અત્યારે દુ:ખ થાય છે કે, જી.એસ.ટી.નું આટલું ઇમ્પોર્ટન્ટ કોન્સ્ટીટયૂશન એમેન્ડમેન્ટ બિલ હોય અને આજના બિલના ડિસકર્શનમાં એ લોકો એમના વિચાર રજૂ કરી શકતા નથી. પરંતુ ઘણી વખત મિડિયામાં આવતું હોય છે કે, કોંગ્રેસવાળા કહે છે કે, ભા.જ.પ.ના અને ખાસ કરીને

તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬
વૈધાનિક પ્રસ્તાવ

આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ વર્ષો સુધી ડિલે કરાવ્યું છે. મારે હાઉસના મિત્રોને કહેવું છે કે, ભારત સરકારની અંદર એમ્પાવર્ડ ગ્રુપની કમિટીની અંદર ગુજરાત સરકારનો સ્ટેન્ડ from day one, ક્લીયર જ થયો છે અને એ જ સ્ટેન્ડ છેક સુધી રહ્યો છે. અને વર્ષોથી હું એમ્પાવર્ડ કમિટીની મિટિંગમાં સભ્ય તરીકે હાજર રહ્યો છું, અને દસ વર્ષથી હું હાજર રહ્યો છું એટલે મને એકે એક ડિટેઇલ, માઇક્રો ડિટેઇલની ખબર છે. આ જ્યારે ૨૦૦૯ની અંદરનો એક ક્લોઝ કહું માનનીય અધ્યક્ષશ્રી, પહેલી જે સ્પીચ હતી એ સ્પીચની અંદર જેમ અમારી ગુજરાત સરકારમાં મારી સ્પીચ હતી, "With the Indian economy pause for major changes tax reforms form crucial component in this process. Introduction of VAT has been significant mile stone in direction of indirect tax reforms in the country, logically GST is the next major step in this direction. While the State Government welcomes introduction of GST, it is contingent on several key issues being resolved. GST is indirect tax reform directed to remove burdening of cascading of tax to simplify rules and procedure relieving burden of compliance and to increase tax base to ensure tax buoyancy of tax revenue of both State and Center. It is important that GST is designed well and executed seamlessly to reap this benefit to earn more tax revenue. I wish to place on record issues both in design and operation of GST is need to be addressed before GST is introduced.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણા મંત્રી તરીકે, આદરણીય શ્રી નરેન્દ્રભાઇની સુચના પછી અને એમના માર્ગદર્શન નીચે એક પણ એમ્પાવર્ડ કમિટીની મિટિંગમાં આપણે જી.એસ.ટી.નો વિરોધ નથી કર્યો અને આ બધી જ સ્પીચ છે અમે ક્યારેય વિરોધ નથી કર્યો. ડિલે થવાના કારણ કહું, ત્રણ સૌથી ઇમ્પોર્ટન્ટ ઇસ્યુ હતા જેના કારણે ડિલે થયું છે. નંબર–વન કોમ્પન્સેશનનું, કોમ્પન્સેશનના ઇશ્યુમાં રાજ્ય સરકારોએ અનેક વખત માગણી કરી હતી. જ્યારે આદરણીય શ્રી ચિદંમબરમજીએ પહેલી વખત ૨૦૦૬ની અંદર નાણા મંત્રી તરીકે પ્રવચન આપ્યું અને નક્કી કર્યું ત્યારે બધા જ રાજ્યોએ જી.એસ.ટી. સારી રીતથી આવે એના માટે ચાર ટકાથી ત્રણ ટકા વેરો કરવાનો નિર્ણય કર્યો. ગુજરાત સરકારે પણ એમાં હા પાડી છે. જો એ વખતે અમે ચાલુ ન કર્યું હોત તો એ વખતે જી.એસ.ટી. ન આવ્યું હોત. પરંતુ ચારનું ત્રણ કર્યું અને ત્રણનું બે કર્યું અને ૨૦૦૮માં સી.એસ.ટી. ચાર ટકાનો બે ટકા થયો અને એની અંદર બધા રાજયોની સંમતિ હતી. આદરણીય ચિદમ્બરમજીથી માંડીને નાણામંત્રીશ્રીએ વચન આપ્યું હતું કે અમે સી.એસ.ટી.નું કોમ્પન્સેશન આપીશું અને એ સી.એસ.ટી.નું કોમ્પન્સેશન આપવાની ખાતરી આપી હતી પરંતુ કમનસીબે કેન્દ્ર સરકારે સી.એસ.ટી.નું કોમ્પન્સેશન આપ્યું નહીં એટલે સરકાર ઉપરથી ભરોસો ઉઠી ગયો કે સી.એસ.ટી. કોમ્પન્સેશનમાં ના પાડે છે તો કાલે ઉઠીને જી.એસ.ટી. કોમ્પન્સેશનમાં કોણ હા પાડશે? અને જયારે પહેલી વખત ચિદમ્બરમજીએ બિલ મૂકયું ત્યારે બિલની અંદર કોમ્પન્સેશનનો વિષય બરાબર મૂકયો નહીં અને એ મૂકયો નહીં એટલે બધા જ રાજયોએ સર્વાનુમતે પ્રેકટીકલી એમ કીધું કે ના, કોમ્પન્સેશનનો મુદ્દો મૂકવો જોઇએ. એન.ડી.એ. સરકારમાં માનનીય જેટલીજીએ બધા રાજયોને પહેલે દિવસે બોલાવીને કીધું અને જયારે પહેલી મિટિંગ થઇ ત્યારે એમણે શું કીધું? બધા રાજયોએ એમ કીધું કે સી.એસ.ટી.નું કોમ્પન્સેશન આપો ચિદમ્બરમજીએ વચન આપ્યું હતું પરંતુ જેટલીજીએ શું કીધું? જેટલીજીએ કીધું કે સરકારો બદલાય પણ મારા પહેલાની સરકારે જે વચન આપ્યું છે એનું હું પાલન કરીશ અને એના કારણે આપણને આનંદ થાય કે જે સી.એસ.ટી.નું કોમ્પન્સેશન નકકી કર્યું હતું ચિદમ્બરમજીએ એનું પાલન સી.એસ.ટી. કોમ્પન્સેશન જેટલીજીએ કર્યું. અને છેલ્લા ત્રણ વર્ષમાં સી.એસ.ટી. કોમ્પન્સેશન ગુજરાતને મળ્યું. એટલે એક ભરોસો બેઠો અને ભરોસો બેઠો એટલે રાજયો આગળ વધ્યા. બીજું, આ કોન્સ્ટીટયૂશન એમેન્ડમેન્ટ બિલમાં સિલેકટ કમિટી રાજય સભાની. May શબ્દ વાપર્યો હતો. Compensation may be given. રાજયો ઉભા થઇ ગયા. રાજયોએ કીધું કે નહીં, may નહીં જોઇએ, shall શબ્દ જોઇએ. Compensation shall be given by the Central અને જેટલીજી સિલેકટ કમિટી ઉપરાંત એમણે ખાતરી આપી કે કોમ્પન્સેશન shall કરીશ અને પાંચ વર્ષનું કોમ્પન્સેશન આપવાનું નકકી કરવામાં આવ્યું. અને એ ભરોસો મળ્યો ત્યારે જી.એસ.ટી. કોમ્પન્સેશનમાં Empowered Groupમાં નકકી કરી. અને ત્રીજું, રાજયો ની રેવન્યુ. આજે આપણે જોવા જઇએ તો રાજયો ની મોટાભાગની બધી રેવન્યુ જતી રહે છે આજની તારીખમાં રાજયોમાં, રાજયોની રેવન્યૂ આપણે જોઇએ તો VAT subsume થાય છે. એન્ટરટેનઇમેન્ટ ટેકસ subsume થાય છે. લકઝરી ટેકસ subsume થાય છે, સી.એસ.ટી. ટેકસ subsume થાય છે. સેસીસ અને સરચાર્જ subsume થાય છે. એન્ટ્રી ટેકસ. એટલે સ્ટેટના બધા ટેકસો આ જી.એસ.ટી.ની અંદર આવે જ અને રાજયોને બીક હતી કે અગર આ આવકો આવે નહીં અને કમ્પન્સેશન મળે નહીં તો રાજયોનો વિકાસ કેવી રીતે થશે? અને એટલે આજની તારીખમાં માત્ર **ઇલેકટ્રીસીટી ડયૂટી, ટેકસ ઓન વ્હીકલ્સ, સ્ટેમ્પ ડયૂટી અને એકસાઇઝ ડયૂટી ઓન આલ્કોહોલ આ ચાર ટેકસ સ્ટેટસ પાસે રહેશે બાકીના** બધા ટેકસ જી.એસ.ટી.ની અંદર સબઝ્યુમ થશે. એટલે રાજયોને ડર હતો અને એના માટે કોમ્પન્સેશન માંગયુ અને કોમ્પન્સેશન માગીને કીધું કે પાંચ વર્ષનું કોમ્પન્સેશન આપો અને એ કોમ્પન્સેશનના મિકેનીઝમની અંદર MAY શબ્દની જગ્યાએ જેટલીજીએ SHALL શબ્દ કર્યો. એટલે ગેરંટી મળી. ત્રીજો પોઇન્ટ. એ સ્ટેન્ડ પહેલેથી બધા રાજયોએ લીધું છે ગુજરાતે પણ લીધું છે. Inclusion of petroleum product in GST. ગુજરાત રીફાઇનરી છે. કરોડો રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ થયું છે. રીફાઇનરી અને પેટ્રોલ ઉપરના ટેકસ ગુજરાત સરકાર અને બીજા રાજયો નકકી કરે એટલે રાજયોએ નકકી કર્યું કે ના, કંઇક તો બહાર રાખો, તમે બધું અંદર લઇ જશો તો કાલ ઉઠીને શું થશે? એટલે પેટ્રોલિયમ પ્રોડકટસ બહાર રાખવાનું નકકી કર્યું. આપણું સ્ટેન્ડ ૨૦૧૩માં જયારે ફાઇનલ એમેડમેન્ટ બન્યું

ત્યારે પણ સરખું હતું. આજનું સ્ટેન્ડ પણ સરખું હતું. આની અંદર જે ઇન્કલુઝન Government of Gujarat has consistently represented in the Empowered Committee that petroleum product should not be included as exclusion of petroleum product in GST will drastically reduce tax revenue. It is therefore, view of the State that power to levy Sales Tax,CST on petroleum products should be retained with the State Government and it should be excluded from GST. માનનીય અધ્યક્ષશ્રી, આ બધા કોંગ્રેસના સ્ટેટ સાથે એમ્પાવર્ડ કમિટીનો નિર્ણય હોવા છતા ચિદમ્બરમજીએ કોન્સ્ટીટ્યૂશન બિલ એમેન્ડમેન્ટ મૂકયું. એની અંદર પેટ્રોલિયમ પ્રોડકટસ ઇન્કલુડ કર્યુ હતું. અને એટલે જ્યારે ઇન્કલુડ કર્યુ ત્યારે સ્ટેટ સંમત નહોતા થયા. પાર્ટીઓ સંમત નહોતી થઇ. જેટલીજીએ પહેલી જ મીટિંગમાં નક્કી કર્યુ અને કહ્યું હું આ સ્ટેટના વિચારો સાથે સંમત છું. હું પેટ્રોલિયમ પ્રોડક્ટ બહાર રાખીશ. પણ આપણે પેટ્રોલિયમ પ્રોડક્ટ બંધારણમાં લઇ લઇએ. દર વખતે બંધારણમાં ૨/૩ મેજોરિટી લેવા જવું તે યોગ્ય નથી. અને રાજ્ય સભા અને લોકસભામાં પસાર કરવું યોગ્ય નથી. એટલે બંધારણની અંદર પેટ્રોલિયમ પ્રોડક્ટ લીધા અને પેટ્રોલિયમ પ્રોડક્ટસ લીધા પછી અંદર એક કલોઝ મૂકયો કલોઝ એ મૂક્યો કે unless GST Council approves it, એટલે જી.એસ.ટી. કાઉન્સિલ કયારે એપ્રુવ કરશે કે જી.એસ.ટી. અત્યારે સંપૂર્ણપણે બે–ત્રણ વર્ષમાં ગાડી પાટા ઉપર આવી જાય. અને બધા રાજ્યોને ભરોસો બેસે પછી થશે. પછી જી.એસ.ટી. કાઉન્સિલ નક્કી કરશે કે આની અંદર પેટ્રોલિયમ પ્રોડક્ટ લેવી કે ન લેવી અને પછી નક્કી થવાનું છે. એટલે આપણી સી.એસ.ટી. રેવન્યુની અંદર પેટ્રોલિયમ પ્રોડક્ટના કારણે ઓછામાં ઓછું ૪–૫ હજાર કરોડ રૂપિયાની આવક સી.એસ.ટી.માં રહેવાની. એટલે ૫,૦૦૦ કરોડ રૂપિયા આપણા જશે અને સી.એસ.ટી. ની અંદર જે રેવન્યુ છે એ ચોક્કસ રહેવાની. એટલે આજની તારીખમાં વેટ, સી.એસ.ટી., રેવન્યુ ઓફ કોમર્શીયલ ટેક્સીસ જે સબ્ઝ્યુમ થાય છે રાજ્યના એ આશરે ૩૩,૦૦૦ કરોડ છે. અને જે સી.એસ.ટી. અંદર ઉમેરો કરીએ અને ૨ ટકાએ કરીએ, કે ૪ ટકા કરીએ તો આવતા દિવસમાં જી.એસ.ટી. કાઉન્સિલ નક્કી કરશે તો ૩૮,૦૦૦ કરોડ સબ્ઝ્યુમ થાય છે અને ૧૯,૦૦૦ કરોડ રૂપિયા બહાર રહે છે, એટલે આ પ્રમાણેનું આ ટેક્સીસનું સબ્ઝ્યુમ થવાનું છે. ઘણા બધા લાભો છે. લાભો લાંબા ગાળાના છે, પણ ટૂંકા ગાળામાં ખૂબ મોટી ચેલેન્જિસ આપણી વચ્ચે આવવાની છે. એ ચેલેન્જિસ આપણે સાથે મળીને ઉપાડવી પડશે. ચેલેન્જિસની અંદર સૌથી ઇમ્પોર્ટન્ટ બિલ ૧લી એપ્રિલે લાવવું હોય તો આ બંધારણ પસાર થાય. ૬૦ દિવસની અંદર જી.એસ.ટી. કાઉન્સિલનું ફોર્મેશન થાય. પછી કાઉન્સિલ ફટાફટ એના ડિસીઝન લે. કાયદો અત્યારે બની રહ્યો છે. ડ્રાફ્ટ એક્ટ તૈયાર થઇ રહ્યો છે. ડ્રાફ્ટ એક્ટ અત્યારે પબ્લિકની અંદર ડિસ્કશન તરીકે ચાલી રહ્યું છે. સજેશન મંગાવી રહ્યા છીએ. ડ્રાફ્ટ એક્ટ ૧૫ દિવસની અંદર મીટિંગોની ચર્ચા કરી મહિના, દોઢ મહિનામાં ડ્રાફ્ટ એક્ટ પૂર્ણ થઇ જશે. વધારે આનંદની વાત છે કે સરકારને જવાબદારી અપાઇ છે કે ડ્રાફ્ટ એક્ટ વધારે સારી રીતે બની શકે. એ ઉપરાંત ડ્રાફ્ટ એક્ટ બન્યા પછી રૂલ્સ બનાવવામાં આવશે. રૂલ્સ બન્યા પછી એ રૂલ્સને પબ્લિકની અંદર મુકવામાં આવશે, એટલે એ કાયદો આ વિધાનસભાની અંદર આવવાનો. રૂલ્સનું ફોર્મેશન થવાનું. સૌથી ઇમ્પોર્ટન્ટ ચેલેન્જિસ છે તે રજિસ્ટ્રેશનની છે. ઘણા બધા પ્રોડક્ટ દાખલા તરીકે ગુજરાતની અંદર આશરે ૪ લાખ રજિસ્ટર્ડ ડીલર છે. જી.એસ.ટી.ના કારણે બીજા ૨ લાખ નવા રજિસ્ટર્ડ ડીલર થવાના છે. એટલે એ ૨ લાખ નવા રજિસ્ટર્ડ ડીલરનું તાત્કાલિક ધોરણ ઉપર રજિસ્ટ્રેશન થશે. અને આગળ આખા દેશ માટેના ઇસ્યુ છે. બીજું, રજિસ્ટ્રેશન થયા પછી જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા ઘણા બધા ઇસ્યુ ઉપર નિર્ણય થવાના છે. ટેક્સેસન શું નક્કી કરવાનું એના ઉપર નિર્ણય થવાનો છે.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી સૌરભ પટેલ: રજીસ્ટ્રેશન, ફ્રેશ હોલ્ડ, કેટલા ફ્રેશ હોલ્ડની લિમિટ નકકી કરવાની છે, કઇ આઇટમ ઉપર મુક્તિ આપવાની છે. કોમ્પોઝીટ સ્કીમ વિશેની ચર્ચા કરવાની છે. ડયુઅલ કંટ્રોલ એટલે કેન્દ્ર સરકારના અધિકારીઓ કયાં જઇ શકશે અને રાજ્ય સરકારના અધિકારીઓ કયાં જઇ શકે. આ સંપૂર્ણપણે બધા જ નિર્ણયો તાત્કાલિક લેવા પડે. સૌથી અગત્યનું એ છે કે જીએસટી નેટવર્ક બનાવવાનું છે. તે નેટવર્ક માટે અત્યારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ખૂબ મહેનત કરી રહ્યા છે. હાર્ડવેરના સંપૂર્ણપણે ઓર્ડરના પ્લેસમેન્ટ થઇ ગયા છે. સોફટવેર માટે ઇન્ફોસીસને અપાઇ ગયું છે. આ બધા જ કામો આવતા ૯૦ દિવસમાં કરવાના છે ત્યારે પહેલી એપ્રિલથી જીએસટી આવશે. જીએસટી આવશે એટલે ચોકકસપણે કહી શકાય કે ઘણાબધા લાભો ભારત દેશને થવાના છે. એટલે આ ઐતિહાસિક બિલની અંદર ભાગ લેવાની તક મળી છે અને આખા જીએસટી બિલની અંદર ફ્રોમ ડે વન રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે જવા માટે છેલ્લા દસ વર્ષમાં આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ અને આદરણીય આનંદીબેનનો પણ ખૂબ ખૂબ આભારી છું. જીએસટી બિલ આપણે ઇચ્છીએ કે આવતા દિવસોમાં ગુજરાત અને દેશના વિકાસનું સૌથી મોટું રીફોર્મ છે તેમાં જીડીપી ગ્રોથમાં ખૂબ મોટો વધારો કરશે. ટેક્સ બેઇઝ વધારશે, ટેક્સ બેઇઝ વધશે એટલે બે નંબરનો વ્યવસાય ઘટશે. કોઇપણ પ્રોડકટ ઇમ્પોર્ટ થતી હોય તો તે લેન્ડ થાય ત્યારથી તેનું મોનીટરીંગ થશે. કોણ વાપરે છે, કયાં જાય છે તેનું નેટવર્ક દ્વારા મોનીટરીંગ થશે. બે નંબરનો ધંધો ઓછો થશે. આવક વધશે અને ટેક્સીસ ઘટશે. આ માટે આદરણીય નીતિનભાઇ જે બિલ લઇને આવ્યા છે તેને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને અભિવાદન કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયંતભાઇને બોલવું છે, સાહેબ તક આપો તો આખા દિવસમાં સર્વપક્ષીય થયું તો અહીં થઇ જાય.

શ્રી જયંતભાઇ ર. પટેલ(ઉમરેઠ) :માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો નીતિનભાઇ જે બિલ લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છું. ભૂતકાળમાં યુપીએ સરકાર અને એનડીએ સરકાર બન્નેને અભિનંદન આપું છું. સૌરભભાઇએ તો વજન ઉતાર્યુ પણ બોલ્યા બહુ. જે મારે બોલવું હતું તે બોલી દીધું એટલે તમને પણ અભિનંદન. કેમકે તમે આમાં છેલ્લા દસ વર્ષથી ભાગ લેતા આવ્યા છો, ઇમ્પ્લીમેન્ટેશનમાં ધ્યાન આપતા આવ્યા છો. મારે તો એટલી વસ્તુ કહેવી છે કે જયારે આનું ઇમ્પ્લીમેન્ટ થઇ રહ્યું છે, ઓલમોસ્ટ થઇ ગયું છે તો ઘણા ચેલેન્જીસ આપણી સામે આવશે. હું એક વેપારી વર્ગમાંથી આવું છું. ભારતમાં પણ બિઝનેશ કરું છું અને ફોરેનમાં પણ બિઝનેશ કરું છું. આમાં ઘણા ચેન્જીસ આવતા હોય છે. વી આર ગોટ સ્ટાન્ડર્ડ એન્ડ ગુડ એકઝીકયુટીવ ટીમ આપણી પાસે છે. ગુજરાત સરકાર પાસે છે. આપણે બધા એવું ઇમ્પ્લીમેન્ટ કરીએ કે જેથી નાનામાં નાના વેપારીથી મોટામાં મોટા વેપારીની ચેઇન પકડાઇ રહે. ચેઇનના માધ્યમથી લોકોને ફાયદો થાય. આમાં સૌરભભાઇએ કહ્યું તેમ સડન્લી મોંઘવારી વધવાની છે. તેને કઇ રીતે ડામવી છે, કઇ રીતે આનો માર સામાન્ય પ્રજાને ન પડે તેના માટે આપણે બધાએ ધ્યાન આપવું પડશે. તેના માટે આપણે એક સિસ્ટમ ઉભી કરવી પડશે કે જેથી આપણે આનો સામનો કરી શકીએ. આ બિલ જયારે આવી રહ્યું હતું ત્યારે મેં રાજયસભામાં જોયું, લોકસભામાં જોયું. ઘણા સુધારા વધારા કેટલાય સભ્યો કરતા આવ્યા હતા. તે દિવસે જ મને વિચાર આવ્યો કે આપણી ગુજરાતની પ્રજા માટે રાજકારણથી પર રહીને પ્રજાને કેવી રીતે નીચે સુધી આની સુવિધા મળી શકે તેના માટે એક સિસ્ટમ બનાવીએ. જિલ્લે જિલ્લે એક સેમિનારનું આયોજન કરીએ. અધિકારીઓ જઇ સમજાવે. સિસ્ટમને વર્કઆઉટ કરીને કરીશું તો મને લાગે છે કે ભૂતકાળમાં બધી જ સરકારોએ ચેષ્ટા કરી, યુપીએ સરકારમાં અમે હતા ત્યારે તમે લોકો આઘાપાછા થતા હતા. તમે લોકોએ કર્યુ તો અમે લોકો આઘાપાછા થયા. પહેલાં ૧૮ ટકા હતા હવે ૨૪ ટકા છે. હવે જે થયું તે થયું પણ પ્રજા માટે કરવાનું છે તો આપણે બધા ભેગા મળીને કરીશું તો મને લાગે છે કે ભવિષ્યમાં આ બિલથી જે ફાયદો થવાનો છે તેનો ખરેખર ફાયદો મળશે. આ કરીશું તો મને લાગે છે કે જી.એસ.ટી. બિલથી ભવિષ્યમાં જે ફાયદો થવાનો છે એ ખરેખર ઘણો જ થવાનો છે. પણ બીજી એક બાબત એ છે કે આપણે આને કેવી રીતે મૂકવું કે જેનાથી લોકોને સુવિધા મળી શકે એ માટે સરકાર અને ભાઇશ્રી નીતિનભાઇ ખૂબ તત્પર રહે એવી શુભ કામના આપું છું અને આ બિલ લઇને આવ્યા છે એને અમારી પાર્ટીનો અને મારો ટેકો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રણજીતભાઇ ગીલીટવાલાએ ખૂબ સાચી રીતે કહ્યું કે આ ખૂબ મોટો બંધારણીય આખા દેશને ભવિષ્યમાં ફાયદો થાય એવો અર્થકારણનો સુધારો આપણી સરકાર લાવી છે. આપણે તો એમાં વન ઓફ ધ પાર્ટ છીએ એટલા માટે કે આખા દેશની બધા જ રાજયોની સરકારો આમાં યોગદાન આપવાની છે. માનનીય સૌરભભાઇએ તો એમના બધા જ અનુભવનો નીચોડ આપણને આપ્યો અને આખી પૂર્વભૂમિકા સમજાવી છે અને આગળનું હવે જે કામ કરવાનું છે એ ફરીથી કહું કે એકલા ગુજરાત રાજયે નથી કરવાનું, ભારત સરકાર, રાષ્ટ્રપતિજી જે કાઉન્સીલની રચના કરશે એ કાઉન્સીલના માધ્યમથી જે નિર્ણયો થશે એનો આખા દેશના બધા જ રાજયની સરકારો એ કોઇ પણ પક્ષની હોય એણે અમલ કરવાનો છે. આપણે પણ એનો અમલ કરવા માટે કટિબધ્ધતા રાખીએ છીએ. માનનીય જયંતભાઇએ જે વાત કરી એ અમલવારીની છે. એમની વાત સો ટકા સાચી છે કે, કાયદો નવો છે, મોટો છે. વેપારી વર્ગ, ઉદ્યોગ બધાને સરકારી તંત્ર સહીત બધું જ નવું તંત્ર ગોઠવવાનું છે, આખો કાયદો ઓન લાઇન સિસ્ટમથી ફોર્મ ભરવા, ટેકસ ભરવો, રીફંડ લેવું આ બધું લગભગ મેન્યુઅલી કશું નથી થવાનું એ પ્રકારનો આખા દેશનો કાયદો આપણે બનાવ્યો છે એનો અમલ આપણે કરવાનો છે, પણ ગુજરાત પૂરતી જો જયંતભાઇની વાત કરીએ તો હું કહું કે આપણે કમિશનર ઓફીસ તરફથી વેચાણ વેરા વિભાગ તરફથી અને સરકાર તરફથી નાણા વિભાગ તરફથી બધી જ ચેમ્બર, બધા જ વેપારી એસોસિએશન, વકીલ એસોસિએશન, સી.એ. એસોસિએશન આ બધા જોડે પરામર્શ કરીએ છીએ, આપણે સેમિનાર રાખીએ છીએ, અત્યાર સુધી પણ સેમિનાર થયા, હવે આ માટેના વિશેષ સેમિનાર આ કાયદાની અમલવારીમાં વેપારીઓને સમજ આપવા માટે કરવાના છીએ કે તમારે શું કરવાનું છે, કેવી રીતે કરવાનું છે? એ આપણે મોટા પ્રમાણમાં એક ઝૂંબેશ તરીકે કામ ઉપાડવાના છીએ. મેં તો ત્યાં સુધી અધિકારીઓને કહ્યું છે કે, જેમ આપણે કલેકટર કચેરીઓમાં, મામલતદાર કચેરીઓમાં અને નગરપાલિકાઓમાં નાગરિકોના સિવિક સેન્ટર એમની જરૂરિયાત માટે રાખ્યા છે એમ આમાં પણ જ્યાં શક્ય હોય ત્યાં કોઇ નાનો વેપારી હોય અને બધી સિસ્ટમ ઉભી ન કરી શકે તો એને આપણી સિસ્ટમથી એના ફોર્મ વગેરે ભરાય એવી વ્યવસ્થા ઉભી કરવી, માર્ગદર્શન આપવું, મોટા પ્રમાણમાં પ્રચાર સાહિત્યથી અવગત કરાવવા આ બધું જ સરકાર તરફથી હવે આપણે નેકસ્ટ સ્ટેપમાં કરવાના છીએ. ગુજરાતના ચાર લાખ કરતા વધુ ડિલર નોંધાયેલા છે એ, ભવિષ્યમાં વધશે અને ઇમ્પોર્ટર–એક્સપોર્ટર બધાને આ કાયદાની જાણકારી મળે, આ કાયદાનો ઉપયોગ કરવાનું એમને માટે સરળ થાય એ પ્રમાણે આપણે આયોજન કરવાના છીએ. એટલે બધી જ તૈયારી આપણે કરી છે જેવી કાઉન્સીલમાંથી બધી વ્યવસ્થા ફાઇનલ થશે એ પ્રમાણે આપણે સ્ટેપ બાય સ્ટેપ ગુજરાતના બધા જ વેપારીઓને માર્ગદર્શન આપવાની કામગીરી કરવાના છીએ. તો હું આશા રાખું છું કે, આટલી બધી સ્પષ્ટતા પછી આ બંધારણ સુધારાને સન્માનીય ગૃહ સર્વાનુમતે મંજૂરી આપે.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્ન એ છે કે, આ ગૃહ, સંસદના બંને ગૃહોએ પસાર કરેલ સંવિધાન ૧૨૨માં સુધારા વિધેયક ૨૦૧૪થી ભારતના સંવિધાનમાં કરવા ધારેલા સુધારાને સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ના ખંડ–૨ના પરંતુકના ખંડ–ખ અને ગ ના કાર્યક્ષેત્ર પ્રમાણે બહાલ રાખે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

## અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (૮૭-)

**શ્રી ડી. એમ. પટેલઃ (સચિવશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમ્યાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીને મોકલી શકાયા નથી તેવા કુલ ૧૦૪ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

અતારાંકિત પ્રશ્નોત્તરી નિયમ ૮૭(ક)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૨૩-૮-૨૦૧૬ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | શ્રી બળદેવજી ઠાકોર | ૭૨૫૪ | ૧ |
| ૨ | શ્રી મણીલાલ વાઘેલા | ૭૬૫૦ | ૧ |
| ૩ | શ્રી ગૌતમભાઈ ચૌહાણ | ૭૨૪૭ | ૧ |
| ૪ | શ્રી કરમશીભાઈ પટેલ | ૭૨૪૫ | ૧ |
| ૫ | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર | ૭૨૪૧ | ૧ |
| ૬ | ડૉ. મિતેશભાઈ ગરાસીયા | ૭૨૩૭ | ૧ |
| ૭ | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા | ૭૨૫૭ | ૧ |
| ૮ | પ્રો. હીરાભાઈ પટેલ | ૭૨૪૯ | ૧ |
| ૯ | શ્રી બાબુભાઈ વાજા | ૭૨૩૬ | ૧ |
| ૧૦ | શ્રી કાંતિભાઈ ખરાડી | ૭૨૪૩, ૭૨૬૩ | ૨ |
| ૧૧ | શ્રી ગેંદાલભાઈ ડામોર | ૫૯૯૩, ૭૨૩૮ | ૨ |
| ૧૨ | શ્રી ભોળાભાઈ ગોહેલ | ૭૩૯૭, ૮૧૮૮ | ૨ |
| ૧૩ | શ્રી પુંજાભાઈ વંશ | ૭૨૩૯, ૮૨૦૨ | ૨ |
| ૧૪ | શ્રી મહેશકુમાર પટેલ | ૭૩૬૪, ૮૨૭૦ | ૨ |
| ૧૫ | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર | ૭૨૪૨, ૭૨૫૫ | ૨ |
| ૧૬ | શ્રી રામસિંહ પરમાર | ૭૪૫૯, ૭૪૬૦, ૭૫૫૭ | ૩ |
| ૧૭ | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા | ૭૨૪૬, ૭૨૫૩, ૭૫૬૪ | ૩ |
| ૧૮ | શ્રી બલવંતસિંહ રાજપૂત | ૩૯૪૩, ૭૨૮૦, ૭૩૦૩, ૭૪૩૨ | ૪ |
| ૧૯ | શ્રી સી. કે. રાઉલજી | ૭૨૪૦, ૭૪૫૫, ૭૪૫૬, ૭૫૫૨, ૮૨૨૬, ૮૨૨૭ | ૬ |
| ૨૦ | શ્રી મેરામણભાઈ આહીર | ૭૨૬૯, ૭૩૬૫, ૭૩૬૮, ૭૩૯૬, ૭૪૦૯, ૭૪૧૮, ૭૪૯૧, ૭૫૦૫, ૮૨૫૬ | ૯ |
| ૨૧ | શ્રી શક્તિસિંહજી ગોહિલ | ૭૩૦૧, ૭૩૧૨, ૭૩૪૮, ૭૪૧૬, ૭૪૨૬, ૭૬૪૩, ૮૦૩૮, ૮૦૬૫, ૮૦૬૬, ૮૦૬૯ | ૧૦ |
| ૨૨ | શ્રી રાઘવજી પટેલ | ૭૨૬૬, ૭૪૫૦, ૭૬૩૩, ૭૯૮૩, ૭૯૯૦, ૭૯૯૧, ૭૯૯૨, ૭૯૬૯, ૭૯૭૯, ૭૯૮૦ | ૧૦ |
| ૨૩ | શ્રી જવાહરભાઈ ચાવડા | ૭૩૨૨, ૭૩૩૩, ૭૩૩૭, ૭૩૪૫, ૭૪૩૬, ૮૦૧૮, ૮૧૨૧, ૮૧૨૨, ૮૧૨૩, ૮૧૨૪, ૮૧૨૫, ૮૧૨૬, ૮૧૩૯ | ૧૩ |
| ૨૪ | શ્રી પરેશ ધાનાણી | ૫૬૩૮, ૫૬૩૯, ૫૬૪૩, ૫૬૪૬, ૫૬૪૮, ૭૭૨૫, ૭૭૨૬, ૭૭૩૭, ૭૭૫૧, ૭૭૫૪, ૭૭૫૫, ૭૭૯૫, ૭૭૯૬, ૭૮૨૪, ૭૮૨૫, ૭૮૨૬, ૭૮૨૭, ૭૮૨૮, ૭૮૨૯, ૭૮૩૦, ૭૮૩૧, ૭૮૩૨, ૭૮૩૩, ૭૮૮૪, ૭૮૯૧ | ૨૫ |
| | | કુલ | ૧૦૪ |

તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નોત્તરી નિયમ ૮૭(ક)

નર્મદા અને ભરૂચ જિલ્લામાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા ઇસમો

અતારાંકિતઃ ૭૪૩૬ (૦૧–૦૭–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) **:** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધી ઇન્ડીયન વેટરનરી પ્રેક્ટીસ કાઉન્સિલ એક્ટ–૧૯૮૪ ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ રાજ્યમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા બિન અધિકૃત વ્યકિતઓ સામે કાનુની અને શિક્ષાત્મક પગલાં ભરવા રાજ્ય સરકારે તા.૧૭–૧૦–૨૦૦૭ ના રોજ આદેશ પ્રસિદ્ધ કર્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો નર્મદા અને ભરૂચ જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેટરીનરી પ્રેક્ટીસ કરતા કેટલા ઇસમોને પકડી પાડવામાં આવ્યા અને તેની સામે શી કાનુની શિક્ષાત્મક કાર્યવાહી થઇ ?

પશુપાલન મંત્રીશ્રી **:** (૦૯–૦૮–૨૦૧૬)

(૧) હા, જી.

(૨) નર્મદા અને ભરૂચ જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા કોઇ ઇસમ પકડાયેલ નથી. તેથી કાનુની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

જામનગર અને સુરત જિલ્લામાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા ઇસમો

અતારાંકિતઃ ૭૪૫૦ (૦૫–૦૭–૨૦૧૬) શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર–ગ્રામ્ય) **:** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધી ઇન્ડીયન વેટરનરી પ્રેક્ટીસ કાઉન્સિલ એક્ટ–૧૯૮૪ ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ રાજ્યમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા બિન અધિકૃત વ્યકિતઓ સામે કાનુની અને શિક્ષાત્મક પગલાં ભરવા રાજ્ય સરકારે તા.૧૭–૧૦–૨૦૦૭ ના રોજ આદેશ પ્રસિદ્ધ કર્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જામનગર અને સુરત જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેટરીનરી પ્રેક્ટીસ કરતા કેટલા ઇસમોને પકડી પાડવામાં આવ્યા અને તેની સામે શી કાનુની શિક્ષાત્મક કાર્યવાહી થઇ ?

પશુપાલન મંત્રીશ્રી **:** (૦૯–૦૮–૨૦૧૬)

(૧) હા, જી.

(૨) જામનગર અને સુરત જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા કોઇ ઇસમ પકડાયેલ નથી. તેથી કાનુની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા ઇસમો

અતારાંકિતઃ ૭૪૫૫ (૦૧–૦૭–૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) **:** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધી ઇન્ડીયન વેટરનરી પ્રેક્ટીસ કાઉન્સિલ એક્ટ–૧૯૮૪ ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ રાજ્યમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા બિન અધિકૃત વ્યકિતઓ સામે કાનુની અને શિક્ષાત્મક પગલાં ભરવા રાજ્ય સરકારે તા.૧૭–૧૦–૨૦૦૭ ના રોજ આદેશ પ્રસિદ્ધ કર્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો પંચમહાલ અને દાહોદ જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેટરીનરી પ્રેક્ટીસ કરતા કેટલા ઇસમોને પકડી પાડવામાં આવ્યા અને તેની સામે શી કાનુની શિક્ષાત્મક કાર્યવાહી થઇ ?

પશુપાલન મંત્રીશ્રી **:** (૦૯–૦૮–૨૦૧૬)

(૧) હા, જી.

(૨) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા કોઇ ઇસમ પકડાયેલ નથી. તેથી કાનુની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રાવણ ૬, ૧૯૩૮ શાકે
અતારાંકિત પ્રશ્નોત્તરી નિયમ ૮૭(ક)

---------

અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા ઇસમો

અતારાંકિતઃ ૭૪૫૬ (૦૧-૦૭-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) **:** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ધી ઇન્ડીયન વેટરનરી પ્રેક્ટીસ કાઉન્સિલ એક્ટ-૧૯૮૪ ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ રાજ્યમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા બિન અધિકૃત વ્યકિતઓ સામે કાનુની અને શિક્ષાત્મક પગલાં ભરવા રાજ્ય સરકારે તા.૧૭-૧૦-૨૦૦૭ ના રોજ આદેશ પ્રસિદ્ધ કર્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેટરીનરી પ્રેક્ટીસ કરતા કેટલા ઇસમોને પકડી પાડવામાં આવ્યા અને તેની સામે શી કાનુની શિક્ષાત્મક કાર્યવાહી થઇ ?

માનનીય પશુપાલન મંત્રીશ્રી **:** (૦૯-૦૮-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા કોઇ ઇસમ પકડાયેલ નથી. તેથી કાનુની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આણંદ અને ખેડા જિલ્લામાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા ઇસમો

અતારાંકિતઃ ૭૪૫૯ (૦૧-૦૭-૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) **:** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ધી ઇન્ડીયન વેટરનરી પ્રેક્ટીસ કાઉન્સિલ એક્ટ-૧૯૮૪ ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ રાજ્યમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા બિન અધિકૃત વ્યકિતઓ સામે કાનુની અને શિક્ષાત્મક પગલાં ભરવા રાજ્ય સરકારે તા.૧૭-૧૦-૨૦૦૭ ના રોજ આદેશ પ્રસિદ્ધ કર્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આણંદ અને ખેડા જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેટરીનરી પ્રેક્ટીસ કરતા કેટલા ઇસમોને પકડી પાડવામાં આવ્યા અને તેની સામે શી કાનુની શિક્ષાત્મક કાર્યવાહી થઇ ?

પશુપાલન મંત્રીશ્રી **:** (૦૯-૦૮-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) આણંદ અને ખેડા જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા કોઇ ઇસમ પકડાયેલ નથી. તેથી કાનુની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા ઇસમો

અતારાંકિતઃ ૭૪૬૦ (૦૧-૦૭-૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) **:** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ધી ઇન્ડીયન વેટરનરી પ્રેક્ટીસ કાઉન્સિલ એક્ટ-૧૯૮૪ ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ રાજ્યમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા બિન અધિકૃત વ્યકિતઓ સામે કાનુની અને શિક્ષાત્મક પગલાં ભરવા રાજ્ય સરકારે તા.૧૭-૧૦-૨૦૦૭ ના રોજ આદેશ પ્રસિદ્ધ કર્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેટરીનરી પ્રેક્ટીસ કરતા કેટલા ઇસમોને પકડી પાડવામાં આવ્યા અને તેની સામે શી કાનુની શિક્ષાત્મક કાર્યવાહી થઇ ?

પશુપાલન મંત્રીશ્રી **:** (૦૯-૦૮-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા કોઇ ઇસમ પકડાયેલ નથી. તેથી કાનુની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા ઇસમો

અતારાંકિતઃ ૭૬૪૩ (૦૧–૦૭–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) **:** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધી ઇન્ડીયન વેટરનરી પ્રેક્ટીસ કાઉન્સિલ એક્ટ–૧૯૮૪ ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ રાજ્યમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા બિન અધિકૃત વ્યક્તિઓ સામે કાનુની અને શિક્ષાત્મક પગલાં ભરવા રાજ્ય સરકારે તા.૧૭–૧૦–૨૦૦૭ ના રોજ આદેશ પ્રસિદ્ધ કર્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેટરીનરી પ્રેક્ટીસ કરતા કેટલા ઇસમોને પકડી પાડવામાં આવ્યા અને તેની સામે શી કાનુની શિક્ષાત્મક કાર્યવાહી થઇ ?

પશુપાલન મંત્રીશ્રી **:** (૦૯–૦૮–૨૦૧૬)

(૧) હા, જી.

(૨) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે વેટરીનરી પ્રેક્ટીસ કરતા કોઇ ઇસમ પકડાયેલ નથી. તેથી કાનુની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પોરબંદર, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ

અતારાંકિતઃ ૭૭૨૫ (૦૫–૦૭–૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૬ ની સ્થિતિએ પોરબંદર, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ ક્યારથી અમલમાં છે, અને

(૨) સદર પ્રોજેક્ટમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ગ્રાંટ મળી ?

કૃષિ મંત્રીશ્રી **:** (૦૪–૦૮–૨૦૧૬)

(૧) પોરબંદર : વર્ષ ૨૦૦૯–૧૦

ગીર સોમનાથ : વર્ષ ૨૦૧૪–૧૫

કચ્છ : વર્ષ ૨૦૦૬

(૨)

| વર્ષ | ગ્રાંટ (રૂ.લાખમાં) | | |
|---|---|---|---|
| | પોરબંદર | ગીર સોમનાથ | કચ્છ |
| ૧–૪–૨૦૧૧ થી ૩૧–૩–૨૦૧૨ | ૪૧.૮૦ | – | ૯૬.૦૫ |
| ૧–૪–૨૦૧૨ થી ૩૧–૩–૨૦૧૩ | ૬૯.૦૧ | – | ૧૧૮.૦૦ |
| ૧–૪–૨૦૧૩ થી ૩૧–૩–૨૦૧૪ | ૬૨.૩૮ | – | ૧૧૨.૧૨ |
| ૧–૪–૨૦૧૪ થી ૩૧–૩–૨૦૧૫ | ૭૬.૩૯ | ૭૬.૩૪ | ૧૨૩.૨૫ |
| ૧–૪–૨૦૧૫ થી ૩૧–૩–૨૦૧૬ | ૬૩.૫૭ | ૬૯.૨૪ | ૧૨૬.૨૫ |

---------

ભાવનગર, મોરબી અને બોટાદ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ

અતારાંકિતઃ ૭૭૨૬ (૦૫–૦૭–૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૬ ની સ્થિતિએ ભાવનગર, મોરબી અને બોટાદ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ ક્યારથી અમલમાં છે, અને

(૨) સદર પ્રોજેક્ટમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ગ્રાંટ મળી ?

કૃષિ મંત્રીશ્રી **:** (૦૪–૦૮–૨૦૧૬)

(૧) ભાવનગર : વર્ષ ૨૦૦૮–૦૯

મોરબી : વર્ષ ૨૦૧૪–૧૫

બોટાદ : વર્ષ ૨૦૧૪–૧૫

(૨)

| વર્ષ | ગ્રાંટ (રૂ.લાખમાં) | | |
|---|---|---|---|
| | ભાવનગર | મોરબી | બોટાદ |
| ૧–૪–૨૦૧૧ થી ૩૧–૩–૨૦૧૨ | ૬૭.૦૦ | – | – |
| ૧–૪–૨૦૧૨ થી ૩૧–૩–૨૦૧૩ | ૮૭.૦૦ | – | – |
| ૧–૪–૨૦૧૩ થી ૩૧–૩–૨૦૧૪ | ૯૯.૫૦ | – | – |
| ૧–૪–૨૦૧૪ થી ૩૧–૩–૨૦૧૫ | ૧૧૦.૫૦ | ૫૭.૦૩ | ૩૨.૫૦ |
| ૧–૪–૨૦૧૫ થી ૩૧–૩–૨૦૧૬ | ૮૫.૧૫ | ૬૫.૭૩ | ૪૩.૬૫ |

--------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં ફાજલ થયેલ શિક્ષકો/કર્મચારીઓ

અતારાંકિતઃ ૭૩૯૬ (૨૯–૦૬–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળિયા)**:** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યના કમિશ્નર ઓફ સ્કુલે દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં ફાજલ થયેલા પરંતુ નોકરીમાંથી છૂટા ન કર્યા હોય તેવા શિક્ષકો/કર્મચારીઓની વિગત વીડીયો કોન્ફરન્સથી માર્ચ–એપ્રિલ–૨૦૧૬ માં માહિતી માંગી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦–૪–૨૦૧૬ ની સ્થિતિએ જિલ્લામાં કેટલા ફાજલ શિક્ષકો/કર્મચારીઓ છે, અને

(૩) તા.૩૦–૬–૧૯૭૮ પછી નિમણૂંક થયેલા શિક્ષકો/કર્મચારીઓ જેમને ફાજલનું રક્ષણ મળતું નથી તેવા કેટલા શિક્ષકો/કર્મચારીઓનું ઉક્ત સ્થિતિએ કાયદા વિરૂદ્ધ ચાલુ રખાયા છે ?

શિક્ષણ મંત્રીશ્રી **:** (૧૯–૮–૨૦૧૬)

(૧) હા, જી.

(૨) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાઓમાં એક પણ નહીં.

(૩) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાઓમાં એક પણ નહીં.

--------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ફાજલ થયેલ શિક્ષકો/કર્મચારીઓ

અતારાંકિતઃ ૭૩૯૭ (૨૯–૦૬–૨૦૧૬) શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ)**:** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નોત્તરી નિયમ ૮૭(ક)

(૧) રાજ્યના કમિશ્નર ઓફ સ્કુલે રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં ફાજલ થયેલા પરંતુ નોકરીમાંથી છૂટા ન કર્યા હોય તેવા શિક્ષકો/કર્મચારીઓની વિગત વીડીયો કોન્ફરન્સથી માર્ચ–એપ્રિલ–૨૦૧૬ માં માહિતી માંગી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦–૪–૨૦૧૬ ની સ્થિતિએ જિલ્લામાં કેટલા ફાજલ શિક્ષકો/કર્મચારીઓ છે, અને

(૩) તા.૩૦–૬–૧૯૭૮ પછી નિમણૂંક થયેલા શિક્ષકો/કર્મચારીઓ જેમને ફાજલનું રક્ષણ મળતું નથી તેવા કેટલા શિક્ષકો/કર્મચારીઓનું ઉક્ત સ્થિતિએ કાયદા વિરૂદ્ધ ચાલુ રખાયા છે ?

શિક્ષણ મંત્રીશ્રી **:** (૧૯–૮–૨૦૧૬)

(૧) હા, જી.

(૨)

| ક્રમ | જિલ્લો | ફાજલ શિક્ષકો | ફાજલ કર્મચારીઓ |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૨૩ | ૦૭ |
| ૨ | મોરબી | ૦૦ | ૦૦ |
| ૩ | સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ |

(૩) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં એક પણ નહીં.

--------

રાજ્યનું જાહેર દેવું અને ચૂકવેલ વ્યાજ

અતારાંકિતઃ ૭૭૫૫ (૧૪–૦૭–૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી)**:** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યનું વર્ષવાર જાહેર દેવું કેટલું છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કુલ કેટલી રકમ વ્યાજ પેટે ચૂકવવામાં આવી ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) **:** (૨૦–૮–૨૦૧૬)

(૧)

| નાણાકીય વર્ષ | કુલ જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૨૩૪૦૬ |
| ૨૦૧૨–૧૩ | ૧૩૬૩૬૭ |
| ૨૦૧૩–૧૪ | ૧૪૯૫૦૬ |
| ૨૦૧૪–૧૫ | ૧૬૩૪૫૧ |
| ૨૦૧૫–૧૬ (સુ.અં) | ૧૮૨૩૭૫ |

(૨)

| નાણાકીય વર્ષ | કુલ જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૯૮૪૦ |
| ૨૦૧૨–૧૩ | ૧૦૮૮૩ |
| ૨૦૧૩–૧૪ | ૧૧૯૧૬ |
| ૨૦૧૪–૧૫ | ૧૩૦૬૧ |
| ૨૦૧૫–૧૬ (સુ.અં) | ૧૪૪૯૫ |

--------

દેવભૂમિ દ્વારકા જિલ્લા સંબંધિત સ્ટેટ કન્ઝયુમર હેલ્પ લાઇન પર ફરિયાદો

અતારાંકિતઃ ૭૩૬૫ (૧૮–૭–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળિયા)**:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લા સંબંધિત સ્ટેટ કન્ઝયુમર હેલ્પ લાઇનમાં સને ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં કેટલી ફરિયાદો મળી હતી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ પડતર ફરિયાદોનો ક્યારે નિકાલ થશે ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૨–૮–૨૦૧૬)

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લા સંબંધિત સ્ટેટ કન્ઝયુમર હેલ્પ લાઇનમાં સને ૨૦૧૪ ના વર્ષમાં ૭૦ અને સને ૨૦૧૫ ના વર્ષમાં ૯૯ ફરિયાદો મળી.

(૨) તમામ ફરિયાદોનો નિકાલ થયો છે.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ એક પણ ફરિયાદ પડતર નથી.

--------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં ખાંડ/અનાજનો જથ્થો

અતારાંકિતઃ ૭૩૬૮ (૮–૭–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળિયા)**:** માનનીય અન્ન–નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં તાલુકાવાર કેટલી સસ્તા અનાજની દુકાનોમાં તેને ફાળવવા પાત્ર જથ્થા કરતા ખાંડ અને અનાજનો ઓછો પુરવઠો પુરો પાડવામાં આવ્યો,

(૨) ઉક્ત પુરવઠો ઓછો આપવાના શા કારણો છે, અને

(૩) તે અન્વયે જવાબદારો સામે શાં પગલાં લેવાયા છે ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૧૯–૮–૨૦૧૬)

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનોમાં ખાંડ અને અનાજનો વિતરણ કરવા પાત્ર જથ્થો પુરેપુરો આપવામાં આવેલ છે. જેથી માહિતી શૂન્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ તથા તેના તાબાની કચેરીઓમાં વર્ગ–૧ થી ૪ નું મંજુર મહેકમ

અતારાંકિતઃ ૭૭૯૬ (૧૮–૦૭–૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી)**:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૬ ની સ્થિતિએ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ અને તેનાં તાબાની કચેરીઓમાં વર્ગ–૧ થી ૪ નું મંજુર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓએ કેટલા સમયથી ખાલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ લાંબા સમયથી આ જગ્યાઓ ખાલી રહેવાનાં અને સમયસર ન ભરવાનાં શાં કારણો છે, અને

(૪) આ જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૦–૦૮–૨૦૧૬)

(૧) તા.૩૧–૦૩–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામેલ *પત્રક–૧ મુજબ છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો સામેલ *પત્રક–૨ મુજબ છે.

(૩) સરકારશ્રીની ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ ભરતીની નીતિ અન્વયે ખાલી જગ્યાઓ ભરવા જરૂરી માંગણા પત્રકો ગૌણ સેવા પસંદગી મંડળને/સામાન્ય વહીવટ વિભાગને મોકલવામાં આવેલ છે. તે અન્વયે જરૂરી કાર્યવાહી બાદ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કચેરીઓમાં સભ્યોની જગ્યાઓ સીલેકશન કમિટિમાં મંજુર થયેથી ભરવામાં આવશે.

(૪) ઉપર મુજબ.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## જામનગર, વલસાડ અને નવસારી જિલ્લાઓમાં કેરોસીનનો મળવાપાત્ર જથ્થો

અતારાંકિતઃ ૭૯૯૦ (૧૮–૦૭–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય)**:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં ૨૦૧૫–૧૬ ના વર્ષમાં કેરોસીનના મળવાપાત્ર જથ્થા સામે કેટલો જથ્થો ફાળવાયો, અને

(૨) ઉક્ત જિલ્લાઓને જરૂરિયાત મુજબ કેરોસીન જથ્થો પુરતા પ્રમાણમાં ફાળવવા શી કાર્યવાહી થઇ છે ?

નાગરિક પુરવઠા મંત્રી **:** (૨૨–૦૮–૨૦૧૬)

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી જે ફાળવણી મળે છે તે ફાળવણી સામે પ્રવર્તમાન વિતરણ પ્રમાણ મુજબ જિલ્લાઓની જરૂરિયાતને ધ્યાને લઇ ઉપલબ્ધ જથ્થા સામે જે ટકાવારી બેસે તે મુજબ દરેક જિલ્લાઓને સમાન ધોરણે કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે અને એ જ પ્રમાણે દરેક વિક્રેતાઓને પણ જથ્થાની પરમીટ આપવામાં આવે છે.

માહે એપ્રિલ–૧૬ માં રાજ્યની કુલ ૫૭,૩૪૧ કીલી. જરૂરીયાત સામે જિલ્લાઓને ૫૨૭૨૨ કીલી. ની ફાળવણી કરવામાં આવેલ છે એટલે કે જરૂરીયાત સામે ૯૧.૯૪**%** ફાળવણી કરવામાં આવેલ હતી. આમ, જરૂરીયાત સામે પુરતી ફાળવણી કરવામાં આવે છે.

| અ.નં. | એપ્રિલ–૧૫ થી | જિલ્લોઃ જામનગર | | જિલ્લોઃ વલસાડ | | જિલ્લોઃ નવસારી | |
|---|---|---|---|---|---|---|---|
| | માર્ચ–૧૬ | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૧ | એપ્રિલ–૧૫ | ૧૫૯૨ | ૧૪૨૩ | ૧૨૩૭ | ૧૧૦૬ | ૧૨૪૫ | ૧૧૧૩ |
| ૨ | મે–૧૫ | ૧૬૦૨ | ૧૪૨૫ | ૧૨૪૨ | ૧૧૦૬ | ૧૨૪૭ | ૧૧૧૦ |
| ૩ | જુન–૧૫ | ૧૬૦૪ | ૧૪૪૭ | ૧૨૪૭ | ૧૧૨૪ | ૧૨૪૭ | ૧૧૨૪ |
| ૪ | જુલાઇ–૧૫ | ૧૬૦૯ | ૧૪૪૮ | ૧૨૫૧ | ૧૧૨૬ | ૧૨૪૮ | ૧૧૨૩ |
| ૫ | ઓગ.–૧૫ | ૧૬૦૫ | ૧૪૩૮ | ૧૨૫૪ | ૧૧૨૩ | ૧૨૪૯ | ૧૧૧૯ |
| ૬ | સપ્ટે.–૧૫ | ૧૬૦૬ | ૧૪૨૬ | ૧૨૫૮ | ૧૧૧૭ | ૧૨૫૨ | ૧૧૧૨ |
| ૭ | ઓક્ટો.–૧૫ | ૧૬૧૦ | ૧૪૨૯ | ૧૨૬૨ | ૧૧૧૯ | ૧૨૫૫ | ૧૧૧૩ |
| ૮ | નવે.–૧૫ | ૧૬૧૧ | ૧૪૨૧ | ૧૨૬૯ | ૧૧૧૮ | ૧૨૫૫ | ૧૧૦૭ |
| ૯ | ડીસે.–૧૫ | ૧૪૮૪ | ૧૩૯૪ | ૧૨૧૫ | ૧૧૪૨ | ૧૧૩૭ | ૧૦૬૯ |
| ૧૦ | જાન્યુ.–૧૬ | ૧૪૮૮ | ૧૪૧૯ | ૧૧૮૪ | ૧૧૨૯ | ૧૦૮૯ | ૧૦૩૮ |
| ૧૧ | ફેબ્રુ.–૧૬ | ૧૪૭૩ | ૧૪૨૦ | ૧૧૭૪ | ૧૧૩૧ | ૧૦૮૬ | ૧૦૪૭ |
| ૧૨ | માર્ચ–૧૬ | ૧૪૮૨ | ૧૪૨૮ | ૧૧૭૭ | ૧૧૩૪ | ૧૦૯૧ | ૧૦૫૧ |
| | કુલ | ૧૮૭૬૬ | ૧૭૧૧૮ | ૧૪૭૭૦ | ૧૩૪૭૫ | ૧૪૪૦૧ | ૧૩૧૨૬ |

--------

## આણંદ અને ખેડા જિલ્લામાં કેરોસીનનો મળવાપાત્ર જથ્થો

અતારાંકિતઃ ૭૯૯૧ (૧૮–૦૭–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) **:** માનનીય મંત્રીશ્રી, નાગરિક પુરવઠા જણાવવા કૃપા કરશે કે.–

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં ૨૦૧૫–૧૬ના વર્ષમાં કેરોસીનના મળવાપાત્ર જથ્થા સામે કેટલો ફાળવાયો, અને

(૨) ઉક્ત જિલ્લાઓને જરૂરીયાત મુજબ કેરોસીન જથ્થો પુરતા પ્રમાણમાં ફાળવવા શી કાર્યવાહી થઈ છે ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૨–૦૮–૨૦૧૬)

(૧) સામેલ પત્રક મુજબ%

(૨) રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી જે ફાળવણી મળે છે તે ફાળવણી સામે પ્રવર્તમાન વિતરણ પ્રમાણ મુજબ જિલ્લાઓની જરૂરીયાતને ઘ્યાને લઈ ઉપલબ્ધ જથ્થા સામે જે ટકાવારી બેસે તે મુજબ દરેક જિલ્લાઓને સમાન ધોરણે કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે અને એ જ પ્રમાણે દરેક વિક્રેતાઓને પણ જથ્થાની પરમીટ આપવામાં આવે છે.

માહે એપ્રિલ–૧૬માં રાજ્યની કુલ ૫૭,૩૪૧ કી.લી. જરૂરીયાત સામે જિલ્લાઓને ૫૨૭૨૨ કીલી.ની ફાળવણી કરવામાં આવેલ છે એટલે કે જરૂરીયાત સામે ૯૧.૯૪% ફાળવણી કરવામાં આવેલ હતી. આમ, જરૂરીયાત સામે પુરતી ફાળવણી કરવામાં આવે છે.

પત્રક

| અ.નં. | એપ્રિલ–૧૫થી માર્ચ–૧૬ | જિલ્લો :– આણંદ | | જિલ્લો :– ખેડા | |
|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૧ | એપ્રિલ–૧૫ | ૨૦૭૬ | ૧૮૫૬ | ૨૧૬૭ | ૧૯૩૭ |
| ૨ | મે–૧૫ | ૨૦૯૦ | ૧૮૬૦ | ૨૧૭૭ | ૧૯૩૭ |
| ૩ | જુન–૧૫ | ૨૦૯૭ | ૧૮૯૧ | ૨૧૮૪ | ૧૯૬૯ |
| ૪ | જુલાઈ–૧૫ | ૨૧૦૫ | ૧૮૯૪ | ૨૧૮૯ | ૧૯૭૦ |
| ૫ | ઓગ.–૧૫ | ૨૦૮૮ | ૧૮૭૧ | ૨૧૯૬ | ૧૯૬૭ |
| ૬ | સપ્ટે.–૧૫ | ૨૦૮૩ | ૧૮૫૦ | ૨૨૦૯ | ૧૯૬૧ |
| ૭ | ઓક્ટો.–૧૫ | ૨૦૮૭ | ૧૮૫૧ | ૨૨૧૩ | ૧૯૬૪ |
| ૮ | નવે.–૧૫ | ૨૦૯૧ | ૧૮૪૩ | ૨૨૧૧ | ૧૯૫૦ |
| ૯ | ડીસે.–૧૫ | ૧૯૭૮ | ૧૮૫૯ | ૨૦૭૭ | ૧૯૫૩ |
| ૧૦ | જાન્યુ.–૧૬ | ૧૯૬૧ | ૧૮૭૦ | ૨૦૪૧ | ૧૯૪૭ |
| ૧૧ | ફેબ્રુ.–૧૬ | ૧૯૪૨ | ૧૮૭૧ | ૨૦૪૨ | ૧૯૬૭ |
| ૧૨ | માર્ચ–૧૬ | ૧૯૫૨ | ૧૮૮૧ | ૨૦૪૬ | ૧૯૭૨ |
| | કુલ | ૨૪૫૫૦ | ૨૨૩૯૭ | ૨૫૭૫૨ | ૨૩૪૯૪ |

--------

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં કેરોસીનનો મળવાપાત્ર જથ્થો

અતારાંકિતઃ ૭૯૯૨ (૧૮–૦૭–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) **:** માનનીય મંત્રીશ્રી, નાગરિક પુરવઠા જણાવવા કૃપા કરશે કે.–

(૧) વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ૨૦૧૫–૧૬ના વર્ષમાં કેરોસીનના મળવાપાત્ર જથ્થા સામે કેટલો ફાળવાયો, અને

(૨) ઉક્ત જિલ્લાઓને જરૂરીયાત મુજબ કેરોસીન જથ્થો પુરતા પ્રમાણમાં ફાળવવા શી કાર્યવાહી થઈ છે ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૨–૦૮–૨૦૧૬)

(૧) સામેલ પત્રક મુજબ%

(૨) રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી જે ફાળવણી મળે છે તે ફાળવણી સામે પ્રવર્તમાન વિતરણ પ્રમાણ મુજબ જિલ્લાઓની જરૂરીયાતને ઘ્યાને લઈ ઉપલબ્ધ જથ્થા સામે જે ટકાવારી બેસે તે મુજબ દરેક જિલ્લાઓને સમાન ધોરણે કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે અને એ જ પ્રમાણે દરેક વિક્રેતાઓને પણ જથ્થાની પરમીટ આપવામાં આવે છે.

માહે એપ્રિલ–૧૬માં રાજ્યની કુલ ૫૭,૩૪૧ કી.લી. જરૂરીયાત સામે જિલ્લાઓને ૫૨૭૨૨ કીલી.ની ફાળવણી કરવામાં આવેલ છે એટલે કે જરૂરીયાત સામે ૯૧.૯૪% ફાળવણી કરવામાં આવેલ હતી. આમ, જરૂરીયાત સામે પુરતી ફાળવણી કરવામાં આવે છે.

પત્રક

| અ.નં. | એપ્રિલ–૧૫થી માર્ચ–૧૬ | જિલ્લો :– વડોદરા | | જિલ્લો :– છોટાઉદેપુર | |
|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૧ | એપ્રિલ–૧૫ | ૨૭૨૫ | ૨૪૩૬ | ૧૨૦૨ | ૧૦૭૫ |

| અ.નં. | એપ્રિલ–૧૫થી માર્ચ–૧૬ | જિલ્લો :– વડોદરા | | જિલ્લો :– છોટાઉદેપુર | |
|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૨ | મે–૧૫ | ૨૭૪૮ | ૨૪૪૬ | ૧૨૦૮ | ૧૦૭૫ |
| ૩ | જુન–૧૫ | ૨૭૬૦ | ૨૪૮૮ | ૧૨૧૨ | ૧૦૯૩ |
| ૪ | જુલાઈ–૧૫ | ૨૭૭૧ | ૨૪૯૪ | ૧૨૧૬ | ૧૦૯૪ |
| ૫ | ઓગ.–૧૫ | ૨૭૮૩ | ૨૪૯૩ | ૧૨૨૦ | ૧૦૯૩ |
| ૬ | સપ્ટે.–૧૫ | ૨૭૯૧ | ૨૪૭૯ | ૧૨૨૫ | ૧૦૮૮ |
| ૭ | ઓક્ટો.–૧૫ | ૨૮૦૫ | ૨૪૮૮ | ૧૨૩૦ | ૧૦૯૧ |
| ૮ | નવે.–૧૫ | ૨૮૦૧ | ૨૪૭૦ | ૧૨૩૨ | ૧૦૮૬ |
| ૯ | ડીસે.–૧૫ | ૨૫૬૨ | ૨૪૦૮ | ૧૨૦૨ | ૧૧૩૦ |
| ૧૦ | જાન્યુ.–૧૬ | ૨૫૧૭ | ૨૪૦૧ | ૧૨૦૪ | ૧૧૪૮ |
| ૧૧ | ફેબ્રુ.–૧૬ | ૨૪૯૦ | ૨૩૯૯ | ૧૨૦૨ | ૧૧૫૯ |
| ૧૨ | માર્ચ–૧૬ | ૨૫૧૦ | ૨૪૧૯ | ૧૨૦૫ | ૧૧૬૧ |
| | કુલ | ૩૨૨૬૩ | ૨૯૪૨૧ | ૧૪૫૫૮ | ૧૩૨૯૩ |

––––––––

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ

અતારાંકિતઃ ૮૦૬૫ (૧૮–૦૭–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ મારફતે સન ૨૦૧૫ના વર્ષમાં કેટલા કેસોમાં કસૂરદાર વેપારી સામે કાર્યવાહી કરી ?

(૨) તે પૈકી કેટલા કેસોમાં સ્થળ પર માંડવાળની કાર્યવાહી થઈ ? અને

(૩) કેટલા કેસોમાં માંડવાળ સિવાય કાનુની કાર્યવાહી થઈ ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૬–૦૮–૨૦૧૬)

(૧)

| | |
|---|---|
| કચ્છ જિલ્લો | ૪૭૬ કેસો |
| ભાવનગર જિલ્લો | ૩૧૩ કેસો |
| ગાંધીનગર જિલ્લો | ૩૨૫ કેસો |

(૨)

| | |
|---|---|
| કચ્છ જિલ્લો | ૪૭૬ કેસો |
| ભાવનગર જિલ્લો | ૩૧૩ કેસો |
| ગાંધીનગર જિલ્લો | ૩૨૫ કેસો |

(૩)

| | |
|---|---|
| કચ્છ જિલ્લો | શૂન્ય |
| ભાવનગર જિલ્લો | શૂન્ય |
| ગાંધીનગર જિલ્લો | શૂન્ય |

––––––––

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં કેરોસીનનો મળવાપાત્ર જથ્થો

અતારાંકિતઃ ૮૦૬૬ (૧૮–૦૭–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) **:** માનનીય મંત્રીશ્રી, નાગરિક પુરવઠા જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૫–૧૬ના વર્ષમાં કેરોસીનના મળવાપાત્ર જથ્થા સામે કેટલો ફાળવાયો, અને

(૨) ઉક્ત જિલ્લાઓને જરૂરીયાત મુજબ કેરોસીન જથ્થો પુરતા પ્રમાણમાં ફાળવવા શી કાર્યવાહી થઈ છે ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૨–૦૮–૨૦૧૬)

(૧) સામેલ પત્રક મુજબ%

(૨) રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી જે ફાળવણી મળે છે તે ફાળવણી સામે પ્રવર્તમાન વિતરણ પ્રમાણ મુજબ જિલ્લાઓની જરૂરીયાતને ધ્યાને લઈ ઉપલબ્ધ જથ્થા સામે જે ટકાવારી બેસે તે મુજબ દરેક જિલ્લાઓને સમાન ધોરણે કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે અને એ જ પ્રમાણે દરેક વિક્રેતાઓને પણ જથ્થાની પરમીટ આપવામાં આવે છે.

માહે એપ્રિલ–૧૬માં રાજ્યની કુલ ૫૭,૩૪૧ કી.લી. જરૂરીયાત સામે જિલ્લાઓને ૫૨૭૨૨ કીલી.ની ફાળવણી કરવામાં આવેલ છે એટલે કે જરૂરીયાત સામે ૯૧.૯૪% ફાળવણી કરવામાં આવેલ હતી. આમ, જરૂરીયાત સામે પુરતી ફાળવણી કરવામાં આવે છે.

પત્રક

| અ.નં. | એપ્રિલ–૧૫થી માર્ચ–૧૬ | જિલ્લો :– કચ્છ | | જિલ્લો :– ભાવનગર | | જિલ્લો :– ગાંધીનગર | |
|---|---|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૧ | એપ્રિલ–૧૫ | ૨૫૯૪ | ૨૩૧૯ | ૩૦૩૫ | ૨૭૧૩ | ૧૨૨૫ | ૧૦૯૫ |
| ૨ | મે–૧૫ | ૨૬૨૦ | ૨૩૩૨ | ૩૦૪૫ | ૨૭૧૦ | ૧૨૩૩ | ૧૦૯૮ |
| ૩ | જુન–૧૫ | ૨૬૫૧ | ૨૩૯૦ | ૩૦૫૧ | ૨૭૫૧ | ૧૨૩૫ | ૧૧૧૪ |
| ૪ | જુલાઈ–૧૫ | ૨૬૭૧ | ૨૪૦૪ | ૩૦૫૯ | ૨૭૫૩ | ૧૨૩૮ | ૧૧૧૪ |
| ૫ | ઓગ.–૧૫ | ૨૬૭૧ | ૨૩૯૩ | ૩૦૬૯ | ૨૭૪૯ | ૧૨૪૫ | ૧૧૧૫ |
| ૬ | સપ્ટે.–૧૫ | ૨૬૮૬ | ૨૩૮૫ | ૩૦૭૯ | ૨૭૩૪ | ૧૨૫૧ | ૧૧૧૧ |
| ૭ | ઓક્ટો.–૧૫ | ૨૬૯૯ | ૨૩૯૪ | ૩૦૮૭ | ૨૭૩૯ | ૧૨૫૪ | ૧૧૧૨ |
| ૮ | નવે.–૧૫ | ૨૬૮૦ | ૨૩૬૩ | ૩૦૮૯ | ૨૭૨૩ | ૧૨૫૭ | ૧૧૦૮ |
| ૯ | ડીસે.–૧૫ | ૨૫૫૬ | ૨૪૦૨ | ૨૮૫૦ | ૨૬૭૯ | ૧૧૧૨ | ૧૦૪૫ |
| ૧૦ | જાન્યુ.–૧૬ | ૨૫૩૧ | ૨૪૧૪ | ૨૮૫૯ | ૨૭૨૭ | ૧૦૯૨ | ૧૦૪૧ |
| ૧૧ | ફેબ્રુ.–૧૬ | ૨૫૪૭ | ૨૪૫૪ | ૨૮૫૦ | ૨૭૪૬ | ૧૦૭૮ | ૧૦૩૯ |
| ૧૨ | માર્ચ–૧૬ | ૨૫૭૩ | ૨૪૮૦ | ૨૮૭૦ | ૨૭૬૬ | ૧૦૮૪ | ૧૦૪૪ |
| | કુલ | ૩૧૪૭૯ | ૨૮૭૩૦ | ૩૫૯૪૩ | ૩૨૭૯૦ | ૧૪૩૦૪ | ૧૩૦૩૬ |

––––––––

નર્મદા અને ભરૂચ જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ

અતારાંકિતઃ ૮૧૨૧ (૨૭–૦૭–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ મારફતે સન ૨૦૧૫ના વર્ષમાં કેટલા કેસોમાં કાર્યવાહી કરી ?

(૨) તે પૈકી કેટલા કેસોમાં સ્થળ પર માંડવાળની કાર્યવાહી થઈ ? અને

(૩) કેટલા કેસોમાં માંડવાળ સિવાય કાનુની કાર્યવાહી થઈ ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૦–૦૮–૨૦૧૬)

(૧)

| | |
|---|---|
| નર્મદા જિલ્લો | ૪૭૧ કેસો |
| ભરૂચ જિલ્લો | ૨૬૮ કેસો |

(૨)

| | |
|---|---|
| નર્મદા જિલ્લો | ૪૭૧ કેસો |
| ભરૂચ જિલ્લો | ૨૬૮ કેસો |

(૩)

| | |
|---|---|
| નર્મદા જિલ્લો | શૂન્ય |
| ભરૂચ જિલ્લો | શૂન્ય |

––––––––

જુનાગઢ અને પોરબંદર જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ

અતારાંકિતઃ ૮૧૨૨ (૨૭–૦૭–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ મારફતે સન ૨૦૧૫ના વર્ષમાં કેટલા કેસોમાં કાર્યવાહી કરી ?

(૨) તે પૈકી કેટલા કેસોમાં સ્થળ પર માંડવાળની કાર્યવાહી થઈ ? અને

(૩) કેટલા કેસોમાં માંડવાળ સિવાય કાનુની કાર્યવાહી થઈ ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૦–૦૮–૨૦૧૬)

(૧)

| | |
|---|---|
| જુનાગઢ જીલ્લો | ૩૦૧ કેસો |
| પોરબંદર જીલ્લો | ૩૪ કેસો |

(૨)

| | |
|---|---|
| જુનાગઢ જીલ્લો | ૩૦૧ કેસો |
| પોરબંદર જીલ્લો | ૩૪ કેસો |

(૩)

| | |
|---|---|
| જુનાગઢ જીલ્લો | શૂન્ય |
| પોરબંદર જીલ્લો | શૂન્ય |

--------

અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં કેરોસીનનો જથ્થો

અતારાંકિતઃ ૮૧૨૩ (૨૭–૦૭–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં ૨૦૧૫–૧૬ના વર્ષમાં કેરોસીનના મળવાપાત્ર જથ્થા સામે કેટલો ફાળવાયો, અને

(૨) ઉક્ત જિલ્લાઓને જરૂરીયાત મુજબ કેરોસીન જથ્થો પુરતા પ્રમાણમાં ફાળવવા શી કાર્યવાહી થઈ છે ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૪–૦૮–૨૦૧૬)

(૧) સામેલ પત્રક મુજબ%

(૨) રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી જે ફાળવણી મળે છે તે ફાળવણી સામે પ્રવર્તમાન વિતરણ પ્રમાણ મુજબ જિલ્લાઓની જરૂરીયાતને ધ્યાને લઈ ઉપલબ્ધ જથ્થા સામે જે ટકાવારી બેસે તે મુજબ દરેક જિલ્લાઓને સમાન ધોરણે કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે અને એ જ પ્રમાણે દરેક વિક્રેતાઓને પણ જથ્થાની પરમીટ આપવામાં આવે છે.

માહે એપ્રિલ–૧૬માં રાજ્યની કુલ ૫૭,૩૪૧ કી.લી. જરૂરીયાત સામે જિલ્લાઓને ૫૨૭૨૨ કીલી.ની ફાળવણી કરવામાં આવેલ છે એટલે કે જરૂરીયાત સામે ૯૧.૯૪% ફાળવણી કરવામાં આવેલ હતી. આમ, જરૂરીયાત સામે પુરતી ફાળવણી કરવામાં આવે છે.

પત્રક

| અ.નં. | એપ્રિલ–૧૫થી માર્ચ–૧૬ | અરવલ્લી | | મહીસાગર | |
|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૧ | એપ્રિલ–૧૫ | ૧૨૩૨ | ૧૧૦૨ | ૧૧૮૧ | ૧૦૫૬ |
| ૨ | મે–૧૫ | ૧૨૩૯ | ૧૧૦૩ | ૧૧૮૩ | ૧૦૫૩ |
| ૩ | જુન–૧૫ | ૧૨૩૭ | ૧૧૧૫ | ૧૧૮૪ | ૧૦૬૭ |
| ૪ | જુલાઈ–૧૫ | ૧૨૩૯ | ૧૧૧૫ | ૧૧૮૦ | ૧૦૬૨ |
| ૫ | ઓગ.–૧૫ | ૧૨૪૩ | ૧૧૧૩ | ૧૧૮૦ | ૧૦૫૮ |
| ૬ | સપ્ટે.–૧૫ | ૧૨૪૭ | ૧૧૦૭ | ૧૧૮૩ | ૧૦૫૦ |
| ૭ | ઓક્ટો.–૧૫ | ૧૨૫૧ | ૧૧૧૦ | ૧૧૮૫ | ૧૦૫૧ |
| ૮ | નવે.–૧૫ | ૧૨૪૮ | ૧૧૦૦ | ૧૧૮૬ | ૧૦૪૫ |
| ૯ | ડીસે.–૧૫ | ૧૨૦૮ | ૧૧૩૬ | ૧૧૦૯ | ૧૦૪૩ |
| ૧૦ | જાન્યુ.–૧૬ | ૧૨૦૬ | ૧૧૫૦ | ૧૧૦૧ | ૧૦૫૦ |
| ૧૧ | ફેબ્રુ.–૧૬ | ૧૧૭૧ | ૧૧૨૮ | ૧૧૦૧ | ૧૦૬૦ |
| ૧૨ | માર્ચ–૧૬ | ૧૧૭૦ | ૧૧૨૭ | ૧૧૦૩ | ૧૦૬૩ |
| | કુલ | ૧૪૬૯૧ | ૧૩૪૦૬ | ૧૩૮૭૬ | ૧૨૬૫૮ |

---------

## પંચમહાલ અને દાહોદ જિલ્લામાં કેરોસીનનો જથ્થો

અતારાંકિતઃ ૮૧૨૪ (૨૭–૦૭–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ૨૦૧૫–૧૬ના વર્ષમાં કેરોસીનના મળવાપાત્ર જથ્થા સામે કેટલો ફાળવાયો, અને

(૨) ઉક્ત જિલ્લાઓને જરૂરીયાત મુજબ કેરોસીન જથ્થો પુરતા પ્રમાણમાં ફાળવવા શી કાર્યવાહી થઈ છે ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૪–૦૮–૨૦૧૬)

(૧) સામેલ પત્રક મુજબ%

(૨) રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી જે ફાળવણી મળે છે તે ફાળવણી સામે પ્રવર્તમાન વિતરણ પ્રમાણ મુજબ જિલ્લાઓની જરૂરીયાતને ધ્યાને લઈ ઉપલબ્ધ જથ્થા સામે જે ટકાવારી બેસે તે મુજબ દરેક જિલ્લાઓને સમાન ધોરણે કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે અને એ જ પ્રમાણે દરેક વિક્રેતાઓને પણ જથ્થાની પરમીટ આપવામાં આવે છે.

માહે એપ્રિલ–૧૬માં રાજ્યની કુલ ૫૭,૩૪૧ કી.લી. જરૂરીયાત સામે જિલ્લાઓને ૫૨૭૨૨ કીલી.ની ફાળવણી કરવામાં આવેલ છે એટલે કે જરૂરીયાત સામે ૯૧.૯૪% ફાળવણી કરવામાં આવેલ હતી. આમ, જરૂરીયાત સામે પુરતી ફાળવણી કરવામાં આવે છે.

પત્રક

| અ.નં. | એપ્રિલ–૧૫થી માર્ચ–૧૬ | પંચમહાલ | | દાહોદ | |
|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૧ | એપ્રિલ–૧૫ | ૧૭૯૧ | ૧૬૦૧ | ૨૦૬૭ | ૧૮૪૮ |
| ૨ | મે–૧૫ | ૧૭૭૨ | ૧૫૭૭ | ૨૦૭૦ | ૧૮૪૩ |
| ૩ | જુન–૧૫ | ૧૭૬૦ | ૧૫૮૭ | ૨૦૭૪ | ૧૮૭૦ |
| ૪ | જુલાઈ–૧૫ | ૧૭૫૮ | ૧૫૮૨ | ૨૦૭૭ | ૧૮૬૯ |
| ૫ | ઓગ.–૧૫ | ૧૭૫૭ | ૧૫૭૪ | ૨૦૮૧ | ૧૮૬૪ |
| ૬ | સપ્ટે.–૧૫ | ૧૭૫૪ | ૧૫૫૮ | ૨૦૭૮ | ૧૮૪૫ |
| ૭ | ઓક્ટો.–૧૫ | ૧૭૫૪ | ૧૫૫૬ | ૨૦૮૧ | ૧૮૪૭ |
| ૮ | નવે.–૧૫ | ૧૭૫૧ | ૧૫૪૪ | ૨૦૭૯ | ૧૮૩૩ |
| ૯ | ડીસે.–૧૫ | ૧૭૦૩ | ૧૬૦૦ | ૨૦૪૪ | ૧૯૨૨ |
| ૧૦ | જાન્યુ.–૧૬ | ૧૬૯૫ | ૧૬૧૭ | ૨૦૩૯ | ૧૯૪૫ |
| ૧૧ | ફેબ્રુ.–૧૬ | ૧૬૯૫ | ૧૬૩૩ | ૨૦૩૯ | ૧૯૬૫ |
| ૧૨ | માર્ચ–૧૬ | ૧૬૯૮ | ૧૬૩૭ | ૨૦૪૦ | ૧૯૬૬ |
| | કુલ | ૨૦૮૮૮ | ૧૯૦૬૬ | ૨૪૭૬૯ | ૨૨૬૧૭ |

---------

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં કેરોસીનનો જથ્થો

અતારાંકિતઃ ૮૧૨૫ (૨૭–૦૭–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં ૨૦૧૫–૧૬ના વર્ષમાં કેરોસીનના મળવાપાત્ર જથ્થા સામે કેટલો ફાળવાયો, અને

(૨) ઉક્ત જિલ્લાઓને જરૂરીયાત મુજબ કેરોસીન જથ્થો પુરતા પ્રમાણમાં ફાળવવા શી કાર્યવાહી થઈ છે ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૪–૦૮–૨૦૧૬)

(૧) સામેલ પત્રક મુજબ

(૨) રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી જે ફાળવણી મળે છે તે ફાળવણી સામે પ્રવર્તમાન વિતરણ પ્રમાણ મુજબ જિલ્લાઓની જરૂરીયાતને ધ્યાને લઈ ઉપલબ્ધ જથ્થા સામે જે ટકાવારી બેસે તે મુજબ દરેક જિલ્લાઓને સમાન ધોરણે કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે અને એ જ પ્રમાણે દરેક વિક્રેતાઓને પણ જથ્થાની પરમીટ આપવામાં આવે છે.

માહે એપ્રિલ–૧૬માં રાજ્યની કુલ ૫૭,૩૪૧ કી.લી. જરૂરીયાત સામે જિલ્લાઓને ૫૨૭૨૨ કીલી.ની ફાળવણી કરવામાં આવેલ છે એટલે કે જરૂરીયાત સામે ૯૧.૯૪% ફાળવણી કરવામાં આવેલ હતી. આમ, જરૂરીયાત સામે પુરતી ફાળવણી કરવામાં આવે છે.

પત્રક

| અ.નં. | એપ્રિલ–૧૫થી માર્ચ–૧૬ | નર્મદા | | ભરૂચ | |
|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૧ | એપ્રિલ–૧૫ | ૭૦૬ | ૬૩૧ | ૧૪૨૭ | ૧૨૭૬ |
| ૨ | મે–૧૫ | ૭૦૪ | ૬૨૭ | ૧૪૪૩ | ૧૨૮૪ |
| ૩ | જુન–૧૫ | ૭૦૩ | ૬૩૪ | ૧૪૫૨ | ૧૩૧૦ |
| ૪ | જુલાઈ–૧૫ | ૭૦૨ | ૬૩૨ | ૧૪૬૦ | ૧૩૧૪ |
| ૫ | ઓગ.–૧૫ | ૭૦૪ | ૬૩૧ | ૧૪૬૧ | ૧૩૦૯ |
| ૬ | સપ્ટે.–૧૫ | ૭૦૫ | ૬૨૬ | ૧૪૭૦ | ૧૩૦૫ |
| ૭ | ઓક્ટો.–૧૫ | ૭૦૪ | ૬૨૫ | ૧૪૭૪ | ૧૩૦૮ |
| ૮ | નવે.–૧૫ | ૭૦૩ | ૬૨૦ | ૧૪૮૧ | ૧૩૦૫ |
| ૯ | ડીસે.–૧૫ | ૬૭૪ | ૬૩૩ | ૧૩૮૫ | ૧૩૦૧ |
| ૧૦ | જાન્યુ.–૧૬ | ૬૭૨ | ૬૪૧ | ૧૩૬૫ | ૧૩૦૨ |
| ૧૧ | ફેબ્રુ.–૧૬ | ૬૭૨ | ૬૪૮ | ૧૩૬૬ | ૧૩૧૬ |
| ૧૨ | માર્ચ–૧૬ | ૬૭૧ | ૬૪૭ | ૧૩૬૯ | ૧૩૧૯ |
| | કુલ | ૮૩૨૦ | ૭૫૯૫ | ૧૭૧૫૩ | ૧૫૬૪૯ |

--------

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં કેરોસીનનો જથ્થો

અતારાંકિતઃ ૮૧૨૬ (૨૭–૦૭–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં ૨૦૧૫–૧૬ના વર્ષમાં કેરોસીનના મળવાપાત્ર જથ્થા સામે કેટલો ફાળવાયો, અને

(૨) ઉક્ત જિલ્લાઓને જરૂરીયાત મુજબ કેરોસીન જથ્થો પુરતા પ્રમાણમાં ફાળવવા શી કાર્યવાહી થઈ છે ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૪–૦૮–૨૦૧૬)

(૧) સામેલ પત્રક મુજબ

(૨) રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી જે ફાળવણી મળે છે તે ફાળવણી સામે પ્રવર્તમાન વિતરણ પ્રમાણ મુજબ જિલ્લાઓની જરૂરીયાતને ધ્યાને લઈ ઉપલબ્ધ જથ્થા સામે જે ટકાવારી બેસે તે મુજબ દરેક જિલ્લાઓને સમાન ધોરણે કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે અને એ જ પ્રમાણે દરેક વિક્રેતાઓને પણ જથ્થાની પરમીટ આપવામાં આવે છે.

માહે એપ્રિલ–૧૬માં રાજ્યની કુલ ૫૭,૩૪૧ કી.લી. જરૂરીયાત સામે જિલ્લાઓને ૫૨૭૨૨ કીલી.ની ફાળવણી કરવામાં આવેલ છે એટલે કે જરૂરીયાત સામે ૯૧.૯૪% ફાળવણી કરવામાં આવેલ હતી. આમ, જરૂરીયાત સામે પુરતી ફાળવણી કરવામાં આવે છે.

પત્રક

| અ.નં. | એપ્રિલ–૧૫થી માર્ચ–૧૬ | જુનાગઢ | | પોરબંદર | |
|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૧ | એપ્રિલ–૧૫ | ૧૬૯૨ | ૧૫૧૩ | ૭૯૧ | ૭૦૭ |
| ૨ | મે–૧૫ | ૧૬૯૨ | ૧૫૦૬ | ૭૯૪ | ૭૦૭ |
| ૩ | જુન–૧૫ | ૧૬૮૭ | ૧૫૨૧ | ૭૯૪ | ૭૧૬ |
| ૪ | જુલાઈ–૧૫ | ૧૬૬૯ | ૧૫૦૨ | ૭૯૫ | ૭૧૬ |
| ૫ | ઓગ.–૧૫ | ૧૬૫૭ | ૧૪૮૪ | ૭૯૯ | ૭૧૬ |
| ૬ | સપ્ટે.–૧૫ | ૧૬૫૫ | ૧૪૭૦ | ૮૦૨ | ૭૧૨ |
| ૭ | ઓક્ટો.–૧૫ | ૧૬૫૮ | ૧૪૭૧ | ૮૦૬ | ૭૧૫ |
| ૮ | નવે.–૧૫ | ૧૬૬૪ | ૧૪૬૭ | ૮૦૩ | ૭૦૮ |
| ૯ | ડીસે.–૧૫ | ૧૫૪૯ | ૧૪૫૬ | ૭૨૫ | ૬૮૧ |

| અ.નં. | એપ્રિલ–૧૫થી માર્ચ–૧૬ | જુનાગઢ | | પોરબંદર | |
|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | જરૂરીયાત | ફાળવણી |
| ૧૦ | જાન્યુ.–૧૬ | ૧૫૩૫ | ૧૪૬૪ | ૭૨૨ | ૬૮૯ |
| ૧૧ | ફેબ્રુ.–૧૬ | ૧૫૪૧ | ૧૪૮૫ | ૭૨૧ | ૬૯૫ |
| ૧૨ | માર્ચ–૧૬ | ૧૫૪૮ | ૧૪૯૨ | ૭૨૩ | ૬૯૭ |
| | કુલ | ૧૯૫૪૭ | ૧૭૮૩૧ | ૯૨૭૫ | ૮૪૫૯ |

--------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ

અતારાંકિતઃ ૮૧૮૮ (૨૭–૦૭–૨૦૧૬) શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ મારફતે સન ૨૦૧૫માં કેટલા કેસોમાં કાર્યવાહી કરી ?

(૨) તે પૈકી કેટલા કેસોમાં સ્થળ પર માંડવાળની કાર્યવાહી થઈ ? અને

(૩) કેટલા કેસોમાં માંડવાળ સિવાય કાનુની કાર્યવાહી થઈ ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૦–૦૮–૨૦૧૬)

(૧)

| | |
|---|---|
| રાજકોટ જીલ્લો | ૬૨૬ કેસો |
| મોરબી જીલ્લો | ૬૨ કેસો |
| સુરેન્દ્રનગર જીલ્લો | ૨૭૯ કેસો |

(૨)

| | |
|---|---|
| રાજકોટ જીલ્લો | ૬૨૬ કેસો |
| મોરબી જીલ્લો | ૬૨ કેસો |
| સુરેન્દ્રનગર જીલ્લો | ૨૭૯ કેસો |

(૩)

| | |
|---|---|
| રાજકોટ જીલ્લો | શૂન્ય |
| મોરબી જીલ્લો | શૂન્ય |
| સુરેન્દ્રનગર જીલ્લો | શૂન્ય |

--------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ

અતારાંકિતઃ ૮૨૦૨ (૨૭–૦૭–૨૦૧૬) શ્રી પૂંજાભાઈ વંશ (ઉના) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ મારફતે સન ૨૦૧૫માં કેટલા કેસોમાં કાર્યવાહી કરી ?

(૨) તે પૈકી કેટલા કેસોમાં સ્થળ પર માંડવાળની કાર્યવાહી થઈ ? અને

(૩) કેટલા કેસોમાં માંડવાળ સિવાય કાનુની કાર્યવાહી થઈ ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૦–૦૮–૨૦૧૬)

(૧)

| | |
|---|---|
| ગીર સોમનાથ જીલ્લો | ૧૦૨ કેસો |
| અમરેલી જીલ્લો | ૨૩૭ કેસો |
| બોટાદ જીલ્લો | ૩૯ કેસો |

(૨)

| | |
|---|---|
| ગીર સોમનાથ જીલ્લો | ૧૦૨ કેસો |
| અમરેલી જીલ્લો | ૨૩૭ કેસો |
| બોટાદ જીલ્લો | ૩૯ કેસો |

(૩)

| | |
|---|---|
| ગીર સોમનાથ જીલ્લો | શૂન્ય |
| અમરેલી જીલ્લો | શૂન્ય |
| બોટાદ જીલ્લો | શૂન્ય |

--------

પંચમહાલ અને દાહોદ જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ

અતારાંકિતઃ ૮૨૨૬ (૨૭-૦૭-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ મારફતે સન ૨૦૧૫માં કેટલા કેસોમાં કાર્યવાહી કરી ?

(૨) તે પૈકી કેટલા કેસોમાં સ્થળ પર માંડવાળની કાર્યવાહી થઈ ? અને

(૩) કેટલા કેસોમાં માંડવાળ સિવાય કાનુની કાર્યવાહી થઈ ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૦-૦૮-૨૦૧૬)

(૧)

| | |
|---|---|
| પંચમહાલ જીલ્લો | ૩૦૫ કેસો |
| દાહોદ જીલ્લો | ૧૭૮ કેસો |

(૨)

| | |
|---|---|
| પંચમહાલ જીલ્લો | ૩૦૫ કેસો |
| દાહોદ જીલ્લો | ૧૭૮ કેસો |

(૩)

| | |
|---|---|
| પંચમહાલ જીલ્લો | શૂન્ય |
| દાહોદ જીલ્લો | શૂન્ય |

--------

અરવલ્લી અને મહિસાગર જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ

અતારાંકિતઃ ૮૨૨૭ (૨૭-૦૭-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) **:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અરવલ્લી અને મહિસાગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ મારફતે સન ૨૦૧૫માં કેટલા કેસોમાં કાર્યવાહી કરી ?

(૨) તે પૈકી કેટલા કેસોમાં સ્થળ પર માંડવાળની કાર્યવાહી થઈ ? અને

(૩) કેટલા કેસોમાં માંડવાળ સિવાય કાનુની કાર્યવાહી થઈ ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૦-૦૮-૨૦૧૬)

(૧)

| | |
|---|---|
| અરવલ્લી જીલ્લો | ૧૬૩ કેસો |
| મહિસાગર જીલ્લો | ૯૬ કેસો |

(૨)

| | |
|---|---|
| અરવલ્લી જીલ્લો | ૧૬૩ કેસો |
| મહિસાગર જીલ્લો | ૯૬ કેસો |

(૩)

| | |
|---|---|
| અરવલ્લી જીલ્લો | શૂન્ય |
| મહિસાગર જીલ્લો | શૂન્ય |

--------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ

અતારાંકિતઃ ૮૨૫૬ (૨૭–૭–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા)**:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા સુરત અને તાપી જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ મારફતે સન ૨૦૧૫ માં કેટલા કેસોમાં કાર્યવાહી કરી ?

(૨) તે પૈકી કેટલા કેસોમાં સ્થળ પર માંડવાળની કાર્યવાહી થઈ, અને

(૩) કેટલા કેસોમાં માંડવાળ સિવાય કાનૂની કાર્યવાહી થઈ ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૦–૮–૨૦૧૬)

(૧)

| | |
|---|---|
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | ૪૦ કેસો |
| સુરત જિલ્લો | ૧૩૨૫ કેસો |
| તાપી જિલ્લો | ૨૭૧ કેસો |

(૨)

| | |
|---|---|
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | ૪૦ કેસો |
| સુરત જિલ્લો | ૧૩૨૫ કેસો |
| તાપી જિલ્લો | ૨૭૧ કેસો |

(૩)

| | |
|---|---|
| દેવભૂમિ દ્વારકા જિલ્લો | શૂન્ય |
| સુરત જિલ્લો | શૂન્ય |
| તાપી જિલ્લો | શૂન્ય |

--------

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ

અતારાંકિતઃ ૮૨૭૦ (૨૭–૭–૨૦૧૬) શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર)**:** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ચાલતા મોબાઈલ યુનીટ મારફતે સન ૨૦૧૫ માં કેટલા કેસોમાં કાર્યવાહી કરી,

(૨) તે પૈકી કેટલા કેસોમાં સ્થળ પર માંડવાળની કાર્યવાહી થઈ, અને

(૩) કેટલા કેસોમાં માંડવાળ સિવાયની કાનૂની કાર્યવાહી થઈ ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી **:** (૨૦–૮–૨૦૧૬)

(૧)

| | |
|---|---|
| બનાસકાંઠા જિલ્લો | ૪૬૨ કેસો |
| સાબરકાંઠા જિલ્લો | ૧૪૮ કેસો |

(૨)

| | |
|---|---|
| બનાસકાંઠા જિલ્લો | ૪૬૨ કેસો |
| સાબરકાંઠા જિલ્લો | ૧૪૮ કેસો |

(૩)

| | |
|---|---|
| બનાસકાંઠા જિલ્લો | શૂન્ય |
| સાબરકાંઠા જિલ્લો | શૂન્ય |

તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નોત્તરી નિયમ ૮૭(ક)

---------

વિસાવદરના રાજપરા વન વિસ્તારમાં બાળસિંહનું મોત

અતારાંકિતઃ ૭૩૨૨ (૨૦–૬–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર)**:** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) વિસાવદરના રાજપરા વન વિસ્તારમાંથી તા.૨૨–૩–૨૦૧૬ના રોજ કિડની ફેફસાં લીવર ડેમેજ થવાથી અને પાછલા પગે પેરાલીસીસ થવાથી એક બાળસિંહનું મોત થયું હતું તે હકીકત સાચી છે,

(૨) ઉકત બાળસિંહને વન વિભાગે સમયસર સારવાર નહીં આપવાથી તે મોત તરફ ધકેલાયું હતું તે ગંભીર બાબત સાચી છે, અને

(૩) ઉકત બાળસિંહની સમયસર સારવાર કરાવવાની જવાબદારી કોની થતી હતી, તથા તેની સામે ગુનાહિત બેદરકારી બદલ શા પગલાં લેવાયાં છે ?

વન મંત્રીશ્રી **:** (૧૦–૮–૧૬)

(૧) હા, જી. એક બાળસિંહનું પોસ્ટ મોર્ટમ રીપોર્ટ મુજબ મૃત્યુ લીવર ફેઈલ થઈ જવાથી જાણવા મળેલ છે. કિડની, ફેફસા કે પેરાલીસીસ જેવો કોઈ રોગ જણાઈ આવેલ નથી.

(૨) ના, જી. આ બાળસિંહ મૃત્યુ રાજપરા રેવન્યુ ગામના રહીશ શ્રી કાળુભાઈ અલારખભાઈની માલિકીની વાડીના આંબાના બગીચામાં કુદરતી રીતે થયેલ હતું.

(૩) બિમાર વન્યપ્રાણીને સારવાર માટે સારવાની કામગીરી વન વિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે. આ બનાવમાં વાડી માલિક શ્રી કાળુભાઈ અલારખભાઈ દ્વારા વિસાવદર રેન્જના સ્ટાફને જાણ કરતા આ બાળસિંહ મૃત હાલતમાં જોવા મળેલ હતું અને પંચો રૂબરૂ સ્થળ પરથી આ બચ્ચાને એનીમલ કેર સેન્ટર સાસણ ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવેલ. બનાવ રેવન્યુ વિસ્તારમાં કુદરતી રીતે બનેલ હોય કોઈ સ્ટાફની બેદરકારી જણાતી નથી. આથી ગુનાહિત બેદરકારી બદલ પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વાંસદા નેશનલ પાર્ક પાસે ખાનગી જગ્યામાં હરણ ઉછેર કેન્દ્ર

અતારાંકિતઃ ૭૩૩૩ (૨૦–૬–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર)**:** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ડાંગ જિલ્લાના વાંસદા નેશનલ પાર્ક પાસે જગ્યામાં ખાનગી સંસ્થા દ્વારા 'હરણ ઉછેર કેન્દ્ર' માર્ચ–૨૦૧૬ની સ્થિતિએ ચલાવવામાં આવી રહ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ખાનગી સંસ્થા દ્વારા હરણ ઉછેર કેન્દ્ર ચલાવવાના શા કારણો છે,

(૩) ઉકત ઉછેર કરાયેલા હરણોને ક્યાં રાખવામાં આવેલ છે અને તેને ક્યાં હેતુસર છોડવામાં આવે છે, અને

(૩) આ કેન્દ્ર દ્વારા ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલા હરણો ઉછેરી કઈ જગ્યાએ છોડવામાં આવ્યા છે ?

વન મંત્રીશ્રી **:** (૧૦–૮–૨૦૧૬)

(૧) હા, જી.

(૨) સરકારશ્રી તરફથી મંજૂરી મેળવી વન સંરક્ષકશ્રી, વલસાડ વર્તુળ, વલસાડ અને સુરત નેચર કલબ નામના ટ્રસ્ટ સાથે તા.૧–૧૧–૨૦૦૮ થી એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. તે મુજબ ટ્રસ્ટના તાંત્રિક જ્ઞાન તેમજ ટ્રસ્ટના સાધનો અને સુવિધાઓનો ઉપયોગ કરી, રાષ્ટ્રીય ઉદ્યાનમાં હરણ મુકત કરવા માટે હરણ ઉછેર કરવા માટેનો કરાર (એમ.ઓ.યુ.) કરવામાં આવેલ છે.

(૩) હાલના તબક્કે કુલ–૨૭ હરણ ઉકત ઉછેર કેન્દ્રમાં છે જે પૈકીનાને વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન ખાતે છોડવા માટે કરારની શરતો અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૪) હજુ સુધી કોઈ હરણ છોડવામાં આવેલ નથી.

---------

ચુડા તાલુકાના ખંડિયા ગામની સીમમાં કાળીયાર હરણોનો શિકાર

અતારાંકિતઃ ૭૩૩૭ (૨૦–૬–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના ખાંડિયા ગામની સીમમાં શિકારીઓએ રક્ષિત કાળીયાર હરણો પર ડીસેમ્બર–૨૦૧૫ માં ગોળીબાર કરેલ હતો અને હરણો સ્થળ પર જ મરણ પામ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત ગુનાહીત ઘટનામાં કેટલા ઈસમો સામે શી કાર્યવાહી થઈ છે, અને

(૩) ઘાયલ થયેલા કાળીયાર હરણોને સારવાર આપી કઈ જગ્યાએ સુરક્ષિત રાખવામાં આવેલ છે ?

વન મંત્રીશ્રી : (૧૦–૮–૨૦૧૬)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તા.૨૫–૧૨–૨૦૧૫ના રોજ ચુડા તાલુકાના ખાંડિયા ગામની સીમમાં એક કાળીયાર (નર) ઈજાગ્રસ્ત હાલતમાં જીવીત અવસ્થામાં સ્થળ પરથી મળી આવતા વન વિભાગ દ્વારા તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદ વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર ખાતે લઈ જવામાં આવેલ પરંતુ સારવાર દરમ્યાન તા.૨૬–૧૨–૨૦૧૫ના રોજ તેનું મૃત્યુ થયેલું છે.

---------

નીતલી ગામે વીજ કરંટથી સિંહણનું મોત

અતારાંકિતઃ ૭૩૪૫ (૨૧–૬–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તુલશીશ્યામ રેન્જના કોઠારીયા રાઉન્ડ હેઠળ આવતા નીતલી ગામે એક સિંહણનું વાડમાં ગોઠવેલ ગેરકાયદે તાર ફેન્સીંગના વીજ કરંટથી ડીસેમ્બર–૨૦૧૫ માં મોત થયું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વાડીના તારમાં ઈલેકટ્રીક કરંટ ગોઠવનાર કેટલા આરોપીઓ સામે વન્યજીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની જોગવાઈઓ અનુસાર કઈ કલમો હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે, અને

(૩) તારમાં ઈલેકટ્રીક કરંટ મુકવાથી થઈ રહેલા સિંહોના મોતને રોકવા શી કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી : (૧૦–૮–૨૦૧૬)

(૧) હા, જી. સિંહણનું નહી, પરંતુ સિંહ જીવ–૧ નું મોત થયું હતું.

(૨) આરોપી શ્રી રવજીભાઈ બચુભાઈ કથીરીયા ઉ.વ.૪૫ રહે.નીતલી તા.ગીરગઢડા, જી.ગીર સોમનાથની સામે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા–૧૯૭૨ ની કલમ–૯,૨ (૧૬), ૨(૩૬), ૩૯(૩), ૫૦(૧), ૫૧(૨), ૫૨(૧)–ગ, મુજબ ગુન્હો નોંધવામાં આવેલ છે.

(૩) તારમાં ઈલેકટ્રીક કરંટ મુકવાથી થઈ રહેલા સિંહના મોતને રોકવા માટે વન વિભાગના સ્ટાફ દ્વારા રેવન્યુ વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે. અને પોલીસ વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ સાથે સમયાંતરે સંયુકત નાઈટ પેટ્રોલીંગ પણ કરવામાં આવે છે. અને જો આવા ગેરકાયદે ઈલેકટ્રીક શોક ગોઠવનાર ધ્યાને આવે તો વન વિભાગ તેમજ અન્ય વિભાગો દ્વારા આવા કૃત્યો કરનારાઓની સામે જરૂરી કાનુની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

સરકસમાં કામ કરતાં હાથી માટે ગાઈડ લાઈન્સ

અતારાંકિતઃ ૭૩૪૮ (૮–૭–૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (ગોધરા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સેન્ટ્રલ ઝુ ઓથોરીટી ન્યુ દિલ્હીએ સરકસમાં કામ કરતા હાથી માટે ફેબ્રુઆરી–૨૦૧૩ માં ગાઈડ લાઈન્સ પ્રસિધ્ધ કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત ગાઈડ લાઈન્સ પ્રસિધ્ધ થયા પછી તા.૩૧ ડીસેમ્બર–૨૦૧૫ સુધીમાં રાજ્યમાં તેના અમલીકરણ માટે વન વિભાગે શા પગલાં લીધા, અને

(૩) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ઉકત આદેશોનું જો કોઈ અમલીકરણ ન કરાયું હોય તો તેના શા કારણો છે અને તે માટે કોણ જવાબદાર છે ?

વન મંત્રીશ્રી **:** (૯–૮–૧૬)

(૧) હા, જી.

(૨) ૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં માત્ર એક સરકસ નોંધાયેલ હતું. જેની સમયાંતરે મુલાકાત લઈ ગાઈડ લાઈન્સ મુજબની કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ, તેની ખરાઈ કરવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

દાંતીવાડા તાલુકાના વાવધરા વિસ્તારમાં રીંછ ઉપર ગોળીબાર

અતારાંકિતઃ ૭૩૬૪ (૨૦–૬–૨૦૧૬) શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર)**:** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) દાંતીવાડા તાલુકાના વાવધરા વિસ્તારમાં રીંછ અભ્યારણ્યમાં રક્ષિત રીંછની ગોળી મારીને હત્યા કરનાર આરોપી જાન્યુઆરી–૨૦૧૫ માં પકડાઈ ગયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રક્ષિત રીંછની ગોળી મારીને હત્યા કરનાર ગુનાહીત ઈસમ કોણ છે, અને

(૩) ઉકત ગુનાહીત ઈસમ પાસે બંદુકનું માન્ય લાઇસિન્સ હતું કે કેમ અને તેની સામે વન્યજીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કઈ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી **:** (૧૦–૮–૨૦૧૬)

(૧) ના, જી. આરોપી જાન્યુઆરી–૨૦૧૫ માં પકડાયેલ નથી. દાંતીવાડા તાલુકાના વાવધરા ગામે રીંછની હત્યા તા.૨૫–૧૨–૨૦૧૫ ના રોજ થયેલ હતી. જેમાં સંડોવાયેલા આરોપી જાન્યુઆરી–૨૦૧૬ માં પકડાયેલ છે.

(૨) (૧) લાલજી સોનાજી ગમાર રહે.મેથીપુરા, તા.રેવદર, જી.શિરોહી, રાજસ્થાન. (૨) નાથા પના ડામોર રહે. મેથીપુરા, તા.રેવદર, જી.શિરોહી, રાજસ્થાન.

(૩) ના જી. વન્યજીવ અધિનિયમ–૧૯૭૨ની કલમ ૨,૮,૯,૧૧,૪૦,૪૧,૪૮,૫૧ હેઠળ કાર્યવાહી કરી મે.જ્યુડીશીયલ ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ, દાંતીવાડાની કોર્ટમાં રજૂ કરવામાં આવેલ છે. સદર બાબત ન્યાયિક પ્રક્રિયા હેઠળ છે.

--------

ધ્રોલ તાલુકાના ખેડૂતોનો સીમ રસ્તો ખુલ્લો રાખવાની ફરિયાદ

અતારાંકિતઃ ૭૬૩૩ (૨૦–૬–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)**:** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના મોજે ધ્રોલ સર્વે નં.૭૦૮ વાળી જમીન સને ૧૯૮૮ માં જંગલખાતાને સોંપતી વખતે ખેડૂતોનો સીમ રસ્તો ખુલ્લો રાખવાનો રહી ગયેલ છે તે ફરિયાદથી તા.૩૧ ડીસેમ્બર–૨૦૧૬ની સ્થિતિએ સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો રસ્તો ખુલ્લો કરવાની ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી છે, અને

(૩) આ ફરિયાદના નિવારણ માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે, અને તેનો ક્યાં સુધીમાં ઉકેલ આવશે ?

વન મંત્રીશ્રી **:** (૨૦–૮–૨૦૧૬)

(૧) હા, જી.

(૨) ૧ (એક) ફરિયાદ મળી છે.

(૩) ફૉરેસ્ટ સેટલમેન્ટ ઓફીસર, જૂનાગઢએ તા.૨-૯-૨૦૧૫ ના પત્રથી પ્રત્યુત્તર અરજદારને પાઠવેલ હોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

---------

કચ્છ અને ભાવનગર જિલ્લામાં બોગસ ડોકટરોને ઝડપવા બાબત

અતારાંકિતઃ ૭૩૦૧ (૨૦-૬-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ અને ભાવનગર જિલ્લામાં તા.૩૦મી જુન-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બોગસ ડોકટરો પ્રેકટીસ કરતા પકડાયા, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં તમામ બોગસ ડોકટરોને બનતી ત્વરાએ ઝડપી લેવા શી વ્યવસ્થા થઈ છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૬-૮-૨૦૧૬)

(૧) કચ્છ જિલ્લામાં ૨ (બે) અને ભાવનગર જિલ્લામાં ૨(બે), એમ કુલ-૪(ચાર).

(૨) બોગસ ડીગ્રી ધરાવતા ડોકટર દ્વારા અપાતી સારવાર અટકાવવા વિભાગના તા.૧૧-૯-૧૯૮૪ના પરિપત્રથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ તથા જિલ્લા આયુર્વેદિક અધિકારીશ્રીઓને બોગસ ડોકટરો સામે પગલાં લેવા અધિકૃત કરેલ છે. તેમના દ્વારા તેઓના જિલ્લામાં આવી ફરીયાદો મળેથી બોગસ ડીગ્રી ધરાવતા ડોકટરો સામે તપાસ કરી નિયમોનુસાર પોલીસ ફરીયાદ કરવામાં આવે છે.

---------

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ પામેલ દર્દીઓ બાબત

અતારાંકિતઃ ૭૩૦૩ (૨૦-૬-૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને દાખલ કરવામાં આવ્યા, અને

(૨) આ પૈકી કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૪-૮-૨૦૧૬)

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાખલ થયેલ દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે.

| વર્ષ | દર્દીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪ | ૧,૦૫,૮૦૯ |
| ૨૦૧૫ | ૧,૦૭,૧૯૩ |

(૨) આ પૈકી મૃત્યુ પામેલ દર્દીઓની સંખ્યા વર્ષવાર નીચે મુજબ છે.

| વર્ષ | દર્દીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪ | ૭૯૪૧ |
| ૨૦૧૫ | ૮૮૦૦ |

---------

જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં ટી.બી. ના દર્દીઓ

અતારાંકિતઃ ૭૯૬૯ (૧૮-૭-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર ટી.બી. ના કેટલા દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

(૨) ઉકત ટી.બી. ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) **:** (૨૦–૮–૨૦૧૬)

(૧) જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ તાલુકાવાર ટી.બી. ના નીચે પ્રમાણેના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે.

| જામનગર જિલ્લો | | વલસાડ જિલ્લો | | નવસારી જિલ્લો | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી | તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી | તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી |
| ધ્રોળ | ૯૫ | વલસાડ | ૪૨૯ | નવસારી | ૫૦૮ |
| જામજોધપુર | ૧૨૫ | ધરમપુર | ૨૩૦ | જલાલપુર | ૩૦૮ |
| જામનગર રૂરલ | ૨૮૩ | કપરાડા | ૨૧૬ | ગણદેવી | ૩૪૪ |
| જોડીયા | ૭૨ | પારડી | ૨૦૬ | ચીખલી | ૨૯૩ |
| કાલાવડ | ૧૧૬ | વાપી | ૪૧૭ | ખેરગામ | ૮૪ |
| લાલપુર | ૧૧૧ | ઉંમરગામ | ૩૮૭ | વાંસદા | ૨૫૨ |

(૨) ટી.બી.ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા મેડીકલ કોલેજ, જિલ્લા ક્ષય કેન્દ્ર, ડીસ્ટ્રીકટ હોસ્પીટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલ, સબ સેન્ટર ઉપરાંત તાલીમબધ્ધ ડોટસ પ્રોવાઈડર (આશા વર્કર) દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકુળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મૂલ્યે પૂરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

--------

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ટી.બી. ના દર્દીઓ

અતારાંકિતઃ ૭૯૭૯ (૧૮–૭–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)**:** માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર ટી.બી. ના કેટલા દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

(૨) ઉકત ટી.બી. ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) **:** (૨૦–૮–૨૦૧૬)

(૧) વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ તાલુકાવાર ટી.બી. ના નીચે પ્રમાણેના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે.

| વડોદરા જિલ્લો | | છોટા ઉદેપુર જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી | તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી |
| વડોદરા | ૫૧૩ | બોડેલી | ૨૦૯ |
| ડભોઈ | ૩૨૦ | છોટા ઉદેપુર | ૩૭૧ |
| ડેસર | ૨૨૬ | કંવાટ | ૨૬૨ |
| કરજણ | ૨૪૧ | નસવાડી | ૧૧૫ |
| પાદરા | ૩૮૦ | પાવીજેતપુર | ૨૨૫ |
| સાવલી | ૨૩૮ | સંખેડા | ૧૪૬ |
| શિનોર | ૯૦ | | |
| વાઘોડીયા | ૩૯૧ | | |

(૨) ટી.બી.ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા મેડીકલ કોલેજ, જિલ્લા ક્ષય કેન્દ્ર, ડીસ્ટ્રીકટ હોસ્પીટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલ, સબ સેન્ટર ઉપરાંત તાલીમબધ્ધ ડોટસ પ્રોવાઈડર (આશા વર્કર) દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકુળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મૂલ્યે પૂરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

--------

આણંદ અને ખેડા જિલ્લામાં ટી.બી. ના દર્દીઓ

અતારાંકિતઃ ૭૯૮૦ (૧૮–૭–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર ટી.બી. ના કેટલા દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

(૨) ઉકત ટી.બી. ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૦–૮–૨૦૧૬)

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ તાલુકાવાર ટી.બી. ના નીચે પ્રમાણેના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે.

| આણંદ જિલ્લો | | ખેડા જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી | તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી |
| આણંદ | ૮૭૭ | નડીયાદ | ૬૮૭ |
| આંકલાવ | ૨૧૨ | ગલતેશ્વર | ૧૬૭ |
| બોરસદ | ૫૭૫ | કપડવંજ | ૪૧૮ |
| ખંભાત | ૬૭૬ | કઠલાલ | ૩૩૧ |
| પેટલાદ | ૪૯૭ | ખેડા | ૧૬૬ |
| સોજીત્રા | ૧૭૬ | મહેમદાવાદ | ૩૭૧ |
| તારાપુર | ૯૫ | મહુધા | ૨૩૨ |
| ઉમરેઠ | ૩૧૪ | માતર | ૧૩૦ |
| | | ઠાસરા | ૩૩૨ |
| | | વસો | ૧૫૨ |

(૨) ટી.બી.ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા મેડીકલ કોલેજ, જિલ્લા ક્ષય કેન્દ્ર, ડીસ્ટ્રીકટ હોસ્પીટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલ, સબ સેન્ટર ઉપરાંત તાલીમબધ્ધ ડોટસ પ્રોવાઈડર (આશા વર્કર) દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકુળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મૂલ્યે પૂરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ટી.બી. ના દર્દીઓ

અતારાંકિતઃ ૮૦૩૮ (૧૮–૭–૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર ટી.બી. ના કેટલા દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

(૨) ઉકત ટી.બી. ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૦–૮–૨૦૧૬)

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ તાલુકાવાર ટી.બી. ના નીચે પ્રમાણેના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે.

| કચ્છ જિલ્લો | | ભાવનગર જિલ્લો | | ગાંધીનગર જિલ્લો | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી | તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી | તાલુકાનું નામ | નોંધાયેલ દર્દી |
| અબડાસા | ૧૩૩ | ભાવનગર રૂરલ | ૧૬૭ | દહેગામ | ૪૩૫ |
| અંજાર | ૨૪૪ | ગારીયાધાર | ૧૩૩ | ગાંધીનગર | ૪૪૬ |
| ભચાઉ | ૨૨૬ | ઘોઘા | ૧૧૦ | કલોલ | ૪૫૫ |
| ભૂજ | ૫૭૦ | જેસર | ૬૩ | માણસા | ૨૫૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગાંધીધામ | ૩૩૯ | મહુવા | ૪૬૪ | | |
| લખપત | ૫૦ | પાલીતાણા | ૨૬૫ | | |
| માંડવી | ૧૯૧ | શિહોર | ૨૫૨ | | |
| મુન્દ્રા | ૧૧૮ | તળાજા | ૨૫૭ | | |
| નખત્રાણા | ૧૬૫ | ઉમરાળા | ૭૭ | | |
| રાપર | ૨૫૬ | વલ્લભીપુર | ૮૭ | | |

(૨) ટી.બી.ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા મેડીકલ કોલેજ, જિલ્લા ક્ષય કેન્દ્ર, ડીસ્ટ્રીકટ હોસ્પીટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલ, સબ સેન્ટર ઉપરાંત તાલીમબધ્ધ ડોટસ પ્રોવાઈડર (આશા વર્કર) દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકુળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મૂલ્યે પૂરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

--------

અમરેલી, જુનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લા પોલીસ વડાની મુલાકાત

અતારાંકિતઃ ૫૬૩૮ (૨૯–૦૫–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર અમરેલી, જુનાગઢ અને ભાવનગર જિલ્લામાં, જિલ્લા પોલીસ વડાની તેમના તાબાના પોલીસ સ્ટેશનોની વાર્ષિક મુલાકાત તથા ઈન્સ્પેક્શન દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા જોવા મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા અંગે જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) **:** (૦૭–૦૫–૨૦૧૬)

(૧) સામેલ પત્રક–૧ મુજબ.

(૨) સામેલ પત્રક–૨ મુજબ.

પત્રક–૧

| વર્ષ | અમરેલી જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતાઓની વિગતો | જુનાગઢ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતાઓની વિગતો | ભાવનગર જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતાઓની વિગતો |
|---|---|---|---|
| તા.૧–૪–૨૦૧૦ થી ૩૧–૩–૨૦૧૧ | ક્રાઇમ, વહીવટી તેમજ મુદ્દામાલના રેકર્ડની ક્ષતિઓ, કેસ ડાયરી, ગુન્હાના ફોજદારી કેસ નંબર, કોર્ટ કેસના નિકાલની વિગતો, આરોપી રજીસ્ટર વ્યવસ્થિત ન રાખવા, કોર્ટકેસની વિગતો ન નોંધવી, જાણવા જોગ એન્ટ્રીઓની કોલમ મુજબની વિગતો ન ભરવી, અટક કરેલ આરોપીની સર્ચ સ્લીપ ન હોવી, કેશ બુકમાં રજીસ્ટરમાં હિસાબમાં ચેકચાક વગેરે ખામીઓ જણાયેલ. | પોલીસ સ્ટેશનનું નબળુ સુપરવીઝન, ખરાબ ટર્ન આઉટ, પેટ્રોલબુક ન લખવી, ગુનાઓ, અકસ્માત મોત, અને અરજીઓની તપાસો બિનજરૂરી પેન્ડીંગ જણાયેલ, એફ.આઇ.આર./ કેસ કાગળો નહીં આપવા વિગેરે ખામીઓ જણાયેલ. | ક્રાઇમ રજીસ્ટર તેમજ મુદ્દામાલ પાવતી, મુદ્દામાલ રજીસ્ટર, ચાર્જશીટ રવાનગી, ચાર્જશીટ કાઉન્ટરમાં, ચાર્જશીટ નંબર, ફોજદારી કેસ નંબર લખવાના બાકી વિગેરે ખામીઓ જણાયેલ. |
| તા.૧–૪–૨૦૧૧ થી ૩૧–૩–૨૦૧૨ | ક્રાઇમ, વહીવટી તેમજ મુદ્દામાલના રેકર્ડની ક્ષતિઓ, કેસ ડાયરી, ગુન્હા ફોજદારી કેસ નંબર, કોર્ટ કેસના નિકાલની વિગતો, આરોપી રજીસ્ટર વ્યવસ્થિત ન રાખવા, ધરપકડ કરવામાં આવેલ આરોપીઓની વિગતોની, રજીસ્ટરમાં પુરી નોંધ કોલમ મુજબ ન કરવી, આરોપી સામે લીધેલ અટકાયતી પગલાંની પુરી વિગતોની નોંધ રજીસ્ટરમાં દર્શાવેલ કોલમ મુજબ ન કરવી, કોર્ટકેસની વિગતો ન નોંધવી, જાણવા જોગ એન્ટ્રીઓની કોલમ મુજબની વિગતો | પોલીસ સ્ટેશનનું નબળુ સુપરવીઝન, ખરાબ ટર્ન આઉટ, ગુનાઓ અને અરજીઓની તપાસો બિનજરૂરી પેન્ડીંગ જણાયેલ, ગુનાઓની તપાસમાં બેદરકારી, પેન્ડીંગ તપાસના કેસ કાગળો પોલીસ સ્ટેશનમાં ન સોંપવા, મુદ્દામાલ બાબતે જાણકારી ન હોવી, વાર્ષિક ઇન્સ્પેક્શન પરેડમાં મોડા આવવું, કોર્ટમાં સમયસર ચાર્જશીટ ન મોકલવા વિગેરે ખામીઓ જણાયેલ. | ક્રાઇમ રજીસ્ટર તેમજ મુદ્દામાલ પાવતી, મુદ્દામાલ રજીસ્ટર, ચાર્જશીટ રવાનગી, ચાર્જશીટ કાઉન્ટરમાં, ચાર્જશીટ નંબર, ફોજદારી કેસ નંબર લખવાના બાકી વિગેરે ખામીઓ જણાયેલ. |

| વર્ષ | અમરેલી જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતાઓની વિગતો | જુનાગઢ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતાઓની વિગતો | ભાવનગર જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતાઓની વિગતો |
|---|---|---|---|
| | ન ભરવી વગેરે ખામીઓ જણાયેલ. | | |
| તા.૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ | ક્રાઇમ, વહીવટી તેમજ મુદ્દામાલના રેકર્ડની ક્ષતિઓ, કેસ ડાયરી, ગુન્હા ફોજદારી કેસ નંબર, કોર્ટ કેસના નિકાલની વિગતો ન લખવી, આરોપી રજીસ્ટર વ્યવસ્થિત ન રાખવા, પબ્લીક એન.સી. ના કામે લીધેલ અટકાયતી પગલાંની પુરી વિગતોની નોંધ કોલમ મુજબ ન કરવી, ચાર્જશીટ રવાનગી બુકમાં કોલમ મુજબની પુરી વિગતની નોંધ ન કરવી, કોર્ટકેસની વિગત ન નોંધવી તેમજ જાણવાજોગ એન્ટ્રીઓની કોલમ મુજબની વિગતો ન ભરવી, મુદ્દામાલ પાવતી ઉપર ગુન્હા ચાર્જશીટ નંબર તેમજ ફોજદારી કેસ નંબર ન લખવા વગેરે ખામીઓ જણાયેલ. | ખરાબ ટર્ન આઉટ, મુદ્દામાલનો નાશ ન કરવો, બદલી થયેલ કર્મચારીને છુટા ન કરવા, ગુનાઓ અને અરજીઓની તપાસો બિનજરૂરી પેન્ડીંગ રાખવી, પેટ્રોલબુક ન લખવી તથા નિયમસર ન લખવી, ઇન્સ્પેકશન નોંધમાં આપેલ સૂચનાનો અમલ ન કરવો વિગેરે ખામીઓ જણાયેલ. | ક્રાઇમ રજીસ્ટર તેમજ મુદ્દામાલ પાવતી, મુદ્દામાલ રજીસ્ટર, ચાર્જશીટ રવાનગી, ચાર્જશીટ કાઉન્ટરમાં, ચાર્જશીટ નંબર, ફોજદારી કેસ નંબર લખવાના બાકી વિગેરે ખામીઓ જણાયેલ. |
| તા.૧-૪-૨૦૧૩ થી ૩૧-૩-૨૦૧૪ | પ્રોહીબીશનના કેસનો કબજે કરેલ મુદ્દામાલ સીલ ન કરવો, વર્ષ ૨૦૧૩ ના ઇન્સ્પેક્શન દરમિયાન આપેલ સુચના મુજબ પુર્તતા ન કરવી વિગેરે ખામીઓ જણાયેલ. | પરેડમાં મોડા આવવું, ખરાબ ટર્ન આઉટ, ગુના/અરજીઓની તપાસ પેન્ડીંગ રહેલ, પેટ્રોલ બુક ખોટી લખવી વિગેરે ખામીઓ જણાયેલ. | ક્રાઇમ રજીસ્ટર તેમજ મુદ્દામાલ પાવતી, મુદ્દામાલ રજીસ્ટર, ચાર્જશીટ રવાનગી, ચાર્જશીટ કાઉન્ટરમાં, ચાર્જશીટ નંબર, ફોજદારી કેસ નંબર લખવાના બાકી વિગેરે ખામીઓ જણાયેલ. |
| તા.૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૩-૨૦૧૫ | હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં એન.સી. ના કામે એફ.આઇ.આર. દાખલ ન કરવી, મુદ્દામાલ બાબતે નિષ્કાળજી, ગુનાની તપાસનાં કામે તેમજ રેકર્ડ પરની ક્ષતિ, લાયબ્રેરી રજીસ્ટર, ડેડ સ્ટોક રજીસ્ટર, પરચૂરણ રજાનું રજીસ્ટર, સીકરજી, ગેઝેટ, વિમા કપાત ડિમાન્ડ વેલફેર લોન, દિવાળી એડવાન્સ વિગેરેના રજિસ્ટરો તેમજ ક્રાઇમ સંબંધિત રેકર્ડના કામે પુર્તતા ન કરવી વગેરે ખામીઓ જણાયેલ. | ગુના / અરજી / જાણવાજોગની તપાસમાં બેદરકારી, ખરાબ ટર્ન આઉટ, નબળી પરેડ, આરોપી પકડવામાં ઢીલાશ, પરેડમાં ગેરહાજર, કેસ ડાયરી ન બનાવવી, એફ.એસ.એલ. માં મોકલવાનો થતો મુદ્દામાલ ન મોકલવો, મિલ્કત વિરુધ્ધના ગુનાના આરોપીના એમ.સી.આર. કાર્ડ ન ખોલવા, ગુનાની તપાસો બિન જરૂરી પેન્ડીંગ, ઇન્સ્પેક્શન નોંધમાં આપેલ સૂચનાનો અમલ ન કરવો, પરેડ રજીસ્ટર વ્યવસ્થિત ન નિભાવવા, આરોપીની સર્ચ સ્લીપ ન રાખવી, આરોપીના ફીંગરપ્રિન્ટ ન લેવા, જાણવાજોગના કાગળો ગેરવલ્લે થવા, અકસ્માત મોતના કાગળો રાખી મુકવા વિગેરે ખામીઓ જણાયેલ. | ક્રાઇમ રજીસ્ટર તેમજ મુદ્દામાલ પાવતી, મુદ્દામાલ રજીસ્ટર, ચાર્જશીટ રવાનગી, ચાર્જશીટ કાઉન્ટરમાં, ચાર્જશીટ નંબર, ફોજદારી કેસ નંબર લખવાના બાકી વિગેરે ખામીઓ જણાયેલ. |

પત્રક-૨

| વર્ષ | અમરેલી જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | જુનાગઢ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | ભાવનગર જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|
| તા.૧-૪-૨૦૧૦ થી ૩૧-૩-૨૦૧૧ | ખામીઓની રૂબરૂમાં પૂર્તતા કરાવવામાં આવેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | રેપ્રીમાન્ડ, ઇજાફો અટકાવવો, રોકડ દંડ, ઠપકો વિગેરે શિક્ષાઓ કરવામાં આવેલ છે. | વોર્નિંગ અને રોકડ દંડની શિક્ષા કરવામાં આવેલ છે. |
| તા.૧-૪-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૨ | ખામીઓની રૂબરૂમાં પૂર્તતા કરાવવામાં આવેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | રેપ્રીમાન્ડ, ઇજાફો અટકાવવો, ઠપકો વિગેરે શિક્ષાઓ કરવામાં આવેલ છે. | શિક્ષા કરવા કારણદર્શક નોટીસો આપેલ છે. |
| તા.૧-૪-૨૦૧૨ થી | ખામીઓની રૂબરૂમાં પૂર્તતા કરાવવામાં આવેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં | રોકડ દંડ, રેપ્રીમાન્ડ, ઠપકો વિગેરે | ખામીઓની રૂબરૂમાં પૂર્તતા કરાવવામાં આવેલ હોઇ કોઇની સામે પગલાં |

| વર્ષ | અમરેલી જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | જુનાગઢ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | ભાવનગર જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|
| ૩૧-૩-૨૦૧૩ | આવેલ નથી. | શિક્ષાઓ કરવામાં આવેલ છે. | લેવામાં આવેલ નથી. |
| તા.૧-૪-૨૦૧૩ થી ૩૧-૩-૨૦૧૪ | રોકડ દંડની શિક્ષા કરવા માટે કારણદર્શક નોટીસો આપેલ છે. તથા પ્રાથમિક તપાસ સોંપેલ છે. | રોકડ દંડની શિક્ષાઓ કરવામાં આવેલ છે. | ખામીઓની રૂબરૂમાં પૂર્તતા કરાવવામાં આવેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. |
| તા.૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૩-૨૦૧૫ | રોકડ દંડની શિક્ષા કરવા માટે કારણદર્શક નોટીસો આપેલ છે. તથા પ્રાથમિક તપાસો સોંપેલ છે. | રોકડ દંડ, ઠપકો, રેપ્રીમાન્ડ વિગેરે શિક્ષાઓ કરવામાં આવેલ છે. | ખામીઓની રૂબરૂમાં પૂર્તતા કરાવવામાં આવેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. |

--------

પોરબંદર, ગીર-સોમનાથ અને કચ્છ જિલ્લામાં જિલ્લા પોલીસ વડાની મુલાકાત

અતારાંકિતઃ ૫૬૩૯ (૨૯-૦૫-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પોરબંદર, ગીર-સોમનાથ અને કચ્છ જિલ્લામાં, જિલ્લા પોલીસ વડાની તેમના તાબાના પોલીસ સ્ટેશનોની વાર્ષિક મુલાકાત તથા ઇન્સ્પેક્શન દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા જોવા મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા અંગે જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) **:** (૦૭-૦૫-૨૦૧૬)

(૧) સામેલ પત્રક-૧ મુજબ.

(૨) સામેલ પત્રક-૨ મુજબ.

પત્રક-૧

| વર્ષ | પોરબંદર જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિઓ અને અનિયમિતતાની વિગતો | ગીર સોમનાથ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિઓ અને અનિયમિતતાની વિગતો | કચ્છ-ભુજ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિઓ અને અનિયમિતતાની વિગતો | |
|---|---|---|---|---|
| | | | પૂર્વ | પશ્ચિમ |
| તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૩-૨૦૧૧ | કોઇ અનિયમિતતા કે ગેરરીતિ જણાયેલ નથી. | તા.૧૫-૮-૨૦૧૩ થી જિલ્લો કાર્યરત થયેલ હોઇ લાગુ પડતુ નથી. | કેસ નંબર ન લખવા તેમજ કેસ ડાયરીઓ બાકી વિગેરે ખામીઓ જણાયેલ. | ચાર્જશીટ થયેલ ગુન્હા સી.સી. નંબર મેળવેલ નહીં, પેન્ડીંગ અરજીઓ, ૩ માસ ઉપરના પેન્ડીંગ ગુન્હાઓ, પબ્લીક એન.સી. ઉપરથી અટકાયતી પગલાં ન લેવા વિગેરે ખામીઓ જણાયેલ. |
| તા.૧-૪-૨૦૧૧ થી તા.૩૧-૩-૨૦૧૨ | કોઇ અનિયમિતતા કે ગેરરીતિ જણાયેલ નથી. | તા.૧૫-૮-૨૦૧૩ થી જિલ્લો કાર્યરત થયેલ હોઇ લાગુ પડતુ નથી. | સમન્સ વોરંટ તેમજ અરજીઓ પેન્ડીંગ વિગેરે ખામીઓ જણાયેલ. | ચાર્જશીટ થયેલ ગુન્હાના સી.સી. નંબર મેળવેલ નહીં, પેન્ડીંગ અરજીઓ, ૩ માસ ઉપરના પેન્ડીંગ ગુન્હાઓ વિગેરે ખામીઓ જણાયેલ. |
| તા.૧-૪-૨૦૧૨ થી તા.૩૧-૩-૨૦૧૩ | ક્રાઇમ સંબંધીત રેકર્ડમાં નિકાલના દાખલા ન રાખવા, કેસ ડાયરીઓની નોંધો ન કરવી, ફોજદારી કેસોની કોર્ટ નિકાલની વિગતો ન લખવી વિગેરે ખામીઓ જણાયેલ. | તા.૧૫-૮-૨૦૧૩ થી જિલ્લો કાર્યરત થયેલ હોઇ લાગુ પડતુ નથી. | રેકર્ડમાં કોર્ટ નિકાલના દાખલાઓ લાગતા વળગતા રજીસ્ટરોએ રાખવામાં આવેલ નહિ વિગેરે ખામીઓ જણાયેલ. | પેન્ડીંગ ગુન્હાઓ બાબતની ખામી જણાયેલ. |
| તા.૧-૪-૨૦૧૩ થી | ક્રાઇમ સંબંધીત રેકર્ડમાં | ગંભીર ખામીઓ ગેરરીતિઓ કે | પેન્ડીંગ ગુન્હાઓનું પ્રમાણ | ચાર્જશીટ થયેલ ગુન્હાના સી.સી. |

| વર્ષ | પોરબંદર જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિઓ અને અનિયમિતતાની વિગતો | ગીર સોમનાથ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિઓ અને અનિયમિતતાની વિગતો | કચ્છ–ભુજ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિઓ અને અનિયમિતતાની વિગતો | |
|---|---|---|---|---|
| | | | પૂર્વ | પશ્ચિમ |
| તા.૩૧–૩–૨૦૧૪ | નિકાલના દાખલા ન રાખવા, કેસ ડાયરીઓની નોંધો ન કરવી, ફોજદારી કેસોની કોર્ટ નિકાલની વિગતો ન લખવી વિગેરે ખામીઓ જણાયેલ. | અનિયમિતતા જણાયેલ નથી. | વધારે જણાયેલ. | નંબર મેળવેલ નહીં, અરજીઓ પેન્ડીંગ જણાયેલ. |
| તા.૧–૪–૨૦૧૪ થી તા.૩૧–૩–૨૦૧૫ | ક્રાઇમ સંબંધીત રેકર્ડમાં નિકાલના દાખલા ન રાખવા, કેસ ડાયરીઓની નોંધો ન કરવી, ફોજદારી કેસોની કોર્ટ નિકાલની વિગતો ન લખવી વિગેરે ખામીઓ જણાયેલ. | ગંભીર ખામીઓ ગેરરીતિઓ કે અનિયમિતતા જણાયેલ નથી. | અમુક રેકર્ડમાં થાણા અધિકારીઓની સહી સિક્કા ન હતા. | ચાર્જશીટ થયેલ ગુન્હાના સી.સી. નંબર મેળવેલ નહીં, પેન્ડીંગ અરજીઓ, ૩ માસ ઉપરના પેન્ડીંગ ગુન્હાઓ, નબળી પરેડ, ખરાબ ટર્ન આઉટ. |

પત્રક–૨

| વર્ષ | પોરબંદર જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | ગીર સોમનાથ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | કચ્છ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | |
|---|---|---|---|---|
| | | | પૂર્વ | પશ્ચિમ |
| તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | જણાઇ આવેલ ખામીઓ અંગે રૂબરૂમાં પૂર્તતાઓ કરાવેલ હોઇ પગલાં લેવામાં આવેલ નથી. | જણાઇ આવેલ ખામીઓ અંગે પૂર્તતાઓ કરાવેલ હોઇ અને સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ કોઇની સામે પગલાં લેવાની જરૂરીયાત જણાયેલ નથી. |
| તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | સમન્સ, વોરંટની બજવણીની કામગીરી ૮૦ ટકાથી વધારે કરવા પેન્ડીંગ અરજીઓનો સત્વરે નિકાલ કરવા સુચનાઓ આપેલ છે. સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ કોઇની સામે પગલાં લેવાની જરૂરીયાત જણાયેલ નથી. | પેન્ડીંગ અરજીઓ તથા પેન્ડીંગ ગુન્હાઓ સત્વરે નિકાલ કરવા સુચનાઓ આપેલ છે. સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ કોઇની સામે પગલાં લેવાની જરૂરીયાત જણાયેલ નથી. |
| તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ | ઇજાફો અટકાવવાની અને રોકડ દંડની શિક્ષાઓ કરેલ છે. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | જણાઇ આવેલ ખામીઓ અંગે રૂબરૂમાં પૂર્તતાઓ કરાવેલ છે. સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ કોઇની સામે પગલાં લેવાની જરૂરીયાત જણાયેલ નથી. | રોકડ દંડની શિક્ષાઓ કરેલ છે. |
| તા.૧–૪–૨૦૧૩ થી તા.૩૧–૩–૨૦૧૪ | રોકડ દંડ, ઇજાફો અટકાવવો, ઠપકો વિગેરે શિક્ષાઓ કરેલ છે તથા ફરજમોકુફી હેઠળ ઉતારવાનાં પગલાં લેવામાં આવેલ છે. | સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ કોઇની સામે પગલાં લેવાની જરૂરીયાત જણાયેલ નથી. | નામદાર હાઇકોર્ટ મેટર ઉપરના ગુનાઓ વધારે પેન્ડીંગ રહેલ હોઇ તેનો કોર્ટમાંથી નિકાલ આવ્યેથી સત્વરે નિકાલ કરવા સુચના આપેલ છે. કોઇની સામે પગલાં લેવાની જરૂરીયાત જણાયેલ નથી. | ખામીઓની રૂબરૂમાં પૂર્તતા કરાવવામાં આવેલ છે. નામદાર કોર્ટમાંથી સી.સી. નંબર મેળવી તેના દાખલા રાખવા અને પેન્ડીંગ અરજીઓનો સમયસર નિકાલ કરવા સુચનાઓ આપવામાં આવેલ છે. સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ કોઇની સામે પગલાં લેવાની જરૂરીયાત જણાયેલ નથી. |
| તા.૧–૪–૨૦૧૪ થી તા.૩૧–૩–૨૦૧૫ | રોકડ દંડની શિક્ષાઓ કરેલ છે. તથા "ઇ" રોલમાં નોંધ કરેલ છે. પ્રાથમિક તપાસ ચાલુ કરેલ છે. | સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ કોઇની સામે પગલાં લેવાની જરૂરીયાત જણાયેલ નથી. | થાણા અધિકારીઓના સહી સિક્કાઓ રૂબરૂમાં કરાવી પૂર્તતા કરાવેલ છે. સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ કોઇની સામે પગલાં લેવાની જરૂરીયાત જણાયેલ નથી. | ખામીઓની રૂબરૂમાં પૂર્તતા કરાવવામાં આવેલ છે. નામદાર કોર્ટમાંથી સી.સી. નંબર મેળવી તેના દાખલા રાખવા અને પેન્ડીંગ અરજીઓનો સમયસર નિકાલ કરવા સુચનાઓ આપવામાં આવેલ છે. સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ |

| વર્ષ | પોરબંદર જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | ગીર સોમનાથ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | કચ્છ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | |
|---|---|---|---|---|
| | | | પૂર્વ | પશ્ચિમ |
| | | | | હોઇ કોઇની સામે પગલાં લેવાની જરૂરીયાત જણાયેલ નથી. |

--------

## ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં, જિલ્લા પોલીસ વડાની મુલાકાત

અતારાંકિતઃ ૫૬૪૩ (૨૯–૦૫–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં, જિલ્લા પોલીસ વડાની તેમના તાબાના પોલીસ સ્ટેશનોની વાર્ષિક મુલાકાત તથા ઇન્સ્પેક્શન દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા જોવા મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા અંગે જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે શી કાર્યવાહીઓ કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) **:** (૧૨–૦૫–૨૦૧૬)

(૧) સામેલ પત્રક–૧ મુજબ.
(૨) સામેલ પત્રક–૨ મુજબ.

પત્રક–૧

| વર્ષ | ગાંધીનગર જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો | અમદાવાદ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો | મહેસાણા જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો |
|---|---|---|---|
| તા.૧–૪–૨૦૧૦ થી ૩૧–૩–૨૦૧૧ | કોર્ટ ઇન્કવાયરીનો સમય મર્યાદામાં નિકાલ ન કરવાની ખામી જણાયેલ. | પેન્ડીંગ કેસ કાગળો ન બતાવવા, રાઇફલમાં કાટ લાગેલ વિગેરે ખામીઓ જણાયેલ. | ચોરીના ગુના અટકાવવાની કામગીરી નબળી જણાયેલ. |
| તા.૧–૪–૨૦૧૧ થી ૩૧–૩–૨૦૧૨ | ક્રાઇમ રજીસ્ટરમાં જરૂરી પુર્તતા ન કરવી, ગુનાઓનો પોલીસ નિકાલ સમયમર્યાદામાં ન કરવો વિગેરે ખામીઓ જણાયેલ. | રાઇફલમાં કાટ લાગેલ, વહીવટી અને હિસાબી રેકર્ડમાં ખામીઓ, એમ.ઓ.બી. તથા ફીંગર પ્રિન્ટની કામગીરી નબળી, કચેરીની સાફ સફાઇ યોગ્ય ન હોવી તથા નોટબુક ન લખવી વિગેરે ખામીઓ જણાયેલ. | ચોરીના ગુના અટકાવવાની કામગીરી નબળી જણાયેલ તથા ટ્રાફીક નિયમનની ખામી જણાયેલ. |
| તા.૧–૪–૨૦૧૨ થી ૩૧–૩–૨૦૧૩ | નોંધ વાંચન દરમ્યાન, વિકલી ડાયરી પાસે ન રાખવી, સમરી રજીસ્ટર, જનરલ કન્વિકશન રજીસ્ટર, જાણવાજોગ રજીસ્ટર, પબ્લીક એન.સી. રજીસ્ટરમાં જરૂરી નોંધ ન કરવી, ગુનાની તપાસો સમય મર્યાદામાં પુરી ન કરવી, ઇન્સ્પેક્શન નોંધની પુર્તતા સમયસર ન મોકલવી વિગેરે ખામીઓ જણાયેલ. | અરજીઓ પેન્ડીંગ, પેટ્રોલબુક નોટબુક ન લખવી, કચેરીની સાફ સફાઇ યોગ્ય ન હોવી તથા ક્રાઇમ રેકર્ડમાં ખામીઓ જણાયેલ. | ગુનાની તપાસમાં અનિયમિતતા જણાયેલ. |
| તા.૧–૪–૨૦૧૩ થી ૩૧–૩–૨૦૧૪ | સમન્સ/વોરંટની બજવણી ઉપર દેખરેખ ન રાખવાની ખામી જણાયેલ. | યુનિફોર્મ ન પહેરવા, કારણ વિના ગુનાની તપાસો પેન્ડીંગ, કામગીરીનું પત્રક ન બનાવવું, પ્રોહીબિશનની નબળી કામગીરી, પેટ્રોલબુક ન લખવી, અજીઓનો નિકાલ ન કરવો, ખાટીયાન રજિસ્ટર વ્યવસ્થિત ન નિભાવવા વિગેરે ખામીઓ જણાયેલ. | વ્યથાના ગુનાઓ વધુ જણાયેલ તથા મોટર વાહન ચોરીના ગુના અટકાવવાની કામગીરી નબળી જણાયેલ. |
| તા.૧–૦૪–૨૦૧૪ થી ૩૧–૩–૨૦૧૫ | લાલ શાહીથી ખાટીયાન નહિ લખવા અને તેમાં સી.સી. નંબર મેળવી નોંધ ન કરવી, પોલીસ તપાસના ગુનાના | ગુનાઓ પેન્ડીંગ, વહીવટી અને ગુપ્ત રેકર્ડમાં ખામીઓ, ફીંગરપ્રિન્ટની કામગીરી ન કરેલ, પેટ્રોલબુક ન લખેલ તથા કેસ | ગુનાની તપાસ વધુ પડતી પેન્ડીંગ, તપાસમાં અનિયમિતતા, એમ.વી. એક્ટ હેઠળ સમાધાન શુલ્ક દંડના |

| વર્ષ | ગાંધીનગર જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો | અમદાવાદ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો | મહેસાણા જિલ્લામાં જોવા મળેલ ખામીઓ, ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો |
|---|---|---|---|
| | નિકાલની નોંધ ન કરવી, મુદ્દામાલ પાવતીમાં મુદ્દામાલ પાવતી ફાડનારની સહી ન લેવી, મુદ્દામાલ અનામતીમાં તારીજો ન કાઢવી, પી.એસ.ઓ. પાસેના રજીસ્ટરોમાં જરૂરી નોંધો ન કરવી તથા પકડ્યા રજીસ્ટરમાં કોલમવાઇઝ નોંધ ન કરવી વિગેરે ખામીઓ જણાયેલ. | કાગળો પેન્ડીંગ, રેકર્ડમાં ખામીઓ, કારણ વિના તપાસો પેન્ડીંગ વિગેરે ખામીઓ જણાયેલ. | નાણાં જમા લેવામાં અનિયમિતતા, જાહેર રજાના પગાર બિલે નાણાં વધુ આકારેલ વિગેરે ખામીઓ જણાયેલ. |

પત્રક–૨

| વર્ષ | ગાંધીનગર જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | અમદાવાદ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | મહેસાણા જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|
| તા.૧–૪–૨૦૧૦ થી ૩૧–૩–૨૦૧૧ | જવાબદારી નક્કી થયેલ ન હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | રોકડ દંડની શિક્ષાઓ કરેલ છે. | ગુના બનતા અટકાવી ક્રાઇમ રેટ ઘટાડવા માર્ગદર્શન આપી અસરકારક અટકાયતી પગલાં લેવા સુચના આપેલ છે. કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. |
| તા.૧–૪–૨૦૧૧ થી ૩૧–૩–૨૦૧૨ | રીપ્રિમન્ડ, ઇજાફો અટકાવવો વિગેરે શિક્ષાઓ કરેલ છે. | રોકડ દંડની શિક્ષાઓ અને ઇજાફો અટકાવવાની શિક્ષા કરેલ છે. | અટકાયતી પગલાં લઇ ક્રાઇમ રેટ ઘટાડવા માર્ગદર્શન અને સુચના આપેલ છે. સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. |
| તા.૧–૪–૨૦૧૨ થી ૩૧–૩–૨૦૧૩ | રોકડ દંડની શિક્ષાઓ કરેલ છે. | રોકડ દંડની અને ઇજાફો અટકાવવાની શિક્ષાઓ કરેલ છે. | જવાબદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ કરેલ છે. |
| તા.૧–૪–૨૦૧૩ થી ૩૧–૩–૨૦૧૪ | જવાબદારી નક્કી થયેલ ન હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | રોકડ દંડની શિક્ષાઓ અને ઇજાફો અટકાવવાની શિક્ષાઓ કરેલ છે. | અટકાયતી પગલાં લઇ ક્રાઇમ રેટ ઘટાડવા માર્ગદર્શન અને સુચના આપેલ છે. સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. |
| તા.૧–૦૪–૨૦૧૪ થી ૩૧–૩–૨૦૧૫ | તપાસણી દરમ્યાન જણાઇ આવેલ ક્ષતીઓની રૂબરૂમાં પુર્તતા કરેલ હોઇ તથા ગંભીર ક્ષતિ જણાયેલ ન હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | રોકડ દંડની અને ઇજાફો અટકાવવાની શિક્ષાઓ કરેલ છે. તથા પ્રાથમિક તપાસ સોંપેલ છે. | જવાબદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ કરેલ છે. ઊંઝા પો.સ્ટે. નાણાં જમા કરાવી પુર્તતા કરવા સુચના આપેલ છે. બાવલુ પો.સ્ટે. માં નાણાં વસુલ લઇ સરકારશ્રીમાં ચલણથી જમા કરાવેલ છે. |

--------

## દાહોદ, પંચમહાલ અને અરવલ્લી જિલ્લામાં, જિલ્લા પોલીસ વડાની મુલાકાત

અતારાંકિતઃ ૫૬૪૬ (૨૯–૦૫–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર દાહોદ, પંચમહાલ અને અરવલ્લી જિલ્લામાં, જિલ્લા પોલીસ વડાની તેમના તાબાના પોલીસ સ્ટેશનોની વાર્ષિક મુલાકાત તથા ઇન્સ્પેક્શન દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા જોવા મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા અંગે જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) **:** (૦૭–૦૫–૨૦૧૬)

તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નોત્તરી નિયમ ૮૭(ક)

(૧) સામેલ પત્રક–૧ મુજબ.

(૨) સામેલ પત્રક–૨ મુજબ.

પત્રક–૧

| વર્ષ | દાહોદ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો | પંચમહાલ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો | અરવલ્લી જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો |
|---|---|---|---|
| તા.૧–૪–૨૦૧૦ થી ૩૧–૩–૨૦૧૧ | ચહેરા નિશાન રજીસ્ટર, ચેપ્ટર કેસ રજીસ્ટર, એન.સી. રજીસ્ટર વિગેરેમાં અમુક કેસોમાં પોલીસ સ્ટેશન અમલદારની સહીઓ કરવાની બાકી વિગેરે ખામીઓ જણાયેલ. | ખાટીયન રજીસ્ટરોમાં સી.સી. નંબરની નોંધ બાકી, અમુક ગુનાની કેસ ડાયરી અધુરી ચઢાવેલ, પોલીસ સ્ટેશનના રજીસ્ટરોમાં અમુક કેસોમાં પોલીસ સ્ટેશન અમલદારની સહીઓ કરવાની બાકી વિગેરે ખામીઓ જણાયેલ. | તા.૧૫–૮–૨૦૧૩ ની જિલ્લો અસ્તિત્વમાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| તા.૧–૪–૨૦૧૧ થી ૩૧–૩–૨૦૧૨ | ગુનાના કામે આરોપીને અટક કરેલ તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નહીં. | એફ.આઇ.આર. બુકમાં બે એફ.આઇ.આર. ના એક એક પાના ઉપલબ્ધ ન હતા. | તા.૧૫–૮–૨૦૧૩ થી જિલ્લો અસ્તિત્વમાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| તા.૧–૪–૨૦૧૨ થી ૩૧–૩–૨૦૧૩ | ક્રાઇમ મુદ્દામાલ પાવતી, પ્રોહી મુદ્દામાલ પાવતીમાં તપાસ કરનાર અમલદારની સહીઓ બાકી તથા ખાટીયાન રજીસ્ટરોમાં કોલમ નં.૭ માં અમુક ગુનાઓમાં આરોપીઓને અટક કરી કોર્ટ કસ્ટડીમાં કે જામીન ઉપર છોડવામાં આવ્યાની વિગતો દર્શાવેલ નહીં તથા કોલમ નં.૯ માં જામીનદારનું નામ તથા જામીનની રકમ અંગે નોંધ કરવામાં આવેલ નહીં. | ખાટીયાન રજીસ્ટરમાં અમુક કેસોમાં પોલીસ ગુનાવાળી જગ્યાએ જવા રવાના થયાની તથા પહોંચ્યાની તારીખો બાકી, અમુક ગુનામાં કમિટ કરેલા આરોપીઓના નામો લખવાના બાકી વિગેરે ખામીઓ જણાયેલ. મુદ્દામાલ પાવતી બુક ક્રાઇમમાં અમુક પાવતીઓમાં તપાસ કરનાર અમલદારની સહિઓ બાકી તથા અમુક મુદ્દામાલ પાવતીબુક પ્રોહીબીશનમાં પોલીસ સ્ટેશન અમલદારની સહિઓ બાકી જણાયેલ. | તા.૧૫–૮–૨૦૧૩ થી જિલ્લો અસ્તિત્વમાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| તા.૧–૪–૨૦૧૩ થી ૩૧–૩–૨૦૧૪ | ખાટીયાન રજિસ્ટરોમાં કોલમ નં.૧૫ માં અમુક કેસોમાં સી.સી. નંબરોની નોંધ કરવાની બાકી તથા કોલમ નં.૨૫ માં અમુક ગુનાની કેસ ડાયરી અધુરી ચઢાવવામાં આવેલ. | **FIR** બુકમાં અમુક **FIR** ઉપર કમિટ તારીખ તથા સી.સી. નંબર તેમજ ખાટીયાન રજીસ્ટરના કોલમ નં.૭ માં અમુક ગુનાઓમાં આરોપીને અટક કરી કોર્ટ કસ્ટડીમાં કે જામીન ઉપર છોડવામાં આવ્યા તેની વિગતો તથા કોલમ નં.અ.૯ માં જામીનદારનું નામ તથા જામીનની રકમ અંગેની નોંધો બાકી જણાયેલ. | તા.૧૫–૮–૨૦૧૩ થી જિલ્લો અસ્તિત્વમાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| તા.૧–૦૪–૨૦૧૪ થી ૩૧–૩–૨૦૧૫ | મિલ્કત સબંધી પકડાયેલ ૧૯ તહોમતદારોમાંથી ૧૨ તહોમતદારના એમ.સી.આર. કાર્ડ ખોલવામાં આવેલ ૭ તહોમતદારોના એમ.સી. આર. કાર્ડ ખોલવામાં આવેલ નહીં એકાઉન્ટ રાયટર હેડે ડે બુક ૩ માસ લખવાની બાકી રાખેલ. | કિમતી મુદ્દામાલની મુદ્દામાલ પાવતી મુજબ અમુક એન્ટ્રીનો કિંમતી મુદ્દામાલ હાથ ઉપર મળી આવેલ નહીં. પબ્લીક એન.સી. રજીસ્ટરની ચકાસણી દરમિયાન કોગ્નીઝેબલ ગુનાને બદલે નોન કોગ્નીઝેબલ ગુનો દાખલ કરેલાનું જણાયેલ. | રેકર્ડ તેમજ રજીસ્ટરો વ્યવસ્થિત નિભાવેલ નહીં. |

પત્રક–૨

| વર્ષ | દાહોદ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | પંચમહાલ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | અરવલ્લી જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|
| તા.૧–૪–૨૦૧૦ થી ૩૧–૩–૨૦૧૧ | ઇન્સ્પેક્શન દરમ્યાન પોલીસ સ્ટેશન અમલદારોને હાજર રાખી રૂબરૂમાં ખામીઓની પુર્તતા કરાવેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | જણાઇ આવેલ ખામીઓની રૂબરૂમાં પુર્તતા કરાવેલ છે. અમુક ખામીઓની પુર્તતા કરવા ઇન્સ્પેક્શન નોંધ ઇશ્યુ કરેલ છે અને તે અંગેની પુર્તતા કરી થાણા અધિકારીશ્રી દ્વારા પુર્તતા અહેવાલ મોકલવામાં આવેલ છે. કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | તા.૧૫–૮–૨૦૧૩ થી જિલ્લો અસ્તિત્વમાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| તા.૧–૪–૨૦૧૧ થી ૩૧–૩–૨૦૧૨ | રોકડ દંડની શિક્ષા કરવામાં આવેલ છે. | રોકડ દંડ, લઘુત્તમ મુળ પગારમાં બે વર્ષ માટે (ભવિષ્યની અસર વગર) ઉતારી મુકવાની શિક્ષા તેમજ દોઢ મહિનાની ફરજ મોકુફી સમયને | તા.૧૫–૮–૨૦૧૩ થી જિલ્લો અસ્તિત્વમાં આવેલ હોઇ પ્રશ્ન |

| વર્ષ | દાહોદ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | પંચમહાલ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | અરવલ્લી જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|
| | | ફરજ મોકુફી ગણવાની શિક્ષા કરવામાં આવેલ છે. | ઉપસ્થિત થતો નથી. |
| તા.૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ | જણાઇ આવેલ ખામીઓ બાબતે ઇન્સ્પેક્શન દરમ્યાન રૂબરૂમાં હાજર રાખી પુર્તતા કરાવેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | જણાઇ આવેલ ખામીઓની રૂબરૂમાં પુર્તતા કરેલ છે. અમુક ખામીઓની પુર્તતા કરવા ઇન્સ્પેક્શન નોંધ ઇશ્યુ કરેલ છે અને તે અંગેની પુર્તતા કરી થાણા અધિકારીશ્રી દ્વારા પુર્તતા અહેવાલ મોકલવામાં આવેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | તા.૧૫-૮-૨૦૧૩ થી જિલ્લો અસ્તિત્વમાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| તા.૧-૪-૨૦૧૩ થી ૩૧-૩-૨૦૧૪ | ખામીઓ બાબતે પુર્તતા કરાવવામાં આવેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | જણાઇ આવેલ ખામીઓની રૂબરૂમાં પુર્તતા કરેલ છે. અમુક ખામીઓની પુર્તતા કરવા ઇન્સ્પેક્શન નોંધ ઇશ્યુ કરેલ છે અને તે અંગેની પુર્તતા કરી થાણા અધિકારીશ્રી દ્વારા પુર્તતા અહેવાલ મોકલવામાં આવેલ હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. | તા.૧૫-૮-૨૦૧૩ થી જિલ્લો અસ્તિત્વમાં આવેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| તા.૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૩-૨૦૧૫ | રોકડ દંડની શિક્ષા કરવામાં આવેલ છે. | જણાઇ આવેલ ગેરરીતિઓ, નિષ્કાળજી ખામીઓ બાબતે તપાસ સોંપેલ છે. જવાબદાર વ્યક્તિઓ વિરૂધ્ધ શિક્ષાત્મક પગલાં લેવાની કાર્યવાહી ચાલુ કરેલ છે. | રેકર્ડ તેમજ રજીસ્ટરોમાં રહેલ ખામીઓની ઇન્સ્પેક્શન દરમ્યાન પુર્તતા કરાવેલ હોઇ તથા જણાયેલ ખામીઓ સામાન્ય પ્રકારની હોઇ કોઇની સામે પગલાં લેવામાં આવેલ નથી. |

--------

## વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં, જિલ્લા પોલીસ વડાની મુલાકાત

અતારાંકિતઃ ૫૬૪૮ (૨૯-૦૫-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) **:** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં, જિલ્લા પોલીસ વડાની તેમના તાબાના પોલીસ સ્ટેશનોની વાર્ષિક મુલાકાત તથા ઇન્સ્પેક્શન દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા જોવા મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ખામીઓ, ગેરરીતિઓ અને અનિયમિતતા અંગે જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) **:** (૦૭-૦૫-૨૦૧૬)

(૧) સામેલ પત્રક-૧ મુજબ.
(૨) સામેલ પત્રક-૨ મુજબ.

પત્રક-૧

| વર્ષ | વલસાડ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો | નવસારી જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિ અને અનિયમિતતાની વિગતો | ડાંગ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિ અને અનિયમિતતાની વિગતો |
|---|---|---|---|
| તા.૧-૪-૨૦૧૦ થી ૩૧-૩-૨૦૧૧ | કોઇપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ કે અનિયમિતતાઓ જણાયેલ નહીં. | કોઇપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ કે અનિયમિતતાઓ જણાયેલ નહીં. | ખાટીયાન રજીસ્ટરમાં અમુક ગુનાઓના સી.સી. નંબરો લખવાના બાકી, મુદ્દામાલ રજીસ્ટરમાં વ્યવસ્થિત નહીં નિભાવવું, પ્રોહીબીશનનો મુદ્દામાલ નિકાલ કરવાનો બાકી તથા બિનવારસી મળી આવેલ વાહનોની હરાજી કરવા માટેની મંજુરી મેળવવાની બાકી વગેરે ખામીઓ જણાયેલ. |
| તા.૧-૪-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૨ | કોઇપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ કે અનિયમિતતાઓ જણાયેલ નહીં. | કોઇપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ કે અનિયમિતતાઓ જણાયેલ નહીં. | પો.સ્ટે.માં પી.એસ.ઓ. પાસે નિભાવવામાં આવતા અટક રજીસ્ટરમાં આરોપી અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીની એન્ટ્રીઓમાં તારીખ બાકી, આરોપીની સહીઓ બાકી તથા ચહેરા નિશાન રજીસ્ટરમાં તપાસ |

| વર્ષ | વલસાડ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિ તથા અનિયમિતતાની વિગતો | નવસારી જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિ અને અનિયમિતતાની વિગતો | ડાંગ જિલ્લામાં જોવા મળેલ ખામીઓ ગેરરીતિ અને અનિયમિતતાની વિગતો |
|---|---|---|---|
| | | | કરનાર અધિકારીની સહી બાકી વગેરે ખામીઓ જણાયેલ. |
| તા.૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ | અરજીઓ પેન્ડીંગ, ગુનાની કેસ ડાયરી ન લખવી વગેરે ખામીઓ જણાયેલ. | કોઇપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ કે અનિયમિતતાઓ જણાયેલ નહીં. | લાલ શાહીના ગુન્હાઓ ઘણા ખરા કોર્ટ પેન્ડીંગ રહેલ, ખાટીયાન રજીસ્ટરમાં સી.સી. નંબરો લખવાના બાકી તેમજ રજીસ્ટરો વ્યવસ્થિત નહીં નિભાવવા, આરોપીઓની તમામ માહિતી ન ભરવી તેમજ તેમની રજીસ્ટરમાં સહી ન હોવી વગેરે ખામીઓ જણાયેલ. |
| તા.૧-૪-૨૦૧૩ થી ૩૧-૩-૨૦૧૪ | અકસ્માત મોતની તપાસના કામે વિશેરા એફ.એસ.એલ. ને ન મોકલવા, ગુન્હાના તપાસના કાગળો પેન્ડીંગ વગેરે ખામીઓ જણાયેલ. | કોઇપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ કે અનિયમિતતાઓ જણાયેલ નહીં. | પ્રોહીબીશનનો મુદ્દામાલ નિકાલ બાકી, પ્રોહીબીશનમાં પકડાયેલ વાહનોની હરાજી તથા મુદ્દામાલમાં જમા પડી રહેલ વાહોનોના નિકાલની કામગીરી બાકી તથા બિનવારસી મળી આવેલ વાહનોની હરાજી કરવાની મંજુરી મેળવવાની બાકી વગેરે ખામીઓ જણાયેલ. |
| તા.૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૩-૨૦૧૫ | ગુનાઓની તપાસના કાગળો પેન્ડીંગ, અરજી પેન્ડીંગ વગેરે ખામીઓ જણાયેલ. | કોઇપણ પ્રકારની ખામીઓ, ગેરરીતિઓ કે અનિયમિતતાઓ જણાયેલ નહીં. | લાલ શાહીના ગુન્હાઓ ઘણા ખરા કોર્ટ પેન્ડીંગ રહેલ, ખાટીયાન રજીસ્ટરમાં સી.સી. નંબરો લખવાના બાકી તેમજ રજીસ્ટરો વ્યવસ્થિત નહીં નિભાવવા, આરોપીઓની તમામ માહિતી ન ભરવી તેમની સહી રજીસ્ટરમાં ન હોવી વગેરે ખામીઓ જણાયેલ. |

પત્રક-૨

| વર્ષ | વલસાડ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | નવસારી જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો | ડાંગ જિલ્લામાં કરાયેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|
| તા.૧-૪-૨૦૧૦ થી ૩૧-૩-૨૦૧૧ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ નથી. રેકર્ડ સુવ્યવસ્થિત નિભાવવા સુચના આપેલ છે. |
| તા.૧-૪-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૨ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ નથી. રેકર્ડ સુવ્યવસ્થિત નિભાવવા સુચના આપેલ છે. |
| તા.૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ | ઇજાફો અટકાવવાની શિક્ષા કરેલ છે. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ નથી. રેકર્ડ સુવ્યવસ્થિત નિભાવવા સુચના આપેલ છે. |
| તા.૧-૪-૨૦૧૩ થી ૩૧-૩-૨૦૧૪ | રોકડ દંડ તથા ઇજાફો અટકાવવાની શિક્ષાઓ કરેલ છે. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ નથી. રેકર્ડ સુવ્યવસ્થિત નિભાવવા સુચના આપેલ છે. |
| તા.૧-૦૪-૨૦૧૪ થી ૩૧-૩-૨૦૧૫ | રોકડ દંડ, ઇજાફો અટકાવવો વગેરે શિક્ષાઓ કરેલ છે. ૧ કર્મચારીને ફરજ મોકુફી હેઠળ મુકેલ. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | સામાન્ય પ્રકારની ખામીઓ જણાયેલ હોઇ શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ નથી. રેકર્ડ સુવ્યવસ્થિત નિભાવવા સુચના આપેલ છે. |

--------

## ઝાલોદ તાલુકાના કુંઠી કંકાસીયા ગામ પાસેથી ભેંસોને બચાવવા બાબત

અતારાંકિત પ્રશ્નોત્તરી નિયમ ૮૭(ક)

અતારાંકિતઃ ૭૫૫૨ (૦૨–૦૭–૨૦૧૬) શ્રી સી.કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકાના ઠુંઠી કંકાસીયા ગામની પાસેથી જાન્યુઆરી–૨૦૧૬ માં નાના વાહનમાં આશરે સત્તર ભેંસોને અતિશય ક્રૂરતાથી બાંધીને કતલખાનામાં લઇ જવાતા પોલીસે બચાવી લીધી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ગુનામાં કેટલા આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત ગુન્હામાં વપરાયેલ વાહન સામે શા પગલાં લેવાયાં છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૯–૦૭–૨૦૧૬)

(૧) હા, જી.

(૨) ઉક્ત ગુન્હામાં ૨ આરોપીઓ સામે ગુજરાત પશુ સંરક્ષણ અધિનયમની કલમ–૫, ૬ તથા પશુ પ્રત્યે ઘાતકીપણા અટકાવવા બાબત અધિનિયમની કલમ–૧૧(ડી) મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત ગુનામાં વપરાયેલ વાહન ગુનાના કામે કબજે લેવામાં આવેલ છે.

--------

કઠલાલ તાલુકાનાં પીઠાઇ ટોલપ્લાઝા પાસેથી પકડાયેલ ગૌમાંસ

અતારાંકિતઃ ૭૫૫૭ (૦૨–૦૭–૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કઠલાલ તાલુકાનાં પીઠાઇ ટોલપ્લાઝા પાસેથી કતલખાનામાં કતલ કરી આશરે ૨૫૦ કિલો ગૌમાંસ ભરેલ વાહન એપ્રિલ–૨૦૧૬ માં ઝડપી લેવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) ઉક્ત ગુનાહીત ઘટનામાં કેટલા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત ગુનામાં સંડોવાયેલા વાહન ૬ માસ માટે જપ્ત કરવામાં આવ્યુ છે કે કેમ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૯–૦૭–૨૦૧૬)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

અમદાવાદ શહેર અને જિલ્લામાં ગૌમાંસ હેરાફેરીમાં પકડાયેલ વાહનો બાબત

અતારાંકિતઃ ૭૫૬૪ (૨૪–૦૬–૨૦૧૬) શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ શહેરમાં અને જિલ્લામાં તા.૩૦–૦૬–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગૌમાંસ (બીફ) પકડાયાના કિસ્સામાં ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૧ હેઠળ અનુક્રમે ૨૪ અને ૩૮ મળી કુલ ૬૨ જેટલા ગુન્હામાં સંડોવાયેલા વાહનો ૬ માસ માટે ફરજીયાત જપ્ત થયા નથી તે ગંભીર હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના શા કારણો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૨–૦૮–૨૦૧૬)

(૧) અને (૨) અમદાવાદ શહેરમાં આવા ૨૪ કિસ્સામાં વાહનો ગુનામાં સંડોવાયેલ ન હોઇ ૬ માસ માટે ફરજીયાત જપ્ત થયા નથી, જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં આવા ૩૯ કિસ્સાઓ પૈકી ૩૫ કિસ્સામાં વાહનો છ માસ માટે જપ્ત કરાયેલ છે, અને ૪ વાહનો ગુનામાં સંડોવાયેલ ન હોઇ ૬ માસ માટે ફરજીયાત જપ્ત થયા નથી.

--------

ગેઝેટોને ઈ–ગેઝેટ મુકવાની વ્યવસ્થા

તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નોત્તરી નિયમ ૮૭(ક)

અતારાંકિતઃ ૭૨૬૬ (૨૪–૬–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય): માનનીય છાપકામ લેખન સામગ્રી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સરકાર દ્વારા પ્રસિદ્ધ થતા ગેઝેટોને 'ઈ–ગેઝેટ' તરીકે તા.૩૧મી માર્ચ–૨૦૧૬ની સ્થિતિએ પ્રસિદ્ધ કરવામાં આવતાં નથી તેના શાં કારણો છે, અને

(૨) આમ જનતાને બધા ગેઝેટો સુલભ બને તે માટે તમામ ગેઝેટોને 'ઈ–ગેઝેટ' તરીકે મુકવા શી વ્યવસ્થા થઈ છે ?

છાપકામ લેખન સામગ્રી મંત્રીશ્રી : (૧૯–૮–૨૦૧૬)

(૧) રાજ્ય સરકાર દ્વારા પ્રસિદ્ધ થતાં ગેઝેટોને ઈ–ગેઝેટ તરીકે પ્રસિદ્ધ કરવા રાજ્ય સરકાર દ્વારા કોઈ નીતિ નક્કી કરવામાં આવેલ નથી.

(૨) હાલમાં નીતિ ન હોઈ લાગુ પડતું નથી.

--------

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

અતારાંકિતઃ ૭૨૩૬ (૨૩–૨–૨૦૧૬) શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૨૦–૮–૨૦૧૬)

(૧) જૂનાગઢ જિલ્લામાં ૦૧ અંધજનને નોકરી આપવામાં આવી અને ગીર સોમનાથ જિલ્લામાં કોઈ અંધજનને નોકરી મળેલ નથી.

(૨) જૂનાગઢ જિલ્લામાં ૦૧ અંધજનને સરકારી નોકરી મળેલ છે. અને ગીર સોમનાથ જિલ્લામાં કોઈ અંધજનને સરકારી નોકરી મળેલ નથી.

--------

દાહોદ જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

અતારાંકિતઃ ૭૨૩૭ (૨૩–૨–૨૦૧૬) ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૨૦–૮–૨૦૧૬)

(૧) ૦૬

(૨) શૂન્ય.

--------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

અતારાંકિતઃ ૭૨૩૮ (૨૩–૨–૨૦૧૬) શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી **:** (૨૦-૮-૨૦૧૬)

(૧) શૂન્ય.

(૨) શૂન્ય.

---------

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

અતારાંકિતઃ ૭૨૩૯ (૨૩-૨-૨૦૧૬) શ્રી પુંજાભાઈ વંશ (ઉના)**:** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી **:** (૨૦-૮-૨૦૧૬)

(૧) ગીર સોમનાથ જિલ્લામાં કોઈ અંધજનને નોકરી મળેલ નથી અને જૂનાગઢ જિલ્લામાં ૦૧ અંધજનને નોકરી આપવામાં આવી.

(૨) ગીર સોમનાથમાં કોઈ અંધજનને સરકારી નોકરી મળેલ નથી અને જૂનાગઢ જિલ્લામાં ૦૧ અંધજનને સરકારી નોકરી મળેલ છે.

---------

પંચમહાલ જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

અતારાંકિતઃ ૭૨૪૦ (૨૩-૨-૨૦૧૬) શ્રી સી.કે.રાઉલજી (ગોધરા)**:** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી **:** (૨૦-૮-૨૦૧૬)

(૧) શૂન્ય.
(૨) શૂન્ય.

---------

આણંદ જિલ્લામાં અંધજનોને નોકરી

અતારાંકિતઃ ૭૨૪૧ (૨૩-૨-૨૦૧૬) શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ)**:** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી **:** (૨૦-૮-૨૦૧૬)

(૧) ૦૮
(૨) શૂન્ય.

તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નોત્તરી નિયમ ૮૭(ક)

--------

અરવલ્લી જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

અતારાંકિતઃ ૭૨૪૨ (૨૩-૨-૨૦૧૬) શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા)**:** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી **:** (૨૦-૮-૨૦૧૬)

(૧) શૂન્ય.
(૨) શૂન્ય.

--------

બનાસકાંઠા જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

અતારાંકિતઃ ૭૨૪૩ (૨૩-૨-૨૦૧૬) શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા)**:** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી **:** (૨૦-૮-૨૦૧૬)

(૧) શૂન્ય.
(૨) શૂન્ય.

--------

અમદાવાદ જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

અતારાંકિતઃ ૭૨૪૫ (૨૫-૨-૨૦૧૬) શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ)**:** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી **:** (૨૦-૮-૨૦૧૬)

(૧) શૂન્ય.

(૨) શૂન્ય.

--------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

અતારાંકિતઃ ૭૨૪૬ (૨૫-૨-૨૦૧૬) શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર)**:** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૨૦–૮–૧૬)

(૧) શૂન્ય.

(૨) શૂન્ય.

---------

ખેડા અને આણંદ જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

અતારાંકિતઃ ૭૨૪૭ (૨૫–૨–૨૦૧૬) શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કેટલા અંધજન બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૨૦–૮–૨૦૧૬)

(૧) શૂન્ય.

(૨) શૂન્ય.

---------

કચ્છ જિલ્લામાં મૃત કામદારોના વારસદારોને સહાય

અતારાંકિતઃ ૭૪૧૬ (૩૦–૬–૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૧૩ અને ૨૦૧૪ માં થયેલા ઔદ્યોગિક અકસ્માતોમાં કેટલા કામદારોના મોત થયા,

(૨) તે પૈકી કેટલા કામદારોના વારસદારોને કેટલું વળતર ચૂકવાયું, અને

(૩) મંજૂર થયેલ અરજીઓ પૈકી બાકી રહેલા કામદારોના વારસદારોને ક્યાં સુધીમાં વળતર ચૂકવાશે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૨–૮–૨૦૧૬)

